મુંબઈનાં ભયંકર ભોપાળા

—: અથવા :—

મોટાની મોટી પોલ

મીસ્ટરીઝ ઓફ પૅરીસ પરથી

અનુવાદક :
સાકરલાલ મગનલાલ કાપડિયા

મુદ્રક અને પ્રકાશક:
મગનલાલ વનમાળીદાસ
દેશી મિત્ર પ્રેસ, લીમડાચોક-સુરત.

૧૯૩૧ આવૃત્તિ ૧ લી

મુલ્ય રૂા. ૨-૮-૦

મધુકરના
બીજા પુસ્તકો.

લંડન રાજરહસ્યની બીજી સીરીઝ

કાંતાની કપટકળા
અથવા
રજવાડાના રાજરંગ

છ ભાગમાં સંપૂર્ણ
હરેક ભાગનો રૂા. ૧.

મસ્તાની મણી રૂ. ૦-૬-૦

સીનેમાની રાણી રૂ. ૦-૮-૦

નરોતમશેઠની નવી ૨ આના

અનુક્રમ.

પ્રકરણ ૧ લું.

મવાલી સાથે મારામારી.

અખાડ માસની અંધારી રાત હતી. વરસાદ ધીમે ધીમે વરસતો હતો. આકાશ ઘનઘોર હતું અને વચ્ચે વચ્ચે વીજળીના ચમકારા થતા હતા. રસ્તામાં ટીમ ટીમ બળતા મ્યુનીસીપાલીટીના ફાનસો તદન નકામાં થઇ પડયાં હતાં. આ સમયે એક છ ફીટ લાંબો કદાવર પુરૂષ મુંબઇની કામાટીપુરાની તેરમી ગલીમાં જતો હતો.

આજથી વીસ વર્ષ પહેલાંની આ વાત છે. તે સમયે કામાટીપુરાની ગલીઓમાં ખુનીઓ, ચોરો, મવાલીઓ અને દગાબાજોજ વાસો કરતા હતા. ભર બપોરે પણ આ ગલીમાંથી કોઇ સારો માણસ નીકળતો તો તેનું કજવું હલકું થવા સાથે તે બીચારાના હાડકાં પણ ખોખરાં થઇ જતાં. તેરમી ગલી ઘણી સાંકડી અને અંધારી હતી. પોલીસ તેના પર બારીક નજર રાખતી હતી; છતાં આ ગલીમાંજ મવાલીઓનાં અને દાદાઓના અનેક અડ્ડા આવેલા હતા. કોઇ પણ જગ્યાએ કોઇનું ખુન થતું, કોઇનું ઘર તૂટતું અથવા કોઇની તીજોરી ફાટતી તો પોલીસ પોતાના શિકારને પકડવાને તેરમી ગલીમાંજ જાળ નાખતી અને તેમાં ભાગ્યેજ તેને નિષ્ફળતા મળતી.

જે અંધારી રાતે આપણી વારતાનો આરંભ થાય છે ત્યારે પવન જોસથી સુસવાતો હતો. કેરોસીન તેલના રસ્તા પરના ફાનસોમાંના ઘણાખરા બુઝાઇ ગયા હતા. તેરમી કામાટીપુરાની ગલીમાં તો ભયંકર અંધકાર છવાઇ ગયો હતો. ગલીમાંના મકાનોમાં ચીમની અને ગ્યાસતેલના દીવા ટીમ ટીમ થતા હતા. અને માળ પરથી જાત જાતના અવાજો આવતા હતા. કોઇ

હતભાગી વેસ્યાનો યાર પોતાને જોઇતા પૈસા નહિ મળવાથી પોતાની "જાની"ના વાંસા પર હંટરના ફટકા લગાવી તેને ચીસેચીસ પડાવતો હતો જ્યારે બીજી જગ્યાએ કેટલાક રંગીલા મવાલીઓ બેચાર છકેલ સ્ત્રીઓ સાથે રમ ને બેવડાની લહજ્જત ઉડાવી ગમે તેવા બીભત્સ ગાયનો લલકારી રહ્યા હતા.

આ મકાનોની નીચેની ઓરડીઓમાં કેટલીક દુકાનો હતી. ગોમાજી મારવાડી ચોરીનો માલ પાણીને મૂલે પડાવી લેવા માટે આ ભયંકર સ્થળે પેઢી ખોલી બેઠો હતો. એક કોલસાવાળો હતો—બીજો ગાંધી ને ત્રીજો હોટલવાળો! ગોમાજી પોતાની દુકાનમાં ભાગ્યેજ કંઈ અવેજ રહેવા દેતો. તે કંઈ માલ ખરીદતો તેનો તરતજ નીકાલ કરી દેતો. રખેને પોલીસ દરોરો પાડે તે બીકે તે જે ચોરીનો માલ લેતો તે તરત ગુમ કરી દેતો અને મવાલીઓ લુંટી જાય એ બીકે પાંચ પચિસથી વધુ રકમ પાસે રાખતો નહિ. આટલી આટલી સાવચેતી રાખવા છતાં તેણે પોતાની ચાર ફીટની દુકાનને લોખંડના સળીઆથી સુરક્ષીત બનાવી હતી તે પરથી આ સ્થલની ભયંકરતાનો વાંચનારને ખ્યાલ આવી શકશે.

પેલો સખસ તેરમી ગલીમાં દાખલ થતાંજ જાણે પોતાના બાપના બગીચામાં આવી પુગ્યો હોય તેમ આરામથી ધીમાં ધીમાં ડગલાં ભરવા લાગ્યો. ઉપરથી વરસાદ પડતો હતો—પવન જોસભેર વાતો હતો—ઠંડીનું પૂરતું જોર હતું. પણ આ માણસને તેની કશી દરકાર ન્હોતી જાણે વસંતની અનિલ લહરીનો લ્હાવો લેતો હોયની તેમ તે બેદરકારીથી ચાલતો હતો. થોડે દુર જતાં અચાનક તે એક યુવાન સ્ત્રી પાસે ઉભો રહ્યો અને તેનો હાથ પકડી બોલ્યો: "ઓહો ! ગુલાબ ! કેમ છે ?

"સારૂં છે, કાનજી કસાઈ !" પેલી સ્ત્રી ગુલાબ—ડરીને જરા પાછળ હઠી બોલી.

કાનજી કસાઈ હમણાંજ કેદખાનામાંથી બહાર નીકળ્યો હતો અને તે છૂરી અને ચાકુ વાપરવામાં ઉસ્તાદ હતો તેથી તેના મવાલી સાથીઓએ તેને કસાઈનું ઉપનામ આપ્યું હતું.

" ચાલ, તું મળી ગઈ તે સારૂં થયું ! મને પાશેર રમ પા !... કસાઈએ કહ્યું.

"મારી પાસે એક કાણી કોડી પણ નથી..." ભયથી થરથરતી ગુલાબે જવાબ આપ્યો.

"તારા જેવી ખુબસુરત પરીને ગમે તે કલ્લાલ ઉધાર આપશે.

"નહિ. નહિ. પીઠાં તો ક્યારના બંધ થઇ ગયાં.

"તેની ફીકર નહિ. ગંગા ડોશી મળસ્કા સુધી દારૂ વેચે છે તે તને દશ બાર આનાના દારૂ માટે ના નહિ પાડે."

"કાનજી! મને માફ કર. ગંગાને હજૂ આ કપડાંનું ભાડું પણ હું આપી શકી નથી." જેમ તેમ આંસુ ખાળતી ગુલાબ બોલી.

"ત્યારે તું ના પાડે છે—એમ?" કાનજીના અવાજમાં ધમકી આવી. ગૂલાબ ભયની મારી છેક અંધારામાં જઈ ઉભી હતી. કાનજી તેના તરફ ધસ્યો—અંધારમાં કંઈ દેખાતું ન્હોતું. તેણે પોતાના લોખંડી હાથે એક નાજુક હાથ પકડી નિર્દય સ્વરે કહ્યું; "દારૂ લાવ—નહિ તો મેથીપાક ખાવા તૈયાર થા."

"હવે ગૂપચૂપ ચાલતો થા, નહિ તો તારાજ હાડકાં ખોખરાં થઈ જશે." કાનજીએ અંધકારમાં કોઈ ભળતાજ માણસનો હાથ પકડ્યો હતો તેણે ગુસ્સા ભરી શાંતિથી જવાબ વાળ્યો.

"ઓહ! કોણ મહમ્મદ કે? બોલ, આટલું બધું જોર ના કર—તું મહમ્મદજ છેને?" કાનજી પોતાના મવાલી સાથીને યાદ કરી બોલ્યો.

"નહિ—હું મહમ્મદ નથી."

"ઠીક ત્યારે! તું મારો મિત્ર નથી તો હવે લેતો જા—તારો હાથ તો બૈરાના જેવો લાગે છે." કહી કાનજીએ જોર વાપર્યું.

"મારો હાથ આવો છે." કહી પેલા અજાણ્યા પુરૂષે કાનજીને ગળચીમાંથી એવા જોરથી પકડ્યો કે કાનજીને અંધારામાં પણ લાલપીળાં દેખાવા લાગ્યા.

ગુલાબ આ સમયે પાસેના ઘરમાં દાખલ થઇ ગઈ હતી. તેણે દાદર પાસે જઈ પોતાના અજાણ્યા મદદગારને સંબોધી બુમ પાડીઃ "ભાઈ! મારો પક્ષ લેવા માટે હું તમારો આભાર માનું છું. કાનજીને હું દારૂ પાઈ શકી નહિ તે માટે એ મને મારવાનો હતો. પણ મને લાગે છે કે એ મશ્કરી કરતો હતો. હવે હું સલામત છું. એને છોડી દો. અને એનાથી ચેતતા રહેજો યાદ રાખજો કે એ કાનજી કસાઇ છે.

"એ કસાઈ હોય તો હું કસાઇનો કાકો છું. મને એવા હોંસકારાની પરવા નથી." પેલા અજાણ્યા સખસે હિમ્મતથી જવાબ વાળ્યો.

એક પળ સ્મશાન જેવી ઘોર શાંતિ છવાઈ અને બીજી પળે પેલા બે જણ એક બીજા પર વકરાયલા વાઘની પેઠે તૂટી પડ્યા.

"તું છો કોણ બદમાસ?" પેલા અજાણ્યા સખસે કાનજીની ગરદન લોખંડી પંજાથી પકડી હતી. તેમાંથી મુક્ત થવા માટે તેણે દાંત કચકચાવીને પ્રયત્ન કર્યો. પણ તેનું કંઇ વળ્યું નહીં. એટલે તે વધુ છેડાઇને બરાડ્યોઃ "હવે હું તને પૂરોજ કરી નાંખીશ. મારી ગળચી છોડ; નહીં તો તારૂં નાક કરડી ખાઇશ.

"બચ્ચાજી! મારૂં નાક તદન નાનું છે અને આ અંધારામાં તને તે દેખાવાનું પણ નથી."

"તો પેલા ફાનસ પાસે ચાલ.

"ચાલ—હુંજ તને ત્યાં લઇ જાઉં.

તે અજાણ્યો સખસ કાનજીની ગળચી પકડી રાખી તેને ગલીને નાકે ફાનસ પાસે ખેંચી ગયો અને ત્યાં જઈ તેણે તેને જોસથી જમીનપર પટકી નાંખ્યો. મવાલી કાનજી થથરી ગયો. પણ તરતજ તે ઉભો થયો અને જંગલી ચિતાની પેઠે પોતાના દુશ્મન પર ધસ્યો. ફાનસના ઝાંખા પ્રકાશમાં તેણે જોયું કે પેલો અજાણ્યો સખસ પાતળો અને નાજુક બાંધાનો હતો. આવા માણસના શરીરમાં ભીમ જેવી શક્તિ હશે તેનો તેને ખ્યાલ ન્હોતો. કાનજી મલ્લકુસ્તીના દાવ રમવામાં ઉસ્તાદ હતો. તેણે પોતાની સઘળી શક્તિ અજમાવી જોઇ અને થોડીવારમાં તેની ખાત્રી થઈ ગઈ કે પેલો સખસ તેના માથાનો હતો. તેણે ચપળતાથી અને અજબ જેવી યુક્તીથી કાનજીને બેસાર ભોંય ભેગો કરી નાંખ્યો. પણ કાનજી સહેલાઇથી હાર કબુલે તેવો ન્હોતો. તે પાછો કૂદયો પણ ગુલાબના રક્ષકે તેના માથા ને છાતી પર વીજળીક વેગે એવા જોરથી મૂક્કા મારવા માંડયા કે કાનજીના મ્હોમાંથી ફીણ નીકળી ગયું અને તે હતાશ થઈ જમીન પર તૂટી પડી બબડયો : "બસ...બસ..."

"દયા કરો—દયા કરો..." ગુલાબ આ સમયે ત્યાં દોડી આવી કાનજીની દયાજનક દશાની દયા ખાતી પેલા અજાણ્યા સખસને સંબોધીને બોલી. કાનજીભાઈની કમાટીપુરાની ગલીમાં હાક વાગતી હતી. આવા બદમાસોના દાદાને આ અજાણ્યા સખસે ભૂ પીતો કરી નાંખ્યો તે જોઇને તે અજબ થઇ : "ભાઈ! તમે કોણ છો ?" તે મધુર સ્વરે બોલી : "આખા કમાટીપુરામાં મહમ્મદ પહેલવાન અને લક્ષ્મણ કામાટી શિવાય કોઈ પણ મવાલી કાનજીને હરાવવાની તાકાદ ધરાવતો નથી. હું તમારી ઘણીજ આભારી છું. જો તમે મારી વ્હારે ધાયા ન હોત તો આજે આ બદમાસ મને સતાવ્યા વિના રહેત નહિ."

ગુલાબના રક્ષકે કંઈ જવાબ ન વાળ્યો. તેના કાન પર પડેલા રૂપેરી ઘંટડી જેવા ગુલાબના સ્વરની જાદૂઈ અસર થઈ. દરમિયાન જમીન પર

શબવત પડેલા કાનજીએ હાથ પગ હલાવ્યા અને તે ઉભો થવા લાગ્યો.

"સાવધાન!..." ગુલાબ ગભરાટથી પોતાના રક્ષક પાસે દોડી જઇ તેનો હાથ પકડી બોલી; "સંભાળજો, નહિ તો એ વેર લેશે"

"ગભરા ના. જો હજુ એને વધારે મેથીપાક જોઇતો હશે તો તે આપવાને હું તૈયાર છું."

"આજે તો તું રાજી થા બચ્ચાજી! બીજી વાર તને જોઈ લઇશ." કાનજી જેમ તેમ ઉભો થઈ બબડ્યો.

"એંહ! હજુ તારા માથાની રાઈ ગઈ નથી કે?" પેલા અજાણ્યા સખસે ગૂસ્સે થઇ કહ્યું.

"નહિ. નહિ. તમે મને માથાના મળ્યા." પેલા અજાણ્યાની સતા સ્વીકારતો હોય તેમ કાનજી બોલ્યો: "આજ સુધી મહમ્મદ પહેલવાન ને લક્ષ્મણ કામાટી શિવાય આ કાનજી પર હાથ ઉગામનાર કોઇ મરદ બચ્ચો પાક્યો ન્હોતો."

"તેથી શું?"

"કંઇ નહિ. આજે તમે મને મળ્યા તો કાલે તમને તમારા માથાનો મળી રહેશે. શેરને માથે સવાશેર હોય છેજ! તમે આજે મને ખોખરો કરી નાંખ્યો એટલે હવે તમારૂં કોઈ નામ દેશે નહિ. આખા કામાટીપુરાની રંડીઓ તમારા પરથી વારી જશે—પીઠાંવાળાઓ તમને જોઇએ તેટલો ઉધાર દારૂ પાશે ને મારવાડી અરધી રાતે પૈસા કાઢી આપશે. પણ તમે છો કોણ? તમે મારા જેવાજ લાગો છો પણ જો તમે ચોરી કરી હોય તો મારે ને તમારે કદી બનશે નહિ. હું મવાલી છું—મારૂં લોહી ઉકળી આવે છે ત્યારે કોઇને છૂરી ભોંકી દઉં છું. પણ તે માટે મને સજા થઇ ચુકી છે. હું પંદર વર્ષનું કેદખાનું ભોગવી હમણાંજ બહાર આવ્યો છું. હવે મને પોળી પાઘડીની બીક

નથી. હું સામી છાતીએ ઘા કરૂં છું. પણ ચોરી કદિ કરતો નથી. ગુલાબ! મેં કદી ચોરી કરી છે?"

"નહિ. એ વાતની હું સાક્ષી આપું છું." ગૂલાબે કહ્યું.

"ચાલો ત્યારે! આપણે બધા સાથે મળીને મીજબાની ઉડાવીએ. ચાલ, અદાવત રાખવાની જરૂર નથી." તે અજાણ્યા માણસે કહ્યું.

"હું અદાવત રાખું? નહિ. મારાથી ચઢીઆતી શક્તિને નમન કરવાને હું હંમેશા તૈયાર છું." કાનજી કસાઇ બોલ્યો.

"ચાલો ત્યારે–દારૂ પીતાં પીતાં તમને હું મારી કહાણી કહીશ.

ત્રણે જણા થોડેક દુર આવેલા એક મકાન તરફ ચાલવા લાગ્યા. આ ગલીમાં કાયદા વિરૂદ્ધ ગમે તે સમયે દારૂ વેચાતો હતો. તેઓ તે મકાનની નજીકમાં જઈ પુગ્યાં એટલામાં એક માણસ પેલા અજાણ્યાની પાસે આવ્યો અને તેના કાનમાં ગણગણ્યો: "સાવધ રહેજો, અન્નદાતા!"

ગુલાબ અને કાનજી પેલા અજાણ્યાની આગળ ચાલતાં હતાં એટલે તેઓ આ વાત સાંભળી શક્યા નહિ. પેલા અજાણ્યા સખસે પેલા માણસને ઇસારાથીજ ફીકર નહિ કરવા સમજાવી દીધું અને તે પોતાના નવા સાથીઓ સાથે પેલા મકાનમાં દાખલ થયો.

પ્રકરણ ૨ જું.

ગંગા ડોશીનો અડ્ડો

ગુલાબ, કાનજી કસાઈ અને પેલો અજાણ્યો પુરૂષ જે મકાનમાં દાખલ થયાં તે એક માળનું તદ્દન ગંદું મકાન હતું. ભોંયતળીએ એક મોટો ઓરડો હતો અને તેની દિવાલ એક વાર રંગીન હશે પણ હમણાં તો તે પર બીભત્સ ગીતો અને અમર્યાદિત ચિત્રો ચીતરાઈ ગયાં હતાં. ઓરડામાં બે ત્રણ ભાંગેલાં ટેબલો, ચારેક ખુરશીઓ અને એક બેંચ ગોઠવેલા હતાં. માળ પર ચાર ઓરડા હતા. અને દરેકમાં એક ગંદુ બીછાનું હતું,

આ મકાનની માલીક ગંગા ડોશી "ઘરવાળી"ને નામે ઓળખાતી. તે પચાસેક દીવાળી જોઈ ચુકી હતી. શરીરે જાડી, ઉંચી અને બેડોળ ચહેરાની આ બાઈને મ્હોંપર દાઢી મુછ ઉગતા હતા. નિર્દયતાની તે જીવંત પુતળી હતી. તે કોઈ લહેરી જોડાંને આઠ આને રૂમ ભાડે આપતી, વેશ્યાઓને ભાડે કપડાં આપતી, એક બે કમનસિબ સ્ત્રી તેના ઘરમાં કમાવા આવતી અને તે ઉપરાંત તે સરકારના કાયદાનો ભંગ કરી કામાટીપુરાના બે ચાર સિપાઈઓને લાંચ આપી હલકો દારૂ વેચતી.

પેલા ત્રણ જણા ઓરડામાં દાખલ થયા ત્યારે એક ટેબલ પર બે મવાલી જેવા દેખાવના પુરૂષો બેઠા હતા. તેમની સામે બીરના ગ્લાસ પડ્યા હતા પણ તેનો સ્વાદ તેઓએ ચાખ્યો હોય એમ લાગતું નહોતું. બન્ને પરસ્પર ધીમા સાદે વાત કરતા હતા. આ બેમાંના એક જણે નાટકીઆ છોકરાઓ પહેરે છે એવી મોટી વાળવાળી ટોપી પહેરી હતી અને તે વડે તે પોતાનું મ્હોં બની શકે તેટલું ઢાંકવાનો પ્રયત્ન કરતો કરતો હતો. તે પોતાનો ડાબો હાથ જવલ્લેજ વાપરતો અને જ્યારે પણ ડાબા હાથનો ઉપયોગ કરવાની તેને ફરજ પડતી ત્યારે તે ઘણીજ સાવધાની રાખતો.

બીજા ટેબલ પર એક સોળેક વર્ષનો યુવાન બેઠો હતો. તેના વદનપર હજૂ દાઢી મુછ ઉગ્યા ન્હોતા તેથી તેનો ચહેરો સુંદર લાગતો હતો. તેની આંખોમાં નીશો હતો. તેના વાળના ઝુલફાં ગરદન પર લટકતાં હતાં. મ્હોંમાંથી પાઈપનો ધુમાડો ચાલુ નીકળ્યા કરતો હતો. તેણે બન્ને હાથો હાફકોટના ખીસામાં રાખ્ય હતા. દિવાલને અડેલી તે એક બેંચ પર બેઠો હતો. અને સામેના ટેબલ પર એક બ્રાંડીનો ગ્લાસ પડયો હતો. તેના મ્હોંમાંની પાઈપમાંથી ચાલુ ધુમાડાના ગોટા નીકળ્યા કરતા હતા તે જ્યારે બ્રાંડીનો ઘુંટ પીતો ત્યારેજ બંધ પડતા.

ઓરડામાંના બીજા સ્ત્રી પુરૂષો વેશ્યાલયમાં આવનારા સામાન્ય હલકી કોટિના હતા. તેઓનું વર્ણન કરવાની કંઈ જરૂર નથી.

હવે આપણે ગુલાબ, કાનજી અને પેલા અજાણ્યા પુરૂષ પર લક્ષ આપીશું; કેમકે તેઓ આપણી નવલકથાની રંગભુમિ પર અતિ અગત્યના ભાગ ભજવનાર છે.

કાનજી કસાઈ છ ફીટ લાંબો કદાવર મરદ હતો. તેના વાળ ધોળા થવા આવ્યા હતા. આંખો ભુરી હતી તેનો ચહેરો શામળો હતો. અને તેણે મોટા થોભીઆ રાખ્યા હતા. તેના ચહેરા પરથી તે ક્રુર ઘાતકી નહિ પણ લાગણી હીણ જંગલી માણસ જેવો લાગતો હતો.

ગુલાબ સત્તર વર્ષના યૌવન હીંચોળે હીંચતી જોબનવતી હતી. તેનું કપાળ સ્ફાટિક જેવું સફેદ હતું. તેનું વદન ગોળ હતું અને આવેશને લીધે તેના ગાલપર રતાશ છાઈ જતી તે શિવાય તેના ચહેરાનો રંગ પણ શ્વેત હતો. તેની પાંપણો મોટી હતી અને તેથી તેની વિશાળ, કાળી, ગ્લાનિભરી આંખો અરધી ઢંકાઈ જતી. તેના વદન પર કૌમારાવસ્થાની જ્યોતિ ઝળહળતી હતી અને તેના ગુલાબી ઓઠોમાંથી મોતી જેવા દાંતોની બે હાર જોનારને

મુજ્રો કરતી હતી. તેના વાળ રેશમ જેવા નરમ અને લાંબા હતા અને તે તેની કમ્મર સુધી લટકતા હતા. તેની ગરદન લાંબી અને સફેદ હતી. તેનો પોષાક તદન સાદો હતો. તેણે સફેદ છાયલ પહેર્યું હતું, તે પર કાળી કિનારી હતી. તેની પાતળી ચોળીમાંથી કનકકળશ સમા હૃદયાંબુજો બહાર નીકળવાને ફાંફાં મારતાં હોય એવો ભાસ થતો હતો. વસ્ત્રાલંકારનો ઠેકેરો ન હોવા છતાં ગુલાબનું સૌન્દર્ય જાદુભરી આકર્ષકતા ધરાવતું હતું. તેના મધુર સ્વરની આ મવાલીના અડ્ડા પર આવનારા બદમાસો પર એટલી બધી અસર થઈ હતી કે તેઓ તેને વારંવાર ગાવાની વિનંતી કરતા અને ગૂલાબે પોતાના મધુર સ્વરને લીધે કોયલનું ઉપનામ મેળવ્યું હતું. તે આવા નર્કસ્થાનમાં સંજોગવશાત્ આવી પડી હતી, છતાં કોઈ હવસી તેને ભ્રષ્ટ કરી શકયો ન્હોતો. ભલભલા મવાલીઓ પણ તેને સદગુણી ગુલાબ કહેવામાં આનંદ માનતા.

ગુલાબનો અજાણ્યો રક્ષક આશરે પાંત્રીસ છત્રીસ વર્ષનો, લાંબો અને સુડોળ બાંધાનો હતો. તેને જોતાંજ તે કાનજી કસાઈ જેવા બદમાસોને ભુપીતા કરી નાંખવાની શક્તિ ધરાવે છે એમ લાગતું. આપણે તેને રણજીતને નામે ઓળખીશું. તેનો ચહેરો પ્રભાવશાળી હતો અને તેનું ભવ્ય કપાળ તેની તેજસ્વી બુદ્ધિની સાક્ષી પુરતું હતું. તેના વાળ ભૂરા અને તેજસ્વી હતા અને તેની સુંદર મુછ પણ એજ રંગની હતી. તેનો પોષાક સામાન્ય કારીગરના જેવો હતો. ફક્ત તેના હાથ મજુરના હાથ જેવા રાડોડી અને સખત ન્હોતા. એ શિવાય તે આ અડ્ડામાં આવનારા બીજા મવાલીઓના જેવોજ લાગતો હતો; છતાં તેના વદન પરની પ્રતિભાને લીધે તે કોઈ ઉંચા ખાનદાનનો હોય એમ લાગ્યા વિના રહેતું ન્હોતું.

ઓરડામાં દાખલ થતાંજ કાનજીએ ખુલ્લા દીલથી રણજીતની પ્રશંસા કરી જણાવ્યું કે તેણે કામાટીપુરાના મવાલીને સીધો કરી નાંખ્યો હતો. રણ-

જીતે કાનજી મવાલીને જમીઁન દોસ્ત કરવાની વાત જાહેર થતાં સઘળા મવાલીઓ રણજીત તરફ માનભરી નજરે જોવા લાગ્યા. જમાના ખાંધેલ ગંગા ડોશીએ પણ બહાદુર રણજીતને હસીને આવકાર આપ્યો.

"કેમ છો માજી ? મઝામાં છો ને?" રણજીત બોલ્યો.

"ખુદાની મહેર છે, શેઠ ! તમારા જેવાની મહેરબાની જોઇએ. ગુલાબ! આ શેઠને બે ત્રણ ગાયન તો સંભળાવ..." જાણે ગુલાબ તરફ પોતાની પ્રીતિ ઉભરાઇ જતી હોય એવા હાવભાવથી ગંગા ડોશી બોલી.

"ખાધાં વિના હું એને ગાવા દેવાનો નથી." કાનજી વચ્ચે પડ્યો.

"આહ ! મુઆ ! તું પણ હવે સુધરી ગયો લાગે છે. બોલો શેઠ ! શું મગાવું?" ડોશીએ રણજીત પાસે ઓર્ડર માંગ્યો

"કાનજી જે માગે તે મગાવો—હું બીલ ચુકવી દઇશ."

"બોલ કાનજી ! આજે તને છક્કાં છે!" ડોશી ખંધું હસી.

રણજીતે બધા પૈસા ચૂકવવાની ઉદારતા બતાવવાથી કાનજીના દીલ પર ઉંડી અસર થઈ. તે થોડી વાર વિચાર કરી બોલ્યો: "ત્રણ બાટલી બીર, બે દાલ ગોસ, ચાર સ્લેસ પાંઉ અને ચાવલ લાવ...ગુલાબ તને ભૂખ લાગી છે ને?"

"નહિ." ગુલાબ ધીમેથી બોલી.

"તને દાલગોસ નહિ ભાવે તો બીજું કંઇ મગાવ..." રણજીતે ગુલાબને મમતાથી કહ્યું.

"નહિજી. મને ભૂખજ નથી."

થોડીવારમાં ડોશીએ ટેબલ પર ત્રણ ગ્લાસ અને બીરની બાટલીઓ મુકી. ડોશીનો નોકર ભોજનની રકાબીઓ લઈ આવ્યો. ભોજન આવતાંની સાથેજ કાનજીએ બીરના ગ્લાસ ભર્યા અને પોતાના સાથીઓને ખાવાનું આમંત્રણ કરી પોતે ભુખ્યા ડાંસની પેઠે ખાવા લાગ્યો. રણજીત અને ગુલાબ

હલકા હોટલનો ગંદો ખોરાક ખાવાને નારાજ હતા. રણજીતે થોડો બીર પીધો અને ગૂલાબને બીર પી કંઈ ખાવાની અરજ કરી; પણ તે શરમાળ સ્ત્રીએ તેનો આભાર માની ભૂખ નહિ હોવાનું બ્હાનું કાઢયું. બન્નેએ થોડોક બીર પી પાંઉની એકાદ સ્લેસ મ્હોંમાં નાંખી. પણ કાનજીને તેથી ખોટું લાગ્યું નહિ. તે બધી રકાબીઓ ખાલી કરી ગયો અને બાકીનો બીર પી ઓડકાર ખાતો બોલ્યો: "હા...શ ! હવે જીવ ઠંડો થયો."

આ સમયે આ ભયાનક સ્થાનમાં એક આધેડ ઉમ્મરનો સખસ દાખલ થયો. ગંગા ડોશીના અડ્ડાથી તે પુરો પરિચિત હતો. તે આવતાંજ બધાની વાત બંધ પડી અને સઘળાની નજર તેના પર સ્થિર થઈ. તે એવી જગ્યાએ ખુરશી લઈ બેઠો કે જેથી પેલા બાલવાળી ટોપીવાળા સખસ અને તેના જોડીદારને તે જોઈ શકે; પણ તેઓ આ નવા આવનારના મનોભાવ જોઈ શકે નહિ. આ રીતે બેઠા પછી તેણે ભોજન લાવવાની નોકરને આજ્ઞા કરી.

કાનજી પહેલા નંબરનો ઉદ્ધત મવાલી હતો. છતાં રણજીત સાથે તુંતાથી વાત કરવાની હિમ્મત કરી શક્યો નહિ. "તમે મને ઓળખશો કર્યો છતાં તમારી પીછાન થવાથી મને આનંદ થાય છે."

"કેમ ! તને દાળગોસને બીર મળ્યા તેથી !" રણજીત હસ્યો.

"નહિ. તમે મહમદ પહેલવાનના હાડકા હલકા કરી નાખો તે જોવાને હું આતૂર છું તેથી. જે દાદો મને હંફાવતો હતો તેને તમે હંફાવશો તો મને ઘણીજ મઝા પડશે."

"તું એમ ધારે છે કે તને રાજી કરવા માટે હું તેના પર વિના કારણે તૂટી પડીશ ?"

"નહિ. પણ તમે તેના માથાના છો એમ તેને કોઈ કહેશે કે તેજ તમારા પર તૂટી પડશે."

"એમ છે તો પછી જોઈ લેવાશે. બોલ, હવે બ્રાંડી પીશે ?"

"ખુશીથી."

"પછી આપણે દોસ્ત થઇએ તે માટે એક બીજાને પોતપોતાની જીવન-કથાથી માહિતગાર કરીશું." રણજીતે કહ્યું અને તેણે ગંગા ડોશીને બ્રાંડીની બાટલી લાવવાનો હુકમ કર્યો.

કાનજીએ ત્રણ ગ્લાસ ભરી તેમાં સોડા નાખી કહ્યું: "લો સાહેબ! આ તમારી તંદુરસ્તી! હવે તમે કોણ છો તે કહો."

"હું ચિતારો છું. નામના પાટીઆ ચીતરૂં છું." રણજીતે બ્રાંડીનો ઘુંટ પી કહ્યું.

"આહ! તેથીજ તમારા હાથ આટલા સુંદર અને નાજુક છે. જો બધાજ ચિતારા તમારા જેવા મુફલીસજ હોય તો તો તમે કારિગરો કાચાપોચા ન ગણાવ. તમે આબરૂ દરકારથી ગુજરાન કરો છો તો આ મવાલીઓના અડ્ડામાં શા માટે આવ્યા? આ કામાટીપુરાની તેરમી ગલી તો ચોરો, લુંટારાઓ, ખુનીઓ અને જંગલી વ્યભિચારીઓને રહેવા માટે છે."

"મને રંગીલા દોસ્તો ગમે છે."

"વારૂ—ચિત્રકારના ધંધામાં તમે કેટલું કમાઓ છો?"

"હું ઉપ્ચડ કામ લઉં છું ને જો બરાબર મહેનત કરૂં તો રોજના ચાર પાંચ રૂપિઆ કમાઉં છું."

"રોજના ચાર પાંચ રૂપીઆ?" કાનજી અજબ થઇ બોલ્યો: "ત્યારે તો તમે પૈસાદાર થઇ ગયા હશો."

"નહિ. કમબખ્તી એ છે કે પાંચ-પચીસ ભેગા થયા પછી હું મોજ મારવા નીકળી પડું છું ને પૈસા ખુટી જાય ત્યાં સુધી કામ કરતો નથી."

"તમારૂં કુટુંબ ક્યાં છે?" ગુલાબે પુછ્યું.

"બધા કોલેરામાં સોનાપુર ગયા."

"અરે રામ! તમારા બાપા શું ધંધો કરતા હતા?"

"તે જરી પુરાણી ચોપડીઓ વેચતા."

"તે જે મીલકત મૂકી ગયા તેનું શું થયું?"

"મારા પિતા ગૂજરી ગયા ત્યારે હું ઘણો નાનો હતો એટલે મારા વાલીએ મારા બાપાની બધી મીલકત સાફ કરી નાંખી. હું જ્યારે સમજણો થયો ત્યારે મારા બાપની મીલકતમાંથી એક પાઈ પણ રહી ન હતી."

"તમારો શેઠ કોણ છે?"

"રામચંદ્ર પેન્ટર! કાલબાદેવી રોડપર છેને તે! કમબખ્ત કંજુસનો કાકો છે! પાઈ પાઈ માટે મરી પડે છે. હું પંદર વર્ષનો થયો ત્યારથી રામચંદ્રની દુકાને કામ કરૂં છું. મારૂં નામ રણજીત! બસ-મારી કથા પુરી થઈ..." રણજીતે પોતાની કહાણી પુરી કરી.

"હવે તારી વારી ગુલાબ!" કાનજી બોલ્યો; સૌથી છેલ્લા સેવક પોતાની રંગીલી કહાણી સુણાવશે."



પ્રકરણ ૩જું.

ગટરનું ગુલાબ.

"શરૂઆતથીજ તારી કહાણી કહે." કાનજીએ ગુલાબને કહ્યું.

"હા. તારા માબાપની વાત કર." રણજીત બોલ્યો.

"અફસોસ ! હું મારા માબાપને ઓળખતીજ નથી." ગુલાબે જવાબ આપ્યો.

"ચાલો ! તારો ઘાટ મારા જેવોજ છે. આવ ભાઈ હરખા—આપણે એઉ સરખા." કાનજી કટાક્ષથી હસ્યો.

"તું પણ કાનજી નિરાધાર છે ?"

"હા. ગુલાબ ! મને મુંબઈના રસ્તા પર મારા માબાપે છોડી દીધો હતો."

"તને કોણે ઉછેરીને મોટી કરી ગુલાબ ?" રણજીતે ગુલાબ તરફ દયાળુ નજરે જોઈ પુછ્યું.

"મને તેની ખબર નથી. પણ મને એટલું યાદ છે કે જ્યારે હું સાત વર્ષની હતી ત્યારે મ્હાલી નામની એક કાણી ડોશીની સાથે રહેતી હતી. મ્હાલી ડોશીનું નાક ચપટું હતું, તેની એક આંખ ગોળ અને લીલી હતી અને બીજી આંખ કાણી હતી તેથી તે આબાદ ઘૂવડ જેવી લાગતી."

"હા—હા હા ! હમણાં એ ડોશી નજરે પડે તો કેવી મઝા પડે !" કાનજી પટપટ્યો.

"આ એડોળ બુદ્ધી મને મોટા મોટા રસ્તા પર ભીખ માગવા મોકલતી અને જો હું રાતે એક રૂપીઆથી ઓછું કમાઈને ઘેર જતી તો ભોજન આપવાને બદલે તે મને માર મારતી."

"તારી ખાત્રી છે કે એ બુદ્ધી તારી મા ન્હોતી ?" રણજીતે પુછ્યું.

"હા. કારણ કે તે મને વારંવાર હરામની પેદાશ કહી ગાળ દેતી. તે કહેતી કે તેણે મને રસ્તા પરથી ઉચકી લીધી હતી."

"ત્યારે તને રૂપીઓ ન મળતો તે દિને તું ભૂખે મરતી?"

"હા. અને ટાઢ, તડકો કે વરસાદ હોય તો પણ એ બદમાસ બલા મને સુવા માટે ફાટેલા કંતાનના ટૂકડા શીવાય બીજું કંઇ આપતી નહિ."

"એના કરતાં તો શિયાળાની મોસમમાં રાખના ઢગલામાં ગધેડાની પેઠે આળોટવામાં મઝા! લોકો પણ કેવા મૂર્ખા છે? કંતાન પર આળોટી ટાઢમાં થથરી મરવા કરતાં રાખનું હુંફાળું બીછાનું શું ખોટું? ઘણીવાર રાખના ઢગલામાં મેં રાત પસાર કરી હતી, પણ સ્હવાર થતાંજ બધા મને ટીકી ટીકીને જોતાં, અમે આ ગધેડા ક્યાં આળોટી આવ્યો હશે એવી વાતો કરતા." કાનજીએ પોતાની વિતક યાદ કરી. રણજીત તે સાંભળી જરા હસ્યો, અને ગૂલાબે પોતાની કથા આગળ ચલાવી:

"બીજે દિને એ પાઉંના સ્લેસ ખવાડી તે મને કાલબાદેવી રોડપર ચણા લેવા મોકલતી, કેમકે દિવસે મ્હાલી ડોશી સાકરીઆ ચણા વેચવાનો ધંધો કરતી હતી. એ વખતે અમે પરેલમાં રહેતા હતા, અને સાત વર્ષની નાદાન છોકરીને પગે ચાલીને પરેલથી કાલબાદેવી રોડ જતાં કેટલુ લાગી આવતું હશે, તે તમે સમજી શકશો."

"બરાબર, તું થાકી જતી હશે, પણ એ નિયમીત કસરતથી તારો બાંધો મજબુત થયો છે, એટલે તારે ફરિયાદ કરવાનું કારણ નથી." કાનજીએ ટીકા કરી.

"હું લોથપોથ થઇ ઘેર પાછી ફરતી. મ્હાલી ડોશી બપોરે બાર એક વાગે મને થોડોક ભાત ખાવા આપતી, અને તે પછી તે ચણા વેચવા જતી અને મને ભીખ માંગવા મોકલતી. અફસોસ! આ પાપી પેટનો ખાડો કેમ પૂરવો તેનું મને ભાન ન્હોતું. જગતમાં મને એ કાણી બલા શિવાય કોઇનો આશરો ન્હોતો. ભીખ માંગીને રૂપીઓ પૂરો કરતાં કેટલીકવાર રાતના અગીઆર બાર વાગી જતાં; છતાં રૂપીઓ પૂરો નહિ થતો તો એ ક્રૂર ડોશી મને લાકડી

લાકડીએ ફટકાવતી. ભૂખનું દુઃખ તો જેણે વેઠયું હોય તેજ જાણે! ભૂખની વેદનાથી હું છાતીફાટ રોતી. હું જેમ જેમ રોતી તેમ તેમ ડોશી મને વધારે મારતી, અને મારા શરીરપર નેતરની સોટીના સોળ ઉઠી રહેતા. બીજે દિને હું રસ્તાપર ભીખ માંગવા જતી, ત્યારે મારા બરડા પરનો માર જોઇ લોકોને દયા આવતી, અને તેઓ પાઇ પૈસો આપી જતા તેથી ડોશીનો રૂપાઓ પૂરો થઇ જતો. હું ઘેર જતી ત્યારે મેં એક પૈસો પણ સંતાડયો નથી, તેની ખાત્રી કરવા મ્હાલી ડોશી મારા શરીરની ઝડતી લેતી. તે મારૂં મ્હોં પણ તપાસી જોતી.

"જ્યારે તેને ખબર પડી કે મારી કરૂણ દશા જોઇને લોકો પૈસા આપે છે, ત્યારે તો તેના લોભનો પાર રહ્યો નહિ. મને ભીખ માંગવા મોકલવા પહેલાં તે મને દયાહીન માર મારતી, અને હું છાતીફાટ રૂદન કરતી બહાર નીકળતી. આખરે હું નફ્ફટ બની—મને માર પડતો ને હું ન રડતી, ત્યારે ડોશી પણ ગુસ્સે થતી અને ચીઢવવા માટે મને ખુબ માર પડતો, છતાં હું આંખમાં આંસુ આવવા દેતી નહિ.

"એક દિવસ હું કણીઆને ત્યાંથી ચણા લઇ ઘેર આવતી હતી, તેટલામાં કેટલાક તોફાની છોકરાઓ ચણાનો કોથળો ખેંચી ગયા. ઘેર મારી કેવી દશા થવાની હતી, તે હું સારી પેઠે જાણતી હતી. ડોશીએ મને ખુબ માર માર્યો અને તે દિને ભૂખી રાખી. સાંજે તેણે મારા વાળ ખેંચીને મને એવું અસહ્ય કષ્ટ આપ્યું કે જેનું વર્ણન કરવાની મારામાં શક્તિ નથી. મ્હાલી ડોશીને તે સાંજે કોઇને ઘેર જવાનું હતું, એટલે તેણે મને ચણા વેચવા એક મહોલ્લામાં મોકલી, અને જો હું ચણાનો એક દાણો પણ મ્હોમાં નાંખીશ, તો મને જીવતી સળગાવી મૂકવાની ધમકી આપી. હું ચણાની ટોપલી લઇ ઘરમાંથી બહાર

નીકળી. દોઢ દિવસથી હું ભૂખી હતી. ડોશી જે જગ્યાએ ચણા વેચવા બેસતી હતી, ત્યાં જઇ બેઠા પછી હું ચણા ખાવાની લાલચ ખાળી શકી નહિ. મેં ચણાનો એક ફાકો ભર્યો. ભુખ્યા પેટને શું ભાવતું નથી? સાકરીયા ચણા મને ઘણા ભાવી ગયા. લગભગ અરધો શેર ચણા હું ઉડાવી ગઈ અને પાણી પી શાંત થઈ. પણ મારા કરમમાં સુખ લખ્યું જ ન્હોતું. મારી પાસે નારંગી વેચવા એક ઘાટણ બેઠી હતી. તે ડોશીની ઓળખીતી હતી. મેં ચણા ખાધા હતા તેની તેણે ડોશી સમક્ષ ચાડી પુરી. હું ઘેર ગઈ તે પહેલાંજ ડોશીને એ વાતની ખબર પડી ચૂકી હતી એટલે મેં ઘરમાં પગ મૂકયો કે તરત તેણે મને લાત મારી જમીન પર તોડી પાડી. હું એટલી બધી ગભરાઈ ગઈ કે તે વખતે હું મરી કેમ ન ગઈ તે માટે મને આશ્ચર્ય ઉપજે છે. હું ડુંસકા ખાતી જમીન પર પડી હતી એટલામાં ડોશીએ એક બાટલી કાઢી તેમાંથી થોડોક બેવડો પીધો. તેને રોજ પીવાની આદત હતી. નીશામાં ચકચુર થઈ તે મને નિર્દયતાથી માર મારતી. બેવડો પી તેણે ઓરડીના બારણાં બંધ કર્યાં. હું તેને પગે લાગી—ચણા ખાવા માટે મેં માફી માગી. પણ તે કંઇ બોલી નહિ. તે ચંડિકા જેવી લાલ આંખે મારા તરફ જોઈ રહી હતી. અચાનક તે રસોડામાં ગઈ અને ત્યાંથી સાણસી લઇ આવી…"

"સાણસી ?" કાનજીથી બોલાઇ ગયું."

"હા. સાણસી"

"શા માટે ?"

"તને મારવા ?" રણજીતે પુછ્યું.

"નહિ. મારો દાંત તોડી પાડવા…" ભુતકાળના આ કંપાવનારા અનુભવથી કંપતી ગૂલાબ બોલી.

આ સાંભળી કાનજીએ ગુસ્સાથી ટેબલપર હાથ પછાડી મ્હાલી ડોશીને એવી બીભત્સ ગાળો દીધી કે સઘળાનું લક્ષ તેના પ્રતિ ખેંચાયું.

"તને શું થયું ?"

"મને શું થયું ? અરે ! જો એ બુઢ્ઢી મારી નજરે પડે તો તેના રાઈ રાઈ જેવડા ટૂકડા કરી નાંખું." કાનજીએ દાંત કચકચાવ્યા.

"ગુલાબ ! એ ડોશીએ ખરેખર તારો દાંત તોડી પાડ્યો હતો !" રણજીતે ગુલાબને વાત આગળ ચલાવવાની સુચના કરી. કાનજી ડોશીને ગાળો દેતોજ રહ્યો.

"હા. શેઠ ! મને જે દુઃખ થયું હતું તે હુંજ જાણું છું. તેણે સાણસીથી મારો એક દાંત તોડી નાંખ્યો અને પછી કહ્યું: "રાંડ ! હું રોજ તારો એક એક દાંત તોડી નાંખીશ અને પછી તને દરિયામાં માછલાંને ખાવા ફેંકી દઈશ.

"એ જુલમગારના પંઝામાંથી તું શી રીતે છૂટી ?"

"બીજે દિને સ્હવારે કણીઆને ત્યાં ચણા લેવા જવાને બદલે હું ઘરમાંથી નીકળી પગ લઈ ગયા ત્યાં જવાને તૈયાર થઈ. થોડાજ સમયમાં હું ભુલી પડી. મ્હાલી ડોશીનો ક્રૂર માર ખાઇને હું જીવ પર આવી હતી. એ બલા મને જીવતી દરિયામાં નાખી દેતાં ડરે એવી ન્હોતી તેથી ગમે તેમ થાય તો પણ હું ફરીથી તેને ત્યાં જવાની ન્હોતી. આખરે હું થાકી અને એક મકાનના દાદર પાછળ સંતાઈ ગઈ. હું ભુખી હતી છતાં મને ઉંઘ આવી ગઇ. રાતના બારેક વાગે કૂતરો ભસવાથી હું જાગી ગઇ. કુતરાને ભસતો જોઈ ઘરનો માલીક બોલ્યો: "કુતરો ભસે છે. કોઇ અજાણ્યો માણસ આટલામાં સંતાયલો હોવો જોઈએ." ઘરના માલીક સાથે બીજો હતો તેણે ફાનસ લઈ તપાસ કરી

અને હું પકડાઈ ગઈ. મેં કંઈ ચોરી કરી ન્હોતી છતાં બદમાસો મારા જેવી નાહાન છોકરીને ચાલીઓમાં મોકલી ચોરી કરવા લાયકની જગ્યાની માહિતિ મેળવે છે એમ કહી ઘરવાળાએ મને પોલિસને હવાલે કરી.

"બીજે દિને મને મેજીસ્ટ્રેટ સમક્ષ ઉભી કરવામાં આવી. મેં મારી નિરાધાર હાલત કબુલ કરી અને મેજીસ્ટ્રેટે હું સોળ વર્ષની થાઉં ત્યાં સુધી મને રેફરમેટરીમાં મોકલવાનો હુકમ કર્યો. રેફરમેટરીમાં હું સુખી થઈ. ત્યાં મને વખતસર ખાવાનું મળતું—ત્યાં મને માર મારનાર મ્હાલી ડોશી ન્હોતી. રેફરમેટરીમાં હું સીવણ કલા શીખી હતી. પણ અફસોસ! સીવણ કામ કરી પૈસા કમાવાને બદલે હું ગાયન ગાયા કરતી. મારી આવી ટેવને લીધે રેફરમેટરીમાં મારૂં નામ કોકિલા પડ્યું હતું. અંતે હું સોળ વર્ષની થઈ અને મને રેફરમેટરીમાંથી રજા મળી ત્યારે મ્હાલી ડોશી મને લેવા દરવાજાપર આવી હતી. તેની સાથે બે ત્રણ ડોશીઓ હતી. તેઓ રેફરમેટરીમાં કોઈ કોઈ વેળાએ મળવા આવતી હતી અને હું મુક્ત થઈશ કે મારે માટે તેઓ કંઈ નોકરી શોધી કાઢશે એવી મને ખાત્રી આપતી હતી. દરવાજા પર મને મ્હાલી ડોશી મળી તેણે કહ્યું: "ચાલ દીકરી! મારે ત્યાં ચાલ. હું તને સારાં લુગડાં ઘરેણાં આપીશ ને મોજ કરાવીશ." હું ડોશીને ધિક્કારતી હતી તેથી મેં સાફ ના પાડી. રેફરમેટરીમાં મેં આઠ વર્ષ ગાળ્યા હતા અને તે દરમિયાન મેં જે કામ કર્યું હતું તેના સો રૂપીઆ મારી પાસે હતા. સો રૂપીઆને તો હું કૂબેરનો ભંડાર સમજતી હતી. મારી પાસે આ પૈસા છે તે લઈ હું ગામડાંમાં મોજ મારવા જઈશ—નવાં નવાં વસ્ત્રો પહેરીશ—સુંદર ફૂલની વેણી માથામાં શોભાવીશ વિગેરે તરંગોમાં હું મહાલતી હતી. રેફરમેટરીમાં મારી સાથે હસમુખ નામની છોકરી હતી.

તે ઘણી ઉદ્યોગી હતી અને તેણે બસો રૂપીઆ ભેગા કર્યા હતા. અમે સાંટાક્રુઝ, અંધેરી, વીલાપારલા વિગેરે પરાંઓમાં સાથેજ મોજ કરી હતી. પણ હસમુખ આઠ દશ દિવસ મોજ કરી પાછી મુંબઈ ચાલી ગઈ હતી જ્યારે હું ગામડાંની શોખીન થઈ હતી. સો રૂપીઆ જોત-જોતામાં ખરચાઇ જશે અને પાછળથી પસ્તાવું પડશે એમ કહી મને હસમુખે કરકસર કરવાની ચેતવણી આપી હતી. પણ સોળ વર્ષની નાદાન વયે મેં એ સલાહને ન ગણકારી. તે વખતે વસંતરૂતુ ચાલતી હતી—પરાંઓ લીલીછમ વનસ્પતિથી નંદનવન જેવા લાગતા હતા. જ્યાં જાઓ ત્યાં મધુર પુષ્પોની પરાગ બહેકબહેક થઈ રહી હતી. મને આવું સુંદર ગ્રામ્ય જીવન છોડવું ન ગમ્યું. પણ અફસોસ! મારી એ મોટી ભૂલ હતી. એ ભૂલ માટે મને પુરતી સજા થઈ છે. હસમુખ મને પાછી મળી નથી. હવે તો તેને મ્હો બતાવતાં પણ હૂં શરમાઉં છું. પણ મને એટલી ખબર છે કે તે ગીરગામ પર રહે છે અને દરજાણનું કામ કરી રોજના બે અઢી રૂપીઆ કમાય છે..."

"ત્યારે તેં બધા પૈસા ગામડાંઓમાં ખરચી નાખ્યા?"

"નહિ. મેં પચીસ રૂપીઆ બચાવ્યા હતા. હું આ વખતે સાંટાક્રુઝમાં મારી પાડોશમાં એક ગરીબ ઘાટણ રહેતી હતી. તેને નવમો મહીનો જતો હતો છતાં એ બિચારીને મજુરીએ જવું પડતું કેમકે તે ગર્ભવતી થયા પછી તેનો પતિ મરણ પામ્યો હતો. તેની સંભાળ રાખનાર કોઈ ન્હોતું. એક રાતે તેણે ચીસાચીસ કરી મેલી. હું તેની પાસે જઈ દોડી. તેણે મધરાતે એક છોકરીને જન્મ આપ્યો. પણ આ બિચારી પાસે એ સમયે ખાવા માટે ફુટી બદામ પણ ન હતી. મેં મારી પચીસ રૂપીઆની મૂડીમાંથી તેને વીસ રૂપીઆ આપી

દીધા. મારી પાસે ફક્ત પાંચ રૂપીઆ રહ્યા તે લઇ હું મુંબઇ આવી. અહિં આવી મેં એક દુકાને જઈ સીવવાના કામની માંગણી કરી. હું રેફરમેટરીમાંથી હમણાંજ છૂટી આવી હતી એ વાત મેં ખુલ્લા દીલથી કહી દીધી કેમકે હું જુઠું બોલવા માગતી ન્હોતી. પણ આ દુનીયામાં સત્યની કિમ્મતજ નથી. હું બાળકોના કેદખાનામાંથી આવી છું એ વાત જાણતાંજ જાણે હું ચોર હોઉંની તેમ દુકાનદારે મને હાંકી કાઢી. મુંબઈમાં મારૂં ઘર ન્હોતું—પાસે પૈસા ન્હોતા—એ દિવસ હું ભૂખી રહી. રાતે એકલી ચોપાટીની બેંચપર સુઇ રહી. એવામાં મને ગંગા ડોશી મળી ગઈ. તેણે મારી દયા ખાઈ આશ્રય આપવાનું કહ્યું, મેં તેની વાત સાચી માની. ઘેર લાવી ડોશીએ મને ઉંજરમાં બ્રાંડી પાઈ દીધી...અને...હવે મારી આ દશા થઈ—" કહી ડુસકે ડુસકે રોવા લાગી.

"તું ગંગા ડોશી સાથે કયારથી રહે છે?" રણજીતે પુછ્યુ.

"આશરે દોઢ મહિનાથી."

હવે હું જાણે તારો બાપ હોઉં તેમ તને ઓળખું છું ગુલાબ! ખરેખર, તારો એકરાર ઘણોજ કરૂણાજનક છે." કાનજીએ કહ્યું.

"તને તારી આપવીતિનું સ્મરણ થતાં દુ:ખ થાય છે?" રણજીતે પુછ્યું.

"સાહેબ! આજેજ મેં પહેલીવાર તમારી સમક્ષ મારો ભૂતકાળ ઉકસ્યો છે; કારણ કે મારા જીવનના પ્રસંગો વારંવાર યાદ કરવા જેવા નથી."

"સામાન્ય દરજાણુ અથવા મોચણની તને ઇર્ષ્યા આવતી હશે. ખરૂં?" કાનજીએ પૂછ્યું.

"હા; કેમકે દરજાણો અને મોચણો આબરૂદાર સંસારી જીવન ગાળે છે. કાનજી! સુખી થવા માટે સદ્‌ગુણી થવાની જરુર છે. હું

તદ્દન નાની હતી ત્યારે મારા માબાપે મને કુતરાની પેઠે રસ્તાપર ફેંકી દીધી હતી. કદાચ એ બિચારાઓ પાસે મને ખવડાવવા જેટલું અનાજ નહિ હોય !" છેલ્લા શબ્દો તે ભયંકર વ્યંગથી બોલી: "હું કોઇને દોષ દેતી નથી; પણ મારા કરતાં કુરકુરીઆં પણ કુતરી પાસેથી વધારે માતૃપ્રેમનો લ્હાવો મેળવતા હશે-ઇશ્વર ! મને હવે કશી હોંસ રહી નથી. હું વધારે જીવવાની નથી; કેમકે આ ઘરમાં મારાથી જીવાશેજ નહિ. આ નારકી જીવનથી હું ત્રાસી ગઈ છું. મને ક્યારનો ક્ષય રોગ લાગુ પડયો છે.

"ગુલાબ ! તને ઘડી ઘડી આવા વિચાર આવે છે ?" રણજીત લાગણીભીના સ્વરે બોલ્યો.

"વારંવાર તો નહિ પણ કેટલીકવાર મને એવા વિચાર આવે છે. કોઇવાર હું ગંગાડોશી સાથે ભુલેશ્વર કે ચોપાટી જાઉં છું ત્યાં હું આબરૂદાર સ્ત્રીઓને જોઉં છું. તેઓને તેઓના બાળકો સાથે ગેલ કરતી જોઇને મને એવા વિચાર આવે છે કે આ ભાગ્યશાળી સ્ત્રીઓને માથે પતિનું છત્ર છે-તેઓને ઘરબા'ર છે-દેશમાં તેઓ હવાફેર કરવા જતી હશે ત્યાં...આહ ! એ વિચારોજ મારે માટે નકામા છે..." ગુલાબ જેમ તેમ આંસુ ખાળી રહી.

"દિલગીર ના થા, ગુલાબ ખુશી થા—" રણજીતે આશા આપી.

"ખુશી થાઉં ? શાને માટે ? કઈ આશાથી હું ખુશી થાઉં, શેઠ ! આ કપડાં પણ ગંગા ડોશીના છે અને તેના ઘરમાં તેની કૃપા હોય તોજ મને રોટલાનો કટકો મળે છે. જો હું આ ઘરમાંથી ચાલી જાઉં તો એ મને ચોર ઠરાવી પોલીસને હવાલે કરી દે. હું એની ગુલામડી છું-એ મારી શેઠાણી છે. મારા શરીરમાંથી જાન ઉડી જશે ત્યારેજ

એ મને પોતાના કરજમાંથી છોડશે..." છેલ્લા શબ્દો બોલતાં ગુલાબ કમ્પી ગઈ અને તેની મનોહર આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યા.

ગૂલાબની કરુણ કથા સાંભળી રણજીતના દીલપર ઉંડી અસર થઈ. નિરાધાર દશા, પ્રતિકુલ સંજોગો, માનવીઓની નિર્દયતા વિગેરેને લીધે સોળ વર્ષની આશા ભરી વયે બિચારી ગૂલાબ મુંબઇના ભયંકરમાં ભયંકર સ્થળે આવી પહોંચી હતી. અચાનક રણજીતને પોતાની બાળકી સાંભરી. તેની પુત્રી છ વર્ષની વયે સ્વર્ગવાસી થઈ હતી. આજે જો તે જીવતી હોત તો બરાબર ગૂલાબ જેવડીજ હોત ! આ વિચારથી ગુલાબ માટે તેના દીલમાં અજબ લાગણી ઉત્પન્ન થઈ.

પ્રકરણ ૪ થું,

કાનજી કસાઈ.

વાંચનારને યાદ હશે કે એ મવાલી જેવા માણસોને એક ત્રીજો શખસ તીક્ષણ નજરે જોઇ રહ્યો હતો. પેલા વાળવાળી ટોપીવાળા શખસે પોતાનો એક હાથ સંભાળથી સંતાડી રાખ્યો હતો. તેણે એક બે વાર ગંગા ડોશીને મહમદ પહેલવાન ક્યારે આવશે તે વિષે પરપુછ કરી હતી.

ગુલાબ પોતાની કરૂણ કથા રણજીતને કહેતી હતી ત્યારે આ બે મવાલીઓ બહુજ ધીમેથી વાત કરતા હતા અને થોડી થોડી વારે બારણાં તરફ નજર ફેંકતા હતાઃ "હજુ મહમદ ન આવ્યો!" એક મવાલી બબડયો.

"કદાચ તેને કામાટીએ ભાગ આપી દઈ ચુપ કરી દીધો હશે!"

"વાહ! જાળ આપણે બીછાવી ને માછલી બીજા ખાઇ જાય એ કેવો ઈન્સાફ?"

જે સખસ આ બે જણ પર નજર રાખતો હતો તે તેઓની વાત સાંભળી શકે એમ ન હતું. તેણે પોતાની ટોપીમાંથી એક ચીઠ્ઠી કાઢી વાંચી અને તેથી સંતોષ પામી તે ગંગા ડોશીનું બીલ ચૂકવી તેની સાથે કંઇક વાત કરી ત્યાંથી અદ્રશ્ય થઈ ગયો. એ શખસે બહાર જવા માટે બારણું ઉઘાડયું ત્યારે રણજીતની નજર ગંગા ડોશીના ઘરમાં દાખલ થતી વખતે તેને "રાજન!" કહી સંબોધનાર શખસ પર પડી. આ વફાદાર ચોકીદારની હદ બહારની કાળજી જોઈ તે જરા અકળાયો. પણ પેલા શખસે તેની દરકાર કર્યા વિના આ ભયંકર સ્થાનની સમીપમાં આમથી તેમ આંટા મારવા ચાલુ રાખ્યા.

ગુલાબ પોતાની કહાણી પૂરી કરી ગમગીનીમાં ગીરફતાર થઈ બેઠી હતી. તે છાતી પર માથું રાખી આંખમાંથી આંસુ વરસાવતી હતી. બે ચાર પળ પછી તેણે મસ્તક ઉંચું કર્યું ત્યારે રણજીતની આંખોમાં તેણે ભાવભીની ઉંડી સહાનુભૂતિ જોઈ. ગુલાબ શરમાઈ ગઈ. તેણે આંસુ લુંછી નાખ્યા અને રણજીતને જોઈ તે જરા હસી. રણજીત આ શોકગ્રસ્ત વાતાવરણ નષ્ટ કરવાના હેતુથી કાનજી તરફ જોઇ બોલ્યોઃ "કાનજી! હવે તારી વાત ચલાવ."

કાનજીએ પોતાની સામે પડેલો ગ્લાસ ખાલી કરી પોતાની વિતક વાત શરૂ કરીઃ "ગુલાબ! મારી કથા પણ તારા જેવીજ છે. વ્હાલી ડોશીને ત્યાં ત્રાસ વેઠી તું રેફ્રમેટરીમાં ગઈ ત્યારેજ જંપીને સુતી હતી. હું પણ ઓગણીસ વર્ષનો થયો ત્યાં સુધી આરામથી સુતો હોઉં એવું મને યાદ નથી. તે પછી હું લશ્કરમાં જોડાયો હતો."

"ઓહો! તું લશ્કરી નોકરી કરી આવ્યો છે?" રણજીત બબડયો.

"હા. ત્રણ વર્ષ મેં લશ્કરમાં ગાળયા હતા. એ બધી વાત પછી કરીશ. બાળપણમાં હું મુંબઈના લતામાં રખડતો હતો. ઉપર આભ ને નીચે ધરતી શિવાય મારે કોઇનો આશરો ન્હોતો."

"તું શું કામ કરતો?"

"ઉંદર પકડવાનો—એક માણસ શહેરમાંથી ઉંદરો પકડી તે મ્યુનીસીપાલીટીને વેચી આવતો—આ માણસે મને મદદનીશ તરિકે રાખ્યો હતો અને હું નાદાનીયતને લીધે ગરીબડા ઉંદરોને ઘણો ત્રાસ આપતો હતો. દશ બાર વર્ષની ઉમ્મરે મને એક કસાઈ લઈ ગયો. તેણે મને બકરા રહેંસવાનું સોંપ્યું. ગરીબ બકરાની ગરદનપરથી છુરી ફેરવતાં—તેની મરણ વખતની કારમી ચીસ સાંભળતાં પ્રથમ તો હું કમકમી

ગયો. પણ ધીમે ધીમે મને ટેવ પડી ગઇ અને મને મારૂં કામ ગમવા લાગ્યું. મારો કસાઇ શેઠ મને બકરાં કાપવાના બદલામાં પાયા ને ભેજાં ખાવા આપતો. મેં ભૂખેજ દિવસ ગાળ્યા હતા. એટલે આ વખતે હું મારી જાતને રાજા જેવી સુખવાસી માનવા લાગ્યો..."

"તારા માબાપ?"

"મારા માબાપ? મારા માબાપ ગુલાબના માબાપ જેવાજ હશે. હું ક્યાં જન્મ્યો હતો તેની મને યાદ નથી. હશે. મુંબઇના કોઇ પણ લતામાં હું જન્મ્યો હોઇશ. મારૂં જન્મસ્થાન આ મકાનની દક્ષિણે આવ્યું છે કે પશ્ચિમે તેની મને પરવા નથી." કાનજીએ જવાબ આપ્યો.

"ત્યારે તું તારા માબાપને શ્રાપ દેતો હશે?"

"શ્રાપ દેવાનું હું સમજતો નથી. અલબત, મને આ દુનીયામાં લાવવા માટે મારા માબાપ ગંદી રમત રમ્યા હતા. પણ થયું તે થયું. હું ટાઢ, તડકા, ભૂખ અને તરસ વેઠીને એવો રીઢો થઇ ગયો છું કે કોઇને શ્રાપ દેવાની મને ઇચ્છાજ થતી નથી."

"તું ભૂખે મરતો હતો ત્યારે તેં ચોરી કરી હતી?"

"કદિ નહિ. મને બે ત્રણ દિવસના કડાકા થયા છતાં મેં કદિ ચોરી કરી નથી."

"કેમકે તને કેદમાં જવાની બીક લાગી હશે."

"મને કેદની બીક લાગે? તમે પણ કેવી વાત કરો છો?" કાનજી હસીને બોલ્યો: "હું કેદખાનાથી તો ડરતોજ ન્હોતો. એક પ્રમાણિક માણસ તરિકે હું ભૂખે મર્યો છું. હું ચોરી કરી જેલમાં જાત તો જેલમાં મને સારૂં ખાવાનું મળત. પણ નહિ. મને ચોરી કરવાનો વિચારજ કદિ આવ્યો ન્હોતો."

આ ખ્યાલ કેટલો ઉમદા હતો તેનું કાનજીને ભાન ન્હોતું. પણ રણજીત તે સાંભળી ચકિત થયો. તેને લાગ્યું કે ચોરી કરી કેદખાનામાં સુખે ખાવા પીવાનું મેળવવાને બદલે કાનજીએ પ્રમાણીકતાને ખાતર ભુખમરો વેઠયો હતો તે માટે તે માનને પાત્ર હતો. ખરાબમાં ખરાબ વાતાવરણમાં પણ કાનજી ચોર બન્યો ન્હોતો. સમાજે અસ્પર્શ ગણી ફેંકી દીધેલા આ હતભાગી માટે રણજીતને લાગી આવ્યું અને તેણે વ્હાલથી કાનજીનો બરડો ઠોકી કહ્યું: "શાબાશ!" કાનજી આ નવા મિત્રને પૂજ્યભાવે જોઈ રહ્યો. રણજીતે તેનો બરડો ઠોકયો તેથી તે અજબ થઈ ગયો. રણજીત કોઇ આબરૂદાર મહાજન હોય અને પોતે તેનો કંગાળ ગુલામ હોય એવી ભાવના કાનજીના દીલમાં ક્યરની જન્મ પામી હતી.

"શાબાશ કાનજી! તારામાં જીગર અને સ્વમાન છે." રણજીત બોલ્યો.

"જીગર અને સ્વમાન? મારામાં? સાહેબ! આ ગરીબ માણસની મશ્કરી ના કરો."

"નહિ કાનજી! જીગર અને સ્વમાન વિનાનો માણસ તારી પેઠે પ્રમાણિક રહીને ભૂખમરો વેઠી શકતો નથી.

"હશે."

"હશે કેમ? મારી વાતથી તને અજાયબી ઉપજે છે?"

"હા. કેમકે આવી વાત મને કોઇએ અગાઉ કહી નથી. સમાજના આબરૂદાર ગૃહસ્થો હંમેશા મને હડખાયા કુતરા જેવો ગણી મારાથી દુર ભાગતા હતા. તમારા શબ્દો સાંભળી મારાં દીલમાં કંઇ ન સમજાય એવી લાગણી ઉભરાઈ જાય છે. જીગર! સ્વમાન!..."

"કેમ! તને શું થાય છે?"

“શેઠ સાહેબ! મને શું થાય છે તે હું વર્ણવી શકતો નથી.” કાનજી અસરકારક સ્વરે બોલ્યો; “તમારા શબ્દો સાંભળતાં મારી નાડી-માંથી જોરથી લોહી વહેવા લાગ્યું છે. હું મહમદ પહેલવાન અને લક્ષમણ કામાટી કરતાં સારો માણસ છું એમ કોઇ કહે તેથી મને જેટલો આનંદ થાય તેના કરતાંય મને આજે ખુબ ખુશાલી ઉપજે છે. તમે મને થોડા વખત પર રસ્તામાં ખોખરો કરી નાંખ્યો—પછી મને ભોજન અપાવ્યું અને હવે મારી તારીફ કરો છો! શેઠ! ખાત્રીથી માનજો કે હવે પછી જીવન સુધી હું તમારો વફાદાર નોકર થઈ રહીશ.”

રણજીતના દીલપર આ શબ્દોની ભારી અસર થઈ. પણ તેણે બહારથી પોતાનો આવેશ પ્રગટ કર્યો નહિ. “કસાઇને ત્યાં તેં ઘણો વખત નોકરી કરી હતી?”

“હા. ઘણો વખત. કેટલીકવાર માંદલા બકરાઓનાં ગળા કાપી નાંખતાં મને ધીક્કાર છૂટતો. પણ હું સોળ વર્ષનો થયો તેટલામાં તો મને લોહી રેડવાનો રોગજ થઈ ગયો. બકરાંઓના ગળાં કાપતાં મને શયતાની આનંદ આવવા લાગ્યો અને તે એટલે સુધી કે બકરા રહેંસ-વામાં હું ખાવાપીવાનું પણ ભુલી જતો. આહ! શેઠ! તમે જો મને મારૂં કામ કરતો જોયો હોત તો તમે છક્ક થઇ જાત ફક્ત એક લેંઘો પહેરી હાથમાં કાતિલ છરો લઈ એક પછી એક વીસ બકરાંને હું રહેંસી નાખતો. આ વખતે હું માણસ મટી શયતાન બની જતો, મને કશાનું ભાન રહેતું નહિ. ઘણીવાર હું ગમે ત્યાં છુરી ભોંકી દેતો. તેથી કેટલુંક માંસ બગડી જતું—આ વાત મારા શેઠને ગમી એટલે તેણે મને રજા આપી...”

“પછી?”

"પછી મારે ભુખે મરવાના દહાડા આવ્યા. હું જ્યાં નોકરી રહેવા જતો તેઓ મારા આગલા શેઠની વાત પુછતા અને હું કસાઇનો નોકર હતો તે જાણી સાફ ના પાડી દેતા. ભુખમરાના ત્રાસથી હું પત્થરની ખાણમાં પત્થર ફોડવા રહ્યો. પણ બે આનાના રોજ માટે આખો દિવસ પત્થર ખોદવાનું મને ગમ્યું નહિ. આ સમયે હું મોટો થયો હતો એટલે લશ્કરમાં ભરતી થવાની ખબર સાંભળતાંજ હું સૈનિક થવા ગયો. ભરતી કરનારે મને ત્રણ સવાલ પુછયા. મારૂં નામ? કાનજી. ઉમ્મર? મારા દાઢી મૂછપરથી સમજી લો. ઓળખાણ? ઓળખાણમાં મારી પાસે ખાણવાળાની સર્ટીફીકેટ હતી. આ રીતે સેવક લશ્કરમાં જોડાયા." કાનજીના જીવનનું નવું પ્રકરણ શરૂ થયું.

"તને કાપાકાપી કરવાનો શોખ હતો તે જોતાં તું લશ્કરમાં નામાંકિત થયો હશે!"

"આહ! જો લડાઇ જાગી હોત ને સરહદ પરના તરકડાઓને રહેંસી નાખવાની મને તક મળી હોત તો એ પહોળા પાજામાવાળાને હું બતાવી આપત કે હજુ હીંદુઓમાંથી રાજપુતો મરી ખપ્યા નથી. પણ મારા વખતમાં લડાઇ જાગીજ નહિ. લડાયક કામ ન્હોતું પણ તેને બદલે અમારા પર સખત તકેદારી રહેતી હતી. એક દિવસ અમારા સારજંટે મને ઠપકો આપી મને મારા કામમાં વધુ સંભાળ રાખવાનું કહ્યું. હું બેદરકાર હતો એ વાત ખરી છે. પણ આગલે દહાડે કંઈ વાંક માટે તેણે મારૂં રાશન કાપી નાંખ્યું હતું તેથી હું ભુખ્યો રહેતો હતો. તેનો ઠપકો સાંભળતાંજ મારો પીત્તો ઉછળી આવ્યો ને મેં તેને લાત મારી. તેણે મને ધક્કો માર્યો—મેં સામો ધક્કો માર્યો—હવે તેણે મને ગળચીમાંથી પકડ્યો એટલે મેં તેના મ્હોંપર જોરથી મુક્કો

લગાવી. કેટલાક માણસો મારા પર તૂટી પડયા એટલે મારો ખુની સ્વભાવ ઉકળી આવ્યો. હું રસોડામાં રસોઈ કરવાની ફરજ પર હતો. ત્યાંની છુરી મારા હાથમાંજ હતી. એટલે મેં મારા અસલ ધંધાની ફરજ શરૂ કરી દીધી. સારજંટને મેં સીધો કાપી નાંખ્યો અને બે સોલ્જરોને ભયંકર જખમ કર્યા. ત્રણે જણને મેં બધા મળીને અગીઆર ઘા કર્યા. ચોતરફ ખુન વહેવા લાગ્યું. જાણે હું કસાઇવાડામાં બકરાંજ કાપતો હોઉંની એવો મને આનંદ થયો..."

કાનજી આવેશથી આ વાત કરતો હતો. તેણે અચાનક માથું નમાવી દીધું અને તે બે ત્રણ પલ ગમગીન થઈ બેસી રહ્યો.

"શાનો વિચાર કરે છે?"

"કંઈ નહિ." ઉતાવળથી જવાબ આપી કાનજીએ બેદરકારીથી ફરીથી પોતાની વાત આગળ ચલાવી: "અંતે તેઓએ મને હંફાવ્યો અને મને લશ્કરી અદાલતે મોતની સજા કરી."

"મોતની સજા? ત્યારે તું નાસી આવ્યો?..."

"નહિ. એકવાર મેં મારા જોડીદારને નદિમાં ડૂબી જતો બચાવ્યો હતો અને બીજીવાર અમારી છાવણી પાસેના મકાનમાં આગ લાગવાથી તે મકાનમાં સળગી જતી એક બુઢ્ઢી બાઇનો જાન બચાવ્યો હતો. મારા વકીલે આ બીના પર ખાસ ભાર મુકયો હતો એટલે અદાલતે મોતની સજા રદ કરી મને પંદર વર્ષની ટીપ આપી. મોતની સજા રદ કરાવી મારો વકીલ મારી પાસે આવ્યો ત્યારે મને એવો ગુસ્સો ચઢયો કે તેની ગળચીજ દાબી નાખું..."

"કેમ! તું મોતમાંથી બચી જવા માટે નારાજ થયો હતો?"

"હા. જે માણસ ખુન કરે છે તે ફાંસીએજ જવો જોઇએ. હું

ફાંસીની સજાને લાયક હતો. છતાં મને કેદખાને ધકેલવામાં આવ્યો તે અન્યાય હતો. વળી તે સમયે મારી મનોદશા વીચીત્ર હતી. એક ખુની ખુન કર્યા પછી પોતાનું પાપ સહેલાઈથી ભુલી શકતો નથી."

"આહ! કાનજી! તને ત્યારે પસ્તાવો થયો હતો?"

"હું પંદર વર્ષ કેદની સજા ભોગવી આવ્યો છું એટલે હવે પસ્તાવો થતો નથી. પણ હું કેદમાં ગયો ત્યારે દર રાત્રે મને મને ભયંકર સ્વપ્ના આવતા. પેલો સારજંટ, સોલ્જરો અને બીજા હજારો માણસો કસાઈખાનામા બકરા ઉભાં રહે છે તેમ દયામણે ચહેરે ઉભા રહેતા. હું તેઓને એક પછી એક રહેંસી નાખતો. પણ તે સાથેજ તેઓની સંખ્યા વધતી જતી. મરતી વખતે તેઓ મારા તરફ એવી દયાભરી, માયાભરી નજરે જોતા કે તેઓના ખુન કરવા માટે હું મારી જાતને શ્રાપ દેતો. પણ હું લાચાર હતો. મારે કોઈ ભાઈ ન્હોતો છતાં આ બધા મરનાર મારા ભાઈ હતા એમ મને લાગતું. મારી મનોવેદના અસહ્ય થઇ જતી ત્યારે હું જાગી પડતો અને તે વખતે પસીનાના રેબઝેબ છૂટવાથી હું ઠંડાગાર થઈ જતો..."

"કેવું ભયાનક સ્વપ્ન!"

"આહ! એનું સ્મરણજ કંપારી લાવે છે. એ સ્વપ્નાનો ખ્યાલ મને પાગલ બનાવી મુકતો હતો. બબ્બેચાર મેં આપઘાત કરવાની કોશેષ કરી પણ હું ફાવ્યો નહિ. તે પછી મને જીવવાની પ્રબળ ઇચ્છા થઇ. મારા સ્વપ્નાં પણ બંધ પડયા અને હું બીજા કેદીઓ પેઠે કામ કરવા લાગ્યો..."

"ત્યાં તને ચોર લુંટારાઓ સાથે પાનું પડયું હશે."

"હા. પણ તેઓનો ધંધો મને ગમતો નથી. મારા જોડીદાર કેદીઓ પ્રથમ મને દમ ભરાવવા લાગ્યા પણ મેં તેઓને બોખરા

કરીને સીધા કરી નાંખ્યા. કેદખાનામાંજ મને લક્ષ્મણ કામાટી સાથે ઓળખાણ થઈ હતી. અને તેની સાથે મારામારી થતાં તેણે તમારી પેઠેજ મને ઠોક્યો હતો."

"ત્યારે કામાટી કેદખાનાનું પંખેરૂં છે."

"તેને જન્મ ટીપ મળી હતી પણ તે નાસી છુટ્યો છે."

"તે નાસી છૂટ્યો છે ને કોઇ તેને પકડાવી દેતું નથી ?"

"હું તેને પકડાવી દેવાનો નથી કેમકે જો હું તેમ કરૂં તો બધા મવાલીઓ એમ ધારે કે હું તેનાથી ડરૂં છું."

"પોલીસ શું હજામત કરે છે ? પોલિસ પાસે તેનું વર્ણન હશેને ?"

"હશેસ્તો ! પણ કેદમાંથી નાસી છૂટયા પછી કામાટીએ પોતાનો ચહેરો એટલો બદલી નાંખ્યો છે કે શયતાન પણ તેને ભાગ્યેજ ઓળખી શકે.

"કામાટીનું નાક ઘણું મોટું હતું. પણ તેણે એક જાતની દવા લગાડીને તદન ચપટું કરી નાંખ્યું છે. હમણાં તે તદન છીમરો લાગે છે !"

"હવે તું મને બનાવવા લાગ્યો !"

"નહિ સાહેબ ! એ આવે ત્યારે જોઈ લેજો. એનું નાક પોપટની ચાંચ જેવડું હતું. પણ હવે ચીનાના નાક કરતાંય નાનું છે. પહેલાં તેનો ચહેરો સાફ હતો, હવે આખા ચહેરા પર શીળીના ડાઘ પડયા છે. એ બદમાસ જાણી જોઇને શીતળાનો ચેપ લગાડી આવ્યો અને મરતો મરતો બચી ગયો..."

"ત્યારે હવે તેને કોઈ ઓળખી શકતું નથી ?"

"૭ મહિનાથી તે વીસાપુરની જેલમાંથી નાસી આવ્યો છે અને સેંકડો વાર પોલિસ તેને જોવા છતાં પીછાની શકી નથી."

"તેણે શું ગુન્હો કર્યો?"

"બનાવટી સહી, ચોરી અને ખુન. કામાટી અમારા બધા કરતાં વધારે શીખેલો ભણેલો છે."

"તેનાથી બધા શા માટે ડરે છે?"

"કેમકે તે ભીમ જેવો બળવાન છે. હવે તમે તેને ઠોકો તો મારૂં કાળજું શાંત થાય..."

"તેનું ગુજરાન કેવી રીતે ચાલે છે?"

"તેની સાથી એક ધરડી સ્ત્રી છે. આ બંને બદમાસો દૈત્ય જેવા છે. કામાટી ને તેની રખાત ગમે તેને લુંટીને ખીસા તર કરે છે."

"પોલીસ તેઓને પકડી શકતી નથી તે અજબ જેવું છે."

"પોલીસનો તેઓ પર ડોળો છે. પણ એ બદમાસો ઘણા ચાલાક છે. મહિનાએકની વાત પર કામાટીએ સાંટાક્રુઝમાં એક વાણીઆને લુંટી તેનું ખુન કર્યું હતું..."

"વહેલો મોડો તે પકડાશે."

"હા. પણ તેને પકડતાં ભારી જેહમત પડશે. કામાટી હમેશાં છુરી અને પીસ્તોલ પોતાની પાસે રાખે છે. વહેલા મોડા [illegible] મોતની સજા થવાની છે એમ તે જાણે છે અને તેથી તે પકડાય તે પહેલાં બને તેટલા ખુન કરવા માગે છે. આવા માણસને પકડવાનું કામ ઘણું જ બીકટ છે..."

"વારૂ—કેદમાંથી છૂટયા પછી તેં શું કર્યું?"

"હું લાકડાની વખારમાં નોકરી કરૂં છું."

"ત્યારે અહિં શા માટે આવે છે ?"

"ત્યારે ક્યાં જાઉં ? જેલમાં જઈ આવનાર સાથે કોણ દોસ્તી બાંધશે ? અહિં મને મારા જેવાની સોબત મળે છે એટલે મને મઝા પડે છે."

"તું રોજ શું કમાય છે ?"

"છ થી આઠ આના."

"છતાં તને અસંતોષ થતો નથી ?"

"નહિ. મારા કરતાં ઘણા ભિખારીઓની હાલત ખરાબ હોય છે. હજુ પણ મને પેલા સારજંટ અને સોલ્જરોના સ્વપ્નાં કોઈ કોઈવાર આવે છે તેથી મને દુઃખ થાય છે. પણ એ શિવાય મને બીજી કંઈ ફીકર નથી..."

કાનજીની કહાણી પુરી થઈ. ગુલાબ તેની વાત પર ઝાઝું લક્ષ આપતી ન્હોતી. તે પોતાના ભૂતકાળનું સ્મરણ થવાથી શોકગ્રસ્ત થઈ નીચું જોઈ બેઠી હતી. ગુલાબ પછી કાનજીની કથા સાંભળી રણજીત ગંભીર વિચારમાં પડયો. આજ સમયે ત્યાં એવો બનાવ બન્યો કે જેથી ત્રણેની વિચાર નિદ્રા ઉડી ગઈ.

પ્રકરણ ૫ મું.

લક્ષ્મણ કામાટી.

જે માણસ થોડા સમયપર ગંગા ડોશી સાથે થોડી વાત કરી ચાલ્યો ગયો તે તે એક લાંબા, કદાવર માણસ સાથે હવે પાછો ફર્યો અને પેલા વાળવાળી ટોપીવાળા સખસ તથા તેના સાથી તરફ નજર રાખી બોલ્યો: "તમે મને રસ્તામાંજ મળી ગયા તે સારૂં થયું! બેસો—જરા ઉડાવો."

આ નવો આવનાર બોલ્યો નહિ ને તેણે કંઈ પીધું પણ નહિ. કાનજી ગુલાબ અને રણજીતને આ નવો માણસ બતાવી બોલ્યો: "હવે મઝા આવશે. આ પોલિસની જાળ છે. સંભાળજો!"

પેલા બે મવાલીઓ નવા આવનારને જોઈ બેચેન બન્યા. તેઓએ ગંગા ડોશીને વારંવાર લક્ષ્મણ કામાટી અને મહમ્મદ પહેલવાન વિષે પુછપરછ કરી હતી. પણ કામાટી ને પહેલવાનને બદલે ભળતાજ માણસની સવારી આવી પહોંચી. વાળવાળી ટોપીવાળાએ ભવાં ચઢાવ્યાં—પોતાના જોડીદાર સાથે ઉતાવળમાં કંઈ વાત કરી લીધી અને બન્ને બારણાં પાસે પહોંચી ગયા. પોલીસ અમલદારો સાવચેતજ હતા. તેઓએ બન્નેને ગળચીમાંથી પકડયા અને જીવ સટોસટની મારામારી ચાલી. મકાનના બારણાં ઉઘાડી એક પોલિસ ટુકડી ઘરમ ઘુસી આવી. બહાર બે સીપાઈઓ બંદુક લઈ ઉભેલા નજરે પડયા. આ ધમાલનો લાભ લઈ રણજીતને જે માણસે "રાજન" કહી અગાઉ સંબોધ્યો હતો તે બારણાં પાસે આવ્યો અને ર[illegible] આંખ તેના પર પડતાં તેણે હોઠપર આંગળી મૂકી ઈસારો [illegible]. [illegible]જીતે તેને જોઈ સ્તાદર્શ:

રીતે તેને વિશ્વાસ થવાનો ઇસારો કર્યો અને પોતે મવાલીઓ અને પોલિસ વચ્ચેની મારામારી જોવા લાગ્યો. પેલા એમાંના એક મવાલીએ ચીસો પાડી-લાત મારી-એક બે ટેબલ ઉથલાવી નાખ્યા. તે ઉપર આવી ઊભો થયો. ત્રણ ત્રણ જણે તેને મુશ્કેલીથી પકડી રાખ્યો. તેના જોડીદારે પોલિસની તૈયારી જોઈ શરણે થવામાં સાર જોયો અને તેણે હાથકડી પહેરવા હાથ લંબાવ્યા. ગંગા ડોશી આ મકાનમાં આવા તમાશા જોવાને ટેવાઈ ગઈ હતી એટલે તે એક ખુણામાં નિરાંતે તપખીર સુંઘતી બેઠી હતી.

"આ બે જણે શું કર્યું છે ઇન્સ્પેક્ટર સાબ?" ડોશીએ પોલીસને પુછ્યું.

"ગઈ રાતે એ લોકોએ આઠમી ગલીમાં એક મારવાડીનું ખુન કરી તેની દુકાન લુંટી હતી. મારવાડીએ મરવા પહેલાં અમને કહ્યું હતું કે તે એક મવાલીના હાથ પર જોરથી કરડ્યો હતો. આ બે બદમાસો પર અમને શક હતો. અને એ લોકો અહિં છે કે નહિ તેની તપાસ કરવાને મારો જોડીદાર અહિં આવી બેઠો હતો..." અમલદારે જવાબ આપ્યો.

"લઈ જાઓ મુઆઓને! સારૂં થયું કે એ લોકો પાસેથી મેં ખાવાના પૈસા અગાઉથી લઈ લીધા...સાહેબ! તમે બ્રાંડી કે વ્હસ્કી લેશો?"

"નહિ. મારે કેદીઓની સંભાળ રાખવાની છે."

વાળની ટોપી પહેરનારને સંભાળવો બહુ ભારી હતો. તેને ત્રણ ચાર જણે આબાદ જકડી લીધો હતો. છતાં તે ધુંઆપુંઆ કરતો હતો. અંતે બારણામાં ઉભેલી કેદીઓની ગાડીમાં તેને બેસાડવામાં આવ્યો અને ચાર જણ તેના પર પહેરો ભરવા રહ્યા. પોલિસ ઇન્સ્પેક્ટર ડોશીના

મકાનમાંથી વિદાય થવા પહેલાં કાનજી પાસે ગયો અને તેની સાથે હસીને થોડીક વાત કરી. રણજીત તરફ તેણે કરડી નજર ફેંકી અને પછી તે વિદાય થઈ ગયો.

પોલિસ ગયા પછી પેલો લહેરીલાલ જે દારૂ પીતો ને સીગરેટ ફુંકતો બેઠો હતો, તેણે ફરીથી પોતાનું ગ્લાસ ભર્યું અને કાનજી તરફ જોઇ બોલ્યો : "પેલા વાળની ટોપાવાળાને ઓળખો છો કે? એ મહમ્મદનો માણસ છે. એની પાછળ પોલિસ આવી ત્યારથીજ નવા જુની થવાની મને ધાસ્તી હતી."

"સારૂં થયું કે કામાટી ને મહમદ આજે ન આવ્યા. એ લોકોએ બે ત્રણ વાર એ બેઉ જણની પરપૂછ કરી હતી. પણ હું મારા ઘરાકોના કામમાં માથું મારતી નથી. લો—આવરદા તો સો વરસનો છે—આ કામાટી અને તેની માશુક આવી લાગ્યા! આહા! શું પસંદગી છે? કામાટીએ જોરૂ તો પોતાના જેવીજ શોધી છે!..." બારણામાંથી એક સ્ત્રી પુરૂષને પોતાના મકાન તરફ આવતાં જોઇ ગંગા ડોશીએ ટીકા કરી.

કામાટીનું નામ સાંભળતાંજ સઘળાના દીલમાંથી ભયની કમ્પારી પસાર થઇ ગઈ. રણજીત બહાદૂર અને નીડર હતો. તે બે ત્રણ પલ આ વિરૂપ બદમાસને કુતુહલ અને ધિક્કારની મિશ્રિત લાગણીથી ટીકી રહ્યો અને તેના દીલમાં પણ સહેજ ભય ઉત્પન્ન થયો. કામાટીની કુરૂપતા ભયંકર છે એમ કહેવામાં કાનજીએ જરા પણ અતિશયોકિત કરી ન્હોતી. કામાટીના ચહેરા પર ઠેકઠેકાણે ચિત્રવિચિત્ર ડાઘા હતા. આવો ભયંકર માણસ જગતમાં હસ્તી ધરાવતો હશે એવી કલ્પના કરવી પણ મુસ્કેલ છે. ખરેજ તેણે ઝેરી દવાથી આખું નાક સાફ કરી મુક્યું હતું અને જાણે તેનું નાક કોઈ દુસ્મને કરડી ખાધું હોય એવું

લાગતું હતું. તેની આંખો જરા લીલાશ પડતી, નાની, ગોળ અને ચળકતી હતી. ઝેરી સાપના જેવી એ આંખોમાં ક્રૂરતા અને ઘાતકતા તરવરી રહી હતી. તેનું કપાળ વાઘના જેવું સપાટ હતું અને તે પીળા રંગની ફરકેપથી અરધું ઢંકાવાથી તે રાક્ષસ જેવો લાગતો હતો. તે પાંચ સવાપાંચ ફીટ ઉંચો હતો અને શરીરના પ્રમાણમાં તેનું માથું ઘણું મોટું હતું. તેના હાથ કદાવર પણ ટુંકા હતા. અને તે પર આંગળીના નાકા સુધી વાળ હતા તે તેનો ઘાતકી સ્વભાવ સુચવતા હતા. તેની વીજળીક વેગે ચોતરફ ફરતી ઝીણી આંખો, કદાવર શરીર અને બેડોળ ચહેરો જોતાં તે માણસ નહિ પણ કોઈ જંગલી જનાવર હોય એવોજ ભાસ થતો હતો.

તેની સાથેની સ્ત્રી તેની માશુક હતી અને આ બદમાસે પોતાના જેવીજ ઉપ પત્ની પસંદ કરી હતી. તે વૃદ્ધ હતી—છતાં તેણે જુવાન દેખાવાના ફાંફાં માર્યાં હતા. તેના મ્હોમાંના અરધા દાંત પડી ગયા હતા. એક આંખે તે કાણી હતી. નાક હદબહારનું મોટું હતું. અને હોઠ પાતળા હતા. રણજીતે તેને જોઈ અને જોતાં વાર અનાયાસે તેને એવો ખ્યાલ આવ્યો કે ગુલાબ પર તેની બાલ્યાવસ્થામાં જુલ્મ ગુજારનારી બલા આવીજ હશે. તે ગુલાબને આ વાત કહેવાની અણીપર હતો. એવામાં ગુલાબજ એ બલાને ઓળખીને ભયથી થરથરી બોલી ઉઠી: "રણજીત ભાઈ. મને બચાવો—આ તો કાણી મ્હાલી ડોશી..."

આ પળે લક્ષ્મણ કામાટી એક મવાલી સાથે વાત કરી ધીમાં ડગલાં ભરતો રણજીત, ગુલાબ અને કાનજી બેઠાં હતાં તે ટેબલ પાસે આવ્યો અને ગુલાબ તરફ જોઈ નિર્લજ્જ હસીને બોલ્યો: "આહ! જાની! પધારો—આ બે ઉલ્લુઓને છોડી મારી પાસે આવો—"

ગુલાબ ભયથી સડક થઇ કંઇ બોલી ન શકી.

"હા–હા–જાન! એ તારે લાયકનીજ છે–મારી શોકની હું અદે-ખાઇ કરવાની નથી–" મ્હાલી ડોશી હસીને બોલી. હજુ તે ગુલાબને ઓળખી શકી ન્હોતી.

"કેમ! સાંભળે છે કે?" તે રાક્ષસ બરાડયો: "જો તું મારી થશે નહિ તો હું તારી આંખ ફોડી નાખી તને મ્હાલીના જેવી બનાવી દઇશ... અને ફાંકડેરાવ!..." તેણે હવે રણજીતને સંબોધ્યો: "જો તું દુર હટી જશે નહી તો હું તારા બાર વગાડી દઇશ."

"ઓહ! બચાવો–બચાવો–" ગુલાબ કરૂણ સ્વરે બોલી. પણ તેને માટે રણજીત કામાટી સાથે લડવા જતાં માર્યો જશે એવા ભયથી તેણે ધીમે સ્વરે રણજીતને કહ્યું: "નહિ–તમે ના ઉઠો–જો એ મને પકડવા આવશે તો હું ચીસ પાડીશ અને પોલિસના ડરથી ગંગા ડોશી એને સમજાવી લેશે."

"ગભરા ના–ગાંડી!..." રણજીત નીડરપણે કામાટી તરફ જોઇ બોલ્યો: "શાંતિથી બેસી રહે. આ મવાલી આપણને નાહક સતાવવા આવ્યો છે. પણ હું એને લાત મારી જમીનદોસ્ત કરી નાખીશ."

"કોણ? તું મને લાત મારશે?"

"હા. હું તને લાત મારીશ." કહી ગુલાબે તેને વારવા જતાં રણજીત ઉભો થયો.

કામાટી મવાલીઓનો સરદાર હતો. છતાં તે રણજીતની નીડર આંખો જોઇને જરા પાછળ હટી ગયો. કેટલીક આંખોનું તેજજ અજેય હોય છે. ઘણા પહેલવાનો તેજસ્વી આંખોના પ્રભાવથીજ પોતાના વિરોધીની શક્તિ હરી લે છે. કામાટી એકવાર થથર્યો અને તેને

પોતાના શરીર બળપર અતિવિશ્વાસ આવવાથી ગજવામાં હાથ નાખી તેણે હાથમાં છરી પકડી. આ પળે ગંગા ડોશીના ઘરમાં એક ખુન થઈ જવાનો સંભવ હતો. પણ એજ પળે મ્હાલી ડોશી કામાટી પાસે આવી પહોંચી અને તેનો હાથ પકડી બોલી: "જરા સબુર કરો–" તે અત્યાર સુધી ગુલાબને એકીટસે જોઈ પોતાની સ્મરણ શક્તિ તાજી કરી રહી હતી અને અંતે તે તેને ઓળખી શકી હતી. "આ છોકરી તો મારી પાસે હતી તે ગુલાબ છે. તું ક્યાંથી ફુટી નીકળી? શું સેતાને તને મોકલી આપી?..." તે ગુલાબ તરફ જોઈ હાથની મુઠ્ઠી વાળી દાંત કચકચાવવા લાગી: "તું ફરીથી મારી પાસે નથી આવવાની કેમ? સબુર કર—તારા બધા દાંત મેં તોડી પાડયા નથી. પણ હવે હું તારી આંખમાં આંસુ ખુટાડી દઈશ. ચાલ, સીધી સીધી મારી સાથે ચાલ. તને મને સોંપી જનારા માણસોને મેં શોધી કાઢ્યા છે. તું નાદાન છોકરી હતી ત્યારે તને મને સોંપી જનાર માણસ વીસાપુરની જેલમાં કામાટીને મળ્યો હતો અને તારા માબાપ આબરૂદાર અને પૈસાદાર છે એવી તેની પાસે સાબીતી છે."

'મારાં માબાપ? તમે તેમને ઓળખો છો?" ગુલાબ આવેશથી થરથરતી બોલી ઉઠી.

"હું તેમને ઓળખું છું કે નહિ તેની તારે શી પંચાત? એ ભેદ હું ને મારો ધનીજ જાણીએ છીએ! આહ! હવે તને રડવું આવે છેને? ગુલાબ..." તે નિર્દય બલા બાપડી ગુલાબની ક્રૂર મશ્કરી કરવા લાગી.

"નહિ. નહિ." ગુલાબ સખ્ત હૈડું કરી કડવાશથી બોલી: "હવે મને મારા માબાપની લેશ માત્ર પરવા નથી."

આ વાત ચાલતી હતી તેટલામાં કામાટી રણજીત સાથે લડવા તૈયાર થઇ ગયો હતો. રણજીત જેવો પાતળો અને સુખવાસી જણાતો પુરૂષ તેની સામે ટકી શકવાનો નથી એમ ધારી તેણે મ્હાલી ડોશીને ધક્કો મારી દૂર હડસેલી કહ્યું: "ખસી જા! પહેલા આ ફાંકડેરાવને પુરો કરવા દે. તે પછી આ પરીજાદી મને ચાહતાં શીખશે."

બીજીજ પળે વકરાયલા વાઘની પેઠે રણજીત કામાટી પર તુટી પડયો. કામાટી બચાવ પર ઉભો રહ્યો. તેના પગ થાંભલા જેવા સ્થિર હતા. છાતી આગળ કાઢી તે બે હાથે રણજીતના ઘા અટકાવવા માગતો હતો. રણજીત તેના પર કુદયો અને બંને મલ કુસ્તીના એક બે દાવ ખેલ્યા એટલામાં જોરથી બારણા ઉઘાડી અગાઉ રણજીત સાથે વાત કરનાર માણસ ત્યાં દોડી આવ્યો. તેણે કામાટીને જોરથી ધક્કા મારી તેને જમીન પર પછાડયો અને રણજીતને એક બાજુ લઇ જઈ તેના કાનમાં ધીમેથી કહ્યું : "અન્નદાતા! રમણી અને તેનો ભાઈ આ તરફ આવે છે."

આ શબ્દોની જાદૂઈ અસર થઈ. રણજીતે ગંગા ડોશી તરફ એક દશ રૂપીઆની નોટ ફેંકી અને ઉતાવળથી તે બારણાં તરફ દોડયો. કામાટી તેને અટકાવવા દોડી આવ્યો. પણ રણજીતે તેના મ્હોપર અને છાતી પર પાંચ છ એવા મુક્કા લગાવ્યા કે તે ધુમરી ખાઈ તુટી પડયો.

"શાબાશ! શાબાશ! શેરને માથે સવાશેર!" કાનજી કામાટીને ધુળ ચાટતો થયલો જોઇ રાજી થઇ બોલ્યો.

કામાટી બે ત્રણ મીનીટમાં સાવધ થઈ પાછો રણજીતને પકડવા દોડયો પણ આ સમયે તે અદ્રશ્ય થઈ ગયો હતો. મારામારીની આ ધમાલનો લાભ લઇ ગુલાબ પણ ત્યાંથી કોણ જાણે ક્યાં ચાલી ગઈ હતી.

પ્રકરણ ૬ ઠું.

સાંટાક્રુઝમાં.

રણજીત અને ગુલાબ મકાનમાંથી અદ્રશ્ય થઈ ગયા પછી થોડીજ વારમાં બે ભભકાદાર પુરૂષો તેમાં દાખલ થયા. એક લાંબો અને પાતળો હતો. તેના બધા વાળ લગભગ સફેદ થવા આવ્યા હતા. તેણે નીઝામ કોલરનો લાંબો ડગલો ને પાટલુન પહેર્યાં હતા. માથું ખુલ્લું હતું. આપણે તેને કાલુભાને નામે ઓળખીશું.

તેનો સાથી તેનાથી યુવાન હતો. તેનો ચહેરો અતિ મોહક હતો. તેનું વય આશરે ત્રીશ બત્રીસ વર્ષનું હતું. તેના મોહક ચહેરા પર થોડીક ફીકાશ હતી. છતાં તેની આંખો ગજબનાક હતી. આ યુવાને માથાં પર રાજપુતશાહી સાફો બાંધ્યો હતો. તેણે અંગ્રેજી શુટ ધારણ કર્યો હતો. છતાં તેની ભરાઉ છાતી, નાજુક બદન, મનોહર ચાલ અને અંગ મરોડપરથી પુરૂષ વેષમાં કોઇ નાઝનીન હતી એમ બારીક જોનારને જણાઇ આવતું હતું.

કાલુભાએ આવતાંની સાથે એક બ્રાંડીની બાટલી મંગાવી અને ગંગા ડોશી તે લઇ આવી કે તરત તેણે દશ રૂપીઆની નોટ કાઢી આપી. ડોશીએ બાકીના પૈસા પાછા આપવા માંડયા તે તેણે લીધા નહિ અને ડોશીને બ્રાંડીનો પેગ આપી તેણે રણજીતનું વર્ણન કરી તેને વિષે પૂછપરછ કરવા માંડી.

"એવો શખસ હમણાંજ અહિંથી ચાલ્યો ગયો. પણ તે કોણ હતો તેની મને ખબર નથી. આ કાનજીને પુછી જુઓ કેમકે એ તેની સાથે આવ્યો હતો."

કાલુભાએ આ પરથી કાનજીને પોતાના ટેબલ પર બોલાવ્યો અને તેના પેટમાં લાલ પાણી પધરાવી વાતે વળગાડયો.

"કોણ રણજીત? એ તો રાજા હતો રાજા? મને માર્યો—કામાટીને ફટકાવ્યો ને વળી મને તો દારૂ પણ પાયો..." કાનજીની જીભ ઉપડી. તેણે રણજીત સાથે પોતાનો મેળાપ થયો ત્યારથી માંડીને રણજીત વિદાય થયો ત્યાં સુધીની વિગતવાર હકીકત કહી સંભળાવી. આટલીવારમાં બે બાટલી ખલાસ થઈ અને કાલુભા અને રમણી પૈસા ચુકવી બહાર જવા તૈયાર થયા. કાનજી અગાઉથી બન્નેની રજા લઇ બહાર નીકળી ગયો.

કાલુભા કાનજી સાથે વાતે વળગ્યો હતો ત્યારે કામાટી અને મ્હાલી તેને બાડી આંખે જોઇ રહ્યાં હતાં. બાટલીના પૈસા ચુકવતી વખતે કાલુભાએ પાકીટ કાઢયું ત્યારે તેમાંની નોટો જોઇને આ બે બદમાસોની દયાનત બગડી હતી અને તેઓએ આંખના ઈસારાથીજ કંઈ સંતલસ કરી લીધી હતી.

કાલુભા અને રમણી બહાર નીકળ્યાં ત્યારે વરસાદ જોરથી પડતો હતો. સુસવતા પવનના વાયરા વાતા હતા. આકાશમાં વીજળી કડાકા કરતી હતી. કાલુભાની ગાડી સડક પર ઉભી હતી. બન્ને ગલીમાંથી જેમ તેમ રસ્તો કાપવા લાગ્યાં. ગલીમાં એક સામાન્ય ફાનસના ઝાંખા પ્રકાશ શિવાય બીજો કંઇ પ્રકાશ ન્હોતો. ગલીમાંની ગટર ખોદાતી હતી એટલે એક જગ્યાએ મોટો ખાડો હતો. આ ખાડા પાસે બન્ને પહોંચ્યા કે કાલુભાને કોઇ રાક્ષસી હાથે જકડી લીધો. રમણીએ ચીસ પાડી પણ બીજીજ પળે તેના મ્હોંપર કોઇનો હાથ દબાયો.

"જીવવું હોય તો પૈસા આપી દો." કામાટીએ ગર્જના કરી.

"મને છોડી દો—" કાલુભા પ્રાણ જવાના ભયથી કરગર્યો.

કામાટીએ તેને છોડી દઇ તેનું પાકીટ લઈ લીધું. પાકીટ ઉઘાડી તેણે તેમાંની નોટ ગણી જોઇ. બધાં મળી બારસો રૂપીઆ હતા. સાથે થોડાક કાગળો હતા. આ કાગળો જતા જોઇ કાલુભાને ધણું લાગી આવ્યું. મ્હાલી ડોશી રમણીને લુંટી રહી હતી, તેના ગળામાંનો ચંદનહાર તેણે પડાવી લીધો હતો. એ શીવાય રમણીએ બીજા અલંકાર પહેર્યા ન્હોતા કેમકે તે પુરૂષ વેષમાં હતી. બન્ને પાસે હવે કંઇ લેવા જેવું રહ્યું નથી એવી ખાત્રી થયા પછી કામાટી બોલ્યો: "જાઓ."

"જો તું મને મારા કાગળો પાછા આપી દે તો હું તને બીજા પાંચસો રૂપીઆ આપીશ." કાલુભાએ કહ્યું.

"એમ?—" તે મવાલી બોલ્યો: "પણ હું પૈસા લેવા ક્યાં આવું? તમે મને પકડાવી દેવા માગો છો?"

"નહિ. તું કહે તે જગ્યાએ મારા કાગળો લઈ તેના બદલામાં પાંચસો રૂપીઆ આપવાને હું તૈયાર છું."

"નહિ. નહિ. હું એવો મુર્ખો નથી." કામાટીએ કહ્યું.

"લખમણ!—" હવે મ્હાલી ડોશી વચ્ચે પુરાઈ. "પાંચસો રૂપીઆ જવા દેવા જેવા નથી. હું એ કામ માથે લઉં છું." તે કાલુભા તરફ ફરી બોલી: "તમે સાંટાક્રુઝના સ્ટેશનની સામેનું મેદાન જોયું છે?"

"હા."

"તો જાઓ. કાલે બપોરે એક વાગે ત્યાં પાંચસો રૂપીઆ લઈ આવજો ને તમારા કિંમતી કાગળીઆ પાછા લઈ જજો."

"મારે કબુલ છે. હું બરાબર એક વાગે ત્યાં હાજર રહીશ."

કાલુભા અને રમણી પોતાની ગાડી તરફ ગયાં અને મ્હાલી ડોશી કામાટી સાથે વિદાય થઈ.

આ બનાવ કોઈની નજરે પડયો નહિ. પણ કાલુભા અને પેલી બદમાસ જોડી વચ્ચેની વાતચીત એક જણે સાંભળી હતી. કાનજી કાલુભાનો દારૂ પી ધુમ થઇ ગયો હતો અને વરસાદમાં નીશાને લીધે આમથી તેમ લથડીઆ ખાતો તે આજ જગ્યાએ એક ખંડેર જેવા ઘરના ઓટલા પર જઇ પડયો હતો. વરસાદનું પાણી માથાંપર પડવાથી તેનો નીશો ઠંડો પડી ગયો હતો અને તેથી તે સઘળી વાતચીત સમજી શકયો હતો.

કાલુભા અને રમણીને છોડી કામાટી બીજી દિશાએ વળ્યો કે તરત કાનજી બહાર નીકળ્યો અને તે કાલુભા અને રમણીની પાછળ પડયો. રસ્તા પર ગાડી ઉભી હતી. કાલુભા અને રમણી ગાડીમાં બેસી જતાં ગાડી ઉપડી. કાનજી આ બે જણ કોણ છે તે જાણવા આતુર થયો અને સફાઇથી ગાડીની પાછળ ગોઠવાઇ ગયો. ગાડી સપાટાબંધ ચોપાટી પર આવી એક બગીચા પાસે ઉભી રહી. કાનજી તરત ગાડીની પાછળથી ઉતરી જઈ એક ખુણામાં સંતાઇ ગયો. કાલુભા અને રમણી બગીચામાં દાખલ થયા. તે સમયે ચોપાટીપર ઝાઝા બંગલા નહોતા. રાત્રી અંધારી હતી. બગીચાની મધ્યમાં બંગલા આગળ એક ફાનસ સળગતું હતું. સ્હવારે આ બંગલો ઓળખવાનું કાનજીને શકય જણાયું નહિ તેથી તેણે ગજવામાંથી ચાકુ કાઢયો અને બગીચાની વાડની નજીકના એક ઝાડના થડપરની થોડીક છાલ ચાકુથી કાઢી નાખી આ જગ્યા ઓળખી શકાય તે માટે નિશાની કરી. અને તે પછી તે ઘેર જઈ સુઇ ગયો.

બીજે દિને સ્હવારે આઠ વાગે રણજીત કામાટીપુરાની તેરમી ગલીમાં ગંગા ડોશીના મકાનમાં ગયો. ડોશી તેને જોતાંજ આવકાર

આપવા ઉભી થઇ અને રણુજીતને એક ખુરશી પર બેસાડી બોલી: "આવો શેઠ! ગઇ કાલે તમે ઉતાવળમાં તમારા બાકીના પૈસા લેવાનું ભૂલી ગયા હતા. તમે મને દશની નોટ આપી હતી. તમારૂં બીલ ૭ રૂપીઆ બાર આના થયું છે. લો—આ સવાત્રણ રૂપીઆ પાછા! આ ઘરમાં હજાર રૂપીઆ પણ કોઈ ભુલી જાય તો તે જવાના નથી. સમજ્યા શેઠ! તમારૂંજ ઘર સમજી મનગમતી મોજ કરો." ડોશીએ રણુજીતને માલદાર બીલ્લુ ધારી જાળમાં ફસાવવા માટે શરૂઆતમાં પ્રમાણિકતાની પુતળી થવાની જરૂર જોઈ.

"હું પૈસા લેવા આવ્યો નથી."

"ત્યારે? હં. હં—સમજી! તમે ગયા પછી બે સારા માણસો તમારી તપાસ કરવા આવ્યા હતા."

"એમ? તમે તે લોકોને શું કહ્યું?"

"મેં કહ્યું કે તમે ઘણા ભલા અને ઉદાર ગૃહસ્થ છો. પણ તમે કોણ છો તેની મને ખબર નથી. લો શેઠ! આ તમારા સવાત્રણ રૂપીઆ!..." ડોશી રૂપીઆ ગણતી બોલી.

"એ પૈસા તમેજ રાખો. હું ગુલાબને એક દિવસ ફરવા લઈ જવા માગું છું." રણુજીતે કહ્યું.

તરતજ ડોશીની મુદ્રા બદલાઇ ગઈ.

"ફરવા લઈ જવી છે.? તે નહિ બને શેઠ!"

"કેમ?"

"કેમકે તમારા જેવા સાથે એ ફરવા જાય તો કદિ પાછી ફરેજ નહિ. એ જે કપડાંલત્તાં વાપરે છે તે મારાં છે. અહિં ખાય પીએ છે, મારા એના પર સો રૂપીઆ નીકળે છે. રાં...છે તો ભીખારણ પણ

નખરો એટલો છે કે કોઇપણ રીતે સમજાવવા છતાં એ ધંધો કરતી નથી. અહિં એ ઘરાકો આગળ નાચે છે. પણ એટલામાં કંઇ એનું કરજ પૂરૂં થાય?"

"તું ગુલાબ પાસે સો રૂપીઆ માગે છે?"

"સતાણુ રૂપીઆ બાર આના! તમે કંઈ એનું કરજ ચુકવવાના હતાં?"

"હા. આ લે." કહી રણજીતે ડોશી તરફ સો રૂપીઆની નોટ ફેંકી: "હવે ગુલાબના કપડાંની કિમ્મત કેટલી છે તે કહી દે."

ગંગા ડોશી આશ્ચર્યથી છક્ક થઈ ગઈ. તે સો રૂપીઆની નોટ શકની લાગણીથી આમથી તેમ ફેરવી જોવા લાગી.

"નોટ બનાવટી છે એમ લાગતું હોય તો મારવાડીને ત્યાં વટાવી આવ—બોલ, ગુલાબનાં કપડાંનું શું આપું?"

આ સામાન્ય કારિગર ડોશીને અજબ કરી રહ્યો. એક બાજુથી વધુમાં વધુ પૈસા લેવાનો ડોશીને લોભ હતો અને બીજી બાજુથી બનાવટી પૈસા હોવાની તેને ધાસ્તી હતી. તે થોડીવાર ચૂપ રહી અને પછી બોલી: "કપડાના પચાસ રૂપીઆ..."

"શું ગુલાબ પહેરે છે એ ચીથરાંના પચાસ રૂપીઆ?" રણજીત ગુસ્સે થયો: "હું તને દશ રૂપીઆથી એક પાઈ પણ વધારે આપવાનો નથી."

"તો મારા કપડાં મારી પાસે રહ્યા ને ગુલાબ પણ અહિંજ રહેશે. એ મારી ગુલામડી છે—તમારી નહિ. સમજ્યા?"

"લે—તારૂં મ્હો કાળું કર—" કહી રણજીતે દશ દશના પાંચ કટકા ફેંક્યા. ગંગા ડોશી મલકાઇ ગઈ. તેની ખાત્રી થઇ ગઈ કે આ માણસ કોઇને લુંટી આવ્યો છે અથવા તેને કોઇનો વારસો મળ્યો છે.

"જા–ગુલાબને બોલાવ."

"હવે તમેજ તમારી માનીતીને બોલાવી લાવોને! તે માળપર છે."

"ખબરદાર! ગુલાબ મારી દીકરી જેવી છે. જા–તેને જઇને કહે કે હું તેને પરાંમાં ફરવા લઈ જવા માંગું છું. મેં તેનું કરજ ચુકવી દીધું છે એ વાત તેને કહેવાની જરૂર નથી."

ડોશી થોડીવારમાં ગુલાબ સાથે નીચે આવી. ગુલાબ રણજીતને જોઈ પ્રફુલ્લ થઈ.

"ગુલાબ! તું મારી સાથે ફરવા આવશે?" લાગણીથી રણજીતે પુછ્યું.

"હા-જો બાઈ રજા આપે તો..."

"જા–દીકરી! જા–ખુશીથી જા. તારી મરજી પડે ત્યાં સુધી શેઠ સાથે રહેજે..." બોખી ગંગા ખંધું હસીને બોલી. ગુલાબનું કરજ રણજીતે ચુકવી દીધું હતું તેની ગુલાબને ખબર ન્હોતી. ગંગા ડોશીની આજની ઉદારતા જોઈ તે સાનંદાશ્ચર્ય પામી. રણજીત તેનો હાથ પકડી તેને બહાર લઈ ગયો અને રસ્તાપર ઉભેલી મોટરમાં બેસી બંને પરાં તરફ ઉપડી ગયાં.

"આપણે ગમે તે પરાંમાં જઇએ તે સામે તને વાંધો છે?" રણજીતે પૂછ્યું.

"જરાપણ નહિ. રણજીતભાઈ! હું આ શહેરની ઝેરી હવાથી એટલી બધી ત્રાસી ગઇ છું કે ગમે તે ગામડાંમાં મને આનંદ થશે. તમે જાણો છો કે ઘણા દિવસ થયા હું ઘરની બહારજ નીકળી નથી. કોઇ કોઇવાર ડોશી મને ગલીને નાકે જવા દેતી અને ત્યાં વેણી વેચનારાઓના ટોપલામાંના ફુલ જોઇ હું રાજી થતી."

"તું વેણી લેતી ન્હોતી?"

"નહિ. મારી પાસે પૈસા ન્હોતા. સાંજની વખતે હું કોઈ માલણની દુકાન પાસે જતી અને ફુલોની વાસ લઈ એટલી બધી ખુશી થઈ જતી કે મારૂં સઘળું દુ:ખ ભૂલી જતી."

"અને પાછી ઘેર જતી ત્યારે?"

"ત્યારે મારી મનોવેદના અસહ્ય થઇ પડતી. પણ બહારથી હું મારો શોક પ્રગટ કરતી નહિ કેમકે હું હસમુખી રહીને બધાને રાજી ન કરૂં તો ડોશી મને મારતી...આહ! જો પ્રભુએ મને માલણ બનાવી હોત તો કેવું સારૂં થાત?"

"તને માલણ થવું ગમે છે?"

"હા. ગંગા ડોશી જાણે છે કે મને ફુલોનો ઘણો શોખ છે એટલે તેણે પોતાની જન્મગાંઠને દિને મને એક ગુલાબનો છોડ ભેટ આપ્યો હતો. સંગુપ્તભાઇ! શું વાત કરૂં? ગુલાબનો એ છોડ જોઇ હું ગાંડીઘેલી થઈ ગઈ? મેં તેના પાંદડા–પુષ્પો ગણી કાઢ્યા. પણ અફસોસ! અમારી ગલીની ગંદી હવામાં બેજ દિવસમાં મારો છોડ કરમાવા લાગ્યો...પછી?...પછીની વાત સાંભળી તમે મને ગાંડી ગણશો."

"નહિ. નહિ. બોલ..."

"પછી મેં મારા કરમાતા છોડને ખુલ્લી હવામાં લઈ જવા દેવાની ડોશીને વિનંતી કરી. ગંગા ડોશીએ હા પાડી. હું જાણે મારા બાળકને લઈ જતી હોઉં તેમ ગુલાબના છોડને બહાર મેદાનમાં લઈ ગઇ–ત્યાં તેના પર નિર્મળ પાણી છાંટ્યું. સુર્યકિરણો પડવાથી મારા વ્હાલા છોડની સુંદરતા વધી અને તે દશ દિવસ વધુ જીવ્યો..."

"જ્યારે તારો ગુલાબનો છોડ કરમાઈ ગયો ત્યારે તને ઘણું દુ:ખ થયું હશે."

"મારા દુઃખની વાતજ ન પુછો રણજીતભાઇ! હું મારા છોડ માટે પોકેપોક રડી હતી. હું ગરીબ હતી–કંગાળ હતી. છતાં મને રાજી રાખવા મારો ગુલાબનો છોડ ખીલતો હતો–તેનાં પુષ્પો મને હસાવતાં હતાં–"

"અરે રામ! આવી હાલતમાં તેં......"

"મેં ઘણીવાર આપઘાત કરવાનો વિચાર કર્યો હતો. પણ તે વખતે મને એમ થતું કે હજી હું સોળ વર્ષની છું અને ભવિષ્યમાં..."

"કદાચ સારો વખત આવશે એવી તને આશા હતી?"

"હા. મને એવી આશા હતી કે કોઇ ભલો માણસ મને મજૂરી મેળવી આપશે અને હું ડોશીનું કરજ ચૂકવી મારી જાત મહેનતથી રોટલો રળી ખાઇશ. મારો પુષ્પનો છોડ કરમાઇ ગયો ત્યારે આવાજ ખ્યાલથી હું જીવતી રહી હતી. હજુ મેં મારા વ્હાલા છોડની યાદ જાળવી રાખી છે." એમ કહી ગૂલાબે ગૂલાબી કટકાથી બાંધેલું કરમાયલા ગુલાબના પાંદડા અને ફુલોનું બંડલ રણજીતને બતાવ્યું.

"તેં એ સાચવી રાખ્યા છે?"

"હા. મારી એજ દોલત છે."

"શું? તારી પાસે બીજું કંઇ નથી?"

"નહિ–કંઇ નહિ."

"આ ગળામાંનો હાર–"

"એ ખોટો છે–મંગા ડોશીએ મને પહેરવા આપ્યો છે."

"તારી પાસે કંઇ કપડાં નથી?"

"નહિ–એક ચીથરું પણ નહિ." આ સમયે ગૂલાબને ભાન આવ્યું કે તે એક પોટલી પર બેઠી હતી. તેણે તે પોટલી કાઢી ખોલી; નાંખી તો તેમાં એક સુંદર સાડી, અને ચણીઓ ચોળી હતાં.

"આ કોઇ સ્ત્રીના વસ્ત્રો છે." તે બોલી.

"... ... ...! હું તારે માટે આ ... ..."

"ઓહ! રણજીતભાઇ! હું તમારો ઉપકાર શી રીતે વાળીશ?..."

"હશે. એ વાત ભૂલી જા. કાલે રાતે મ્હાલી ડોશીએ તારે વિષે જે વાત કરી હતી તે તું ભુલી ગઈ છે?"

"નહિ. હું તે સાંભરી આખી રાત રડી હતી. મને લાગે છે કે મને દુઃખી કરવા માટે તેણે ગપ મારી હશે."

"કદાચ તે તારે વિષે વધારે પણ જાણતી હોય. જો તેમ હોય તો તને તારા માબાપ પાસે જતાં આનંદ નહિ થાય?"

"અફસોસ રણજીતભાઈ! મારાં માબાપના દીલમાં મારે માટે પ્રેમનું બુંદ પણ નહિ હોય તો તેમની પાસે જવામાં લાભ શો! જો તેઓ મને ચાહતાં હોય તો પણ મારી આ શરમ ભરી દશા જોઇ તેમને નીચું જોવું પડશે."

"ગૂલાબ!–" રણજીત ગંભીર થઇ બોલ્યો: "જો તારા માતપિતાએ તને કદિ પણ ચાહી હશે તો તેઓ તારી દશા જોઈ દયા લાવશે અને તને ક્ષમા આપી હજુ પણ ચાહશે જો તેઓએ તને નિર્દયતાથી તજી દીધી હશે તો તારી દશા જોઇને તેઓને એવો કાતિલ પશ્ચાતાપ થશે કે જેથી તારૂં વેર વળી રહેશે."

"વેર વળવાથી મને શું લાભ થશે?"

"ખરૂં–જવા દે એ વાત."

જોતજોતમાં મોટર સાંટાક્રુઝ જઈ પહોંચી. કુદરત અહિં પૂર બહારમાં ખીલી હતી. નાના નાના બગીચાઓમાં વિધવિધ પુષ્પો બહેકી રહ્યાં હતાં. વનસ્પતિ લીલીછમ થઈ ગઇ હતી. કુદરતની શોખીન ગૂલાબ આ દશ્ય જોઇ લાડકેલી થઇ. તે પોતાનું દુઃખ ભૂલી જઈ આમથી તેમ દોડવા લાગી. તેની સાથે રણજીત પણ નાદાન બાળક જેવો દોડવા લાગ્યો. ગૂલાબના ફીક્કા ગાલપર મનોહર રતાશ આવવા લાગી. તેની આનંદી મૂર્તિ જોઇ રણજીતની આંખમાં હર્ષનાં આસુ આંવ્યાં.

પ્રકરણ ૭ મું.

આશ્ચર્ય!

કુદરતની રમ્ય લીલા નીહાળતી ગુલાબ એક વડના ઝાડ નીચે બેઠી હતી. રણજીત બે ચાર કદમ દૂર કંઈ વિચાર કરતો ઉભો હતો એવામાં વડની ડાળ પરથી એક માણસ નીચે કૂદી પડ્યો અને પાગલની પેઠે ખડખડ હસવા લાગ્યો. ગુલાબ તેને જોયા વિના ભયથી ચમકી સફાળી ઉભી થઈ રણજીત પાસે દોડી જવા તૈયાર થઇ. વડની ડાળ પરથી કૂદી પડનાર કાનજી કસાઈ હતો. તે ગુલાબને ભયભીત થયલી જોઈ બોલી ઉઠ્યો: "ગભરા ના. ગુલાબ! એ તો હું છું. ઓહો! શેઠ! તમે પણ અહિં છો? અજબ જેવી વાત છે...ઇશ્વરનોજ આમાં હાથ છે."

"તું અહિં શા માટે આવ્યો?" રણજીતે અત્યંત ચકિત થઈ પૂછયું.

"હું તમારે લગતા કામ માટેજ અહિં આવ્યો છું. ખરેખર, પ્રભુની ગતિ ગહન છે." કાનજીએ જવાબ વાળ્યો.

"પણ કહે તો ખરો કે છે શું?" રણજીત અધીરો થયો.

"જરા સબુર કરો—પછી બધી વાત કહું છું." એમ કહી વાંદરાની પેઠે કાનજી વડના ઝાડ પર ચઢી ગયો અને તેણે લાંબે સુધી ચારે દિશાએ નજર ફેંકી. ચારે દિશાનું નિરિક્ષણ કર્યા પછી તેને સંતોષ થવાથી તે નીચે ઉતર્યો.

"તારી આવી ગાંડા જેવી હીલચાલનું રહસ્ય સમજાવશો?" રણજીત હસ્યો.

"જરા ધીરજ રાખો—કેટલા વાગ્યા?"

"સાડાબાર!"

"ઠીક–હજુ અરધો કલાક છે. મ્હાલી ડોશી એક વાગા પહેલાં આવવાની નથી."

"મ્હાલી ડોશી?" રણજીત અને ગુલાબ એક સાથે બોલી ઉઠયાં.

"હા. વાત એમ છે–શેઠ! કે ગઈ રાતે તમે ગંગા ડોશીને ત્યાંથી ચાલ્યા ગયા પછી..."

"ત્યાં એક લાંબો માણસ પુરૂષ વેષધારી સ્ત્રી સાથે મારી તપાસ કરવા આવ્યો હતો...વારૂ–પછી શું થયું ?"

"એ લોકોએ મને દારૂ પાઈ તમારે વીંટીની વાત કઢાવવાની પુષ્કળ કોશેષ કરી. પણ તમે મારા હાડકા ભાગ્યા હતા તે શિવાય હું કંઈજ જાણતો ન્હોતો એટલે તેઓ નિરાશ થયા. ગમે તેમ હોય શેઠ! પણ મારામાં જીગર અને સ્વમાન છે એમ તમે કહ્યા પછી હું તમારો ગુલામ થઈ ગયો છું..."

"વારૂ–તારી વાતચીત આગળ ચલાવ..."

"મેં તમારી સાથે થોડો દારૂ પાધો હતો અને પેલા લંબુસે મને ઘણોજ પાયો હતો એટલે મારૂં મગજ ઠેકાણે ન્હોતું. ગલીને નાકે જતાંજ વરસાદ આવતો હોવાથી ઘેર જવાને બદલે હું એક તુટેલા ઘરને ઓટલે સુઈ ગયો. વરસાદમાં નીશાને લીધે હું રાજાની પેઠે ઉંઘી જાત પણ અચાનક મારે કાને પેલા લંબુસ અને કામાટીનો અવાજ સંભળાયો અને હું કાન ચગોર રાખી સાંભળવા લાગ્યો–"

"તે કામાટી સાથે ખાનગી વાતચાતમાં રોકાયો હતો?"

"હા. તેણે આવતી કાલે કામાટી અને મ્હાલીને મળવાની કબુલાત આપી હતી."

"આવતી કાલે એટલે આજે."

"હા—આજે રોક ચાલે—"

"એટલે હમણાંજ ?"

"હા-અને આજ જગ્યાએ..."

"કામાટી ! રણજીતભાઈ ! તમે સાવધ રહેજો—" ગુલાબ ભય પામી બોલી.

"ગભરા ના—કામાટી અહિં આવવાનો નથી. ફક્ત તેની ડોશીજ આવવાની છે." કાનજીએ કહ્યું.

"એ લાંબો માણસ આ બે મવાલીઓના સંબંધમાં શી રીતે આવ્યો ?" રણજીતે તપાસ કરી.

"તેની મને ખબર નથી. હું જાગ્યો ત્યારે તેઓની વાતચીત પૂરી થવા આવી હતી. પેલા લંબુસે પોતાના કાગળીઆ પાછા મેળવવાના બદલામાં પાંચસો રૂપીઆ આપવાનું કબુલ્યું હતું અને મ્હાલી ડોશી એ કાગળીઆ આપવા અહિં આવવાની છે. સંભવિત છે કે કામાટીએ લંબુસ અને તેની સાથેની સ્રીને ગલીમાં લુંટી લીધા હશે અને તે પછી એ લોકો દોસ્ત થઈ ગયા હશે."

"અજબ જેવી વાત છે."

"મને તમારે માટે ઘણી ચિંતા થાય છે—રણજીત" ગુલાબ બોલી.

"રણજીતસિંહ એવા મવાલીઓથી ડરી જાય એવા નથી. ગુલાબ ! છતાં કદાચ મારી જરૂર પડે એમ ધારી હું સેવામાં હાજર થયો છું."

"એ શિવાય તને કંઈ વધુ ખબર છે ?"

"પેલી સ્રી અને તેના જોડીદારે તમને કંઈ કરવા માટે કામાટીને બે હજાર રૂપીઆ આપવાનું કબુલ્યું છે. એ લોકો શું કરાવવા માગે છે તેની મને ખબર નથી. પણ મારી સામે કંઈ કાવત્રું રચાય છે તે

વિષે મને કંઈ શક નથી. આજે મ્હાલી ડોશી પેલા લંઝુસના કાગળીઆ પાછા આપવા આવે ત્યારે બન્ને વિગતવાર વાતચીત કરી લેશે અને પછી કામાટી પોતાનો જવાબ મોકલશે."

ગુલાબ ભયથી ધ્રુજી ગઈ. રણજીતે ધીક્કારથી સ્મિત કર્યું.

"એકવાર કોઇનો કુતરો ખોવાઈ ગયો હતો તેને શોધી આપનારને પચાસ રૂપીઆ ઈનામ આપવાની જાહેર ખબર મેં વાંચી હતી. તે વખતે મેં મારી જાતને કહ્યું હતું કે "ગધેડા! જો તું ગુમાઈ જાય તો તને શોધવા કોઇ કાણી કોડી પણ આપવાનું નથી." પેલો લંઝુસ અને તેની સાથેની સ્ત્રી તમને હેરાન કરવા યા ઇજા કરવા માટે બે હજાર રૂપીઆ આપવા તૈયાર છે. તો પછી તમે છો કોણ?"

"તારી વાત પૂરી કર. પછી કહીશ."

"કામાટી વાત કરીને છુટો પડયો પછી તમારી વિરૂદ્ધ કાવત્રું કરનારાં કોણ છે તે જાણવાનું ઉપયોગી થઇ પડશે એમ ધારી હું તેઓની ગાડીની પાછળ બેસી ગયો અને સવારે ઘર શોધતાં મુસ્કેલી ન પડે તે માટે તેઓના બગીચાના એક ઝાડપર છૂરીથી નીશાની કરી આવ્યો."

"શાબાશ!"

"આજે સ્હવારે ચોપાટી પર જઇ મેં તપાસ કરી અને મારી નિશાની પરથી પેલા લંઝુસનો બંગલો શોધી કાઢયો."

"તેં મારી જે સેવા બજાવી છે તે માટે હુ તારો આભારી છું."

"હું તમારો ગુલામ છું સાહેબ! પ્રથમથીજ તમારી સેવા કરવાની મને ઇચ્છા થઈ છે."

"હું તારી કદર કરી તને સારો બદલો આપવા માગું છું. પણ શું કરૂં? હું સામાન્ય ચિત્રકાર છું. મને ઇજા કરવા માટે બે હજાર

રૂપીઆની લાંચ આપવામાં આવી છે તેનું કારણ એ છે કે મેં ચિત્રકલાનો ધંધો કરવા ઉપરાંત હાથીદાંતના પંખા બનાવવાનું યંત્ર શોધી કાઢયું છે. પેલો લંબુસ અને તેની સાથેની સ્ત્રી એ યંત્ર ગમે તે ભોગે મેળવવા માંગે છે કેમકે તેમાંથી મોટી કમાણી થવાનો સંભવ છે..."

"એ લોકો કોણ છે?"

"મારાં શેઠ શેઠાણી..."

"આહ! બદમાસો! કેવી નીચતા? શ્રીમંતો એવાજ પાપ કરીને ગરીબોની મહેનત લુંટી લે છે..." કાનજી બબડયો.

"હવે તું શું કરવા માગે છે?"

"મારો વિચાર મ્હાલી ડોશી અને પેલા લંબુસની વાત છૂપાઇને સાંભળવાનો છે. થોડી પણ વાત સંભળાશે તો તે તમને ઉપયોગી થઇ પડશે. જો મને કંઇજ ન સંભળાય તો લંબુસ ગયા પછી હું મ્હાલી ડોશીની ગળચી દબાવી દઇશ અને ગુલાબના મા બાપ કોણ છે તે જાણ્યા વિના તેને છોડીશ નહિ. કેમ! યુક્તિ કેવી છે?"

"ઘણી સરસ–પણ તેમાં જરા સુધારો કરવાની જરૂર છે." રણજીત હસીને બોલ્યો.

"કાનજીભાઇ! તમારે મારે માટે આફત વહોરવાની જરૂર નથી. જો તમે મ્હાલી ડોશીને સતાવશો તો કામાટી..."

"તું ગભરા ના–આ વખતે હું એ કાણી બલાને છોડવાનો નથી."

"મારી વાત સાંભળ કાનજી! ગુલાબ પર એ બલાએ ગુજારેલા સીતમનું વેર લેવાની હું તને બીજી યુક્તિ બતાવીશ..." આટલું કહી તે કાનજીને ગુલાબથી થોડે દૂર લઇ ગયો અને પછી ધીમેથી બોલ્યો:

"પણ હમણાં તું મારી સાચી સેવા બજાવશે?"

"સેવક તૈયાર છે."

"વ્હાલી ડોશી તને ઓળખતી નથી?"

"મેં ગઇ સાંજે જ તેને પહેલીવાર જોઇ—"

"ઠીક ત્યારે હું કહું તેમ કર. આ ઝાડની ડાળ પર છૂપાઇ રહે અને ડોશી આવે કે તરત નીચે ઉતરી પડ—"

"ને પછી તેના ગળચી દાબી દઉં?"

"નહિ. આજે તેને પેલા લાંબુસ સાથે ડાહ્યપણ ભરેલી વાત કરતી અટકાવવાની જરૂર છે. તું ડોશી પાસે જશે એટલે પેલો લંબુસ ડોશી પાસે આવશે નહિ પણ કદાચ આવે તો તું ડોશીને એક પળ પણ વ્હીલી મૂકતો નહિ. તારી નજર સામે બન્ને વાત કરી શકશે નહિ."

"અને જો મને જોઇને તે ચેંચાપેંચી કરશે તો હું તેને બે ચાર પહેરાવી દઇશ. ખાત્રીથી કહું છું કે એ ઘરડી ડોકરીને લંબુસ સાથે હું એક બોલ પણ બોલવા દઇશ નહિ."

"વારૂ—તું ચોર છે કે નહિ તેની ડોશીને ખબર છે?"

"નહિ. કામાટીએ તેને કહ્યું હોય તો કોણ જાણે—હું ચોરી નથી કરતો તે કામાટી જાણે છે.—"

"જો ડોશીને તેણે વાત કરી હોય તો પણ તું એમ કહેજે કે તેં ચોરી કરવાનો નિશ્ચય કર્યો છે."

"શું? હું ચોરી કરૂં?"

"સાંભળ તો ખરો! હું તને કોઇ ખરાબ કામમાં રોકવા માંગતો નથી. જ્યારે પેલો લંબુસ ચાલ્યો જાય ત્યારે ડોશી તારા પર ગુસ્સે થશે અને તારે લીધે તેના પૈસા જવાથી તને ગાળો દેશે. તું તેને સમજાવી લઇ કહેજે કે 'મેં એક જગાએ ચોરી કરી પુષ્કળ માલ

મેળવવાની યુક્તિ રચી છે અને અહિં હું મારા જોડીદારની રાહ જોઉં છું. જો કામાટી અમારી સાથે જોડશે સો તેને પણ છક્કાં થશે–"

"પછી?"

"એકાદ કલાક થોભ્યા પછી કહેજે કે 'મારો દોસ્ત ન આવ્યો. તે ક્યાંક રોકાઈ ગયો હશે.' પછી તું કાલે સ્હવારે કામાટી અને મ્હાલી ડોશીને મળવાની ગોઠવણ કરજે. સમજ્યો?"

"બરાબર."

"આજે રાતે દશ વાગે મને ફોરાસ રોડ પરના "ઇસ્ટર્ન બાર" માં મળજે. ત્યાં હું તને વધુ સુચનાઓ આપીશ."

"બાર–પણ જો તમે તેને પકડાવી દેવા માંગતા હો તો યાદ રાખજો કામાટી મ્હાલીતો મવાલી છે ને તે તમારૂં ખુન કરતાં પણ ડરશે નહિ."

"તું મારી ફીકર ન કર."

"રણજીતસિંહ! મારી એક વાત સાંભળો. કામાટી બદમાસ છે, તે ફાંસીએ જવા લાયક છે. પણ તમે જો તેને પોલીસના હાથમાં સપડાવવાનો વિચાર રાખતા હો તો એ મારાથી બનવાનું નથી."

"મારો એવો વિચાર છેજ નહિ. મ્હાલી અને કામાટી મારા દુશ્મનો સાથે જોડાયા છે એટલે હું બન્નેને સીધા કરવા માંગું છું."

"તો એ કામાટી ને તેની કાણીમી વિરૂદ્ધ થવાને હું તૈયાર છું. ચાલો, ઉતાવળ કરો. દૂર સફેદ લુગડું દેખાય છે–કદાચ ડોકરીજ આવતી હશે."

"સારે આજે રાતે દશ વાગે 'ઇસ્ટર્ન બાર' યાદ રાખજે."

"હું ત્યાં નવ વાગાનો જઇને બેસીશ."

ગુલાબે આ બે જણની વાત સાંભળી ન્હોતી. તેને લઈ રણજીત પાછો મોટરમાં બેઠા અને મોટર બોરીવલી તરફ ચાલી. રણજીત થોડીવાર મૌન રહી બોલ્યોઃ "ગુલાબ! કાનજીને મળવાથી તું દુઃખી થઇ છે?"

"નહિ. તે તમને ઉપયોગી થઈ પડે એમ છે."

"હા. ગુલાબ! ગંગા ડોશીના ઘરમાં જે મવાલીઓ તેં જોયા હતા તેમાંથી આ કાનજી કંઇ ઉમદા ગુણ ધરાવનારો છે એમ તને લાગતું નથી?"

"મેં એ વિષે વિચારજ કર્યો નથી. આજ સુધી હું એને બીજા-ઓના જેવોજ ધારતી હતી."

રણજીતે વાત પડતી મેલી અને ગુલાબ સમક્ષ ફુલના બગી-ચાની મધ્યમાં આવેલા એક સુંદર બંગલાનું વર્ણન કરી તેણે ગુલાબને સુખના શિખર પર મોકલી દીધી. અરધા કલાકમાં મોટર એક મનોહર ઉદ્યાનના દરવાજામાં દાખલ થઈ અને બગીચાની મધ્યમાં બંગલાના વરંડામાં જઈ ઉભી રહી.

રણજીતના આગમનની ત્યાં રાહ જોવાતી હતી કેમકે મોટર ઉભી રહેતાંજ એક આધેડ ઉમ્મરની સુંદર સ્ત્રીએ મોટરનું બારણું ખોલ્યું અને ગુલાબ તથા રણજીતને હસીને આવકાર આપ્યો. રણજીતે ટેક્ષી-વાળાને ભાડું ચુકવી વિદાય કર્યો.

"મને માફ કરજો–રણજીતભાઈ! પણ મને ઘેર કોણ લઈ જશે?" ગુલાબે મોટરને જતી જોઈ કહ્યું.

"ઘેર જવાની શી જરૂર છે?"

"અરે! રામ! જો હું સાંજ સુધીમાં ઘેર નહિં જાઉં તો ગંગા ડોશી મને ફાડી ખાશે.

"હવે એ બદમાસ બલ્લાને ભુલી જા—ગૂલાબ! તારે તેને ત્યાં જવાની કશી જરૂર નથી. જો—આ કમળા બહેનનું ઘર છે. કમળા બહેન તને પોતાની દીકરી પેઠે રાખશે..."

ગૂલાબ તો આ વાત સાંભળી આભીજ બની ગઇ.

"રણજીતભાઈ! મારા ગરીબ જીગરમાં ખોટી આશા ન ઉપજાવો."

"નહિ દીકરી! હું ખોટી વાત કરતો નથી. તને દુઃખી જોઈ મારૂં દીલ દાઝી જવાથી હું હંમેશને માટે તને અહિં રહેવા લાવ્યો છું. મારે પણ એક દીકરી હતી. તે જો આજે હોત તો બરાબર તારા જેવડી થાત. મને તું મારી દીકરી જેવીજ લાગે છે. કમળા બહેન! મારે જરા કામ છે. તમે બહેનને ઘરમાં લઈ જાઓ..."

ગુલાબને રણજીત દેવ જેવો લાગ્યો. હર્ષના આંસુ સાથે તે રણજીતને પગે લાગી અને કમળા તેને વ્હાલથી ઉઠાડી બંગલામાં લઈ ગઇ.



પ્રકરણ ૮ મું.

કુઅબ્બા.

ગુલાબને કમળાની દેખરેખ નીચે મુક્યા પછી રણજીત પહેલા માળ પરના દિવાનખાનામાં ગયો. ત્યાં તેનો વફાદાર મિત્ર બહાદૂરસિંહ હતો. આજ બહાદૂરસિંહ રણજીત જ્યારે તેરમી ગલીમાં ગયો હતો, ત્યારે તેની સાથે છૂપા વેષમાં હતો, અને તેણેજ રણજીતને એક બેવાર "અન્નદાતા" કહી સંબોધ્યો હતો. તે પંચાવન વર્ષનો હતો, છતાં ભાગ્યેજ ચાળીસ વર્ષનો લાગતો. તેના વાળ સફેદ થવા આવ્યા હતા, પણ શરિરનો બાંધો એટલો કદાવર હતો કે ભલભલા જુવાન સાથે તે મલ્લકુસ્તી કરી શકતો. રણજીત તેને મળવા ગયો, ત્યારે તેએ પીસ્તોલ સાફ કરી તેમાં ગોળી ભરી રહ્યો હતો.

"આ પીસ્તોલ તમે શા માટે ભરી છે?" રણજીતે તેને પૂછ્યું.

"એ મારૂં કામ છે રાજન્! તમે તમારૂં સંભાળો-હું મારૂં ફોડી લઇશ." બહાદૂરે જવાબ આપ્યો.

"ઘોડા ક્યારે તૈયાર થશે?"

"તમારા હૂકમ મુજબ સાંજે."

"તમે ક્યારે આવ્યા?"

"આશરે આઠેક વાગે. [illegible] તૈયારી કરવાને પુરતો વખત છે."

"તમે આજે ગૂસ્સે થયલા [illegible] છો. તમે મારાથી નારાજ થયા છો?"

"રાજન્! હું એમ પુછવા માંગું છું કે, તમે આવા મોટા ભયમાં ઝંપલાવ્યા વિના તમારૂં કામ કરી નહિ શકો?"

"નહિ. હું જેઓને ઓળખવા માંગું છું તેઓની સાથે મળતાં હું તેમના જેવોજ થવા માગું છું.

"તમે કાલે રાતે કમળા બહેનના કમનસીબ પુત્ર વિષે કંઇક માહિતી મેળવવા માટે મહમદ પહેલવાનને મળવાના હેતુથી કામાટી-પુરાની ખુની ગલીમાં ગયા ત્યારે મને તમારા પ્રાણ માટે ચીંતા થઇ હતી."

"ત્યારે તમે મને ડીચક્રરો યા નિર્બળ માનતાં હશો."

"નહિ હજુર! તમારી શકિત અને વીરતાની મને ખાત્રી છે."

"ત્યારે તમે શા માટે ડરો છો?"

"કેમકે બદમાસોની જાળમાં પગ મુકવામાં ડહાપણ નથી. મને કાલે મવાલી જેવો વેષ પહેરતાં કંઇનું કંઇ થઇ ગયું હતું. તમારે માટે હું ભોંયફાંસીમાં વેષ લેવાને તૈયાર છું. પણ આપણા જેવા..."

"બસ–બસ! તમારા જાડા મગજમાં એક ખ્યાલ ઘુસી ગયા પછી તે કેમે કરી નીકળતો નથી. પણ મારે માટે તમે બળતામાં ભૂસકો મારવાને તૈયાર થશો એવી મારી ખાત્રી છે."

"તમે મારી અતિ પ્રશંસા કરો છો તે પરથી મને લાગે છે કે..." બહાદુર અચકાયા.

"ઓ–ઓ–અચકાઓ ના..."

"મને લાગે છે કે તમે કંઇ નવી મુર્ખાઇ કરવા માંગો છો?"

"અફસોસ! તમે આવી વાત માટે બહુ પ્રતિકુળ સંજોગ સાધ્યો છે."

"કેમ?"

"કેમકે મારે માટે આ ઘડી અનિર્વાચ્ય સુખની છે."

"રાજન! તમે ગરિબ અને પ્રમાણિક ખેડૂતોને બદલો આપવા માટે આ "ફાર્મ"ની સ્થાપના કરી છે, અને તેથી આસપાસના ગામડીઆઓ સુખી થયા છે તે હું જાણું છું. મનુષ્યો સામાન્ય રીતે

પોતાની મીલકતનો વિકાસ કરે છે. તમે માનવજાતના કલ્યાણ માટે તમારી દોલત વાપરો છો. તમે કમળાને આ સ્થળે આશ્રય આપવામાં સાચી ઉદારતા બતાવી છે, કેમકે કમળા ઉમદા સ્વભાવની સદ્ગુણી સ્ત્રી છે. મારી છાતી કઠણ છે, અને મને સહેલાઈથી આંસુ આવતાં નથી, છતાં કમળાની કરૂણ કથની સાંભળી હું રડયો છું. પણ રાજન્! તમારી આ નવી પૂતળી ? જવા દો એ વાત..."

"શા માટે જવા દે?"

"તમે તમારી મરજી મુજબજ કરશો."

"હું જે યોગ્ય હશે તે કરીશ." રણજીતે અધીરા સ્વરે કહ્યું.

'તમે જે યોગ્ય ધારો તે—"

"નહિ—મારા અંતરાત્માના અવાજ અને ઈશ્વરની નજરે જે સત્ય જણાય તે—"

"રાજન્! તમારા એ અભિપ્રાય સાથે હું સંમત થઈ શકતો નથી, એટલે એ વાત પડતી મેલો—"

"હું એજ વાત કરવા માગું છું." રણજીતના અવાજમાં સત્તાની છટા આવી.

'મને મૌન રહેવા દેવામાંજ સાર છે."

"બહાદૂરસિંહ!" રણજીતનો ગૂસ્સો તપ્યો.

"રાજન્!"

"કંઈપણ વાત છૂપી રાખવામાં આવે તે મને પસંદ નથી."

"પણ કેટલીક વાત તમને નહિ કહેવાનું મને પસંદ છે." બહાદુરે રોકડો જવાબ વાળ્યો.

"તમારી સાથે હું સમોવડીઆ જેવું વર્તન રાખું છું તેથી તમારે મારાથી કંઈ છુપું રાખવું ન જોઈએ." રણજીત આ શબ્દો અભીમાન અને સત્તાપુર્ણ સ્વરે બોલ્યો.

"હું હવે વૃદ્ધ થવા આવ્યો છું. તમારે મારી સાથે આવી રીતે વાત ન કરવી જોઇએ."

"ચુપ રહો."

"સાંભળો."

"ચુપ રહો કહું છું."

"મેં તમારે માટે શું શું કર્યું છે તે તમને ગણી બતાવવાની મારી ઇચ્છા નથી." બહાદુર શાંતિથી બોલ્યો.

"મારે માટે? તમે જે કર્યું તેનો તમને બદલો મળ્યો નથી?" રણજીત આવેશમાં આ શબ્દો બોલી ગયો. પણ બહાદુરને તેથી ઘણું માઠું લાગ્યું.

"અન્નદાતા! શાંત થાઓ—તમારૂં મગજ આજે ઠેકાણે નથી."

"શું? તું મને એમ કહેવાની હિમ્મત કરે છે?" ગુસ્સાથી લાલ લાલ થઇ રણજીતે મુક્કી ઉગામી.

"રાજન્! શાંત થાઓ—**વૈશાખ સુદ તેરસ યાદ કરો...**"

આ શબ્દોની અજબ અસર થઇ. રણજીતની મુઠી છુટી ગઇ. તેનો ગુસ્સો ઉડી ગયો અને તેને બદલે તેના ચહેરાપર શોક અને નિરાશાની ગાઢ લાગણી જણાઇ ગઈ. તે વીર પુરૂષ આ શબ્દો સાંભળતાંજ બકરા જેવો નરમ થઇ ગયો અને પ્રસ્વેદના બિંદુ કપાળપરથી લુછતો બોલ્યો: "આહ! બહાદુર! તમે ઘણાજ નિર્દય છો. મારી આટલી બધી દિલગીરી આટલા બધા પશ્ચાતાપ પછી તમે..." તે વધુ બોલી શકયો નહિ.

"અન્નદાતા! મને ક્ષમા કરો. તમે મારૂં અપમાન કર્યું, ત્યારેજ મારે એ કારમી વાત સંભારવી પડી—"

"હશે. હશે. એ વાત જવા દો, ને આપણી વાત આગળ ચલાવો. આ "ફાર્મ"ની સ્થાપના કરી મેં કમળાને આશ્રય આપ્યો તે તમે પસંદ કરો છો. કમળાના કુટુંબના મારા પિતા મિત્ર થાય છે, પણ એ વાત બાજૂએ રાખીએ તો પણ કમળાનું હૃદય એટલા બધા સદ્‌ગુણોથી ભર્યું છે, કે તે સંપુર્ણ માનને પાત્ર છે."

"કમળાબ્હેન માટે તમે જે કર્યું છે, તેમાં હું તદન સંમત છું."

"અને આ ગરિબ છોકરાના જીવનમાં હું રસ લઉં છું, તેથી તમને અજાયબી ઉપજે છે?"

"અન્નદાતા! મારી ભુલ થઇ—ક્ષમા કરો."

"નહિ. તમે બાહ્ય દેખાવ પરથી ભૂલાવામાં પડ્યા છો. તમે મારી જીંદગીથી—મારી આખી જીંદગીથી પરિચિત છો. અને જાણી જોઇને મેં જે ભટકતી જીંદગી પસંદ કરી છે, તેમાં તમે વફાદારી અને બહાદુરીથી મારી સાથે રહ્યા છો તેથી હું સામાન્ય રમૂજને માટે આ બધું કરી રહ્યો નથી, એવી તમારી ખાત્રી કરી આપવાની મારી ફરજ છે."

"મારી ખાત્રી છે કે તમે ઉંડા સિદ્ધાંતથી કામ કરો છો."

"સાંભળો! જ્ઞાન, ઇચ્છાશક્તિ અને સત્તાના મિશ્રણથી માનવ જાતિને કેવા લાભ કરવા જોઇએ, તે વિષેના મારા વિચારો તમે જાણો છો. દુઃખી પણ લાયક માણસને સહાય કરવી સારી છે. પણ જેઓ ગરિબી અને પ્રતિકૂલ સંજોગોની સામે પ્રમાણિકતા અને હિમ્મતથી ટક્કર ઝીલે છે, તેઓ પાપના પ્રલોભનમાં પડે, તે પહેલાં તેઓને છૂપી રીતે સહાય કરવી વધારે સારી છે. દુર્ગુણ, કંગાલ્યત, બદમાસી અને ગુન્હાના વાતાવરણમાં લચીપચી રહેવા છતાં, જેઓ મનુષ્યત્વ જાળવી રાખે છે. તેઓનો પુનરૂદ્ધાર કરવો ઉત્તમ છે. દુર્ગુણ, પાપ અને

અનાચારની પાછળ પડી તેનો નાશ કરવો તે ન્યાય છે. પણ અપાત્ર દાન કરી મોટા ગણાવાને ખાતર ગમે તેમ લક્ષ્મીનો વ્યય કરવો તે પ્રભુના આસ્તિત્વનો ઈન્કાર કરવા સમાન છે."

"તમે અપાત્ર દાન કરો છો એમ મેં કહ્યું નથી."

"વચ્ચે ન બોલો. તમે જાણો છો કે લાગણીહીન રમણીએ મારી પુત્રી તરફ જરા પણ પ્રેમ બતાવ્યો ન્હોતો. એ દીકરી આજે જીવતી હોત તો તે ગૂલાબના જેવડીજ હોત. સોળ સત્તર વર્ષની કન્યાઓને જોઇને મને મારી દીકરીનું સ્મરણ થાય છે અને તેથી મને ઘણુંજ લાગી આવે છે."

"હું એ જાણું છું અન્નદાતા! ગુલાબને જોઇને તમને થયલી લાગણી હું બરાબર સમજી શક્યો ન્હોતો. વળી હતભાગીને સહાય કરવી તે ઈશ્વરને રાજી કરવા સમાન છે."

"હા. સંજોગોના ભોગ થયલા કંગાળોને સહાય કરવાનો માણસ માત્રનો ધર્મ છે. કમળા ખરાબમાં ખરાબ સંજોગોમાં કારમી કસોટીમાંથી પાર ઉતરી છે. એની જગ્યાએ બીજી ઘણી સ્ત્રીઓ આડે રસ્તે ઉતરી જાત અથવા ન કરવાના કાર્યો કરી બેસત. પણ કમળા અનેક જુલ્મો સામે થઇને પોતાની પવીત્રતા જાળવી રહી છે. બહાદુરસિંહ! ગુલાબની કથા પણ એવીજ છે. એ ગટરનું ગુલાબ છે. નાદાન વયમાં માબાપથી તજાયલી એ નિરાધાર બાળકી પર જુલ્મો ગુજર્યા, એ કેદમાં ગર્દ—ગુંડા રહી—મવાલીઓ અને વેશ્યાઓના વચ્ચે વસી. છતાં એ પોતાની પવિત્રતા જાળવી શકી છે. આવી બાળાનો ઉદ્ધાર કરવો તે શું પ્રભુની પુજા કરવા સમાન નથી?"

"તમે જે કર્યું છે તે યોગ્યજ કર્યું છે, સાહેબ!"

“હવે ચુપ થઇ જાઓ. કમળા અને ગુલાબ આવે છે.” રણજીત બોલ્યો.

કમળાની મધુર સંભાળ નીચે ગુલાબના દીદાર ફરી ગયા હતા. કમળાએ તેને ગુલાબી સાડી પર સફેદ રેશમી ચોળી પહેરાવી હતી. તેના કાળા ગૂચ્છાદાર વાળ સુગંધી તેલ નાંખી મનોહર રીતે ગૂંથ્યા હતા અને ગૂલાબના માથાના અંબોડામાં મોગરાની વેણી બહેકી રહી હતી. ગૂલાબ ખદબદતા નર્કમાંથી સીધી સ્વર્ગલોકમાં આવી પડી હતી. તેની આંખો નવા આનંદથી હસી રહી હતી. તેના વદન પર સંતોષની છાયા હતી. પણ તે નસીબનો સીતારો ફરવાથી ફુલી ગઇ ન્હોતી. ગૂલાબ જો આનંદઘેલી થઇ ગમે તેમ લવારો કરવા મંડી જાત તો રણજીત તેથી દિલગીર થાત. પણ ગૂલાબની શાંત મુદ્રા જોઈ તેને સંતોષ થયો. કમળાના શાંત વદન પર જરા કરચળી વળી હતી અને તે અપાર સહિષ્ણુતા બતાવતી હતી.

“રણજીતસિંહ! મારી દિકરી તમારો આભાર માનવા આવી છે...” કમળા ગુલાબને આગળ કરી બોલી. “મારી દિકરી”એ શબ્દોની ગુલાબ પર સારી અસર થઈ. તે કમળાને પોતાની મા જેવી ગણી તેને જોઇ રહી.

“ગુલાબ તમારા મીઠા આશ્રયને સંપુર્ણ લાયક છે...” રણજીત બોલ્યો.

“રણજીતભાઇ! તમારો આભાર માનવાના મારી પાસે શબ્દો નથી.” ગુલાબ જેમ તેમ બોલી, પણ આટલાજ શબ્દો તેના હૃદયની ખરી કૃતજ્ઞતા બતાવવાને પુરતા હતા.

“ગુલાબ! તું બહાદુરસિંહ સાથે ખેતરો જોવા જા—મારે કમળાબહેન સાથે થોડી વાતચીત કરવી છે.”

“રણજીતના આ શબ્દો સાંભળી બહાદુર ઉભો થયો, અને તે ગુલાબનો હાથ પકડી તેને બહાર લઈ ગયો.

"તમે ગુલાબ માટે શું ધારો છો?"

"એ ખરેખર રત્ન જેવી છોકરી છે. તમે તેના પર આટલો બધો ઉપકાર કરવા છતાં, તમારે વિષે તેણે જરા પણ ચાબાચીથી કરી નથી. મારી આગળ એ એટલુંજ બોલી હતી કે, તમે તેના રક્ષક છો એટલુંજ જાણવું તેને માટે પૂરતું છે." કમળાએ કહ્યું.

"મારી ખાત્રી છે કે એ તમારા પ્રેમને પાત્ર નીવડશે."

"હા. હું એને મારી દિકરી પેઠે ચાહીશ. મારો પુત્ર મારી પાસે હોત, ને તેને હું જેવા લાડ લડાવત તેવાજ લાડ હું ગુલાબને લડાવીશ." કમળાની આંખમાં આંસુ આવ્યા. રણજીતનું દિલ પણ ભારી થયું.

નિરાશ ન થાઓ. પ્રભુ કૃપાથી આપણી શોધ ફતેહમંદ થવાનો સંભવ છે."

મને હવે આશા નથી." કમળાથી હવે રડી પડાયું: "મારો દિકરો જીવતો હોત તો આજે વીસ વર્ષનો થાત..."

"એમ કહો કે તે વીસ વર્ષનો થયો છે..."

"પ્રભુ કરે ને તમારી વાણી ફળે."

"પ્રભુ જરૂર તમને મદદ કરશે. કાલે હું તમારા પુત્ર વિષે કંઈ ખબર મેળવવા માટે મહમદ પહેલવાન નામના એક સખ્સને મળવા ગયો હતો. એટલામાં એક મવાલી સાથે મને તકરાર થઈ, અને મને આ હતભાગી છોકરી મળી. તમને વીસાપુરની કંઈ ખબર મળી?"

"નહિ."

"મને લાગે છે કે એ બદમાસ કેદખાનામાંથી નાસી જતાં મરી ગયો હશે."

"અફસોસ! વીસાપુરની જેલનો કેદી તો મારો પતિ, ને મારા

પુત્રના પિતા! ઓ રામ! મારા ક્યા જન્મના પાપ આ જન્મે નડ્યા? ઓહ! જો મારો દિકરો જીવતો હશે–જો તેણે મારી પેઠેજ પોતાનું નામ બદલી નાખ્યું હશે...આહ! કદાચ તે જીવતો નહિ પણ હોય. તેના બાપે પોતાની ભયંકર ધમકી અમલમાં મેલી હશે. મારા દિકરાનું શું થયું હશે? તે મારી ગોદમાંથી મારા લાલને શા માટે લઈ ગયા હશે?"

"મને તે સમજાતું નથી. પંદર વર્ષ પહેલાં બ્રીટીશ હદમાંથી પોર્ટુગીઝ હદમાં નાસી જતી વખતે તે શા માટે તમારા બાળકને લઇ ગયા હશે? નાદાન બાળક તેના નાસભાગમાં નડતર રૂપ થઈ પડે..."

"અફસોસ! રણજીતસિંહ!" ધ્રુજતા સ્વરે કમળા બોલી.

"જ્યારે મારા ધણીને વાપામાંથી પકડીને પોલીસે ફરીથી કેદમાં નાંખ્યા ત્યારે હું તેને મળવા ગઇ હતી. તે વખતે તેણે દાંત કચકચાવી મને કહ્યું હતું કે "તું તારા દીકરાને ખુબ ચાહે છે તેથીજ હું તેને લઈ ગયો હતો. એ દીકરાને લીધે તારી પાસેથી હું પૈસા કઢાવીશ ને તે મારી મરજી મુજબ વાપરીશ. તારો દીકરો ક્યાં રહે છે, તે જીવે છે કે નહિ તેની તને ખબર પડશે નહિ. જો તે જીવશે તો ઠીક છે. તું તેના બાપ માટે જેટલી કલંકિત થઇ છે તેટલીજ દીકરા માટે પણ લજ્જીત થશે." એક મહિના પછી મારા ધણીને જન્મટીપની સજા થઈ અને મેં મારા દીકરાનો પત્તો મેળવવા માટે છાતીફાટ રૂદન કર્યું, કાકલુદી કરી–પગે લાગી–પણ એ સર્વ વ્યર્થ ગયું. પદર વર્ષથી મને મારા પુત્રની ખબર નથી. રણજીતસિંહ! એ વ્હાલા દીકરાનું મ્હોં જોવા માટે જો મારી પાસે જગતની સલ્તનત હોત તો તે પણ હું ન્યોછાવર કરી નાંખત"

"તમારો ધણી મનુષ્ય નહિ પણ શયતાન છે. તમારી સામે તમારા પુત્રના કાનમાં ઝેર રાખવામાં તેનો હેતુ શો છે?"

"પૈસા કઢાવવાનો. મેં મારી પાસે જે હતું તે બધું એમને આપી દીધું હતું. તેમાંથી કંઈપણ મારા દીકરા માટે વપરાશે એમ ધારીને હું પાયમાલ થઈ ગઈ..."

"તમારો પુત્ર ઓળખી શકાય એવી કોઇ નિશાની નથી?"

"છે—ફક્ત એક નિશાની છે. મારા બાપુના ગળામાં રૂપાની સાંકળીમાં હનુમાનજીનું માદળીયું છે."

"ઠીક. હવે આશા રાખો. ઇશ્વર સૌ સારા વાનાં કરશે. કમળા બહેન! ગુલાબની પુરતી સંભાળ રાખજો. ગંદા ઘરમાં રહેવાથી એ છોકરીની તબીયત લથડી ગઇ છે. હું મારા વૈદ્યને બે ત્રણ દિવસમાં મોકલી આપીશ."

"તમે ગુલાબની જરા પણ ચિંતા ન કરશો. અહિંની સુંદર હવાથી તે થોડાજ સમયમાં નિરોગી થઈ જશે."

આ સમય ત્યાં ગામનો વૃદ્ધ શાસ્ત્રી આવ્યો. રણજીત અને કમળાએ તેને નમન કર્યું. શાસ્ત્રી પ્રાણશંકર રણજીતના વિશ્વાસપાત્ર હતા અને તેના પવિત્ર જીવન માટે રણજીતને ઘણું માન હતું.

"શાસ્ત્રીજી! આજે તમને એક નવી વિદ્યાર્થીની સોંપવાની છે..."

"કોણ ગુલાબને?"

"હા—તમે તેને જોઇ?"

"હા. બહાદુરસિંહ સાથે મેં તેને હમણાંજ જોઇ."

"તમારે તેને શિક્ષણ આપવાનું છે."

"ઘણીજ ખુશીથી. તમારા જેવા દાનવીરના પરમાર્થી કાર્યમાં સહાય કરવાને ખડે પગે તૈયાર છું."

થોડીવારમાં ગુલાબ બહાદુરસિંહ સાથે ખેતરોમાં ફરી પાછી આવી. રણજીતે શાસ્ત્રી અને કમળાને ગુલાબની સોંપણ કરી. એટલામાં ગાડી તૈયાર થઈ અને તે બહાદુરસિંહ સાથે સઘળાની વિદાય લઇ ગાડીમાં બેસી રવાના થઇ ગયો.

પ્રકરણ ૯ મું.

ભેદી માદળીયું.

ગુલાબને કમળાને સોંપી રણજીત બહાદૂરસિંહ સાથે પાછો પોતાના કામે લાગ્યો. રાતે દશ વાગ્યે તો તે ફરીથી કારિગરના વેષમાં ફોરાસ રોડ પરના ઈસ્ટર્ન બારમાં પહોંચી ગયો. કાનજી તેની રાહ જોતો બહારના ભાગમાંજ બેઠો હતો. રણજીતને જોઈ જાણે કોઈ રાજા આવ્યો હોય તેમ તે ઉભો થયો. રણજીતે તેને બેસવા કહ્યું ત્યારેજ તે બેઠો અને બન્ને ધીમે ધીમે વાતે વળગ્યા.

બાહાર મુશળધાર વરસાદ વરસતો હતો એટલે કાનજી અને રણજીતને ખબર આપી કે આજ બારમાં રણજીતને મળવાને કામાટી અને મ્હાલી ડોશી અગીઆર વાગે આવવાનાં છે. રણજીતે તેને થોડા દારૂ પાઈ વિદાય કર્યો અને પોતે રસ્તા પર નજર પડે એવી રીતે ટેબલ પર બેસી રહ્યો. થોડીવાર પછી તેને રસ્તાપર થોડે દૂર એક છત્રી ઓઢીને મ્હાલી ડોશી તથા કામાટી તે તરફ આવતા જણાયા. રણજીતે તેઓને તરત ઓળખ્યા.

બન્ને બાર તરફ આવતાં હતાં ત્યારે બન્ને કરડકણાં જણાતા હતા. કામાટીએ હાફકોટ અને ધોતર પહેર્યાં હતા. ગળામાં લીલો રૂમાલ વીંટાળ્યો હતો અને માથા પર અસ્સાખાન ટોપી પહેરી હતી. તેની ઝેરી નાગ જેવી આંખો ચારે દિશાએ ફર્યા કરતી હતી. કાણી મ્હાલીએ ગુલાબી લુગડું પહેર્યું હતું અને તેના હાથમાં એક ટોપલી હતી.

વરસાદ બંધ પડયો. હજુ કામાટી અને મ્હાલી બારથી થોડે દુરજ ઉભાં હતાં એટલે રણજીત બારમાંથી નીકળી તે તેઓની પાસે

ગયો. બદમાસ કામાટી આજે તેને મારવા દોડયો નહિ, પણ ખંધુ હસી તેને સલામ કરી બોલ્યો: "તમે કાલે મારા પર હાથ ઉગામ્યો હતો છતાં તમારી દોસ્તી કરવાને હું તૈયાર છું. ગઇ ગુજરી ભૂલી જાઓ. આપણે દોસ્તો થઇએ તેમાંજ લાભ છે. મને કાનજી મળ્યો હતો અને જો તે આપણી સાથે જોડાવાનો હશે તો હમણાં આવી લાગશે. મને નથી લાગતું કે તે આપણા કામમાં જોડાય—"

"તમે કબુલ છો?"

"તમારૂં નામ શું છે તે કહો."

"મારૂં નામ રણજીત!—"

"રણજીત! પહેલાં બારમાં ચાલો પેટમાં જરા પડે પછી આપણે ધંધાની વાત કરશું."

"કબુલ છે."

"વાત એમ છે કે કાનજીએ અને તમારે મને મારી માશુકને ગયલી ખોટ ભરી આપવી જોઇએ, કેમકે તમે વચ્ચે આવવાથી અમે બે હજાર રૂપીઆ ગુમાવ્યા છે. તે રાતે તમારી પુછપરછ કરવા આવનાર એક માણસે તમને કંઈ કરવા માટે અમને બે હજાર રૂપીઆ આપવાનું કબુલ કર્યું હતું, અને તે માટે મ્હાલી સાંટાક્રુઝમાં તેને મળવા ગઇ હતી... મ્હાલી!—" કામાટી પોતાની માશુક તરફ જોઇ બોલ્યો: "તુ બારમાં જઇ એક ઓરડો આપણે માટે રાખી લે, અને બે બાટલી તથા ખાવાનું મંગાવ, અમે હમણાં આવીએ છીએ.

મ્હાલીએ રણજીત તરફ કરડી નજર ફેંકી, અને પછી પોતાના આશક તરફ મર્મ ભરી નજરે જોઇ તે બોલી: "રણજીતભાઇ! અમારા બે હજાર ગુમાવીને કાનજીએ તમારા ભાવ વધારી મેલ્યા છે—"

"એટલે?"

"પેલો લંબુસ શા માટે બે હજાર રૂપીઆ આપવા તૈયાર હતો, તે કાનજીએ અમને કહી દીધું છે."

"સારૂં–" રણજીત બબડયો.

"બધું સારૂંજ છે તો!–" કામાટી ધુંધવાયો.

"ગઈ કાલે કાનજી મ્હાલીને મળ્યા પછી તેણે તેને એક પળ પણ વ્હીલી મૂકી નહી, એટલે અમારો માણસ પાસે આવવાની હિમ્મતજ કરી શકયો નહી. આથી અમને જે ખોટ ગઈ છે, તે ભરી આપવાનો રસ્તો તમારે બતાવવો જોઇએ."

"ખુશીથી. મેં કાનજીને અચ્છો ઉપાય બતાવ્યો હતો, પણ તેણે ના પાડી. તેણે કહ્યું કે તે ચોરી કરવા માંગતો નથી, પણ કોઈ બીજો ચોરી કરે તેમાં તેને વાંધો નથી. વળી તે કોઈની ચાડી ખાય એવો પણ નથી."

"પહેલાં મને એ કહો કે, તમે કાલે સાંટાક્રુઝમાં કાનજીને શા માટે મળ્યા હતા?–" કામાટીએ પૂછયું.

રણજીતે હોઠ કરડયો. આ મવાલીની બુદ્ધિ તેને તીવ્ર જણાઇ.

"તમે બારમાં ચાલો. હું તમને બધી વાત કરૂં છું."

"બારમાં જવાનું પછી પહેલા મારા સવાલનો જવાબ આપો."

"તમે નકામા મારા પર વહેમ બતાવો છો. ખરી વાત એ છે કે, વાલકેશ્વર પર એક શ્રીમંતનું ઘર હમણાં ખાલી પડયું છે. તેમાં પુષ્કળ જરઝવેરાત છે. એ માણસ હાલમાં બ્હાર ગામ ગયો છે, પણ તે કયારે આવવાનો છે, તે વાંદરામાંના તેના બંગલામાંથી ખબર પડે એવો સંભવ હતો. મારો ચોરી કરવાનો હેતુ તો હતોજ. પણ બધું નક્કી થાય તે પહેલાં હું કાનજીને બધી વાત કહેવા માંગતો ન્હોતો.

આ કારણસર મેં કાનજીને કાલે બપોરે એક વાગે સાંટાક્રુઝ બોલાવ્યો હતો. તે પહેલાં હું વાંદરા ગયો. વાંદરામાંથી મને ખબર મળી કે, વાલકેશ્વરવાળો શેઠ બે ત્રણ દિવસમાં મુંબઇ આવવાનો છે. જો બની શકતે તો વાંદરામાં પણ હું જરા ચીલઝડપ કરી આવતે, પણ ત્યાં મારો લાગ ફાવ્યો નહિ. તે પછી હું સાંટાક્રુઝ જઈ કાનજીને મળ્યો, અને મેં વાલકેશ્વરના બંગલામાં ચોરી કરવા માટે તેની મદદ માંગી. તેણે ના પાડી એટલે મેં તમારી મદદ મેળવવાનો વિચાર કર્યો." રણજીતે આ ખુલાસો એવી સરળતાથી કર્યો કે કામાટીને તેનાપર ભરોસો આવ્યો.

"વાલકેશ્વરનો બંગલો ખાલી છે?"

"તેમાં માળી શિવાય કોઈ નથી."

"માલ કેટલોક મળશે?"

"નાંખી દેતા અરધો લાખ."

"તમે બધા રસ્તા જાણો છો?"

"એકેએક."

"હવે બારમાં ચાલો." કહી કામાટી રણજીતની સાથે બારમાં દાખલ થયો. મ્હાલી ડોશી પહેલા માળપરના એક રૂમના બારણા પાસે તેઓની રાહ જોતી હતી.

"આવો—" મ્હાલીએ રણજીતને આવકાર આપ્યો.

રણજીત કામાટીને પહેલો રૂમમાં મોકલવા માગતો હતો. પણ કામાટી બારેગાંઠ પુરો હતો. તેણે વિવેક વાપરી બારણું ઉઘાડયું અને રણજીત પહેલા ઓરડામાં દાખલ થયો. તે પછી કામાટી અંદર ગયો અને ખુરશી પર બેસવા પહેલાં તેણે દિવાલપર મૂક્કી મારી બાંથી

બીજા ઓરડામાં વાત સાંભળી શકાશે કે નહિ તેની કલ્પના કરવા માંડી.

"અહિંથી આપણી વાત કોઈ સાંભળે એમ નથી." કામાટી બોલ્યો.

આ વખતે હોટલનો નોકર ભોજન અને શરાબની બે બાટલીઓ લઈ આવ્યો. તેણે દ્વાર ઉઘાડ્યા તેજ પળે રણજીતની તીક્ષ્ણ નજરે બહાદુરસિંહને છુપા વેષમાં બીજા રૂમ તરફ જતો જોયો. નોકર ગયા પછી કામાટીએ બારણાં અંદરથી વાસી દીધા.

જે ઓરડામાં આ ત્રિપુટી બેઠી હતી તેના બારણાની સામેની બારી તરફ મ્હાલી બેઠી હતી. તેની પાસે રણજીત હતો અને કામાટી બારણાની પાસેજ હતો. રણજીતને બહાર જતો અટકાવવો હોય તો અટકાવી શકાય એવા હેતુથી કામાટીએ ટેબલપર આ જાતની બેઠક લીધી હતી.

"હવે આપણે બધી વાત ખુલાસાવાર કરી શકીશું—" કામાટી પણ શ્વાસ ભરતો બોલ્યો.

"અને તમે મને બહાર જતો પણ રોકી શકશો–"

કામાટીએ હકારદર્શક ડોકું ધુણાવી ગજવામાંથી એક કાતિલ છરી બહાર કાઢી તે ટેબલપર મૂકી: "આ જુઓ છો?" તે બોલ્યો.

"ઘણી સારી રીતે–" રણજીતે હસીને જવાબ આપ્યો.

"નવાસવાને સલાહ આપવાની એની ફરજ છે." કહી કામાટીએ કપાળ પરનો પરસેવો લુછ્યો.

"મારી છરી તમારા કરતાં પણ વધુ અણીઆળી છે–" મ્હાલી ડોશીએ પોતાની છરી બહાર કાઢી.

રણજીત જાણે આ છરીઓની તેને જરા પણ પરવા ન હોય તેમ તે જોઇ રહ્યો, અને શાંતિથી ગજવામાં હાથ નાંખી તેણે બાર બારની રિવોલ્વર બહાર કાઢી–કામાટીને બતાવી, અને પાછી ખીસ્સામાં નાંખી દીધી.

"હવે આપણે એક બીજાને ઓળખી ગયા છીએ, પણ હું તમને કહી દઉં છું કે જો પોલિસની કંઇ જાળ હશે, તો પોલિસ આવે તે પહેલાં હું તમને જમપુરી મોકલી દઇશ–" કામાટીએ રણજીત તરફ ભેદક દૃષ્ટિ ફેંકી કહ્યું.

"મારી છરી પણ તે માટે તૈયારજ રહેશે." ડોકરી પોતાનું બોખું મ્હોં બતાવતી હસી.

"રણજીતે કંઈ જવાબ ન આપ્યો, પણ તદ્દન બેદરકારીથી શરાબની પ્યાલી ખાલી કરી નાંખી. કામાટી તેની ગજબ શાંતિ જોઇ છેતરાયો.

"હું તમને ફક્ત ચેતવણી આપવા માટેજ આટલું બોલ્યો છું."

"હશે. હવે તમારી ધાડમારૂ છરી ગજવામાં નાંખો. અહિં કોઇ મરઘી કાપવાની નથી. મેં પણ થોડી ઘણી દુનિયા જોઇ છે. હવે ધંધાની વાત કરો."

"ભલે, પણ મારી છરી વિષે એલફેલ ના બોલતા. એ તદ્દન ગૂપચૂપ ગમે તેના પેટમાં પેસી જાય છે, અને પોતાની ફરજ જરા પણ ઘોંઘાટ વિના બજાવે છે." કામાટી બોલ્યો.

"પછી કોઇ કંઈ બોલીજ શકતું નથી–ખરૂં કેની?" મ્હાલી બોલી.

"હશે. હું એમ પુછું કે તમે ગુલાબના માબાપને ઓળખો છો?"

"મારા જોડીદાર પાસે તે સંબંધીના બે કાગળો છે, પણ એ બદમાશને એ કાગળો કદિ બતાવવાની નથી. જો તે ફરી મને મળશે, તો હું તેની આંખ ફોડી નાંખીશ."

"ચૂપ રહે મ્હાલી! આપણે ધંધાની વાત છોડી ગપ્પા મારવામાં સાર નથી."

"આપણે બધી વાત મ્હાલીબાઈની હાજરીમાંજ કરશું?" રણજીતે પૂછ્યું.

"હા. એમાં કંઈ વાંધો નથી. મારી માશૂક જેવી તેવી નથી. જે કામમાં હાથ નાંખે છે ત્યાં ફત્તેહના ડંકા વાગે છે.

આ સમયે રણજીતની નજર અચાનક મ્હાલી ડોશીના ગળા પર પડી અને તે ચમકયો. મ્હાલીના ગળામાં એક હનુમાનજીનું માદળીયું રોલ્ડ ગોલ્ડની સાંકળીમાં લટકતું હતું. એવુંજ માંદળીયું કમળાના પુત્રના ગળામાં હતું, એમ કમળાએ તેને કહ્યું હતું. તેને એ માંદળીયું જોતાં જાતજાતના વિચારો આવ્યા, પણ તેણે પોતાનો મનોભાવ નિપુણતાથી છૂપાવી રાખ્યો. કાનજીએ રણજીતને ખબર આપી હતી કે, કામાટી વીસાપુરની જેલમાંથી છ મહિના પહેલાં નાસી આવ્યો હતો, અને તે પછી જાતજાતના વેષ બદલીને તેણે પોલિસને થાપ આપી હતી. અંતે તેણે પોતાનો ચહેરો બદલી નાંખવા માટે પોતાના ચહેરા પર શિતળાનો લેપ લગાડયો હતો; અને કોઈ રસાયણથી પોતાનું લાંબુ નાક ચીબું કરી નાખ્યું હતું.

કમળાનો પતિ પણ છ મહિના પહેલાં વીસાપુરની જેલમાંથી નાસી ગયો હતો અને તેનો કંઈ પત્તોજ ન્હોતો. શું આ દૂષ્ટ મવાલીજ કમળાનો પતિ હશે? જો તેમ હશે, તો તે પોતાનો પુત્ર ક્યાં છે તે જાણતો હશે. વળી ગુલાબના માબાપના કાગળો પણ તેની પાસે હતા. આવા વિચાર આવતાં રણજીત પોતાની બાજી ખેલવાને બેવડા ઉત્સાહથી તૈયાર થયો, અને મવાલીઓને કંઈ શક ન જાય, તે માટે ધીમે ધીમે શરાબ પીતો રહ્યો.

ॐ

પ્રકરણ ૧૦ મું.

શેરને માથે સવાશેર.

"વ્હાલી ડોશા !-" રણજીત વ્હાલીના ગળામાંની સાંકળી બતાવતો બોલ્યો: "આ સુંદર છેડા ક્યાંથી લાવ્યા ?—"

ડોશા હસી. "એ કંઈ સોનાનો નથી. કામાટી મને સોનાનો છેડા અપાવે, ત્યાં સુધી આ જુઠો છેડા પહેરીને મારે મન મનાવવું પડે છે—"

"રણજીત કહે છે તે કામ પાર પડશે, તો હું તને દશ છેડા અપાવીશ–" કામાટી બોલ્યો.

"આ છેડામાં માદળીયું શાનું છે ?—"

"એ પણ મને કામાટીએ આપ્યું છે."

"વ્હાલી ! એ માદળીઆની સંભાળ રાખજે. એ તો જાદુ છે જાદુ !—"

"શું ? જાદુ !—"

"હા. એ માદળીયું બહુ નસિબવાન છે."

"એમ ! તો મને એક આવું માદળીયું અપાવોને !—"

"હવે એવા માદળીઆ બનતા નથી. મારી પાસે એ ત્રણ પેઢીથી પડયું છે, અને તેથીજ મેં એ વ્હાલીને પહેરવા આપ્યું છે. હવે કામની વાત કરો! તમે કહો છો કે પેલું ઘર વાલકેશ્વર પર છે—"

"હા. હેંગીંગ ગાર્ડનની પાસે એ બંગલો આવેલો છે, અને તેમાં ચુનીલાલ ઝવેરી રહે છે—"

"બંગલો ખાલી છે, અને તીજોરીમાં અરધો લાખ રૂપીઆ છે ?—"

"હા."

"તમે એ ઘરમાં પેસવાના બધા રસ્તા જાણો છો ?—"

"એકેએક."

"તેમાં દાખલ થતાં કંઇ મુશ્કેલી નડે એમ છે?"

"બંગલાની આસપાસ સાત આઠ ફીટ ઉંચી દિવાલ છે. બંગલો બગીચાની વચ્ચે આવેલો છે, અને ફક્ત એકજ માળનો છે."

"હમણાં ત્યાં એકલો માળીજ રહે છે?"

"હા—"

"તમે કઇ રીતે કામ લેવા માંગો છો?

"દિવાલ પર ચઢી બગીચામાં કૂદી પડવું અને પછી તાળું તોડવું અથવા દિવાલ કોરી કાઢવી. તમે શું ધારો છો?"

"હું બંગલો જોયા વિના કંઈ કહી શકતો નથી. તમે કહો છો એમજ હોય તો બચ્ચાના ખેલ જેવું કામ છે અને તે આજેજ આટોપી નાખવું જોઇએ—" કામાટી રણજીત તરફ ભેદક નજરે જોઇ રહ્યો.

"આજે કંઈ થાય તેમ નથી."

"કેમ? શેઠ તો બે દહાડા પછી આવવાના છે."

"હા. પણ આજે મારાથી બને એમ નથી."

"તો કાલે મારાથી બને એમ નથી."

"કારણ?—"

"જે કારણે તમે આજે આવતા નથી તેજ કારણે હું કાલે આવી શકતો નથી." કહી તે બદમાસ હસ્યો.

રણજીત થોડીવાર વિચાર કરી બોલ્યો: "આજે તો આજે! મને વાંધો નથી. બોલો, તમે મને ક્યાં મળશો?"

"આપણે છુટાજ પડવાના નથી."

"કેમ?—"

"હમણાં અગીઆર વાગવા આવ્યા. આપણે સાથેજ ચોપાટીપર ફરવા જશું–મ્હાલી ઘટતી તંપાસ કરી આવશે, અને એકાદ બે વાગે આપણે વાલકેશ્વરને રસ્તે પડીશું."

"તો હું તમને એક વાગે પાટી પર મળીશ." રણજીતે કહ્યું.

"તમારે મારી સાથે કામ કરવું છે કે નહિ ?" કામાટી ઘૂરક્યો.

"હાસ્તો !—"

"તો મારી સાથેજ રહો—"

"નહિ તો ?"

"નહિ તો એમ સમજીશ, કે તમે મને ફસાવવા માટે જાળ બીછાવી રહ્યા છો."

"આહ ! તમને હજૂ પણ મારા પર શંકા છે ?"

"હા. હું એકદમ કોઈના પર આંધળો વિશ્વાસ મૂકતો નથી. તમે અરધા લાખની વાત કરીને મને લાલચમાં નાખ્યો છે, પણ જે કરવાનું હોય તે આજેજ થવું જોઇએ. જો આજે વિચાર નહિ હોય તો હું કદિ તમારી સાથે કામ પાડવાનો નથી. જો તમે ના પાડશો તો હું તમને કોઈવાર જોઈ લઈશ—"

રણજીત સંપડાયો. જો તે કામાટીને હમણાં જવા દે, તો સંભવ છે કે તે તેને ફરીથી મળશે નહિ. એ બદમાસ કેદમાંથી નાસી છૂટ્યો હતો, અને જો પોલીસ તેને ઓળખીને પાછો કેદ કરશે તો તે તેની સાથેજ કમળાના પુત્ર અને ગુલાબના ભેદ લઈ જશે. રણજીત ગમે તે ભોગે એ ભેદ જાણવા માંગતો હતો, તેથી તેણે ઈશ્વરી સંજોગ પર આધાર રાખી કહ્યું: "તમને મારા પર વિશ્વાસ આવતો નથી તો હું ખુશીથી તમારી સાથેજ રહીશ."

"શાબાશ! હવે તમે મરદ બચ્ચાની વાત કરી!" કામાટીએ કહ્યું: "આપણે બે વાગે કામે લાગવાનું છે. વળી પાછો મુશળધાર વરસાદ પડે છે. આપણે બીલ ચૂકવી કોઈ ગાડી ભાડે કરી લઈશું."

"ભલે. હું થોડીક સીગાર ખરીદી લાવું—"

"તમારે તસ્દી લેવાની જરૂર નથી. મ્હાલી જે જોઈશે તે લાવી આપશે."

રણજીતે હોઠ કરડયો. આ બદમાસ બારે ગાંઠ પુરો હતો. તે તેને એક પળ પણ છુટો મુકતો ન્હોતો. તે બેસી રહ્યો અને ડોશી સીગાર લેવા બહાર ગઈ.

"મ્હાલી તે મ્હાલીજ છે હો! મારે માટે એ આગમાં પડવાને તૈયાર છે."

રણજીત કામાટી સાથે ગપ્પા ટપ્પા મારવા લાગ્યો. બન્નેની વચમાં એક ટેબલ હતું. રણજીતે કામાટી ન જુએ એવી રીતે ગજવામાંથી કાગળ પેન્સીલ કાઢ્યા અને પોતે શું લખે છે તે જોયા વિનાજ કાગળ પર મોટા મોટા અક્ષરે કંઈ લખ્યું, કામાટી ટેબલ વચ્ચે હોવાથી રણજીતનું આ કામ જાણી શક્યો નહિ. હવે એ ચીઠી ધારેલે સ્થળે પહોંચાડવાની રણજીતને ચિંતા થઈ. તે બેદરકારીથી ઉભો થયો અને બારી પાસે જઈ "મોરે સૈયા ગયે પરદેશ" નું ગાયન ગાતો બારી પર જાણે તાલ આપતો હોયની તેમ આંગળીઓ ઠોકવા લાગ્યો. કામાટી તરત તેની પાસે આવ્યો.

"આ ગાયન ગાઈને પરદેશી સૈંયાને ઉપર બોલાવવો છે કે શું?"

"નહિ નહિ. મારો એવો હેતુ નથી!"

"હરી. હું એમ કહેતો હતો કે જો વાઘકેસરના બંગાળાનો માણસો આપણી સામે થશે તો તમારી રીવોલ્વર કામ લાગવાની નથી. રીવોલ્વર

અવાજ કરે છે. પણ મારી આ છૂરી જરા પણ અવાજ કર્યા વિના ગુપચુપ પોતાનું કામ પાર પાડે છે." કહી તેણે રણજીતને છરી બતાવી.

"શું તમે ખૂન કરવા માંગો છો?" રણજીત બોલ્યો. "જો ખૂન કરવાના હો, તો હું આ કામ પરથી હાથ ઉઠાવી લઉં છું. હું લોહી રેડવા માંગતો નથી."

"પણ માળી જાગતો હશે તો?"

"તો આપણે નાસી જઈશું."

"જેવી તમારી મરજી! મને તરત દાન મહા પુન ગમે છે. તમે નારાજ હો તો આપણે ઘર પ્રવેશ કરી ચોરી કરીનેજ સંતોષ લઈશું."

"જો તમે લોહી રેડવા તૈયાર થશો તો મારે તમને અટકાવવા પડશે."

આ વખતે મ્હાલી સીગાર લઈને આવી, અને રણજીત સીગાર સળગાવી ધુમાડો કાઢતો બોલ્યો: "લહેજતદાર સીગાર છે. હવે બહાર ચાલો. હું બેસી બેસીને કંટાળી ગયો છું."

"આવા ભારી વરસાદમાં ક્યાં મરશું?"

"ગાડી કરી લોને–" કહી રણજીતે નોકરને બોલાવ્યો, અને તેના હાથમાં બીલ ચુકવવા માટે દશની નોટ મુકી: "તારા પૈસા લે અને એક ગાડી બોલાવ."

"તમે મારે માટે ખૂબ ખરચ કરો છો–" કામાટી હસીને બોલ્યો.

"કાલે તમે ખરચજો."

હવે ત્રણ જણ ઓરડામાંથી બહાર નીકળ્યા. રણજીત સૌથી છેલ્લો નીકળવાનો હતો, પણ કામાટીએ તેને સૌથી પહેલો કાઢ્યો. એ બદમાસ અને તેની કાણી માશૂક રણજીત પર નજર રાખી રહ્યાં હતાં. બારના કાઉન્ટર પર બે ચાર જણ પૈસા ચુકવતા હતા, તેઓમાં એક

કોઈ કોલસાવાળો હતો. તેના આખા શરિર પર કોલસાના ડાઘ જણાતા હતા. કામાટીની તીક્ષણ નજર હોવા છતાં રણજીતે આ કોલસાવાળા સાથે ગાડીમાં બેસવા પહેલાં જરા નજર મેળવી લીધી.

"શેઠ ! કયાં લઉં ?–" ગાડીવાળાએ પૂછ્યું.

"વાલકેશ્વર—" રણજીત મોટે અવાજે બોલ્યો.

"નહિ. પાયધોની લે—" કામાટી બોલ્યો. "રણજીત ! તમને કંઈ અક્કલ છે ? કાલે ચોરી થવાની બધાને ખબર પડશે ત્યારે આજ બદમાસો જુબાની આપવા જશે કે આપણે વાલકેશ્વર તરફ ગયા હતા–"

"મારી ભૂલ થઈ હું !" કહી રણજીતે ચાલાકીથી પેલી ચીઠી રસ્તા પર ફેંકી દીધી અને ગાડી ચાલવા દીધી. કામાટીને જરા શક ગયો.

"ગાડીવાળા ! ચાબુક ! પાછળ કોઈ બેઠું છે—" તે બરાડયો.

ગાડીવાળાએ પાછળ બે ચાર ચાબુક ફટકાવી પણ ત્યાં કોઈ નહોતું. કામાટીને હજૂ પણ શાંત ન વળી. તે ગાડીમાંથી નીચે ઉતરી પડયો અને પાછળ કોઈજ નથી તેની ખાત્રી કરી આવ્યો. ત્યારથી ગાડી થોડેક દૂર ચાલી આવી હતી એટલે રણજીતે ફેંકેલી ચીઠી કામાટીના હાથમાં આવી નહી.

"તમે મને ગાંડા ગણશો; પણ મેં કોઈનો ઓળો જોયો હતો.

આ વખતે ગાડી પ્લેહાઉસ તરફ ફરી. બહાદુરસિંહ કોલસાવાળાના વેશમાં રણજીત પરજ નજર રાખી રહ્યો હતો. તેણે રણજીતને ચીઠી નાખતો જોયો હતો. ગાડી ઉપડયા પછી તેણે એ ચીઠી ઉપાડી લીધી હતી.

દશ પંદર મીનીટમાં ગાડી સેંડહર્સ્ટ રોડપર આવી એટલે કામાટી બોલ્યો: "સબુર ગાડીવાળા ! ગોલપીઠા પર લે."

રણજીત ભારી અજાયબીથી તેને જોવા લાગ્યો.

"વાત એમ છે દોસ્ત!" કામાટી બોલ્યો: "કે કાલે કંઈ પણ તપાસ થાય તો ગાડીવાળાની જુબાની ખોટી ઠરશે."

ગાડી પાછી ફરી. એજ પળે એક ઘોડેસ્વાર પૂર જોશથી પસાર થઈ ગયો. રણજીતે તેને ઓળખ્યો અને તેને સંતોષ થયો.

"મને તો ઉંઘ આવે છે." કહી કામાટીએ આંખ મીંચી લીધી. મ્હાલી ડોશી ક્યારની ઉંઘી જવાનો ઢોંગ કરતી હતી. રણજીત સમજી ગયો કે આ ઢોંગ છે એટલે તેણે પણ આંખો મીંચી લીધી. પણ થોડીવારમાં મ્હાલી અને કામાટીના નસકોરાં એવા જોરથી બોલવા લાગ્યા કે રણજીત છેતરાયો. તે એમજ સમજ્યો કે શરાબની ઘેનથી બન્ને નિંદ્રાધીન થયા છે. તેણે આંખો ઉઘાડી પણ તે અજબ થયો. કામાટી અને મ્હાલી બન્નેની આંખો ઉઘાડી હતી, અને બન્ને હાથના ઇસારાથી કંઈ વાત કરતા હતા. રણજીતની આંખો ઉઘડેલી જોઇ કામાટી ધિક્કારથી હસીને બોલ્યો: "કેમ દોસ્ત! કસોટી કરે છે કે?"

"તમે ક્યાં કમ છો? ઉઘાડી આંખે ઘોરો છો, તે જેવો તેવો ચમત્કાર છે!' રણજીતે જવાબ આપ્યો.

ગાડી ગોલપીઠા પર આવી ઉભી રહી, અને ત્રણે જણ નીચે ઉતર્યાં. આ સમયે વરસાદ બંધ પડી ગયો હતો. રાતના સાડાઅગીઆર વાગવા આવ્યા હતા. હોટલોમાં હોહા થઇ રહી હતી, અને વેસ્યાઓ અને મવાલીઓ ગાળાગાળી કરતા હતા.

"મને એક વિચાર સૂઝયો છે."

"શું?"

"હું પહેલાં એ ઘરની તપાસ કરાવવા માગું છું." કામાટીએ કહ્યું.

"શું તમે હમણાં ઘર જોવા જશો?"

"નાહ. મ્હાલી એ કામ કરી આવશે."

"નં. ૨૦ મલબાર હીલ–પોષ્ટ ઓફીસ પાસે ખરૂં ને!—" મ્હાલીએ રણજીતને સંબોધીને કહ્યું: મારી એક આંખ નથી. પણ ખાત્રીથી માનજો કે હું પુરેપુરી તપાસ કરી આવીશ."

"મ્હાલી! જરા સબુર કર! મહમદના પોરીઆને સાથે લઈ જા. જાનમહમદ છે તો દશ વરસનો પણ તે આવા કામમાં ઉસ્તાદ છે–" કામાટીએ કહ્યું અને ત્રણ જણ એક ગંદા અને ભયાનક દેખાતા ઘરમાં દાખલ થયા; આ ઘર એક નાની અંધારી ગલીમાં હતું. બહારના ભાગની ખોલીઓમાં હતભાગી વેશ્યાઓ હતી અને અંદર જુગારખાના અને ચંડુલખાના ચાલતા હતા; કામાટી રણજીત અને મ્હાલી સાથે એક મોટા ઓરડામાં દાખલ થયો; આ ઓરડામાં હરીકેન ફાનસ સળગતું હતું અને ત્રણ ચાર મવાલી જેવા માણસો અફીણ, કોકેન વીગેરેની ધુનમાં પડયા હતા; આ સ્થળે મહમદ નામનો અથંગ મવાલી રહેતો હતો; તે સરકારી કાયદાનો ભંગ કરી આખી રાત શરાબ વેચતો, અફીણ અને કોકેનની દાણચોરી કરતો અને તે ઉપરાંત ચોરી અને લુંટફાટમાં પણ તે એકકો હતો; જાનમહમદ નામનો તેનો દશ વરસનો છોકરો પણ બાપનો ધંધો બાળપણથીજ શીખી ગયો હતો. તે ભીખારીના વેષમાં ગમે ત્યાં જઈને બદમાસોને જોઈતી ખબર લઈ આવતો; તે પોતાના બાપને ઘરાકોને શરાબ વેચવાની મદદ કરતો હતો; આ ભયંકર સ્થળે કામાટી રણજીતને લઈ આવ્યો હતો.

પ્રકરણ ૧૧ મું.

મ્હાલી ડોશીની તલાસ.

જે ભયંકર જગ્યાએ કામાટી મ્હાલી ડોશી અને રણજીતની સાથે દાખલ થયો તેમાં મહમદ પહેલવાન રહેતો હતો. તેનું મ્હો શિયાળના જેવું હતું. તેનું તીક્ષણ નાક, મ્હોડા સાથે મળી ગયલી હડપચી, જાડી ગરદન, ઝીણી ચૂંચી પ આંખો વિગેરે પરથી તે બારેગાંઠ પુરો બદમાસ હતો એવી જોનારની ખાત્રી થઇ જતી. તેના માથાના અને મૂછના વાળ લાલ હતા. હમણાં તે એક લાંબા પહેરણ પર બુટ્ટાદાર જાકીટ પહેરી પોતાના ઘરાકોની સેવામાં ઉભો હતો. તેની પાસે તેનો દીકરો હતો. તે પગે જરા લંગડો હતો. પણ લુચ્ચાઇ દોંગાઇમાં તેના બાપને આબાદ મળતો હતો.

"મ્હાલી! જોન મહમદ આ રહ્યો! રાત નાની ને વેષ ઘણા ભજવવાના છે માટે અત્યારથીજ કામે લાગ..."

"મને કંઇ વાંધો નથી. મહમદ એના દીકરાને મારી સાથે મોકલે કે હું રસ્તે પડું..."

કામાટી અને મ્હાલી આવી વાત કરતા હતા એવામાં મહમદ પોતાના મિત્ર પાસે આવ્યો અને રણજીતને સાથે જોઇ ગૃહસ્થાઇનો ડોળ કરતો હસીને બોલ્યો: "કેમ છો! દોસ્ત! મજામાં તો ખરાને? સેવકને કંઇ ફરમાન છે?..."

"મહમદ! તારા દીકરાને થોડી વાર મ્હાલી સાથે મોકલને! મ્હાલી રસ્તામાં કંઇ ચીજ ગુમાવી આવી છે. તે શોધી કહવા માટે જાન મહમદની મદદની જરૂર છે..." કામાટીએ કહ્યું અને મહમદ તેનો અર્થ પુરેપુરો સમજી ગયો.

મહમદે પોતાના લંગડા દીકરાં તરફ ફરી એક આંખ મીચી કહ્યું: "જાન મહમદ! મ્હાલી ક   જા...

એક બોલ બોલ્યા વિના પાળેલા તરની પેઠે જાનમહમદ આગળ થયો, મ્હાલી ડોશી તૈયારજ હતી.

"મ્હાલી! સંભાળાને કામ કરજે. હું અહિં તારી રાહ જોઉં છું."

"તમે ફીકર ન કરો, હું થોડીવારમાં પાછી ફરીશ." કહી મવાલીની માશૂક જાન મહમદનો હાથ પકડી બહાર નીકળી ગઇ.

"આપણે બીજા રૂમમાં જઇએ. અહિં મહમદના ઘણા ઘરાકો આવજા કરશે," કામાટી બોલ્યો અને મહમદ તેને તથા રણજીતને એક બીજા ઓરડામાં લઈ ગયો. આ ઓરડો ઘણો મોટો હતો, તેની વચમાં એક મોટું ટેબલ હતું અને તેની આસપાસ ભાગેલી ખુરશીઓ પડી હતી. ટેબલ પર એક ઝાંખું ફાનસ ટીમ ટીમ સળગતું હતું. રાત્રી અંધારી ઘોર હતી. આ ઓરડાને ફક્ત એકજ નાની બારી હતી એટલે ફાનસના ઝાંખા પ્રકાશમાં આખા ઓરડામાંની બધી ચીજો જોઇ શકાય તેમ ન્હોતું. રણજીત બાજી ખેલવા આવ્યો હતો. અને હવે તેણે પુરીજ રમત રમી નાખવાનો નિશ્ચય કર્યો. કમળાના ગૂમ થયલા પુત્રનો કંઇ પત્તો મેળવવા માટે તે મહમદ પહેલવાનને મળવા કામાટીપુરામાં ગયો હતો. પણ ત્યાં તેને આ મવાલીને બદલે ગુલાબ અને કાનજી સાથે પરિચય થયો હતો. અત્યારે અનાયાસે મહમદ પહેલવાન મળી જવાથી તેને જરા સંતોષ થયો અને જાણે તે પોતાના મિત્રના ઘરમાંજ આવ્યો હોયની તેમ તે ટેબલ પાસે જઇ ખુરશી પર બેઠો,

રણજીત ટેબલ તરફ જતો હતો, એટલામાં કામાટી અને મહમદે એક બીજા સાથે આંખના ઇસારા કર્યા, અને કોઈ ભેદી ભાષામાં અત્યંત

ધીમેથી કંઈ વાત કરી લીધી. તે પછી કામાટી ટેબલ પાસે જઈ બોલ્યો: "તમે બીર લેશો કે બ્રાંડી?—"

"મને બીલકૂલ તરસ નથી." રણજીતે જંવાબ આપ્યો.

"જેવી તમારી મરજી. હું તે મ્હાલી આવે ત્યાં સુધી બ્રાંડી પીતો બેસીશ.

કામાટીને તરતજ મહમદ પહેલવાને દારૂનો ગ્લાસ ભરી આપ્યો. રણજીત ગંભિર વિચારમાં પડયો. તે બારીની બરાબર સામે બેઠો હતો. મવાલીને કંઇ શક ન જાય એવી રીતે તેણે બારી તરફ નજર કરી, પણ ત્યાં તેને કંઈ જણાયું નહિ. તે બહાદુર સિંહની સલામતીનો વિચાર કરતે હતો. ફોરાસ રોડ પરથી ગાડીમાં બેસતી વખતે તેણે જે ટુંકી ચ ' લખી હતી, તેનો અર્થ બહાદુરસિંહ સમજ્યો હશે કે નહિ, તેની રણજીતને ફીકર થતી હતી. એ ચીઠ્ઠીમાં તેણે ઉતાવળથી એટલુંજ લખ્યું હતું કે: **"આજે રાતે બે વાગે–સાવધ રહેજો."**

રણજીતે બે વાગ્યા પહેલાં આ સ્થળેથી નહિ ખસવાનો નિશ્ચય કર્યો. તે મવાલીઓ પાસેથી કિંમતી ભેદ જાણવા માંગતો હતો, તે કારણ-સરજ તે કામાટીનો મિત્ર થયો હતો. તેના ગજવામાં બબ્બે રિવોલ્વરો હતી, પણ તે અત્યારે કામની ન્હોતી. તે બદમાસોના અડ્ડામાં હતો, અને કામાટીને જરા પણ શક જતાં એ ખૂની રણજીતનો જાન લે એવો

આવો વીચાર કરી કામાટીને કંઈ શક જશે, અથવા તો તેના વીચારો કલ્પી લેશે એમ ધારી તેણે પણ બીરનું ગ્લાસ મંગાવ્યું, અને કામાટી સાથે વાતે વળગ્યો.

"જો દોસ્ત! મારી સલાહ એવી છે કે, જો મ્હાલી જે માણસોને આપણે મળવા માંગીએ છીએ તેઓને શોધી કાઢે તો વખત નહિ ગૂમાવતાં બાર વાગેજ આપણે તેઓને મળવા જઈશું." કામાટીએ કહ્યું.

"બાર વાગે તો બહુ વહેલું ગણાશે. બાર વાગે જવાથી આપણા મિત્રોને અગવડ થશે..." રણજીત પણ મવાલીની માર્મિક ભાષામાંજ જવાબ આપવા લાગ્યો.

"તમે ખરેખર એમ ધારો છો?"

"હા. મારી ખાત્રી છે કે, તેઓ નારાજ થશે."

"આહ! મિત્રોને મળવા જવામાં તાજીમ તારીકાની શી જરૂર છે?–"

"હું ખાત્રીથી કહું છું કે, બે વાગ્યા પહેલાં આપણે જવાના નથી."

"તમારી અક્કલ બહેર મારી ગઇ છે?—"

"મેં મારો નિશ્ચય જણાવ્યો છે, અને ખુદાના કસમથી કહું છું કે બે વાગા પહેલાં હું અહિંથી ઉઠવાનો નથી."

"ફીકર ન કરો. મારૂં ઘર આખી રાત ઉઘાડું રહે છે." મહમદ કામાટી તરફ જોઇ બોલ્યો.

"ભલે ત્યારે! દોસ્ત! તમારી મરજી બે વાગે જવાની હોય તો બે વાગે–" કામાટી રણજીતની મક્કમતા આગળ શરણે થયો.

"લ્યો, આ તારી ઘરવાળી પણ આવી પુગી..." મ્હાલીને બારણા પાસે આવેલી જોઇ મહમદ બોલ્યો. બીજી પળે મ્હાલી અંદર આવી અને રણજીતની સામે બેસી, કામાટી તરફ જોઇને બોલી: "બધું બરાબર છે–લાઇમ ક્લીઅર છે. આ જુવાને જેવી વાત કરી હતી તેવુંજ છે..."

"કેમ? હું કહેતો હતો ને?..." રણજીત વચ્ચે બોલ્યો.

"મ્હાલીનેજ બધી વાત કરવા દો. તું શું તપાસ કરી આવી?" કામાટીએ છેલ્લું વાકય મ્હાલી ડોશીને સંબોધ્યું. મહમદ પહેલવાન જાણી જોઇને ત્યાંથી ખસી ગયો. ડોશી સાથે તેનો દીકરો પાછો આવ્યો નહોતો. પણ તેને વિષે તેણે કંઇ તપાસ ન કરી. ડોશી જાન મહમદનો કંઇ કામ પર રોકી આવી હશે તે તે સમજી ગયો હતો.

"હું જાનમહમદને લઈ ગાડીમાં બેસી વાલકેશ્વર ગઇ. રણજીત-ભાઇએ આપેલી નિશાની પ્રમાણે ૧૭ નંબરનો રૂમ શોધી કાઢતાં મને વાર લાગી નહિ. જાનમહમદને બંગલા પર દેખરેખ રાખવાને એક જગ્યાએ ઉભો રાખ્યો અને હું બંગલાના આ... દરવાજામાંની બારીમાંથી કમ્પાઉંડમાં ગઇ. બંગલા પાસે જઇ મેં કરૂણાજનક સ્વરે બુમ પાડી: 'ભાઇ જરા બારણાં ઉઘાડોને—" મારી બુમ સાંભળી એક નોકરે બારણું ઉઘાડયું. મેં આંખમાં પાણી લાવી મારો વ્હાલો પોપટ ઉડી જવાની વાત કરી. હું આસપાસના બધા બંગલાના બગીચા તપાસી આવી છું. પણ મારો પોપટ નહિ મળવાથી હું તેને આ બંગલાના બગીચામાં જોવા આવી છું એમ કહ્યું. મેં આ વાત રડતાં રડતાં કરી અને મધરાતને શુમારે હું પોપટને શોધવા નીકળી પડી હતી તે જોઇને નોકર પર ઉંડી અસર થઈ. તેણે ખુશીથી મને બંગલામાં દાખલ કરી, અને પાછળના બગીચામાં મારો પોપટ શોધી લેવાનું કહ્યું. તેનો આભાર માંનિ હું ઘરમાં દાખલ થઈ અને પળવારમાં મેં જોવા જેવું જોઇ લીધું—"

"શાબાશ! માશુક મળજો તો તારા જેવીજ મળજો." લક્ષ્મણ કામાટી પોતાની કાણી માશુક પર ફીદા થઇ બોલ્યો. "રણજીત! દોસ્ત! જોયુંને? મારી મ્હાલી કેવી ચાલાક છે?—"

"ખરેખર ઘણીજ ચાલાક છે. એને લીધે આપણું કામ સહેલા-ઇથી પાર પડશે." રણજીત હસીને બોલ્યા: "પછી શું ગયું?"

"બંગલામાંથી હું બગીચામાં ગઈ.' મ્હાલીએ વાત આગળ ચલાવી અને ત્યાં જઇને મેં "મીઠુ મીઠુ" કહીને જાણે પોપટને બોલાવતી હોઉં તેમ આમ તેમ ફરીને બુમો પાડવા માંડી. મારો હેતુ બગીચાની આસપાસની દિવાલ તપાસવાનો હતો તે તો તમે જાણો છો. દિવાલ લગભગ આઠેક ફીટ ઉંચી છે. દીવાલની ઉપર કાચ જડેલા છે. પણ એક જગ્યાએ દિવાલની બહાર મોટું ઝાડ આવેલું છે. એ ઝાડપરથી

કમ્પાઉંડમાં સહેલાઇથી કુદીને જઈ શકાશે. બંગલો એકજ માળનો છે. ભોંયતળીએ આઠ બારીઓ છે. પણ તેને સળીઆ નથી. પહેલા માળની બારીઓને સળીઆ છે. પણ તે એસીડથી તોડી નાખવામાં ધાડ મારવી પડવાની નથી.”

“શાબાશ! શાબાશ!–” કામાટી મ્હાલીને ધન્યવાદ આપવા લાગ્યો.

“પોપટને શોધવામાં હું નિરાશ થઈ પાછી રડવા લાગી. બંગલાંનો નોકર ભલો માણસ હતો. તેણે મને દિલાસો આપ્યો: વાતમાં ને વાતમાં તેણે મને કિમતી ખબર આપી દીધી. બંગલામાં એક રૂમમાં હજારો રૂપીઆ છે અને તે ચોરાઈ જવાની તેને બીક લાગે છે -એમ તેણે મને કહ્યું. એ ભલા માણસે મને તીજોરીવાળો ઓરડો શુધ્ધાં બતાવ્યો અને મેં તેની નજર ચુકવીને ઓરડાનું તાળું જોઇ લીધું એટલુંજ નહિ પણ મીણમાં તે તાળાનો આકાર પણ પાડી લીધો. આ રહ્યો તે આકાર–” કહી એક ડ્બાડીમાં મીણમાં પાડેલો તાળાનો આકાર તેણે કામાટીના હાથમાં મુકયો.

“શાબાશરે મારી કાણી!–” લક્ષ્મણ કામાટી ખૂશી થઇ બોલ્યો: “જાનમહમદ કયાં છે?”

“હું તેને બંગલાની પાસે તપાસ રાખવા મૂકી આવી છું. એ નાનો મવાલી ગટરમાં ભરાયો છે અને કોઇ આવ્યું હશે, તો તે આપણે જઈશું ત્યારે ખબર આપશે.”

“સારૂં કર્યું.” કામાટી બોલ્યો, અને તેજ પળે તે ચિત્તાની પેઠે રણજીત પર તૂટી પડયો. રણજીતને તેનાં પર હુમલો થશે તેનો સ્વપ્ને પણ ખ્યાલ ન્હોતો, એટલે કામાટીના લોખંડી પંઝામાં તે સપડાઇ ગયો. કામાટીએ જોરથી તેની ગળચી પકડી, અને તેને ઉંચકીને ઓરડાના ખુણામાંના એક ભોંયરામાં ફેંકી દીધો. કામાટીએ એટલી ત્વરાથી રણજીતને પકડી લીધો હતો, કે રણજીત બીલકૂલ બચાવ કરી શકયો નહિ. કાણી મ્હાલી આ ભયંકર બનાવ જોઇને થરથરવા લાગી. કામાટીના ગુપ્ત હેતુની ખબર ન હતી. લક્ષ્મણ કામાટી આ ભયંકર

સ્થાનની તસુએ તસુ જગ્યાથી માહિતગાર હતો. રણજીતને ભોંયરામાં નાંખી મ્હાલીનો હાથ પકડી ઓરડામાંથી બહાર નીકળતા બોલ્યાઃ "મ્હાલી! સાવધ રહેજે, તારી કટાર તૈયાર રાખજે."

"ડોશી કંઇ બોલી નહિ. કામાટીની ખૂની આંખો જોઇ, તે પણ ડરી ગઇ હતી.

"ઉતાવળ કર. જો આપણને પકડાવી દેવાની બાજી હશે, તો હવે કંઇ ડર નથી. જો તેમ નહિ હોય તો બધી દોલત આપણે લુંટી લાવીશું."

બંને બદમાસો બહાર નીકળી ગયા, પણ ભોંયરામાં રણજીતનું શું થયું?

બદમાસ કામાટીએ તેને ઉપરથી ભોંયરામાં ફેંકી દીધો હતો અને ભોંયરાના દ્વાર પર ભારી પત્થરનું ઢાંકણ મૂકી તે ચાલ્યો ગયો હતો. ભોંયરાની નીચે પછડાવાથી રણજીત બેભાન થઈ ગયો. તેના માથાને સખત વાગવાથી લોહી નીકળવા લાગ્યું. થોડીવાર પછી તે ભાનમાં આવ્યો. છતાં તે ક્યાં હતો અને શું થયું હતું તે તેને સમજાયું નહિ. અચાનક તેને એમ લાગ્યું કે તે પાણીમાં પડયો છે. તેના બધા કપડાં ભીંજાઈ ગયા છે અને ભોંયરામાં પાણી વધતું જાય છે. સવત્ર ઘોર અંધકાર હતો. પાણીના વહેણના અવાજ વિના બીજો કોઇ પણ અવાજ સંભળાતો ન્હોતો. રણજીતને લાગ્યું કે તેની સામે જમના દુત આવી પુગ્યા છે. મહા મહેનતે તે ઉભો થયો. તે લાંબો અને કદાવર માણસ હતો. પણ ભોંયરામાં પગથીઆ ન્હોતા એટલે ઉપર ચઢી શકાય તેમ ન્હોતું. વળી ઉપર પ્રકાશનું એક પણ કિરણ દેખાતું ન્હોતું. બદમાસ કામાટી તેને ભોંયરામાં કેદ કરી ગયો છે એવું હવે તેને ભાન આવ્યું. તે દાંત કચકચાવવા લાગ્યો. પણ તેનો ક્રોધ નકામો હતો. તે લાચાર થઇ ગયો. તેની નિરાશા વધવા લાગી. તેની કમ્મર સુધી પાણી ચઢી ગયું. આજે મુસળધાર વરસાદ વરસ્યો હતો અને ગટરો ઉભરાઈ ગઇ હતી. આ ભોયરાને એક ગટર સાથે સંબંધ હતો અને ગટરનું પાણી ધમધોકાર ભોંયરામાં આવતું હતું. જેમ જેમ પાણી ચઢવા લાગ્યું તેમ તેમ રણજીતને મૃત્યુ નજીક આવતું જણાયું. તેને

પોતાના જાનની પરવા ન્હોતી પણ તે દગાથી આ ભોંયરામાં પાણીમાં ડુબીને ઉંદરની પેઠે મરી જવા માગતો ન્હોતો.

રણજીતનો પોતાનો જાન જોખમમાં હતો. છતાં તે બહાદુરસિંહને ભુલ્યો ન્હોતો. બહાદુરસિંહ પર બદમાસો અચાનક હલ્લો કરશે તો તેનો જાન જશે એ ખ્યાલ તેને ગુંગળાવી રહ્યો હતો. ભોંયરામાં પાણી ચઢયા જતા હતા. રણજીતને તરતાં આવડતું હતું પણ ભોંયરૂ સાંકડું હતું અને ત્યાંથી બહાર નીકળવાના રસ્તાની તેને ખબર ન્હોતી. જેમ જેમ પાણી વધવા માંડયું તેમ તેમ ભોંયરામાંના ઉંદરો જાન બચાવવા માટે આમથી તેમ કૂદવા લાગ્યા. કેટલાક ઉંદરો રણજીતના શરીર પર ચઢી ગયા. રણજીતને પોતાના સાહસ માટે પસ્તાવો થવા લાગ્યો. તે પરમાર્થ માટે નીકળ્યો હતો. પણ કમળાના પુત્રની ખબર મેળવવા આવતાં તેણે બહાદુરસિંહનો જાન જોખમમાં નાખ્યો હતો. તે પોતાના અવિચારી કામ માટે પોતાની જાતને ધિક્કારવા લાગ્યો. અંતે કોઇ તેની બુમ સાંભળી તેને બચાવશે એવી આશાથી તેણે જોરથી ચીસો પાડવા માંડી. પણ કોઈ તેની મદદે આવ્યું નહિ. હવે પાણી તેના ગળા સુધી ચઢી ગયું, અને તે હતાશ થઈ પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યો.

આ સમયે ભોંયરાવાળા ઓરડામાં કોઈના પગલાં સંભળાયા.

"જૂઓ, અહિં કોઇ નથી." એક અજાણ્યા માણસે કહ્યું.

"હા. અહિં તો કોઈ નથી." કાનજી કસાઇનો અવાજ સંભળાયો. "અફસોસ! એ ક્યાં ગયા હશે?—"

રણજીતે કાનજીનો અવાજ સાંભળ્યો, અને તે એક કારમી ચીસ પાડી બેભાન થઇ ગયો. તરતજ કાનજી કસાઇએ ભોંયરા પરનો પત્થર ખસેડી નાંખ્યો. તેણે ભોંયરામાં એક સીડી મુકી, અને ભોંયરાને તળીએથી એ બેભાન રણજીતને ઉપર લઈ આવ્યો.

કાનજી કસાઈ અણીને વખતે રણજીતને બચાવવા શી રીતે આવ્યો, તે હવે પછી જોઇશું.

પ્રકરણ ૧૨ મું.

હબસી ડાકતર.

રણજીતને મૃત્યુના ભયંકર પંઝામાંથી બચાવી કાનજી કસાઈ વાલકેશ્વર પરના બંગલામાં લઇ ગયો. એજ મકાન બદમસ મ્હાલો ડોશી તપાસી ગઈ હતી. રણજીત આ બંગલાના એક ઓરડામાં પલંગ પર બેભાન હાલતમાં પડયો હતો. ખુણામાં એક ટેબલ પર વીજળીનો લેમ્પ સળગતો હતો. જમીન પર સુંદર ગાલીચો બીછાવેલો હતો અને દરદીને વીજળીની બત્તી ન લાગે તે માટે તેના પલંગ પર લીલો પરદો નાંખવામાં આવ્યો હતો.

પલંગની પાસે એક ખુરશી પર એક હબસી બેઠો હતો. તેનું કદ મધ્યમ હતું. વાળ સફેદ થઇ ગયા હતા. તેની આંખો ચળકતી હતી અને તેની ભમ્મર તેની ચામડીના રંગ કરતાં પણ વધારે કાળી હતી. તેના એક હાથમાં ઘડીઆળ હતું અને બીજે હાથે રણજીતની નાડ પકડી તે નાડના ધબકારા ગણતો હતો. આ હબસી વૈદ પોતાના નિદ્રસ્થ દરદીને ગંભીર અને દિલગીર ચહેરે જોઇ રહ્યો હતો.

હબસીની પાસે કાનજી કસાઈ પત્થરના પૂતળા પેઠે ઉભો હતો. તેના બધાં કપડાં ભીનાં અને કાદવવાળા હતા. ટાઢથી તે થરથરતો હતો પણ તેની તેને પરવા નહોતી. રખેને પોતાનાથી જરા પણ અવાજ થાય તો રણજીતની ઉંઘમાં ખલલ થશે એવા ભયથી તે હાથ જોડીને સ્તબ્ધ ઉભો હતો.

"આહ! દાકતર સાહેબ! બેભાન હાલતમાં પડેલા શેઠે મને એકવાર ભૂ પીલો કરી નાંખ્યો હતો એમ કોણ માનશે?...પણ શેઠ જલદી સારા થઇ જશે અને પાછા પહેલાના જેવાજ બળવાન બનશે. ખરૂં કેની?—" તેણે રણજીત તરફની અત્યંત લાગણીથી હબસીના કાનપર વાંકૂ વળીને તદન ધીમા સ્વરે કહ્યું.

હબસીએ હાથના ઇસારાથી તેને ચૂપ રહેવાની આજ્ઞા કરી, અને થોડીવાર પછી કહ્યું: "પેલી બાટલી લાવ."

કાનજી જરા પણ અવાજ ન થાશ, તે માટે અંગુઠા પર ચાલીને જે ટેબલ પર દવાની બાટલી પડી હતી ત્યાં ગયો. તેણે અત્યંત સંભાળથી બાટલી હાથમાં લીધી. રખેને બાટલી પડી જાય એવી બીકથી તેણે નાની નાજુક બાટલીનું ગળું એવા જોરથી પકડયું કે, બાટલી તૂટી ગઈ, અને કાચના કટકા તથા દવા ગાલીચા પર વેરાઈ ગયાં. કાનજી ભોંઠો પડી રડવા જેવો થઈ ગયો, અને ફાટી આંખે હબસી તરફ જોઇ રહ્યો.

"ગધેડો!–" હબસી બગડયો.

"ખરેખર, હું ગધેડો છું. મારૂં નસિબ!–" કહી કાનજીએ દુઃખ ભર્યા કકળાટથી કપાળ કૂટ્યું.

"આમ જો! ફીકર ના કર. તેં ભળતીજ બાટલી ફોડી નાંખી છે. પેલી શીશી લાવ—"

"કઇ પેલી લાલ દવાવાળી?—"

"હા. એ શિવાય ટેબલ પર બીજી શીશીજ નથી."

કાનજી અત્યંત સાવધતાથી પાછો ટેબલ પાસે ગયો.

"સંભાળજે! તારા પગમાં કાચ નાહ ભોંકાય–" ડાક્તરે તેને ચેતાવ્યો, પણ કાનજીને, રણજીતની સેવા કરવા શિવાય બીજું કશું ભાન ન્હોતું. આ વખતે તે હબસીએ માગેલી બાટલી ફુલની પેઠે લઇ આવ્યો, અને શીશી હબસીના હાથમાં જતાંજ તેના પગ નીચે કાચ કચડાવાનો અવાજ સંભળાયો.

"મુર્ખાના સરદાર! તું લંગડો થવા માંગે છે?"

"તમે મારી પરવા ન કરો. મારા પગના તળીઆ હાથીના તળીઆ જેવા છે. અને કાચની ઇજા થવાની નથી, અને થશે તો તેની મને પરવા નથી" કાનજીએ કહ્યું. હબસી રણજીત તરફની તેની ફીદાગીરી જોઇ છક્ક થઈ ગયો.

"એક ચમચી લાવ—"

કાનજીએ તરતજ હબસીના હાથમાં ચમચી મુકી.

હબસીએ ચમચામાં દવાના થોડાંક ટીપાં નાંખી તે રણુજીતના મ્હોમાં નાંખ્યાં. થોડીક પળમાં તેની અસર થઇ. રણુજીત જોરથી શ્વાસ લેવા લાગ્યો અને તેણે પાસું ફેરવ્યું.

"આહ! હવે શેઠ સાવધ થતા જાય છે. હવે કંઈ ભય નથી." હબસી વૈદ મનમાં બબડયો. કાનજીએ તેના શબ્દો સાંભળ્યા અને તે આનંદના આવેશમાં કુદવા લાગ્યો.

"શાબાશ! દાક્તર સાહેબ! શાબાશ—"

"ચુપ રહે—"

"ચારૂ સાહેબ!—"

"બેસી જા—"

"ઓ દાકતર સાહેબ! મારાં કપડાં તો જુઓ! હું બેસીશ તો ખુરશી કાદવવાળી થશે.

"તો નીચે બેસ—"

"ગાલીચો બગડશે."

"તારે ગમે તેમ કર. પણ ખુદાને ખાતર ચુપ રહે." હબસી કંટાળ્યો.

થોડીકવાર ઉભા રહ્યા પછી કાનજીએ એક લોખંડની ખુરશી લીધી. પોતાના કાદવવાળા ડગલાનો ભાગ પકડી હાથમાં લીધો અને ખુરશી ન બગડે એવી રીતે તે પર બેસવા ગયો. પણ અતિશય સાવધાનીથી તેણે સમતોલપણું ગુમાવી દીધું. ખુરશી ઉંધી વળી ગઇ. કાનજી ગાલીચાપર એક બાજુએ ગબડી પડી નાની ટીપોઈ સાથે અથડાયો અને ટીપોઈ પરના કાચના પ્યાલા જમીન પર પડી ફુટી આવા મોટા અવા-

જેથી હબસી પણ પોતાની ખુરશી પરથી ઉભો થયો. રણજીત અચાનક ચમકી ઉઠયો. તેણે હાથની કોણીના ટેકાથી માથું ઉંચુ કર્યું અને આસપાસ જોવા લાગ્યો. તરતજ તેણે પુછ્યું: "દેવીડ ! બહાદુરસિંહ ક્યાં છે ?—"

"અન્નદાતા ! હું ખાત્રી આપું છું કે બહાદુરસિંહ જલદી સારા થશે." હબસીએ જવાબ આપ્યો.

"તે જખમી થયો છે ?" રણજીતે પુછ્યું.

"જી હા."

"હૂં તેને જોવા જાઉં ?" કહી રણજીતે ઉઠવાની કોશેષ કરી હતી. પણ તે નબળાઇને લીધે બીછાનામાં પડી ગયો: "મારાથી ચલાતુ નથી. મને બહાદુર પાસે લઇ જા."

"અન્નદાતા ! બહાદૂરસિંહ ઉંધે છે. હમણાં તેમને જગાડવામાં સાર નથી."

"તું ખોટું બોલે છે. બહાદુર મરી ગયો છે—તેનું બદમાસોએ ખુન કર્યું છે અને હું કમબખ્ત તે માટે કારણભુત છું." રણજીત દુઃખી અવાજે બોલ્યો.

"અન્નદાતા ! તમે જાણો છો કે હું જુઠું બોલતો નથી. હું તમને કહું છું કે બહાદુરસિંહ જીવે છે અને જો કે તે ગંભીર જખમી થયા છે છતાં સાજા થવાની દરેક આશા છે."

"મને લાગે છે કે બહાદુરના મરણની ખબરનો આઘાત મને વધારે ન લાગે તે માટે તું આવી વાત કરે છે. બહાદુરની સ્થિતિ ભયંકર છે ?

"નામદાર ! હું ફરીથી કહું છું કે બહાદુરસિંહ જલદી સાજા થશે." હબસી બોલ્યો.

"સાંભળ. તું જાણે છે કે મને તારાપર વિશ્વાસ છે. જ્યારથી તું મારે ત્યાં આવ્યો છે ત્યારથી મેં તારા પર અખંડ વિશ્વાસ મુક્યો છે. જો તને કોઇ સ્પેશીયાલીસ્ટની સલાહની જરૂર જણાય..."

"મને પહેલાં એવો વિચાર આવ્યો હતો અન્નદાતા! પણ હવે કોઇ સ્પેશીઆલીસ્ટની જરૂર નથી. વળી તમારા ગઇ કાલના હુકમને લીધે મેં કોઇ અજાણ્યા માણસને બંગલામાં લાવવાનું દુરસ્ત ધાર્યું નથી–"

"વારૂ. પણ આ બધું શી રીતે બન્યું? પેલા ભયંકર ભોંયરામાં ઉંદરની પેઠે મરી જતો મને કોણે બચાવ્યો? મને એવું ઝાંખું સ્મરણ છે કે મેં કાનજીનો અવાજ સાંભળ્યો હતો. એ ખરી વાત છે?–"

"હાજી. એ બહાદુર માણસજ તમને બધી વાત કહેશે." હબસીએ કહ્યું.

કાનજી પોતાનું નામ સાંભળી શરમાઇને પલંગની પાછળ છુપાઇને ઉભો હતો.

"કાનજી ક્યાં છે? તેનું શું થયું?"

"તે અહિંજ છે, પણ તમારી પાસે આવતાં શરમાય છે."

"કાનજી! મારા વ્હાલા દોસ્ત! અહિં આવ–" રણજીતે જરા હાથ લાંબો કરી કહ્યું.

હબસી દાક્તર રણજીતને "નામદાર! અન્નદાતા!" વિગેરે સંબોધનોથી બોલાવતો હતો, તે સાંભળીને કાનજી મુઝાઇ ગયો હતો. તે રણજીતને સામાન્ય ચિત્રકાર માનતો હતો, પણ હવે તે કોઈ મોટો રાજા હશે, કે શાહ સોદાગર હશે એમ તેને લાગ્યું. આવા વીચારોથી મૂઝાઇને તે બ્હીતો–શરમાતો–અચકાતો રણજીતની પાસે ગયો.

"સાહેબ! અન્નદાતા! નહિ–મારા નામદાર! હું તમારી માફી માંગુ છું..."

"કાનજી! તું મને રણજીત કહીનેજ બોલાવ. મને એ નામ વધારે ગમે છે..." કહી રણજીતે શેકહેંડ કરવા પોતાનો હાથ લંબાવ્યો.

"વારૂ સાહેબ!....પણ મારા હાથ ગંદા છે—"

"કંઈ ફીકર નહિ. તારો હાથ લાવ."

કાનજી તેની માયાળુ લાગણીથી મહાત થયો. તેણે રણજીતના ઠંડા હાથ પર પોતાનો રાઠોડી હાથ મૂક્યો, અને રણજીતે તે વ્હાલથી દાબ્યો.

"બેસ, અને મને બધી વાત કર. તું ભોંયરાવાળા ઓરડામાં કેવી રીતે આવ્યો?...પેલો બદમાસ કામાટી—"

"અન્નદાતા! કામાટી અને તેની બલાને સુરંદટાટ બાંધીને બંગલામાં કેદ કરવામાં આવ્યા છે." હબસીએ કહ્યું.

"અને મારો બહાદૂર? મારો દિલોજાન દોસ્ત! તેને ક્યાં જખમ થયો છે દેવીડ?—"

"પેટમાં જમણી બાજુએ."

"હું એ માટે ભયંકર વેર લઇશ. દેવીડ! તેમાં તારી મદદની જરુર પડશે.

"સવક તમારી સેવામાં હંમેસાં હાજર છે, નામદાર!" હબસીએ કહ્યું.

"તું મને અહિં કેવી રીતે લાવ્યો?" રણજીતે કાનજીને પુછ્યું.

"રણજીતભાઇ! શેઠ! સાહેબ! અન્નદાતા?..."

"તું મને રણજીતજ કહે—"

"વારૂ—વારૂ. પણ મને મારી રીતે પહેલાંથીજ બધી વાત કરવા દો."

"તારી મરજી પડે તે રીતે વાત કર."

"રણજીતભાઈ!—" કાનજીએ બોલવું શરૂ કર્યું. "તમે જાણો છો કે ગરીબડી ગુલાબને લઇને તમે ગામ ગયા અને ત્યાંથી પાછા ફર્યા પછી તમે મને કહ્યું હતું કે કામાટીને શોધી કાઢી તેને કહે કે એક

જગ્યાએથી ખુબ માલ મળે એમ છે. પણ હું ચોરી કરવા માગતો નથી તેથી જો તે તમને મળશે તો તેને છક્કાં થશે. તમે કામાટીને ફોરાશ રોડ પરના પરશીઅન બારમાં રાતે દશ વાગે મળવાનું કહ્યું હતું—"

"હા-પછી ?—" રણજીત બોલ્યો.

"તમારાથી છુટો પડી હું ગઈકાલે સવારે તેરમી ગલીમાં ગંગા ડોશીના અડ્ડામાં ગયો. પણ ત્યાં કામાટી ન્હોતો. હું તેને ઘેર આંટો મારી આવ્યો. તો ત્યાં પણ તે મળ્યો નહિ. અગીઆર વાગ્યા પછી હું બે ચાર પીઠામાં જઈ આવ્યો પણ મારા ફેરા નકામા ગયા. અંતે તાર દેવ તરફ એક દરજીની દુકાને મને કામાટી અને મ્હાલી ડોશી મળી ગયા. તમારી તપાસ કરવા આવેલો પેલો લંબુસ કામાટી પાસે લુંટાઈ ગયો હતો. તેની સાથેની પુરૂષ વેષધારી સ્ત્રીના દાગીના પણ એ ચંડાળ જોડીએ લુંટી લીધા હતા. તેનો ખુરદો કરવા બન્ને દરજીની દુકાને ગયા હતા. આ દરજી પોલીસની આંખમાં ધુળ નાખવા માટેજ સીવવાનો સંચો રાખે છે. પણ તેનો ખરો ધંધો ચોરીનો માલ રાખવાનો છે. હું ગયો ત્યારે કામાટી પોતે વેચેલી ચીજોના પૈસા ગણતો હતો. રસ્તે પડતાં મેં તેને તમારી યોજનાની વાત કરી અને તે તરતજ કબુલ થયો—જો કામાટી તમને રાતે બારમાં મળવાનું કબુલ કરે તો મારે આ બંગલામાં આવી રહેવું એમ તમે મને કહ્યું હતું. તમે મને બીજી વાત કરી ન હતી. પણ મેં વિચાર કરી એવી કલ્પના કરી કે ચોરીને બહાને તમે કામાટીને પકડવાની જાળ બીછાવી રહ્યા છો. કામાટી પહેલા નંબરનો ચોર અને ખુની છે. તે ગમે તેની છાતીમાં છુરી ભોકી દેતા ડરતો નથી. અત્યાર આગમજ તેણે બે ત્રણ ખુન કર્યાં હતા..."

"આહ! મેં જો તને બધી વાત કહી દીધી હોત તો મારા બહાદુરને કંઈ ઇજા ન થાત—" રણજીત ગણગણ્યો.

"સાહેબ! શેઠ! મારા નામદાર! કોણ જાણે કેમ પણ તમારી વફાદારીથી સેવા બજાવવાનો મેં નિશ્ચય કર્યો હતો. તમે મને ખુબ પૈસા આપો છો અને તમે મોટા માણસ હોવા છતાં આ કંગાળને તમારા દોસ્ત જેવો ગણો છો તેથી હું તમારે માટે મારો જાન આપવાને તૈયાર છું. કામાટી તમને રાતે મળે ત્યારે તમે બંગલામાં ચોરી કરવાની સુચના કરવાના હતા તે હું જાણતો હતો. પણ કામાટી બહુ લુચ્ચો માણસ છે. તેને પકડાવી દેવા માટે કંઇ જાળ બીછાવાતી હશે એમ ધારીને તે રાતે ને રાતે કામ પતાવી દેવાની હઠ લઈ બેસશે અને કદાચ તમને ભાગ આપવો પડે એમ ધારી તમને ઇજા પણ કરશે. એમ ધારી હું એક જગ્યાએ સંતાઇ રહ્યો. રાતના દશ વાગી ગયા. પણ કોઈ આવ્યું નહિ. હું મારી જગ્યાએથી નીકળવાની અણી પર હતો એવામાં બદમાસ મ્હાલી ડોશી જાન મહમદને લઇ આવતી જણાઇ. જાનમહમદને જોતાં હું સમજી ગયો કે તમે કામાટી સાથે મહમદ પહેલવાનને ઘેર હશો અને ડોશી અગાઉથી બંગલાની તપાસ કરવા આવી હશે. હું ડોશીનું કરતુક જોવા લાગ્યો. તેણે બારણા ઠોકયા. બહાદુરસિંહે બારણા ઉઘાડયા. ડોશી બગીચામાં થોડી વાર ફરી આવી અને પછી જાનમહમદને અહિં મૂકી ચાલી ગઇ. હું સમજી ગયો કે હવે રમત શરૂ થવાની. બહાદુરસિંહને ચેતાવવાનો મને વિચાર આવ્યો પણ એટલામાં કામાટી આવી પડે તો? જાનમહમદ મને જોઇને બદમાસોને ખબર આપી આવે તો? આવા વિચારથી હું બહાદુરસિંહને મળ્યો નહિ.

મ્હાલી ડોશી ગયા પછી હું મારી જગ્યાએથી બ્હાર નીકળી લંગડો જાનમહમદ સંતાયો હતો ત્યાં ગયો અને તે છોકરાને ખુબ મેથીપાક જમાડી મેં તમે ક્યાં છો તે જાણી લીધું. જાનમહમદને સાથે રાખી હું એક ઝાડ પર ચઢી ગયો. એ ઝાડ બગીચા પાસેજ છે. થોડીવારમાં કામાટી અને મ્હાલી ડોશી બગીચામાં દાખલ થયા. તમને તેઓની સાથે નહિ જોવાથી મને કાંઇ શંકા આવી અને હું ઝાડ પરથી મ્હાલી ડોશી પર તુટી પડયો. ડોશીને મેં એ મુક્કામાંજ જમીન પર તોડી પાડી. પછી હું કામાટી તરફ દોડયો. પણ અફસોસ! હું જાઉં તે પહેલાં બદમાસ કામાટીએ બહાદુરસિંહને જખમી કર્યા હતા—"

"આહ! મારો બહાદુર મિત્ર!—"

"તે પછી હું કામાટીપર વકરાયલા વાઘની પેઠે તુટી પડયો. મારામાં એટલું બધું જોર ક્યાંથી આવ્યું તે હું પણ સમજી શકતો નથી. અમે બે જંગલી આખલાની પેઠે લડવા લાગ્યા. કોઇવાર તે મારી છાતીપર ચઢી બેસતો તો કોઈવાર હું તેને જમીન પર પછાડતો. એવામાં ડોશી આવી લાગી. અને કામાટી બરાડયો: "મ્હાલી! મારી છરી પડી ગઇ છે. તે શોધી કાઢી આ હરામખોરને પુરો કરી નાંખ." ડોશી છરી શોધવા લાગી. થોડીવારમાં તેને છરી મળી ગઈ. પણ મેં તેને સુતા સુતા છાતીમાં એવી લાત મારી કે તે ચીસ પાડી ગબડી પડી. આ સમયે બહાદુરસિંહે બેચાર માણસો મારી મદદે મોકલ્યા. તેઓએ કામાટી અને ડોશીના હાથપગ બાંધ્યા. બહાદુરસિંહ જખમી થયલા હતા અને દાક્તર સાહેબને ખભે હાથ મૂકી ઉભા હતા. તે પછી મને તમારો વિચાર આવ્યો અને હું બહાદુરસિંહને કહી તમારી શોધમાં નીકળ્યો. તમે મહમદને ત્યાં છો એ વાત મેં જાનમહમદ પાસે જાણી લીધી

હતી. પણ વધુ ખાત્રી કરવા માટે મ્હાલી ડોશીને ગળચીમાંથી પકડી. એ નીચ દુષ્ટાએ ગુલાબ પર જૂલમ ગુજાર્યો હતો તેથી મને તેની જરાપણ દયા ન આવી. જોરથી ગળચી દબાવતાં તેણે મને કહ્યું કે તમે મહમદ પહેલવાનને ત્યાં છો. હું સીધો ગોળપીઠા ગયો. મહમદ સાથે પણ બદમાશ કામાટીએ કાંઇ લુચ્ચાઇ કરી હતી એટલે તે મને તરતજ તમે કામાટી સાથે જે ઓરડામાં બેઠા હતા તે ઓરડામાં લઈ ગયો અને મેં તમને ભોંયરામાંથી બચાવી લીધાં. કામાટી તમને ભોંયરામાં નાંખી ગયો હતો એ વાતની મહમદને પણ ખબર ન હતી. એટલે તમને મોતના પંઝામાં જોઇને તે પણ કામાટી પર ગૂસ્સે થઈ ગયો હતો. મહમદને ત્યાંથી હું તમને અહિં લઈ આવ્યો—" કહી કાનજી શ્વાસ ખાવા લાગ્યો.

"મારા વફાદાર દોસ્ત!" રણજીત કાનજીના ખભાપર હાથ ઠોકી તેને શાબાશી આપતો બોલ્યો: "તેં મારો પ્રાણ બચાવ્યો છે. તારા ઉપકારનો બદલો મારાથી કદિ પણ વળી શકે એમ નથી. પણ હવે કદિ તારે હલકા માણસોની વચ્ચે રહેવું પડશે નહિં. દેવીડ!–" તેણે હબસી દાકતર તરફ ફરી કહ્યું; "જા, બહાદુરસિંહને કેમ છે તે જોઇ આવ".

હબસી ચુપચુપ બહાર ગયો.

"કામાટી ક્યાં છે? કાનજી!"

"પેલી કાણી ડોશી સાથે અમે તેને એક ઓરડામાં પૂર્યો છે. તમે તેને પોલીસને હવાલે કરશોને?"

"નહિ."

"ત્યારે શું તેને છોડી દેશો? રણજીતભાઇ! એવી ખોટી ભલાઇ ન બતાવતા. એ બદમાસ હડખાયા કૂતરા જેવો છે. એ છૂટો ફરે તેમાં લોકોની સલામતી નથી." કાનજી બોલ્યો.

"કાનજી! ગભરા ના. હવે પછી એ હડખાયો કૂતરો કોઇને કરડી શકશે નહિ."

"ત્યારે તમે તેને કોઇ કેદખાનામાં પૂરી રાખવાના હશો."

"નહિ. અરધા કલાકમાંજ તે અહિંથી રવાના થશે."

"કોણ? કામાટી રવાના થશે?"

"હા."

"તમે તેની સાથે ચોકીદાર મોકલશો ને?"

"નહિ."

"તમે તેને તદ્દન છૂટો કરી દેશો?"

"હા."

કાનજી અજબ થઈ ગયો. તે રણજીતના મનનો ભેદ સમજી શકયો નહિ: "તેને એકલોજ જવા દેશો?"

"હા. અને તે તેની મરજી પડે ત્યાં જઈ શકશે." રણજીત હસ્યો.

આ વખતે પેલો હબસી પાછો આવ્યો.

"બહાદુરને કેમ છે?" રણજીતે પૂછ્યું.

"તે ઉંઘે છે રાજન! તેમનો શ્વાસ ધીમો ચાલે છે." હબસીએ ગમગીન અવાજે જવાબ આપ્યો.

"હજૂ તે ભયમાં છે?"

"કેસ ગંભીર છે, પણ હજી આશા છે."

"વેર! વેર! મારા બહાદુર પર ખુની હુમલો કરનાર પર હું વેર લઇશ. દેવીડ! અહિં આવ—"

દેવીડ રણજીતના કાન પાસે મ્હોં લઈ ગયો. રણજીતે તેને ધીમેથી કંઇ કહ્યું તે સાંભળીને તે થરથરી ગયો.

"હવે તું અચકાય છે? મેં વારંવાર તને એ વાત કહી હતી અને હવે કામ કરવાનો વખત આવ્યો છે"

"નહિ, અન્નદાતા! હું અચકાતો નથી. તમે એ બદમાસને જે સજા કરવા માગો છો તે ભયંકર છે. પણ એવી સજાથીજ તેને ખરો પસ્તાવો થશે. એ રાક્ષસને તો એ સજાથી ઉલટો લાભ થશે. કામાટીએ ઘણા ગૂન્હા કર્યા છે—તે જેલમાંથી નાસી આવ્યો છે અને ગઇકાલેજ તેણે તમારૂં અને બહાદુરસિંહનું ખુન કરવાની કોશેષ કરી હતી."

"તેને બચાવ કરવાની પૂરતી તક આપવામાં આવશે." રણજીત બોલ્યો અને થોડીવાર ચુપ રહી તેણે કહ્યું: "દેવીડ! પાંચ હજાર રૂપીઆ બસ થશેને?"

"બહુ થયા અન્નદાતા!"

"કાનજી! બાજુના રૂમમાં ટેબલના ખાનામાં કોથળી છે. તેમાંથા હજાર હજારની પાંચ નોટ લઇ આવ-"

"તમે એ રૂપીઆ કોઇને આપી દેવા માંગો છો?"

"હા. એ રૂપીઆ હું કામાટીને ભેટ આપવાનો છું. તું તેને પણ આ રૂમમાં લેતો આવજે."

કાનજી ચકિત થઇ બહાર ગયો.

પ્રકરણ ૧૩ મું.

ઇન્સાફ.

ઓરડામાં વીજળીની બ્લુ બત્તી બળતી હતી. રણજીત એક મોટા પહોળો ઝબ્ભો પહેરી ન્યાયાધિશ જેવો એક ટેબલ પાસે બેઠો હતો. ટેબલ પર કામાટીની પાકીટ, મ્હાલી ડોશીની કટાર, લોખંડના સળીઆ કાપવાનું ઓજાર, મ્હાલી ડોશીના ગળામાંનું હનુમાન છાપનું માદળીયું વિગેરે પડ્યા હતા. રણજીતનો ચહેરો અત્યંત ગંભીર હતો. તેની બાજુમાં પેલો સીધી દાકતર બેઠો હતો. કાનજી કસાઈ બીજી બાજુ અદબ વાળી ઉભો હતો. સામે કામાટીને હાથ પગ બાંધી એક આરામ ખુરશી પર બેસાડવામાં આવ્યો હતો. તે હાથ પગ હલાવી શકતો ન્હોતો. એ ખૂનીને ઓરડામાં લઇ આવનારા નોકરો ચાલ્યા ગયા હતા, અને હમણાં ફક્ત ચારજ જણુ એ ન્યાય મંદિરમાં હાજર હતા.

"લક્ષ્મણ કામાટી!–" રણજીત ન્યાયાધિશની પેઠે ગંભીર અવાજે બોલ્યો: "તને લૂંટ, બનાવટી સહી અને ખૂન માટે જન્મ દેશનિકાલની સજા થવાથી વીસાપુરની જેલમાં પૂરવામાં આવ્યો હતો અને ત્યાંથી તું નાસી છૂટયો હતો. તારૂં ખરૂં નામ કાળીદાસ દેશાઇ છે."

"ખોટું–" બદમાસ કામાટી આસપાસ ફાટી આંખે જોઇ બોલ્યો.

"હું ફરીથી કહું છું કે તું કાળીદાસ દેશાઇ છે અને તેં સાંટાક્રૂઝમાં એક મારવાડીને લૂંટી તેનું ખૂન કર્યું હતું."

"હું ફરીથી કહું છું કે આ આરોપ તદન જૂઠો છે."

"ઠીક છે. થોડાજ સમયમાં તને તારા પાપનો એકરાર કરવાની ફરજ પડશે."

કામાટી રણજીત તરફ આશ્ચર્ય ચકિત થઈ જોઇ રહ્યો.

"ગઇ કાલે રાતે તું આ ઘરમાં ચોરી કરવા આવ્યો હતો, અને તેં ઘર ધણીનું ખૂન કરવાની કોશેષ કરી હતી—"

"તમે પોતેજ એ ચોરી કરવાની સુચના કરી હતી." કામાટી જેમ તેમ પોતાનું મન સ્વસ્થ કરી બોલ્યો: "મારા જાન પર હુમલો થવાથી મને મારો બચાવ કરવો પડયો હતો."

"જે માણસને તેં જખમી કર્યો છે તેણે તારાપર હુમલો કર્યો ન્હોતો—તેની પાસે હથિયાર નહોતા. મેં ચોરી કરવાને તને લલચાવ્યો હતો એ વાત ખરી છે. તેમ કરવાનું કારણ હું તને હમણાંજ કહીશ. થોડા દિવસ પર કામાટીપુરામાં એક સ્ત્રી પુરૂષને તેં લુંટી લીધા હતા અને પછી હજાર રૂપીઆ મેળવવાની સરતે તું મારૂં ખૂન કરવા તૈયાર થયો હતો."

"મેં પોતે એ વાત સાંભળી હતી." કાનજીએ કહ્યું.

કામાટીએ કાનજી તરફ ભયંકર ધિક્કારની નજર ફેંકી.

"તારી જીંદગીજ ગુન્હામાં ગઈ છે એટલે તું મારા કહેવાથીજ લલચાઇ જાય એવો નથી."

"તમારા કોઇ સવાલનો હું હવે જવાબ આપવાનો નથી કેમકે તમે મારા ન્યાયાધીશ નથી." મવાલી હઠીલો થયો.

"મેં તને ચોરી કરવાને શા માટે તૈયાર કર્યો હતો તે સાંભળ." રણજીતે કહ્યું: "તું જેલમાંથી નાસી આવેલો કેદી હતો તે હું જાણતો હતો. તારી નિર્દય મારુક મ્હાલીના જુલ્મનો બાળપણમાં ભોગ થયલી કમનસિબ ગુલાબના અસલ માબાપ વિષે તને થોડીક માહિતિ છે તે હું જાણતો હતો. ચોરી કરીને મોટી દોલત મળવાની લાલચથીજ તું મારા પંઝામાં સપડાય તેમ હતું. તેથી મેં તને લલચાવ્યો. તું મારા પંઝામાં

સપડાયો છે. હું જે જાણવા માગું છું તેના તું સાચા જવાબ આપશે તો હું તને આ દેશમાંથી પરદેશમાં નાસી જવાની તક આપીશ; નહિ તો મારવાડીના ખૂન માટે તું ફાંસીને લાકડે મરી જશે."

"એ આરોપ ખોટા છે. મારી સામે ખૂનનો આરોપ પૂરવાર થાય એમ છેજ નહિ."

"તું વીસાપુરની જેલમાંથી નાસી આવ્યો છે. તને પકડીને પાછો કેદમાં મોકલવાથી હું સમાજનું કલ્યાણ કરી શકીશ. પણ જો તું ગુલાબના જન્મની ખરી હકીકત કહેશે, તો તને પરદેશ મોકલી આપી હું ગરીબ ગુલાબને ફરીથી તેના માબાપની શીતળ છાંયામાં મૂકી શકીશ. એક બે દિવસ પરજ અજબ જેવી રીતે મને ખબર મળી કે તું કાળીદાસ દેશાઇ છે."

"એ ખોટું છે. હું કાળીદાસ છુંજ નહિ."

રણજીતે હનુમાન છાપનું માદળીયું હાથમાં લઇ, તે લક્ષ્મણ કામાટીને બતાવી ગુસ્સાભર્યા અવાજે કહ્યું: "બદમાસ! આ પવિત્ર માદળીયુ તારા પુત્રને તારી પત્નીએ આપ્યું હતું, અને તારી પત્નીને એ તેની માતા તરફથી મળ્યું હતું. આ પવિત્ર ધર્મચિહ્ન મ્હાલી જેવી ડાકણને સોંપીને તેં ધર્મનો દ્રોહ કર્યો છે."

કામાટી આ ધડાકાથી ચમકી ગયો. તે નીચું મ્હોડું રાખી ચુપ રહ્યો.

"પંદર વર્ષ પહેલાં તું તારી ગરીબડી પત્ની પાસેથી તારા દીકરાને બળાત્કારથી લઇ ગયો હતો, અને તે છોકરો જીવે છે કે નહિ તે તુંજ જાણે છે. મેં તને ગેર કાયદાસર રીતે કેદ કર્યો છે એ વાત ખરી છે, પણ તેમાં મારો સ્વાર્થ નથી. તેં મારો જાન લેવાનું કાવત્રું કર્યું હતું, પણ તેની મને પરવા નથી. તેં ગઈ રાતે મને મહમદ પહેલવાનના ઘરના ભોંયરામાં નાખી દઇ મારો જાન લેવાનું તરકટ કર્યું

હતું, અને અહિં આવી તેં બહાદુરસિંહનું પવિત્ર લોહી રેડયું હતું. બહાદુરસિંહે તારૂં કંઇ બગાડ્યું ન્હોતું. તેની પાસે હથિયાર ન્હોતા; છતાં તેં તેની છાતીમાં છુરી ભોંકી હતી. તારા જેવા દુષ્ટ શયતાન માટે મૃત્યુ શિવાય બીજી કોઇ સજા નથી. તારી પત્ની અને પુત્રની લાગણીને લીધે હું તને જાહેરમાં ફાંસીએ જતો બચાવું છું, પણ અહિં તારૂં મરણ થશે તો લોકો એમજ સમજશે, કે ચોરી કરવા જતાં તું માર્યો ગયો હશે. માટે તૈયાર થા! તારા ઇષ્ટ દેવનું સ્મરણ કરી મોતને ભેટવા તૈયાર થા!—"

રણજીતની આંખો સ્થિર હતી. તેના ચહેરાપર દૃઢતા હતી. કમાટીને આ રૂમમાં લાવવામાં આવ્યો ત્યારે એ માણસોને તેણે નાગી તલવાર સાથે જોયા હતા. તેની ખાત્રી થઈ ગઇ કે તેના કાળાં કામો જગતમાં જાહેર ન થાય અને તેનું કુટુંબ બદનામ ન થવા પામે તે માટે રણજીત તેને છુપી રીતે મોતની સજા કરવા માગતો હતો. આવા બદમાસો જેટલા જૂલમી અને નિર્દય હોય છે તેટલાજ તેઓ હીચકારા હોય છે. મોતને હસતાં હસતાં વરવાનું શૌર્ય તેમનામાં હોતું નથી. મોતનું નામ સાંભળતાંજ તેની નજર સામે જમદુતો નાચતા હોય એવો તેને ભાસ થયો અને તે પગથી માથા સુધી કમ્પી જઇ બોલ્યો: "દયા! દયા! આ પાપીપર દયા કરો."

"તું દયાને લાયકજ નથી." રણજીતે જવાબ આપ્યો: "જો તને હું મારી નાખીશ નહિ તો તું ફાંસીને લાકડે લટકશે.

"મને ફાંસીએ જવા દો. તેમ થવાથી હું થોડો વધુ વખત જીવી શકીશ. અંતે મને મોતની સજા થવાની છે તો હમણાં મને છોડી દેવાથી તમારૂં શું જવાનું છે? મારાપર દયા કરો—હું દયાની ભીખ માગું છું—"

"તારી સ્ત્રી અને તારા પુત્રના નામ સાથે તારૂં નામ જોડાયલું છે."

"મારૂં નામ અત્યાર પહેલાં હદઅહારનું કલંકિત થઈ ચુકયું છે. મને વધારે નહિ તો આઠ દિવસ જીવવા દો. મારાપર રહેમ કરો–"

"બદમાસમાં બદમાસ ગૂનેહગારો પણ કેટલીકવાર જીંદગી તરફ જેવી બેદરકારી બતાવે છે તેવી બેદરકારી પણ તારામાં નથી." રણજીત ધિક્કારથી બોલ્યો.

"વળી પોતાના હાથમાં કાયદો લઇને બીજાનો ન્યાય કરવાની તમને સતા નથી."

"કાયદો?" રણજીત ગૂસ્સે થયો: "તું કાયદાનું નામ દેવાની હિમ્મત કરે છે? જીંદગીમાં કયે દહાડે તેં કાયદાનું પાલન કર્યું હતું?"

મવાલીએ નીચું જોયું. તે વધારે લાચાર બન્યો: "દયાને ખાતર મને પ્રાણદાન આપો."

"તારો છોકરો ક્યાં છે તે કહે."

"હું તમને બધું કહીશ."

"ગુલાબના માબાપ કોણ છે?"

"મારી પાકીટ બૂકમાં ગુલાબનો અહેવાલ લખેલો છે, તે પરથી તેને મ્હાલી ડોશીને ત્યાં કોણ મુકી ગયું હતું તે જણાશે."

"તારો છોકરો ક્યાં છે?"

"મને જીવતદાન આપો."

"પહેલા મારા સવાલનો જવાબ આપ."

"હું બધું સાચું કહું તો તમે–" બદમાસ અચકયો.

"તેં તારા છોકરાનું ખૂન કર્યું છે?"

"નહિ. નહિ. મને પોલીસે પકડયો, ત્યારે મારા છોકરાને મેં મારા એક સાથીને સોંપ્યો હતો."

"તેણે છોકરાનું શું કર્યું?"

"તેણે મારા છોકરાને સારી કેળવણી આપી, અને પછી "રોયલ બેંક"માં નોકરીએ રખાવ્યો કે જેથી બેંકની સઘળી વિગતો અમે જાણી શકીએ. હું તે વખતે જેલમાં હતો–નાસી જવાની તક શોધતો હતો–તે દરમ્યાન મેં બેંકને લૂંટવાની યુક્તિ રચી હતી, અને મારા જોડીદાર સાથે છૂપી ભાષામાં પત્ર વહેવાર ચલાવતો હતો—"

"ઓ પ્રભૂ! આ માણસ છે કે રાક્ષસ? તેં તારા સગા દીકરાને ગુનેહગાર બનાવવાની કોશેષ કરી?–" રણજીત માથું દાબતો બોલ્યો.

"અમે બનાવટી સહીનો ચેકજ વટાવી લેવા માંગતા હતા–" મવાલી બોલ્યો: "પણ મારા પુત્રને અમારી વાત ન રૂચી. અમે બેંકને ઠગવાની વાત તેને કરી, કે તરત તેણે તે વાત મેનેજરને પત્ર લખીને જણાવી અને પોતે મુંબઇ છોડી ગયો. તેને શોધવા માટે અમે જે જે પગલાં લીધા હતા, તેની વિગત તમને મારી પાકીટ બૂકમાંથી મળી આવશે. છેલ્લી વાર તે પરેલમાં ઘાસવાળા બીલ્ડીંગમાં રસિકલાલને નામે રહ્યો હતો. તેનું ઠેકાણું મારી ચોપડીમાં લખેલું છે. હવે મેં બધો એકરાર કર્યો છે, એટલે તમારા વચન પ્રમાણે મને જીવતદાન આપી આ બંગલામાં ચોરી કરવાના આરોપ માટે મને પોલીસને સ્વાધિન કરો."

"સાંટાકુઝના મારવાડીનું શું?"

"હું તમારી પાસે ખુલ્લા દીલથી કબુલ કરૂં છું કે મેં તેનું ખૂન કર્યું હતું. મારી પાસે પૈસા ન્હોતા અને મ્હાલીએ મને લલચાવ્યો હતો. પણ કોર્ટમાં એ ગૂન્હો પુરવાર થવાનો નથી કેમકે મારા ગૂન્હાની કંઇ સાબીતી નથી. હવે મને જીવતદાન આપશો?"

"હું તને જીવતો રહેવા દઇશ એટલુંજ નહિ પણ તને પોલીસને હવાલે પણ કરીશ નહિ."

"ત્યારે તમે મને માફી આપશો?" કામાટી અજબ આશાથી બોલ્યો:

"હું તારો ઇનસાફ કરી તને યોગ્ય સજા કરીશ." રણજીતે કહ્યું: "હું તને પોલીસને સોંપવા માગતો નથી કેમકે તેમ કરવાથી તને ફાંસીની અથવા જન્મદેશનિકાલની સજા થશે. તને ફાંસીની સજા થાય તે અનેક કારણોસર હું જોવા માગતો નથી. તને કેદખાનામાં મોકલવાથી તારા પાપની પુરી સજા થવાની નથી કેમકે તું બળવાન છે એટલે તારી પાસે ઘાણી પીલાવવામાં આવે તો પણ તને પશ્ચાતાપ થવાનો નથી. વળી જેલમાં જતાં ત્યાં તું શાંતિથી બેસી રહેવાનો નથી. ભલભલી લોખંડી બેડીઓ અને પત્થરની દિવાલો તને ડરાવી શકવાની નથી. આવા સંજોગોમાં સમાજને તારા જેવા પાપીથી સુરક્ષિત રાખવા માટે શું કરવું?"

"ત્યારે તમે મારો પ્રાણ લેવા માગો છો?" મવાલી ચીંચવાયો.

"તારો પ્રાણ?" નહિ. તારી જીંદગીનો અંત લાવવાની મારી ઇચ્છા નથી. તું જીવવાને ઘણોજ આતુર છે એટલે ફાંસીના માચડાપર ચઢતાં પણ તું નાસી જવાની કોશેષ કરશે. ફાંસીગર તારા ગળામાં ફાંસો નાખી તને ગુંગળાવીને મારી નાખે નહિ ત્યાં સુધી તું જીવવાની આશા છોડવાનો નથી. તારા કાળાં કામો એવા છે કે તું મોતની સજાનેજ લાયક છે. પણ હું તને બીજીજ જાતની સજા કરવા માગું છું કે જેથી જીવનભર તને તારા પાપોનો પસ્તાવો કરવાની તક મળશે."

"આ માણસને મેં શું કર્યું છે? એ કોણ છે? કયાંથી આવ્યો છે? હું કયાં છું? એ મારા પર કેવો જુલમ ગુજારવા માંગે છે?" કામાટી જંગલી જેવો–દિવાના જેવો બબડવા લાગ્યો.

"જો તું ફાંસીને માંચડે ચઢવાને તૈયાર થયો હોત, તો પણ હું

તને ફાંસીગરને હવાલે કરત નહિ. કેમકે તારા જેવા બદમાસો ફાંસીના માચડા પર પણ ઇશ્વરનું અપમાન કરે છે. અદાલતમાં તને ફાંસીની સજા થાત, અને થોડાજ દિવસમાં તેનો અમલ થાત. આત્માની શુદ્ધિ માટે પશ્ચાતાપની અનિવાર્ય જરૂર છે, અને ફાંસીએ જનારાને પશ્ચાતાપનો સમય મળતો નથી."

કામાદ્રી દબાઇ ગયો—લાચાર થઇ ગયો. જીંદગીમાં પહેલીવાર તેને એમ લાગ્યું કે, મૃત્યુ કરતાં પણ કોઈ ભયંકર સજા હશે. તે વટોળીઆમાં થરથરતા પાંદડાની પેઠે ધ્રુજી રહ્યો.

"કાળીદાસ દેશાઈ!–" રણજીત બોલ્યો: "મેં અગાઉ જે કારણો દર્શાવ્યા છે, તેને લીધે હું તને ફાંસીએ મોકલી શકતો નથી, તેમ પોલીસને સોંપીને જેલમાં પણ જવા દેવા માંગતો નથી."

"ત્યારે તમે શું કરવા માંગો છો? તમે મને જીવતા જીવત નર્કમાં નાખવા માંગો છો?"

"સાંભળ!–" રણજીત ન્યાયાધીશની ગંભીરતાથી બોલ્યો: "તેં તારી સઘળી શક્તિ સમાજના કાયદાઓનો ભંગ કરવામાં વાપરી છે, માટે પ્રથમ એ શક્તિનો નાશ કરી હું તને નિર્બળ બનાવીશ. આજ સુધી બળવાનમાં બળવાન માણસો તારાથી ડરતા હતા—હવે તું નિર્બળમાં નિર્બળ બકરાથી પણ ધ્રુજી જશે. ખૂની! તેં પ્રભુના બાળકોને મારી નાંખી અનંત અંધકારમાં ફેંકી દીધા છે. હવે પછી આખું જીવન તારે માટે અંધારૂં ઘોર થઇ રહેશે. આજેજ તારા પાપોની તને સજા થશે. હું તને જે ભયંકર સજા કરવા માગું છું, તેથી તને તારા દુષ્ટ કર્મોના પશ્ચાતાપ કરવાનો પુષ્કળ સમય મળશે. તારા પર વેર લેવાના મને ગમે તેવા સબળ કારણો મળ્યા હોય, પણ ફક્ત વૈરાગ્નિ

બુઝવવા માટેજ જો હું તને સજા કરૂં તો ઇશ્વરના દરબારમાં હું અન્યાયી ગણાઇશ. તને એવી સજા થવી જોઇએ, કે જેથી તું તારા પાપ માટે પસ્તાઇ અંતે મૃત્યુ સમયે પણ પ્રભુની માફી માંગી શકે. તેં આજ સુધી તારી બુદ્ધિનો બૂરા કામમાં ઉપયોગ કર્યો છે. હવે તું પ્રભુની ભક્તિ કરજે. મને આશા છે કે, તારી પત્ની અને પુત્રની ક્ષમા મેળવી અંતે તું તેઓની નજર સામે મરવા પામે."

"હવે મને ભ્રમણામાં ન રાખો."

"દેવીડ! તારી ફરજ બજાવ–" રણજીતે હબસી તરફ ફરી કહ્યું.

દેવીડે ઘંટડી વગાડી. બે માણસો તરત અંદર આવ્યા, અને તેઓ કામાટીની ખુરશી બીજા રૂમમાં ઘસડી ગયા.

"ત્યારે તમે મારૂં ખૂન કરવાના?" મવાલી બોલ્યો.

"એના મ્હોમાં ડૂચા મારો." હબસીએ હુકમ કર્યો.

હબસી સાથે પેલા બે માણસો કામાટીને બાજુના રૂમમાં લઇ ગયા.

"રણજીતભાઈ! એ લોકોએ કામાટીને શું કર્યું હશે? મને બહુ બીક લાગે છે. હવે એ કંઇ બોલતો નથી." કાનજી ધ્રુજતા અવાજે બોલ્યો.

રણજીત કંઇ બોલ્યો નહિ. હબસી પાછો ફર્યો. તે કાળો હતો, છતાં તેના હોઠ ફીક્કા પડેલા જણાતા હતા.

બીજી પળે નોકરો કામાટીની ખુરશી પાછા ત્યાં લઇ આવ્યા.

"એના હાથપગ છોડી નાંખો." દેવીડે હુકમ કર્યો.

નોકરોએ કામાટીના હાથપગ છોડી નાખ્યા. કામાટી બે હાથ લાંબા કરી એકદમ ઉભો થયો. પણ તેની આંખે કંઇ નહિ દેખાતાથી તે અવર્ણનીય દુઃખની લાગણીથી ખુરશીપર પાછો બેસી બોલ્યો: "ઓ પ્રભુ! મારી આંખ! મારી આંખ!–"

"દેવીડ! એને આ પાકીટ આપ–" રણુજીતે કહ્યું: "કામાટી! આ પાકીટમાં પાંચ હજાર રૂપીઆ છે અને તે જીંદગી સુધી તારૂં ગૂજરાન કરવા માટે પુરતા છે. હવે તારે જ્યાં જવું હોય ત્યાં જવાને તું સ્વતંત્ર છે. જા, તારા પાપનો પસ્તાવો કર. પ્રભુ તારાપર મહેર કરે."

"હું–હું-આંધળો–અપંગ–" યંત્રની પેઠે પૈસાનું પાકીટ લઈ મવાલી બોલ્યો.

"એને જવા દો." રણુજીતે કહ્યું. નોકરોએ બારણા ઉઘાડી મુક્યાં.

"તું છુટો છે. કામાટી! તારી પાસે પૈસા છે. જા–"

"પણ હું કેવી રીતે જાઉં? ક્યાં જાઉં? મારાથી દેખી શકાતું નથી. તમારી શક્તિનો તમે આવો ગેરઉપયોગ કર્યો તે મહાન ગુન્હો છે."

"ખરેખર, શકિતનો ગેરઉપયોગ કરવો તે ગૂન્હો છે. પણ તારૂં બધું જોર હવે ક્યાં ગયું?"

"આહ! આના કરતાં તો હું મોતને વધારે પસંદ કરત." આંધળો કામાટી બોલ્યો: "મારે બધાની દયાપર જીવવું પડશે અને એક નાદાન બાળક પણ મને સતાવી શકશે. ઓ પ્રભુ! મને મદદ કર. હું ક્યાં જાઉં?"

"તારી પાસે જોઇએ તેટલા પૈસા છે."

"પણ હું લુંટાઇ જઇશ."

"બનવા જોગ છે. પણ તું જે શબ્દો આટલા ભયથી બોલે છે તેનો અર્થ સમજે છે? તેં કેટલા નિર્દોષોને લુંટીને કંગાળ કરી નાખ્યા છે? જા તારૂં કાળું કર–"

"ઓ શેઠ! પ્રભુને ખાતર મારી સાથે કોઇને મોકલો. હું એકલો રસ્તા પરથી શી રીતે જઈશ?.' કામાટી બે હાથ જોડી રડવા લાગ્યો. "મને મારી નાંખો–મારો જાન લો."

"નહિ. તું આવીજ દશામાં તારા પાપનું પ્રાયશ્ચિત કરી શકશે."

"નહિ. નહિ. હું કદિ પણ પસ્તાઇશ નહિ. આ જુલમ માટે હું જબરૂં વેર લઈશ." મવાલી પાછો જાત પર ગયો, અને તે દાંત પીસી એ હાથની મૂક્કી વાળી રણજીતને મારવા ધસ્યો. પણ બે ડગલાં ભરતાંજ તે ખુરશી સાથે અથડાઇને જમીન પર પડી ગયો: "નહિ. નહિ. મારી બધી શક્તિ નકામી થઇ ગઈ! ઓ રામ!" કહી તે રડવા લાગ્યો.

હવે કાનજીથી ન રહેવાયું. તેને આ રાક્ષસની દયા આવી.

"રણજીતભાઇ! આ માણસ ઘણોજ પાપી છે, પણ હવે તેના પર દયા કરો. એ જો એકલો બહાર જશે, તો કોઇ ગાડી નીચે આવી જશે. તમારી રજા હોય તો હું એને કોઇ સલામત જગ્યાએ મૂકી આવું—"

"ભલે—જા—" રણજીત કાનજીની ઉમદા લાગણી જોઇ રાજી થઇ બોલ્યો. કાનજી મવાલી પાસે ગયો, અને તેણે તેના ખભા પર લાગણીથી હાથ મુકયો.

"મને કોણ અડકે છે?"

"એ તો હું છું."

"કોણ કાનજી? તું પણ મારા પર વેર લેવા માંગે છે?"

"નહિ. હું તને કાઇ સલામત જગ્યાએ મુકી આવું. ચાલ—"

"તું પણ મને કોઈ જાળમાં ફસાવીને લૂંટી લેવા માંગે છે?"

"નહિ. તું જાણે છે કે હું તારી લાચારીનો લાભ લઉં એવો હીચકારો નથી. ચાલ—"

"રણજીતથી આ દેખાવ વધુ વાર ન જોવાવાથી તે હબસી સાથે બીજા રૂમમાં ચાલ્યો ગયો.

"કાનજી! આ પાકીટમાં પાંચ હજાર રૂપીઆ લેવાની વાત ખરી છે?—"

"હા. મેં પોતેજ નોટો ગણીને મુકી છે. આ પૈસાથી તું ગમે

તેને ત્યાં શાંતિથી રહી શકશે. તારો વિચાર ગંગા ડોશીને ત્યાં જવાનો છે?"

"નહિ તે મને લુંટી લેશે.

"ત્યારે હું તને ક્યાં લઈ જાઉં?"

"મને કંઇ સમજ પડતી નથી. કાનજી! તું ચોર નથી તે હું જાણું છું. લે, આ પાકીટ તારી પાસે રાખ. જો મ્હાલીને ખબર પડશે તો હું ભીખારી થઈ જઇશ."

"મ્હાલી? મ્હાલીને પગમાં જખમ થવાથી હોસ્પીટલમાં મોકલવામાં આવી છે."

"ત્યારે મારૂં શું થશે? ઓ પ્રભુ! મારી આંખ સામે હવે હંમેશને માટે અંધારો પરદો રહેશે. અને તેમાં મને મારી છુરીના ભોગ થનારાના મ્હો દેખાશે..." કામાટી થથરી ગયો: "કાનજી! જે માણસને મેં જખમી કર્યો હતો તે મરી ગયો?"

"નહિ. તે જીવે છે."

"પ્રભુનો પાડ..." ઓ અપંગ! આંખ વિનાનો! હું ક્યા જાઉં?"

"તું કહે તો બે ત્રણ દહાડા તને મારે ત્યાં રાખું, પછી તારી મરજી પડે તેવી ગોઠવણ કરી લેજે."

"તને મારા તરફ દુશ્મની તો નથીને?"

"નહિ. તારા આવા અપંગ સાથે દુશ્મની રાખવામાં માણસાઇ નથી."

"અને પેલો માણસ જીવે છે?"

"હા—"

"ત્યારે તો સારૂ! એક ખુન માટે જવાબ દેવાનો બચી ગયો! આહ! મેં કેવાં કાળાં કામ કર્યાં છે—અને હવે આખી દુનીઆ મારે માટે અંધારી—કાળી રાત જેવી થઇ ગઈ—" કહી તે બદમાસ લાચારીથી કાનજીનો હાથ પકડી બંગલામાંથી બહાર નીકળ્યો.

પ્રકરણ ૧૪ મું.

બદલો.

ગયા પ્રકરણમાં વર્ણવેલો બનાવ બન્યા પછી થોડા દીવસ બાર કાનજી સાથે બહાદૂરસિંહ બોરીવલી તરફ જતો હતો. બન્નેે ટ્રેનમાં બેઠા હતા. કાનજીના દીદાર આજે ફરી ગયા હતા. તેણે નવું ધોતીયું પહેર્યું હતું, અને ખમીશ અને ડગલો તેના શરીર પર શોભતા હતા. માથા પર હંગેરીઅન ટોપી હતી. કાનજીએ તેની આખી જીંદગીમાં કદી પાંચ પોષાક સાથે પહેર્યા ન્હોતા, એટલે આજે તે ઘણા આનંદમાં હતો. તે બહાદુરસિંહથી થોડે દુર બેઠો હતો. બહાદુરસિંહનો ચહેરો ભવ્ય અને શાંત હતો. પણ તે થોડા સમય પર જખમી થયલો હોવાથી જરા ફીકો દેખાતો હતો.

"બહાદુરસિંહ! તમે મને આ નવા કપડાં આપ્યા તે માટે હું તમારો ઘણોજ આભાર માનું છું. કેમકે કમાટી સાથે મારામારી થયા પછી મારી પાસે એક ચાંથરૂં પણ રહ્યું ન હતું." કાનજીએ કહ્યું.

"કાનજી! એ વસ્ત્રો માટે તારે રણજીતસિંહનો ઉપકાર માનવાનો છે, કેમકે એ વસ્ત્રો તેમણેજ આપ્યા છે."

"હા. હા. રણજીતભાઇ તો રણજીતભાઇજ છે. તે હંમેશાં મને રાજી રાખે છે, પણ હું તેમની મહેરબાનીને લાયક નથી. મારામાં સ્વાગત અને ખાનદાની છે એમ કહીને રણજીતભાઇએ મને નવોજ માણસ બનાવી દીધો છે. મેં તેમની જે નજીવી સેવા બજાવી છે તે કશી વીસાતની નથી."

"કાનજી! રણજીતભાઇએ તારે માટે સારી નોકરી શોધવાનું કામ

મને સોંપ્યું હતું અને મેં તારે માટે મહિને સો રૂપીઆના પગારની નોકરી નક્કી કરી છે."

"શું કહો છો? સો રૂપીઆ? બહાદુરસિંહ! તમે મારી ગરીબની મશ્કરી કરો છો?"

"હું સાચું કહું છું. હું તને બોરીવલીમાં તારી નવી નોકરીપરજ લઇ જાઉં છું."

વાતમાં ન વાતમાં બોરીવલીનું સ્ટેશન આવ્યું. બન્ને ટ્રેનમાંથી ઉતર્યાં પછી બહાદૂર કાનજીને એક બેઠી બાંધણી ઘર પાસે લઇ ગયો. આ ઘરના ભોંયતળીઆમાં એક દુકાન હતી અને તેમાં અનાજ વેચાતું હતું.

"કાનજી! તારે હવે અહિં નોકરી કરવાની છે. ચાલ, માળપર તારા શેઠને મળી લે—" કહી તે કાનજીને માળપર લઇ ગયો અને ત્યાં કાનજીની ભારી અજાયબી વચ્ચે રણજીત બેઠેલો જણાયો.

"આહ! રણજીતભાઇ! મારા નામદાર! અન્નદાતા!—"

"મને તું રણજીતભાઇ કહીનેજ બોલાવ—"

"રણજીતભાઇ! કામાટીને સજા થયા પછી હું તમને મળવા ન આવ્યો તે માટે મને માફ કરશો."

"હું તને એકદમ માફ કરૂં છું. કાનજી! બહાદુરસિંહે તને ઘર બતાવ્યું?"

"હાજી. ઘણું સારૂં ઘર છે. ઘરમાં રાચરચીલું પણ ઘણું છે. બહાદૂરસિંહે મને અહિં સો રૂપીઆના પગારની નોકરી અપાવવા કહ્યું છે."

"હું તને એથી પણ સારી ચીજ આપવા માગું છું?"

"સો રૂપીઆથી વધારે શું હોઇ શકે?"

"કાનજી! આ ઘર, નીચેની દૂકાન અને આ ટેબલમાંના હજાર રૂપીઆ—એ બધું તારૂં છે."

કાનજી સંતોષ અને અજાયબીથી હસ્યો. રણજીતે તદન સાદી વાત કરી હતી. છતાં તે તેના અથ સમજ્યો નહોતો.

"તું અજબ થાય છે. પણ હું   તું છે. આ ઘર, દૂકાન અને હજાર રૂપીઆ તારા   તને તે ભેટ આપું છું." રણજીતે કહ્યું.

"અન્નદાતા! તમે મારી ક્સો   છો. પણ આ ઘર ને હજાર રૂપીઆ હું લઇ શકતો નથ. કદાચ   તમારો કંઇ હેતુ પણ હોય. નહિ. નહિ. મેં એક ખુન કર્યું   અને એ બીચારાનું ભૂત મને વારંવાર બેચેન કરી મુકે છે."

"અફસોસ! આવા કમનસીબો તરફ દયા બતાવવામાં આવે છે તેથી તેઓ ઉદારતા સમજીજ શકતા નથી. તેઓને કોઇ ભેટ આપે છે તેને તેઓ ગુન્હો કરવાની લાંચ સમજે છે." રણજીત બબડયો અને તે પછી કાનજીને સંબોધી બોલ્યો: "કાનજી! તું મને અન્યાય કરે છે. હું તને આ ભેટ આપું છું તેના બદલામાં તારી પાસે કંઇપણ બુરૂં કામ કરાવવા માંગતો નથી. તું એ ભેટને લાયક છે તેથીજ મેં તારે માટે આ ઘર ખરીદયું છે."

"હું આવી મોટી ભેટને લાયક છું? કેવી રીતે?"

"સાંભળ. તને સારા માઠાનું ભાન ન્હોતું–સમાજે તને ધુતકારી કાઢયો હતો. સંસ્કારી માણસો તારાથી દુર નાસતા હતા–તું પંદર પંદર વર્ષ સુધી ભયંકર કેદખાનામાં રીઢા ગુનેહગારો વચ્ચે વસ્યો હતો. કેદમાંથી બહાર નીકળતાં હંમેશાં તને મવાલીઓનોજ સંગાથ મળ્યો હતો. આવા ખરાબ સંજોગોમાં પણ તું પ્રમાણિક રહ્યો છે. એટલુંજ નહિ પણ જે ખૂન તેં કર્યું હતું, તે માટે તને પસ્તાવો થયો છે."

આ સાદી પણ અસરકારક ભાષા પણ કાનજી માટે નવાઇ જેવી હતી. તે રણજીત તરફ માન અને આભારની લાગણીથી જોઇ રહ્યો. હજુ તેની ખાત્રી થઈ ન હતી.

"રણજીત ...હાડે મને ફટકાવી કાઢયો—પછી આપણી દોસ્તી થઈ, અને મેં ... ગમાં ડૂબી મરતા બચાવ્યા, તેટલામાં હું આવી મોટી બક્ષીસને ... રીતે ગણાઉં?—"

"હું તારા જેવોજ છુ ... સમજીને કંઇપણ બીના છૂપાવ્યા વિના તેં મને તારી જીવન કહાણ્ ...ડી અને તે પરથી મેં તને બદલો આપવાનો વિચાર કર્યો છે."

"નહિ. નહિ. એમ નહિ બની શકે. મારા જેવા ઘણા માણસો ગરીબીમાં સડે છે; છતાં તેઓ ચોરી કરતા નથી."

"હું તે જાણું છું અને મેં થોડાક ગરીઓને યોગ્ય મદદ કરી છે. પણ તું બદમાસ ખુનીઓ અને ચોરોની વચ્ચે રહેવા છતાં પ્રમાણીક રહ્યો છે એટલે તારૂં વર્તન વધારે પ્રશંસાને પાત્ર છે. વળી તેં મારી અને મારા મીત્ર બહાદુરસિંહની જીંદગી બચાવી છે; એટલે તારા ઉમદા સ્વભાવની કદર કરવાની મારી પવીત્ર ફરજ છે."

"મેં બીજું શુ કર્યું છે?"

"મેં કામાટીને સજા કરી તે પછી તને તેની દયા આવી અને તું તેને પરેલમાં તારી ખોલીપર લઇ ગયો—"

"હું પરેલ રહેતો હતો તેની તમને શી રીતે ખબર પડી?"

"તેં મારી જે કિમતી સેવા બજાવી છે તે હું ભુલી ગયો નહોતો. તું મારા ઘરમાંથા કામાટીને લઇ ગયો ત્યારે મં તારી પાછળ એક માણસ મોકલ્યો હતો અને તેણે તને પરેલમાંની ચાલીમાં કામાટી સાથે જતો જોયો હતો."

"પણ બહાદૂરસિંહ એમ કહેતા હતા કે તમને મારી ખોલીની ખબર નથા."

"તું બહાદુર છે તે સાથેજ નિઃસ્વાર્થી છે કે નહિ, તે હું જાણુવા માંગતો હતો. મારો અને બહાદુરસિંહનો જાન બચાવ્યા પછી કંઇપણુ બદલાની આશા રાખ્યા વિના તું ચાલ્યો ગયો—મેં તને કંઇ ઇનામ ન આપ્યું, તે માટે તું જરા પણુ બબડયો નહિ. અને આજે તને નોકરી અપાવવાનું કહ્યું ત્યારે તેં તેનો આભાર માન્યો."

"નોકરીની વાત જુદી છે, પણુ મેં તમારી જે સેવા બજાવી છે, તે માટે તો હું તમારોજ આભારી છું."

"કેવી રીતે?"

"તમેજ મને જીંદગીમાં પહેલીવાર કહ્યું હતું કે, મારામાં જીગર અને સ્વમાન છે. આહ! એ શબ્દોએજ મારી જીંદગી ફેરવી નાંખી. તમે ઘઉંના બે દાણા રોપો, તો તેમાંથી હજાર દાણા ઊગે છેને?"

રણુજીત હસ્યો. "કામાટી હમણાં ક્યાં છે?"

"દાદા! તેણે મારી પાસે બધી નોટો એક પટા સાથે સીવડાવી દીધી, અને તે પટો તે રાત દિવસ કમ્મર પર બાંધી રાખે છે. તે જે લોકો સાથે રહે છે, તેઓ તેની વીશી દાખલ મહિને સાત રૂપીઆ લેશે. હું કામ પરથી છૂટીશ ત્યારે કોઇવાર તેને મળી આવીશ."

"કાનજી! હવે તારે મજૂરી કરવાની નથી."

"હવે મારી મશ્કરી ન કરો."

"હું મશ્કરી કરતો નથી. હું કસમ ખાઇને કહું છું કે, આ ઘર અને દુકાન સાથે એક હજાર રૂપીઆ હું તને ભેટ આપું છું."

હવે કાનજીની ખાત્રી થઈ કે રણુજીત ગંભીર હતો.

"હું તમારો ઘણો ઉપકાર માનું છું રણુજીતભાઇ! હું તમને વચન આપું છું કે, હંમેશાં કમનશિબોને મદદ કરીશ. કેમકે કંગાળ્યત

અને ભૂખમરામાંથીજ બધાં પાપ જન્મે છે, અને એકવાર એક ગરીબ માણસ પાપને પંથે પડે છે, તે પછી તે નીચે ને નીચેજ ગબડ્યા કરે છે."

"હંમેશાં આવાં વિચાર રાખીને વર્તશે તો તું સુખી થશે." રણજીતે કહ્યું અને ગરીબ કાનજી એક ઘરનો માલીક બની ગયો.

રણજીત બહાદુર સાથે વાલકેશ્વર પર "શાંતિ ભુવન" માં રહેતો હતો. તે એક દેશી રાજા હતો. પણ રાજ્યનો વહીવટ દીવાનને સોંપીને તે બીજે નામે મુંબઇમાં રહેતો હતો. એમ કરવામાં તેનો એક ખાસ હેતુ હતો. તેને રાજવંશી રીતરીવાજો ગમતા ન્હોતા. તેનું પરમાર્થી હૃદય ગરીબોને જોઇ દાઝી જતું હતું. તે સાધારણ મજુર અથવા કારિગરના વેષમાં મુંબઇના કંગળમાં કંગાળ લત્તાઓમાં જતો અને ખી હોય તેઓને યોગ્ય મદદ કરીને ગરીબોની આશીષ લેતો. તેનો બીજો હેતુ શો હતો તે આ નવલકથા આગળ વાંચતાં આપોઆપ જણાઇ જશે.

બોરીવલીમાં કાનજીને મકાન ભેટ આપ્યા પછી બીજે દિને બહાદુરસિંહ શાંતિ ભુવનમાં દિવાનખાનામાં બેસીને કાગળો સીલ કરતો હતો એવામાં નોકરે આવીને ગુલાબરાયજીના આગમનની ખબર આપી બહાદૂર ઉભો થયો અને તે રાયજીને માનથી ઓરડામાં લઇ આવ્યો. બન્નેએ એકબીજાની ખબર અંતર પુછ્યા પછી બહાદુરસિંહ બોલ્યો: "મહારાજા અહિં રણજીતને નામે રહે છે અને તેઓ કોણ છે તેની કોઇને ખબર નથી. રમણી અને કાલુભા શીવાય મને અને મહારાજાને કોઇ ઓળખતું નથી. રમણી હાલમાં વિધવા થઇ છે."

"રમણી ૧૯૦૧ કે ૧૯૦૨ માં પરણી હતીને?"

"તે ૧૯૦૧ માં પરણી હતી. મહારાજાની પુત્રીના મરણ પછી થોડે સમયે તે પરણી ગઇ હતી. જો એ છોકરી આજે જીવતી હોત

તો તે સત્તર વર્ષની થાત. મહારાજા રાત દિવસ એ બાળાના મરણ પર આંસુ સારે છે."

"મહારાજાને બીજી સંતતી નથી એટલે તેમને પારાવાર શોક થતો હશે." રાયજી બોલ્યા.

"મહારાજા ગુલાબને પોતાની પુત્રીની પેઠેજ ચાહે છે કેમકે હતભાગી ગુલાબ મહારાજાની પુત્રી જેવડીજ છે."

"હું ધારૂં છું કે એ છોકરી મરી જવાથી રમણીની આશા પર પાણી ફરી વળ્યું છે."

"હા. પણ મહારાજા જે એ વ્યકિત માટે આટલી બધી લાગણી રાખે છે તે વિષે તમે શી તપાસ કરી ?"

"હું તે સંબંધી ડીટેકટીવ રોયની નોંધ લઈ આવ્યો છું. સાંભળો..." ગુલાબરાય ગજવામાંથી ડાયરી કાઢી વાંચવા લાગ્યો.

"ગુલાબની જીવનકથા—૧૯૦૧ના સાલના આરંભમાં ગોકળ નામનો સખસ મ્હાલીને ત્યાં છ સાત વર્ષની એક છોકરીને લઇ આવ્યો હતો અને એક હજાર રૂપીઆ આપીને તેણે મ્હાલીને છોકરીની સોંપણ કરી હતી. આ ગોકળ હાલમાં બનાવટી સહી કરવાના ગુન્હા માટે વીસાપુરની જેલમાં સજા ભોગવે છે.

"હજાર રૂપીઆની લાલચે મ્હાલીએ ગુલાબને ઉછેરવાનું માથે લીધું. ગુલાબ તેને ત્યાં બે વર્ષ રહી. પણ મ્હાલીના જુલમથી બાળા ત્રાસી ગઇ અને એક દિવસ તે મ્હાલીને ત્યાંથી નાસી ગઇ. તે પછી વર્ષો વહી ગયા. પણ મ્હાલીને તેનો પતો મળ્યોનહિ. અચાનક આજથી દોઢેક મહિના પર મ્હાલીને ગંગા ડોશીના ઘરમાં ગુલાબ મળી ગઇ. મ્હાલીએ ગુલાબને ફરીથી જોઇ તે પહેલાં ગોકળે મહમદ પહેલવાન પર એક પત્ર લખીને તેણે એ છોકરી મ્હાલીને સોંપવાની બીના જણાવી

હતી. ગોકળ અને લક્ષ્મણુ કામાટી વીસાપુરની જેલમાં દોસ્તદાર થયા હતા. ગોકળનાં કાગળ પરથી અને મ્હાલીના કહેવા પરથી જણાય છે કે ૧૯૦૧માં જેકીસનદાસ મારફતીઆ વકીલની વિધવા બહેન ચંપાએ ગોકળને એક હજાર રૂપીઆ લઇને ગુલાબનું પાલન પોષણ કરનારી કોઇ બાઈ શોધી કાઢવાનું કામ સોંપ્યું હતું. અને એ કામ મ્હાલીએ માથે લીધું હતું.

"મહમદ પહેલવાને ગોકળનો કાગળ મ્હાલીને આપ્યો હતો અને તેથીજ એ કાણી ડોશીએ ગુલાબને તાણો માર્યો હતો: "અમે તારા માબાપ શોધી કાઢયાં છે. પણ તેઓ કોણ છે તેની તને કદિ ખબર પડશે નહિ,"

"જેકીશનદાસ મારફતીઆ અને ચંપા બન્ને જીવે છે, અને તેઓ ગીરગામમાં રહે છે. તેનો ધંધો સારો ચાલે છે અને તે ઘણો આબરૂદાર ગણાય છે. થોડા સમય પર તેણે દોઢ લાખ રૂપીએ ગીરગામમાં એક ચાલી ખરીદી લીધી હતી, જેમાં ત્રીજે માળે તે હમણાં રહે છે. લોકો કહે છે કે, તેને શેર બજારમાં તડાકો પડયો છે. ગમે તેમ હોય પણ તે પાંચ પૈસે સુખી અને આબરૂદાર ગૃહસ્થ છે. તેની વિધવા બ્હેન ચંપા તેની સાથે રહે છે, આ ચંપા ગુલાબના જીવનની કિમતી માહિતિ આપી શકશે..." ગુલાબરાય થોડીવાર થોભ્યો.

"હવે કમળા અને લક્ષ્મણ કામાટી ઉર્ફે કાળીદાસ દેશાઇના પુત્ર બાબુની હકિકત સાંભળો..." ગુલાબરાય બોલ્યો, અને તે ડાયરીમાંથી બીજી નોંધ વાંચવા લાગ્યો:

"આશરે દોઢ વર્ષ પર રસિકલાલ નામનો જુવાન મુંબઇની રોયલ બેંકની નોકરી છોડીને સુરત ગયો હતો. કામાટીના એકરાર તથા તેના ગજવામાંના કાગળો પરથી જણાય છે કે, તેણે જે બદમાસને પોતાના

પુત્રની સોંપણ કરી હતી, તેણે રસિકને બેંકને લુંટવાની વાત કરી હતી. પણ રસિકે એવો ગુન્હો કરવાની ગુસ્સાથી ના પાડી હતી. જે માણસે તેને નાનેથી મોટો કર્યો હતો, તેને હાથકડી પહેરવી ન પડે, તે માટે રસિકે બેંકના મેનેજર પર એક નનામો પત્ર લખી તેને સાવધ રહેવાની ચેતવણી આપી, અને તેનો પાલક તેને કોઇ ગુન્હામાં ન સંડોવે, તે માટે તે મુંબઈ છોડી ગુપચુપ સુરત ચાલ્યો ગયો.

"રસિક નાસી જવાથી બદમાસો તેની પાછળ પડ્યા. કેમકે રસિક તેઓના પાપો જાણતો હતો. મહમદ પહેલવાનને ત્યાં મવાલીઓએ મસલત ચલાવી, અને કામાટીના છોકરાની શોધાશોધ થવા લાગી. અંતે તેઓને રસિક સુરતમાં હોવાની ખબર પડી. પણ તેઓ રસિકને પકડે તે પહેલાં રસિક સુરતથી નાસી છૂટયો. આ રીતે તે બીજીવાર બદમાસોના પંજામાંથી છટકી ગયો. બદમાસો રસીકનું ખુન કરવા માગતા હતા કેમકે તે તેઓને ફસાવી દેશે એવી તેઓને ધાસ્તી હતી. આજથી દોઢેક મહિના પર તે મુંબઇમાં પરેલમાં ઘાસવાળા બીલ્ડીંગમાં રહે છે એવી મવાલીઓને ખબર પડી અને એક રાતે તે તેઓની જાળમાં ફસી જવાની અણી પર હતો; પણ સારે નસીબે તેને વખતસર ખબર મળી જવાથી તે ઘાસવાળા બીલ્ડીંગમાંની ખોલી ખાલી કરી ગયો. કામાટીને મહારાજાએ સખત કરી તેટલા વખતમાં મેં આટલી તપાસ કરી હતી. તે પછી વધુ તપાસ કરતાં જણાયું છે કે રસીકલાલ ઘાસવાળા બીલ્ડીંમાં ચાર મહિના રહ્યો હતો. આ ચાલીમાં ઘણા ગરીબ માણસો રહે છે તેઓમાં તે ઘણો માનીતો હતો. તે સાદાઇથી રહેતો હતો. અને તેની આવક મહિને પચાસ રૂપીઆની હતી પણ તેમાંથી તે ગરીબ પાડોશીઓને મદદ

કરતો હતો. તે ક્યાં નોકરી કરતો હતો તેના ખબર મળી નથી પણ તે સવારે ૧૧ વાગે બહાર જઈ સાંજે સાત વાગે ઘેર આવતો હતો તે પરથી તે કોઇ ઓફીસમાં કારકુન હશે એમ લાગે છે. એજ ચાલીમાં હસમુખ નામની એક જુવાન દરજણ રહે છે. તે રસીક ક્યાં છે તે જાણતી હશે કેમકે રસીક અને હસમૂખ ગાઢ મિત્રો હતાં—"

"હસમુખ?—" બહાદુર સ્મરણશકિત તાજી કરવા લાગ્યો: "હસમુખ? ગુલાબની બહેનપણી તો નહિ હોય?"

"તમે હસમુખને ઓળખો છો?"

"હા. મહારાજાએ ગુલાબની કહાણી મને કહી હતી તે પરથી મને લાગે છે કે એ હસમુખ ગુલાબના બહેનપણીજ હશે. બન્ને રેફ્રમેટરીમાં સાથે હતી."

"એ હસમુખ આપણને ઘણી ઉપયોગી થઈ પડશે," ગુલાબરાયે કહ્યું: "રસીકના ખોલીના પડોશમાંજ તે રહે છે રસીકની ખોલી ખાલી પડી છે અને એ ઓરડી ભાડે રાખવાથી આપણે રસીકને લગતી માહીતી મેળવી શકાશું એટલુંજ નહિ પણ મહારાજાને ગરીબોમાં વસીને તેઓની કંગાળ્યત જોવાનો શોખ છે, તે પણ પાર પડશે. આ પરથી તમે સમજી ગયા હશો, જંકીશન મારફતીઆને ત્યાંથી ગુલાબ વિષે અને હસમુખ પાસેથી રસિક વિષેની માહિતી મળી શકશે."

તે પછી બહાદૂર અને ગુલાબરાય બીજી વાત કરવા લાગ્યા. ગુલાબરાયના પ્રશ્નના જવાબમાં બહાદુરસિંહે જણાવ્યું કે, સર લલિતકુમાર બેરોનેટના જાગીરી ગામોનો બહુ સુંદર વિકાસ થયો છે, અને બેરોનેટની આવક દર વર્ષે વધતી જાય છે. લલિતકુમારના પિતા સાથે રણજીતને ગાઢ મૈત્રી હોવાથી તે લલિતકુમારની દૂરની સગી કમળા પર

અત્યંત મમતા રાખે છે. કમળાના લગ્ન સમયે તેનો પિતા શેર બજારમાં પાયમાલ થઇ ગયો હતો, તેથી તેણે કમળાને પરણાવી દેવાનો વિચાર કર્યો, અને કાળીદાસ દેશાઇ તે સમયે શ્રીમંત હોવાથી કમળાના પિતાએ તેને પોતાનો જમાઇ બનાવ્યો. પણ એ બદમાસે થોડાજ સમયમાં પોતાની જાત બતાવી, અને ફોરજરીના ગૂન્હા માટે તેને કેદની સજા થવાથી કમળા નિરાધાર થઇ ગઇ. એકવાર મહારાજા "લલિત મેન્શન"માં જતા હતા, એવામાં કમળા બંગલામાંથી બહાર નીકળી, અને રણજીતસિંહ કૂતૂહલવશ થઇ તેની પાછળ ગયા. કમળા એક નાની અંધારી ઓરડીમાં રહેતી હતી. મહારાજા તેને મળ્યા–તેના પ્રત્યે દિલસોજી બતાવી, અને કમળાએ તેની દુઃખદ કહાણી મહારાજાને સંભળાવી. મહારાજાને કમળાની દયા આવી, અને તેમણે કમળાને હાલમાં બોરીવલીની પાસે રંગપુર ગામમાં રાખી છે. ગુલાબ કમળાની સાથે રહે છે. સર લલિતકુમાર યુવાન છે અને તે તેની પત્ની શારદા સાથે સુખી છે, પણ દિલગીરીની બીના એ છે કે, શારદાને રમણી અને તેના ભાઈ કાલુભા સાથે મૈત્રી છે. એકવાર શારદાને મળવા મહારાજા ગયા હતા, ત્યારે રમણીએ મહારાજાને લલચાવવાની કોશેશ કરી હતી. પણ મહારાજાએ તેની પરવા કરી નહોતી. તે પછી પુરૂષ વેષમાં રમણી મહારાજાની પાછળ પડછાયાની પેઠે રખડતી ફરે છે.

"મહારાજા સાથે પેલો હબસી છે તે કોણ છે?"

"એની કથા જાણવા જેવી છે." બહાદુરસિંહે કહ્યું; "થોડા વર્ષ પર અમે અમેરિકા ગયા હતા. અમેરિકાના ફ્લોરીડા શહેરમાં મી. વીલીસ નામના એક શ્રીમંત બગીચાવાળાને ત્યાં અમે ઉતર્યા હતા. ત્યાં અમે એક લયલા મજનુની વાત સાંભળી. દેવીડ નામનો હબસી વૈદામાં અસામાન્ય નીપુણતા ધરાવતો હતો. તેના આશ્રય નીચે સીસીલી નામની

યુવાન છોકરી હતી તેને કોઢનો રોગ હતો. દેવીડે તેને સારી કરી અને સીસીલીએ તેને પોતાના પ્રેમની નવાજેશ કરી. આ બંને બગીચાવાળાના ગુલામો હતા. સીસીલી ગોરી મડમ જેવી ખુબસુરત હતી. તેના પર મી. વીલાસનો ડોળો હતો એટલે દેવીડ અને સીસીલીના પ્રેમની તેને ખબર પડતાં તેણે દેવીડને ચાબુકે ચાબુકે ફટકાવ્યો અને પછી બંનેને કેદ કર્યાં. મહારાજા આ નિર્દય કથા સાંભળી ઘણા કચવાયા. અમારે માટે ખાસ સ્ટીમર રોકવામાં આવી હતી. બગીચો જોઈ અમે સ્ટીમર પર ગયા અને મધરાતે મહારાજા, હું અને ખલાસીઓ દેવીડ અને સીસીલીને કેદમાંથી છોડવી લાવ્યા. તે રાતેજ અમે સ્ટીમર હાંકી મુકી અને મહારાજાએ ઇંદ્રાવતીમાં આવી દેવીડ અને સીસીલીના લગ્ન કરી આપ્યા. એએક વર્ષ બંનેનો સંસાર સુખમાં ચાલ્યો; પણ સીસીલી ગોરી હતી. તેને વખત જતાં તેના કાળા ધણી પર અભાવ આવ્યો અને તે એક રજપુત સ્વાર સાથે પ્રેમમાં પડી દેવીડને આ વાતની ખબર પડતાં તે ઝનુની ચીતા જેવો થઈ ગયો. અને જો મહારાજાએ તેને અટકાવ્યો નહિ હોત તો તે વ્યભિચારી સીસીલીનું ખૂન કરી નાખત. આ બનાવ પછી મહારાજાએ સીસીલીને ઇંદ્રાવતીના કિલ્લામાં કેદ કરી છે, પણ હમણાં તેને છોડી દઇ મુંબઇ મોકલવાનો તેમણે હુકમ કર્યો છે. સીસીલીને અહિં બોલાવવામાં મહારાજાનો હેતુ શો છે તેની મને ખબર નથી."

ગુલાબરાયજીએ જે માહીતી ભેગી કરી હતી તેમાં વધારો કરવાના ઇરાદાથી રણજીત પોતે પરેલમાં ઘાસવાળા બીલ્ડીંગમાં ગયો. તે ત્યાં ગયા ત્યારે ચાલીનો ભૈયો હાજર ન હતો; પણ ભૈયાની બૈરી હાજર હતી. રણજીતને પહેલાં તો તેણે કોઠું આપ્યું નહિ. પણ રણજીતે

જ્યારે ખોલી ભાડે રાખવાની વાત કરી તેના હાથમાં રૂપીઓ મૂકયો એટલે બૈયણ તેની સાથે હસી હસીને વાત કરવા લાગી. રણજીતે તેના નાના છોકરાને પીપરમીટ માટે એક આનો આપી બયણને પાણી પાણી કરી નાખી. બૈયણે તેને ખબર આપી કે આ ઘર મહમદ પહેલવાને કંત્રાકટ રાખેલું છે. ઘર બહુ મોટું હેતું. દરેક માળપર એક દિવાનખાનું અને ત્રણ ત્રણ ઓરડીઓ હતી. પહેલા માળ પર કેસરીસિંગ નામનો લાંબા વાળવાળો માણસ રહેતો હતો. બૈયણે તેના નામનો ટપાલમાં આવેલો કાગળ રણજીતને બતાવ્યો. કવર પર સેંટ મઘમઘતું હતું. પણ તે પરના અક્ષર જોઇને તે સમજ્યો. કવરપરના અક્ષર તેને લેડી શારદાના હોવાનો શક ગયો. બયણે તેનો મનોભાવ જાણ્યા વિના વધુ ખબર આપી કે બીજે માળે રેવાશંકર શાસ્ત્રી નામનો મહાન જ્યોતિષી રહે છે. તે ભલભલાનું ભવિષ્ય ભાખવાનો દાવો કરે છે; પણ તેના ખાનગી રૂમમાં મહમદ પહેલવાન અને રાણી મ્હાલી શીવાય કોઇને દાખલ થવાની રજા નથી. મ્હાલી તેને ગઇ કાલેજ મળી ગઇ હતી. ત્રીજે માળે એક દાંતનો દાકતર રહેતો હતો અને મહમદનો દીકરો જાનમહમદ તેની જાહેર ખબરના હેન્ડબીલ વહેંચતો હતો.

બૈયણે આટલી વાત કરી એટલામાં બૈયો આવી પહોંચ્યો. તેની સ્ત્રીએ રણજીતની ઉદારતાની વાત કરી એટલે બૈયાએ રણજીતને દીલ્હીશાહી રીતે સલામ કરી વિશેષ માહિતી આપવા માંડી. રસીકલાલ આ ચાલીમાં ભાડે રહેતો હતો એ વાત ખરી હતી; પણ તે ખોલી ખાલી કરી ગયો છે અને હસમુખ શીવાય તે કયાં હશે તેની કોઇને ખબર નથી. હસમુખ ચોથા માળ પર રહેતી હતી અને રસીક તેની પડોશમાંજ રહેતો હતો. ભોંયતળીએ એક દુઃખી કુટુંબ રહેતું હતું.

એ કુટુંબમાં એક પતિ, તેની બીમાર પત્ની, પાંચ બાળકો અને ઘર ધણીની અર્ધી દિવાની મા હતાં. આઠ માણસનો બોજો એક માણસ પર હતો. એ કુટુંબ ખ્રીસ્તી હતું અને કુટુંબના પાલનહારનું નામ જ્યોર્જ હતું. તે છાપખાનામાં રાત દિવસ નોકરી કરવા છતાં તેને તેના કુટુંબના ગુજરાન જેટલી આવક થતી ન્હોતી એટલે તેની મોટી પુત્રી લુર્ડ જેકીશન મારફતીઆને ત્યાં ટાઇપીસ્ટની નોકરી કરીને પોતાના પાતનો મદદ કરતી હતી.

ભૈયો તે પછી રણજીતને રૂમ બતાવવા માળ પર લઇ ગયો. ત્રીજે માળે જતાં તેણે એક ભયંકર ચીચીયારી સાંભળી. તે ચમકયો અને તેણે દાંતના દાકતરના રૂમની ઘંટડી વગાડી. ઘંટી વાગતાં બારણાં ઉઘડવાને બદલે આમ તેમની બારીઓ ઉઘડી અને પાછી બંધ થઇ ગઇ. રણજીતે બારણાની ઉપરના કાંચની વેન્ટીલેટરમાંથી અંદર જોયું તો તેને એક લાંબી દાઢીવાળો માણસ જણાયો. આ માણસના માથા અને દાઢીના વાળ લાલ હતા. તેને જોતાંજ રણજીતને પાર્વતીશંકર નામનો એક બદમાસ યાદ આવ્યો કે જેનું નામ દેવાના બહાદુરે કસમ ખાધા હતા.

રણજીતે હસમુખની પડોશની ચોથા માળ પરની ખોલી ભાડે રાખી અને ભૈયાના હાથમાં ભાડાના દશ રૂપીઆ મુકી તેણે પુછયું: "મારે કંત્રાકટર મહમદ પહેલવાનને મળવાની જરૂર છે?"

"નહિ સાહેબ! ઘરનો વહીવટ હુંજ કરૂં છું."

"મારી ખોલી બરાબર સાફ કરાવી રાખજો: હું કાલે સામાન લઈ આવીશ." કહી રણજીતે ભૈયાના હાથમાં બે રૂપીઆ મુક્યાં અને આવો ઉદાર ભાડુત મળવાથી ભૈયો ખુશ ખુશ થઇ ગયો. તે જાતેજ

રણજીતની રૂમમાં સાફસુફ કરવા લાગ્યો અને રણજીત તેને ત્યાં રહેવા દઇ નીચે ઉતર્યો.

તે દાદર ઉતરતો હતો, એવામાં તેણે દાંતના દાક્તરના રૂમમાંથી કોઈ સ્ત્રીને ઉતાવળથી બહાર નીકળી દાદર ઉતરતી જોઈ. કોઈ દાંતના દરદીનો દાંત દાક્તરે ખેંચી કાઢવાથી તેણે ચીસ પાડી હશે એમ ભૈયાએ તેને કહ્યું હતું. પણ તેને તનાથી સંતોષ થયો ન હતો. પેલી સ્ત્રીનું તેણે મ્હો જોયું નહોતું, પણ તેની રેશમી સાડી તેણે જોઇ હતી. તેની કુતૂહલતા વધી. બીજે માળે જતાં તેને રસ્તામાં પડેલો એક રેશમી રૂમાલ મળ્યો. આ રૂમાલ ઘણો સુંદર હતો. તે પર સેંટ મઘમઘતું હતું, પણ તે સાથેજ તે આંસુઓથી ભીંજાયલો હતો. રુમાલના એક છેડા પર બે અક્ષરો હતા. એ અક્ષરો જોઇને એ રુમાલ તેની માલીકને પાછો આપવાનો રણજીતને વિચાર આવ્યો, પણ વિચાર કરતાં એ રૂમાલ પોતાની પાસેજ રાખવાનું તેને યોગ્ય લાગ્યું. નીચે જઇ તેણે ભૈયાની બૈરીને પુછ્યું.

"હમણાં કોઈ સ્ત્રી આ ઘરમાં આવી હતી?"

"હાજી. ઘણીજ ભપકાદાર સ્ત્રી હતી. રાજાની રાણી જેવી લાગતી હતી. પણ તે હમણાંજ ગાડીમાં ચાલી ગઈ. જાનમહમદ તેને માટે ભાડાની ગાડી બોલાવી લાવ્યો હતો, અને એ બદમાસ છોકરો પોતે પણ ગાડીની પાછળ બેસી ગયો છે—"

આટલી તપાસ કરી રણજીત પોતાને બંગલે આવ્યો, અને તેણે તપાસનું પરિણામ ડાયરીમાં લખી લીધું, જે નિચે મુજબ હતું:—

"હસમુખગૌરી મોટે ભાગે રસિકલાલના કામ ઠેકાણાથી માહિતગાર છે. એક જુવાન સ્ત્રી [જે લેડી શારદા

હોવાનો સંભવ છે તેણે પોતાના માનીતાને આ ઘરમાં મળવાની ગોઠવણ કરી હોય એમ લાગે છે. હતભાગ્યની બીના એ છે કે લેડી શારદા આવા વર્તનથી ભવિષ્યમાં કલંકિત થઇ જીવનની ધુળધાણી કરી નાંખશે. સર લલિતકુમાર બેરોનેટ જુવાન છે—મારા મિત્રનો તે પુત્ર છે. તેના ખાનદાન પર કલંક લાગવાનો ભય ઉત્પન્ન થયો છે. અટલે મારે કોઇ પણ રીતે શારદાના સતીત્વનું રક્ષણ કરવું જોઇએ. જ્યોર્જ નામનો એક પ્રમાણિક કારિગર કૂર સંજોગોનો ભોગ થઇ પડયો છે અને જો એ કમનસિબ માણસને વખતસર મદદ નહિ મળે તો મહમદ પહેલવાન તેને ચઢેલા ભાડા માટે ઘરમાંથી હાંકી કાઢશે. બદમાસ પાર્વતીશંકર હવે દાંતનો દાકતર બની મુંબઇમાં પોતાની શેતરંજ ખેલવા આવ્યો છે અને તે એક મોટા કુટુંબની સ્ત્રી સાથે કંઇ કાવત્રું કરી રહ્યો છે. મ્હાલી ડોશી વાલકેશ્વર પર જખમી થયા પછી હોસ્પીટલમાં ગઈ હતી પણ ત્યાંથી છુટયા પછી તે ધાસવાળા બીલ્ડીંગમાં રેવાશંકર જોશીને કોઇ છુપા કામ માટે મળવા આવી હતી. હવે જેકીશન વકીલને મળવાથી વધુ હકીકત જાણી શકાશે."

આટલી નોંધ કરી રણજીત આરામ ખુરશી પર પડી સીગારનો ધુંવો કાઢવા લાગ્યો.

પ્રકરણ ૧૫ મું.

ભાઈ બહેન.

રમણી રામદુર્ગના જાગીરદાર જશવંતસિંહની વિધવા હતી. હાલમાં તેનું વય સાડત્રીસ વર્ષનું હતું છતાં તેની ખૂબસુરતી તેને તજી ગઇ ન્હોતી. તે શ્રીમંત પિતાની પુત્રી હતી; પણ સોળમે વરસે તેનો પિતા ગુજરી ગયા પછી તે તેના ભાઇ કાલુભા સાથે રહેતી હતી. બાળપણમાં એક સ્ત્રીએ તેનો હાથ જોઇ એવું ભવિષ્ય ભાખ્યું હતું કે રમણીનું નસીબ ઘણું તેજસ્વી છે અને તે કોઇ દિવસ રાજરાણી થવાનો સંભવ છે. તે કાચા કાનની અને ખુશામદની શોખીન હતી એટલે તેની દાસીએ વારંવાર આ વાત કરીને તેને ફુલાવી મુકી હતી. તેની દાસી કોઈ કોઈવાર મહારાણી કહીને બોલાવતી. તેણે રમણીને એમ પણ કહ્યું હતું કે, એક જ્યોતિષીએ રમણાની પૈઠેજ એક છોકરી રાણી થશે એવું ભવિષ્ય ભાખ્યું હતું અને તે છોકરી ખરેખર એક રાજા સાથે પરણી હતી.

અમીરોકે ઘરસે બઢકે દેખો તૂટે ઘરકા ખુણા હય;
ખુશીકી સેદ મહોબત હય ન ચાંદી હય ન સોના હય;
અમીરી માલ ઓર દાલતમેં નીગાહ રખના કમીના હય;
જહાં મીલકે રહે દો દીલ વહીંપર બાદશાહી હય.

સુવિખ્યાત શાયર મુનશી આગાહશ્રનું આ સોનેરી કથન રમણીને માન્ય ન્હોતું. તેને પવિત્ર પ્રેમની દરકાર ન્હોતી. તેને તો રાજવૈભવના ખુની ભપકા જોઇતા હતા અને બાળપણુથીજ તે સતાની મહત્વાકાંક્ષી થઇ હતી. તેના ભાઇ કાલુભાએ તેની મહત્વાકાંક્ષાને ઉત્તેજન આપ્યું

હતું અને તેથી યૌવનને આંગણે જતાંજ મહારાણી પદ મેળવવા માટે આતુર થઈ ગઈ હતી.

કાલુભાએ રમણીને રાણી બનાવવાની પ્રતિજ્ઞા લીધી. બંને એક વહેમી માન્યતા પર અંધ વિશ્વાસ રાખતાં હતાં. પણ તેઓ છેક અક્કલ વિનાના ન્હોતા. રમણી સોળ વર્ષની થઇ ત્યારે કાલુભાએ હિંદના બધા દેશી રાજાઓની ટીપ તૈયાર કરી અને તેમાંથી યુવાન અને કુંવારા રાજાઓના નામ તારવી કાઢયા. કાલુભા રમણીની જાદુભરી ખૂબસુરતીના પ્રતાપે કોઇ યુવાન રાજાનું મગજ ચકરાવી નાખી રમણીને રાણી બનાવવા માગતો હતો. કાલુભા આ રીતે પોતાની બહેનની સુંદરતાનો સોદો કરવા તૈયાર હતો; પણ તેનું હ્રદય નીચ ન હતું. તે રમણીને લગ્નના પવિત્ર બંધનથી રાણી બનાવવા માગતો હતો. ગમે તેવો મહારાણો હીરા મોતીના ઢગલ ભેટ આપી દે તો પણ રમણી તેની રખાત થાય એવું જોવાની કાલુભાની ઇચ્છા ન્હોતી. રમણી બજારૂ વેશ્યાની પેઠે પોતાનું યોવન વેચે તેના કરતાં તેને પોતાને હાથે મારી નાખવાનું કાલુભાને વધારે પસંદ હતું.

રાજાઓની ટીપ પરથી કાલુભાને ખબર પડી કે ઇંદ્રાવતીનો ઇંદ્રસિંહ વૃદ્ધ છે અને તેનો પાટવી વર રણજીતસિંહ હમણાંજ વીશ વર્ષનો થયો છે. રણજીત ઇંગ્લાંડમાં ઓક્ષફર્ડ યુનીવર્સીટીમં ભણ્યા આવ્યો હતો અને તેથી રમણીને અપ-ટુ-ડેટ કેળવણી આપવાની જરૂર હતી.

કાલુભાના પિતાને સર લલિતકુમાર બેરોનેટના વૃદ્ધ પિતા સાથે ઓળખાણ હતી, એટલે કાલુભા રમણીને લઇને મુંબાઇ ગયો, કે તરતજ ભાઈ બ્હેનને શ્રીમંત સમાજમાં ભેળાવાની સગવડ મળી ગઈ. રમણી એક વર્ષમાં તો ફેશનની પૂતળી થઇ ગઇ, અને રાજાઓ તથા અમીરોમાં કેવી રીતભાત રાખવી તે તે શીખી ગઈ.

હવે કાલુભા રમણીને લઇ ઇંદ્રાવતી ગયો. તેણે આથી યુવાન પાટવી કુંવરને પોતાનો બનેવી બનાવવાની ઇચ્છા રાખી હતી, કેમકે બીન અનુભવી યુવાનજ સહેલાઇથી રમણી પાછળ પાગલ થઇ જશે એ તેણે ગણત્રી કરી હતી. મુંબઇમાં લલિતકુમારનો પિતા વિજયકુમાર રમણીને પોતાની પુત્રી જેવી ચાહતો હતો. તેને ઇંદ્રાવતીના મહારાજા સાથે ગાઢ મત્રી હતી, તેથી તેણે કાલુભા અને રમણીની સંભાળ રાખવાની મહારાજાને ખાસ ભલામણ કરી હતી.

ઇંદ્રાવતીના રાજકુટુંબમાં રમણી ઘણી માનીતી થઈ પડી. મહારાજા ઇંદ્રસિંહ પોતાની પ્રજાને સંતાન તરિકેજ પાળતા હતા. પ્રજા પર ભારી કરોનો જૂલ્મ ન હતો, અને પ્રજા પણ ઉદ્યોગી હોવાથી પાંચ પૈસે સુખી હતી. રમણી ઇંદ્રાવતીમાં આવ્યા પછી થોડાક દિવસમાંજ રણજીત બહાદુરસિંહ અને એક બીજા અંગરક્ષક સાથે રાજ્યના ગામડાંઓ જોવા ગયો હતો. તે દરમિયાન ચાલાક રમણી મહારાજા અને મહારાણીની મહેરબાની મેળવવામાં ફત્તેહમંદ થઇ. મહારાણી તો તેને જોઇને પાણી પાણી થઇ જતી. આ રીતે રમણીએ પોતાનું સ્વપ્ન સાચું પાડવા માટે અત્યંત સંભાળપુર્વક જાળ બીછાવી દીધી.

રણજીત બાળપણમાં ઘણો નાજુક હતો. તેથી તે દશ વર્ષનો થતાં તેના પિતાએ બહાદુરસિંહ નામના રજપુતને રણજીતનો ગુરૂ નીમ્યો હતો. બહાદુરસિંહે રણજીતને ગામડાંમાં રાખવાનું પસંદ કર્યું. મહારાજાને તેની યોજના ગમી ગઇ. બહાદુર રણજીતની સાથે રાજ્યના એક ટેકરીઓવાળા ગામમાં રહેવા ગયો અને ત્યાં ટેકરીઓ પર ચઢવા ઉતરવાની કસરતથી, શીકારથી અને બીજી રમત ગમતોથી રણજીતનો બાંધો ચાર પાંચ વર્ષમાં મજબુત થઇ ગયો. તે પછી બહાદુર રણજીતને

લઇ વિલાયત જઇ આવ્યો અને મહારાજા રણુજીતની કુશળતા જોઈ રાજી રાજી થઈ ગયા. બહાદુરસિંહ તે પછી પોતાને વતન ગયો. રણુજીત તેનાથી વાખુટો પડતાં ગળગળો થઈ ગયો.

બહાદુરસિંહની ગેરહાજરી દરમીયાન મહારાજાએ રણુજીતના કમ્પેનીઅન તરીકે પાર્વતીશંકર નામના વિદ્વાનની નીમણુંક કરી. પાર્વતીશંકર સંસ્કૃત, અંગ્રેજી ભાષાનો વિદ્વાન હોવા ઉપરાંત વિજ્ઞાનશાસ્ત્રી હતો; પણ તેનામાં સદગુણનો છાંટો પણ ન્હોતો. બહાદુરે રણુજીતને નીતિ અને સત્યનો પુજારી બનાવ્યો હતો. પાર્વતીશંકર એકેએક દુર્ગુણની ખાણ હતો. તેણે ધીમે ધીમે રાજકુંવરના કાનમાં વિલાસ અને સંગારનું ઝેર રેડવા માંડયું. પ્રથમ તો રણુજીતને તેની વાતો ન ગમી; પણ આ દંભી અને દુષ્ટ માણસે ધીમે ધીમે તેનું પવીત્ર હૃદય બગાડવા માંડયું. ફક્ત આઠ દશ મહિનામાંજ રણુજીતને પોતાના સાદા અને પવીત્ર જીવન પર કંટાળો આવ્યો અને તે પાર્વતીશંકરની ઝેરી સલાહથી રંગરાગનો શોખીન થવા લાગ્યો.

આ સમયે બહાદુરસિંહ પોતાના વતનમાંથી પોતાનું કુટુંબ લઇ પાછો ઇંદ્રાવતી આવ્યો. ગુરૂ શિષ્ય એકબીજાને હર્ષથી ભેટયા. પણ હવે રણુજીત પહેલા જેવો ન્હોતો. બહાદુરસિંહ તેને શિકારે જવાની વાત કરતો તે તેને ગમતી નહિ. રાજકુંવરમાં થયલું આ અચાનક પરિવર્તન જોઇને બહાદુરસિંહને ઘણું દુઃખ થયું. છુપી રીતે તપાસ કરતાં તેને ખબર પડી કે બદમાસ પાવર્તતીશંકરે રણુજીતને ભ્રષ્ટ કર્યો હતો. હવે રણુજીત પોતાના નવા કમ્પેનીઅનની સાથે શરાબ પી સુંદરીઓના નાચ જોતો હતો. આ ઝેરી વાતાવરણમાંથી રણુજીતને મુક્ત કરવાની બહાદુરને અનિવાર્ય જરૂર જણાઇ. પણ યોવનના આરંભમાં

રણજીત સહેલાઇથી માને એમ એમ ન હતું. પાર્વતીશંકર તેનાથી ઘણો ડરતો હતો કેમકે તે બહાદુર સત્યનિષ્ઠ અને સ્પષ્ટવકતા હતો. તે રણજીતને કેવી રીતે બચાવવો તેના વીચાર કરતો હતો. આ સમયે કાલુભા રમણીને લઇ ઇંદ્રાવતી આવ્યો હતો અને મહારાજાએ તેનો સારો સત્કાર કર્યો હતો

સરખે સરખાની જોડી મળી રહે છે તેવી રીતે કાલૂભા અને પાર્વતીશંકર મિત્રો બની ગયા. પાર્વતીશંકર બારેગાંઠ પુરો હતો. કાલૂભાએ રણજીતના વિચારો, તેની રહેણી કરણી વિગેરે વિષે સામાન્ય સવાલો પુછ્યા તે પરથીજ તે સમજી ગયો કે આ માણસનો કંઇક હેતું છે. રમણીને જોઇને તે ઘણો પ્રસન્ન થયો. રણજીતના કાનમાં તેણે પ્રેમના અનેક મંત્રો ફૂંકયા હતા અને પ્રેમજીવનના અનેક કાવ્યો વંચાવીને તેણે રણજીતને પ્રેમઘેલો બનાવ્યો હતો. રમણી રાજકુંવરની પ્રેમસૃષ્ટિની અપસરા થશે એમ ધારીને તેણે કાલૂભાને અને રમણીને પોતાન પક્ષમાં લીધાં. તેણે બન્નેને ચેતવણી આપી કે બહાદુરસિંહનો વિશ્વાસ કરવો નહિ. જો બહાદુરને તેઓની શેતરંજની ખબર પડશે તો તે તેઓનુ પોગળ મહારાજા સમક્ષ ફોડી દેશે અને બન્નેની આશા ધુળમાં મળશે. આમ ત્રણે જણુ બહાદુરસિંહના વિરોધીઓ બન્યાં.

આ કાવત્રું રચાયું ત્યારે રણજીત બહારગામ ગયો હતો. તે પાછો આવ્યો, અને રમણીને જોતાંજ તેના પર મુગ્ધ થઇ ગયો. પાર્વતીશંકરે પરોક્ષ રીતે બન્નેને મળવાની સગવડ કરી આપી. રમણીનું સૌંદર્ય અજબ હતું. રણજીત જીગર ગુમાવી બેઠો. તેને રમણી વિના ઘડીભર ચેન પડતું નહિ. રમણી તેની પાસેજ રહેવી જોઇએ. રમણી શિવાય જીવી નજ શકાય એવી સ્થિતિ ઉભી થઈ, અને તે રમણીને પોતાની બનાવવા માટે ગમે તેનો ભોગ આપવા ત્યાર થયો.

મહારાજાએ રણુજીત માટે એક રાજકન્યા પસંદ કરી હતી, એટલે તે રમણી સાથે રણુજીતના લગ્નની મંજુરી આપે એવો સંભવ ન્હોતો. આ સમયે પાર્વતીશંકરે રણુજીતને સમજાવ્યું કે, "હમણાં બ્રાહ્મણ વચને ને સૂર્યની સાક્ષીથી ખાનગીમાં વિધિ પુરઃસર લગ્ન કરી નાખો. એકવાર લગ્ન થઇ ગયા પછી વખત જોઇને મહારાજાને સમજાવી લેવાશે." જુવાન રણુજીત જાળમાં ફસાયો. તેણે ગુપ્ત રીતે રમણી સાથે લગ્ન કર્યાં, અને પાર્વતીશંકરે ગોરની ફરજ બજાવી. રમણી છૂપી રીતે રણુજીતની પત્ની થઈ. બેચાર મહિના તો રણુજીતને આ દુનિયામાંજ સ્વગ જણાયું. પણ તે પછી રમણી ગર્ભવતી થઇ, અને હવે છૂપાં લગ્ન જાહેર કરવાની જરૂર ઉભી થઈ. આ સમયે મહારાજાના હુકમથી કાલુભા બહારગામ ગયો હતો.


કાલુભા ગયા પછી એકવાર મહારાણીની આસપાસ ઉમરાવજાદીઓ ભેગી થઈ હતી તેમાં રમણી પણ હતી રમણીને આ વખતે છઠ્ઠો મહિનો જતો હતો. અનેક સ્ત્રીઓએ તેને જોઈ મ્હો મરડયા. તે લોકોની નજરે કુંવારી હતી અને કુંવારી દશામાં તે ગર્ભવતી જણાવાથી સ્ત્રીઓમાં ધીમે ધીમે તેની નિંદા થવા લાગી. મહારાણી સર્વની સામે એક ગાદીપર બેઠાં હતાં. તેમના કાને પણ રમણીની નીંદા આવી. તે અજબ થઈ. રમણી પરમ પવિત્ર કુંવારિકા છે એવી તેની ખાત્રી હતી. આ સમયે રમણી સઘળી સ્ત્રીઓની પાછળ બેઠી હતી. તેની નિર્દોષતા જાહેર કરીને નિંદાખોર જીભડીઓ બંધ કરવાના હેતુથી મહારાણીએ કહ્યું: "રમણી! બહેન! અહિં આવ."

રમણી હિમ્મતથી ઉભી થઈ. તે હવે કંઇ છુપાવવા માગતી ન હતી. પોતાની સાથેના રણુજીતના લગ્ન જાહેર કરવાને રાજકુમારને

ફરજ પાડવા માટે જાણી જોઈને તેણે આવો નાટક ભજવવાનો નિશ્ચય કર્યો હતો. મહારાણીની પાસે જતાં તેને બધી સ્ત્રીઓની વચ્ચેથી જવું પડ્યું. જેઓને જરાપણ શંકા હતી તે નષ્ટ થઇ અને મહારાણી પણ તેનું શરીર જોઈ અજબ થઇ.

"રમણી! તું આટલી બધી જાડી કેમ દેખાય છે?" મહારાણીએ ગુસ્સાથી પુછ્યું.

રમણીએ શું જવાબ આપ્યો અને આ ભયંકર શોધનું પરિણામ શું આવ્યું તે આપણે પછીથી જોઇશું. વાંચનારે કલ્પના કરી લીધી હશે કે રમણી અને રણજીતના પ્રથમ પ્રેમનું પરિણામ હતભાગી ગુલાબ હતી. પોતાની પુત્રીને બન્ને મરી ગયલી માનતાં હતાં પણ એજ છોકરી હમણાં રણજીતના પોતાના આશ્રય નીચે હતી તેનું કોઇને સ્વપ્નું શુધ્ધાં ન્હોતું.



પ્રકરણ ૧૬ મું

મેળાવડો.

રણજીત ગરિબોને સહાય કરવા જતો અથવા મવાલીઓમાં રખડીને પોતાને જોઇતી છૂપી ખબરો મેળવવાની કોશેષ કરતો, ત્યારે તે અને બહાદુરસિંહ બન્ને વેષ બદલી નાંખતા હતા, અને બહારના લોકો તો તેઓને સામાન્ય મધ્યમ વર્ગના કારિગરો અથવા મજુરોજ સમજતા હતાં. રણજીત અથવા બહાદુરસિંહ અસલ કોણ છે એ બીનાની ઘણા થોડા જણને ખબર હતી.

સાંજે સાત વાગવાનો સમય હતો. આ સમયે રણજીત રાજવંશી પોષાકમાં સજ્જ થઇ, એક ભવ્ય દિવાનખાનામાં બેઠો હતો. તે આજકાલના વૈભવ વિલાસી અને પ્રજાનું લોહી ચૂસનારા રાજા જેવો રાજા ન્હોતો. તે ખરો રાજા હતો. પ્રજાને તે પોતાની સંતતિ પેઠે પાળતો હતો. તેના વદન પર રાજત્વનું દૈવી તેજ ચમકારા મારતું હતું. તેની બાજુમાં બહાદુરસિંહ બેઠો હતો, આ વૃદ્ધ રજપુત સરદાર હમણાં કોલસા વેચનાર માણસ ન્હોતો; પણ અસલ રાજવંશી રજપુત સરદાર જેવો ભવ્ય લાગતો હતો. તેના મસ્તક પર રાજવંશી સાફો શોભતો હતો, અને તેની કમ્મરે લટકતી તલવાર તેની શૂરવીરતાની સાબીતી રૂપ હતી. ગુલાબરાયજી રણજીતની ડાબી બાજુએ બેઠા હતા, અને તે પણ કોઈ રાજવંશી મેળાવડામાં જવાના હોય એવા પોષાકમાં હતા.

"કમળાનો આજે પત્ર આવ્યો છે તે પરથી મને ઘણોજ સંતોષ થયો છે." રણજીતે વાત શરૂ કરી: "કમળાની મયાળુ છાંયા નીચે ગુલાબ સુખી થઈ છે અને કમળા તો દેવપુત્રીની ઉપમા આપે છે.

ગુલાબ પર કમળા પ્રીત થઇ ગઈ છે. તે કહે છે કે ગુલાબ વિનયી, નમ્ર, સંસ્કારી અને સદ્‌ગુણી છોકરી છે. દેવીડે ખરેખર ચમત્કાર કરી બતાવ્યો છે. ગરીબડી ગુલાબ ક્ષય રોગથી પીડાતી હતી પણ દેવીડની દવાની અજબ જેવી અસર થઇ છે. પોતાની નિરાધાર દશા અને ભુતકાળનો વિચાર કરીને ગુલાબ કોઈ કોઇ વાર દીલગીર બની જાય છે. પણ એ શિવાય તેની તબિયત ઘણી સુધરવા પામી છે."

"પરમાત્મા કરેને એ બિચારી સંપુર્ણ નિરોગી થઇ જાય..." રાયજી બોલ્યા.

"ગુલાબને બચપણથી માબાપની શીતળ છાંયાનો લ્હાવો મળ્યો નથી; પણ મહારાજાની કૃપાથી તે હવે એવા લ્હાવા લઇ શકશે." બહાદુરસિંહ બોલ્યો. રણજીતે એક ઉંડો નિઃશ્વાસ નાખ્યો અને બેચાર પળ ત્યાં મૌન છવાયું. એવામાં નોકરે આવી ખબર આપી કે મોટર લઇને શોફર આવી પહોંચ્યો છે.

ત્રણે જણ ઉઠયા અને મોટરમાં જઈ બેઠા. રસ્તામાં રણજીતની સાથે રખડવામાં કેવા કેવા વિચિત્ર વેષ ધારણ કરવા પડતા હતા તેની રમુજી વાતો કરીને બહાદુરે રાયજીને ખુબ હસાવ્યા. રણજીત કંઇક વિચારમાં લીન થયો હતો. તેણે ધારાવાળા બીલ્ડીંગમાં એક ખ્રીસ્તી કુટુંબની દયાજનક દશા જોઈ હતી અને આવા પ્રભુથી ડરનારા માણસો પર આવી આફત કેમ આવતી હશે તેનો તે વિચાર કરતો હતો એવામાં મોટર એક ભવ્ય અને આલીશાન બંગલાના દરવાજામાં દાખલ થઈ. બંગલો રૂના શાહ સોદાગર શાંતિલાલનો હતો અને શાંતિલાલ તથા તેની પત્ની ઉર્મીલાએ રણજીતસિંહના માનમાં પાર્ટી આપી હતી. રણજીતને આવકાર આપવા માટે કરોડપતિ શાંતિલાલ અને ઉર્મીલા વરંડામાંજ ઉભાં હતાં. આખા બંગલાને વીજળીની રોશનીથી શણગારવામાં આવ્યો

હતો અને મહેમાનો–શ્રીમંત વેપારીઓ, રાજાઓ, રાજકુંવરો, પારસી, યુરોપીઅન અને હિંદી રમણીઓ દિવાનખાનામાં તથા બગીચામાં આમથી તેમ ફરીને આનંદ કરતાં હતાં. શાંતિલાલ અને ઉર્મીલાએ રણજીતનો ભાવથી સત્કાર કર્યા પછી તે બહાદુર અને રાયજી સાથે દિવાનખાનામાં ગયો અને શાંતિલાલે હાજર રહેલા મહેમાનોની રણજીત સાથે ઓળખાણ કરાવી. આ સમયે રણજીતની ઉમ્મર છત્રીસ વર્ષની હતી અને જો કે હવે તેની જુવાનીનું પુર ઉતરવા લાગ્યું હતું તોપણ તેના ચહેરાની ભવ્યતા ઓછી થઈ ન્હોતી. હજુ પણ તેનો બાંધો મજબુત હતો–તેના ગાલ પર કરચલી વળી ન્હોતી તેમ તેની તેજસ્વી આંખો ઝાંખી પડી ન્હોતી. રાજવંશી પોષાકમાં કમ્મરે રત્નજડિત તલવાર સાથે તે સાચો રાજા જેવોજ દીપી રહ્યો હતો. અત્યારે તે કામાટીપુરાની તેરમી ગલીમાં રખડનાર મવાલી ન્હોતો–ઘાસવાળા બીલ્ડીંગનો ગરીબ ભાડુત ન્હોતો–કાનજી કસાઇનો સામાન્ય મિત્ર ન્હોતો, પણ રાજતેજથી ઝગઝગતો મહારાજા હતો.

રણજીતસિંહ ઇંદ્રાવતીનો મહારાજા હોવાથી શાંતિલાલ અને ઉર્મીલા તેની તહેનાતમાંજ ઉભાં હતાં: પણ રણજીતને તે પ્રિય ન્હોતું. તેણે મીઠાશથી તેઓને મહેમાનોમાં ભેળાવાની રજા આપી અને તે પોતે પણ દિવાનખાનામાંથી બહાર નીકળી વિશાળ, મનોહર બગીચામાં ફરવા લાગ્યો. શાંતિલાલ કરોડપતિ હતો અને તેણે આ મેળાવડામાં મુંબઇમાં વસતા રાજા મહારાજાઓ તથા શ્રીમંત સમાજના આગેવાન સ્ત્રીપુરૂષોને નોતર્યા હતા. લેડી શારદા પણ સ્ત્રી મંડળોમાં નજરે પડતી હતી અને રમણી તથા તેનો ભાઇ કાલુભા પણ બની ઠનીને આવ્યાં હતાં. રમણી પર રણજીતે બીલકુલ ધ્યાન આપ્યું નહિ. જાણે તે તેને ઓળખતોજ નહિ હોયની તેમ તે તેનાથી દૂરને દુર રહ્યો. તે શારદા અને રમણિક

નામના એક યુવાનના વર્તન પર તિક્ષ્ણ નજર રાખતો હતો અને શારદા તથા રમણિકને સાથે જોતાં તેને ખાત્રી થઈ કે ઘાસવાળા બીલ્ડીંગના સૈયાની સ્ત્રીએ તેને જે વાત કરી હતી તેમાં સત્યનો અંશ વધારે હતો. થોડીવાર પછી તે બગીચામાં એક ગીચ વેલીઓના મંડપની આડમાં એક બાંક પર બેઠો. આ બાંકની પાસેજ વેલીઓની ગાઢી ઘટા હતી એટલે વેલીઓની પાસે કોઇ બેઠું હોય તો તે બીજી બાજુવાળાથી દેખાય એમ ન્હોતું. રણજીત બાંક પર બેઠો કે તરતજ તેને કાને કોઇંના અવાજ સંભળાયો—તેના નામનો ઉચ્ચાર થયો—તેણે અવાજ ઓળખ્યો અને તે જરા ધ્રુજી ગયો. એ અવાજ રમણી અને કાલુભાનો હતો. રણજીત અને આ બે ભાઇ બ્હેનની વચ્ચે વેલીઓની ગીચ ઘટા હતી એટલે રમણી કે કાલુભા તેને જોઈ શક્યા નહિ.

"લેડી શારદા અહીંથી રણજીતને મળ્યા વિના ચાલી ગઈ તે સારૂં થયું. કેમકે રણજીતના હૃદયમાં શારદા વસી ગઇ છે, અને શારદા પણ તેને માટે મરી ફીટે છે. શારદા મારી કટ્ટી દુશ્મન છે. મારી યોજનામાં એ નડતર રૂપ છે; પણ હવે કંઈ ફીકર નથી. મારી એ શોક્યનું આવતી કાલે સત્યાનાશ વળી જશે. તું સાંભળે છે કે? આ કંઈ સાધારણ વાત નથી. મામલો ઘણો ગંભીર છે." રમણી બોલી. રણજીતને તેને માટે ધિક્કાર ઉપજ્યો. તે કાન માંડીને તેઓની વાત સાંભળી રહ્યો.

"તારી ભુલ થાય છે. રણજીતની નજર કદિ પણ શારદા પર ઠરી નથી." કાલુભા બોલ્યો.

"તને કંઇ ખબર નથી તેથી તું એમ બોલે છે. તું બહારગામ ગયો હતો ત્યારે અહિં કંઇ કંઇ બનાવો બની ગયા છે જેની તને ખબર નથી. સાંભળ, આપણે એકલાં છીએ એટલે વાત કરી લઇએ."

"બોલ, હું તારીજ વાત સાંભળું છું."

"મારી ખાત્રી છે કે શારદાએ રણજીતને જોયો તે પહેલાં તેણે કોઇને ચાહ્યો ન્હોતો. રણજીતજ શારદાનું હૃદય ચોરી ગયો છે. લલિતકુમાર શારદાને દેવી જેવી ગણે છે—તેને રાણી જેવા રાજવૈભવમાં રાખે છે, અને તેના પરથી પ્રાણ ઓવારી નાખવાને તૈયાર છે: છતાં કોણ જાણે કેમ શારદા તેના પ્રત્યે અસામાન્ય ધિક્કારની લાગણી ધરાવે છે, ધણી ધણીઆણી વચ્ચે ધિક્કારની આવી પોલાદી દિવાલ શાથી ઉભી થઇ હશે, તેનો ભેદ હજૂ હું ઉકેલી શકી નથી. રણજીતને જોયા પછી શારદાના હૃદયમાં નવા નવા આવેશની ભરતી આવી રહી છે. મેં મહારાજના ભયંકર ભેદો ખુલ્લા કરીને શારદાના બળતા પ્રેમ પર પાણી રેડવાની કોશેષ કરી જોઇ: પણ શારદા હવે પ્રેમ માટે વલખાં મારે છે. આપણે ત્યાં રમણીકને જોઇને શારદા તેની સુંદરતા પર મોહી પડી. કોઇ મોહક ચીત્ર જોઇને આનંદ થાય તેવો રમણીકને જોઇને શારદાને આનંદ થયો કમનસીબે રમણીક મુંરખનો સરદાર છે, પણ તેની આંખો કામણગારી છે. મેં શારદા સમક્ષ તેના ઉમદા જીગરની અને ઉચ્ચ ચારીત્ર્યની પ્રશંસા કરવા સાથે તેના પર આફતના ડુંગર તુટી પડયા છે એવી કરૂણ વાત ગોઠવી કાઢીને શારદાના હૃદયમાં દયા ઉત્પન્ન કરી. રમણીકને નીસાસા નાખતા સારી રીતે આવડે છે, તેનો ચહેરો હંમેશા ઉદાસ રહે છે અને તેની કરૂણ આંખો ગમે ત્યારે આંસુ સારી શકે છે તે ઓછું બોલતો નથી રમણીકની આવી કરૂણ હાલત જોઇ શારદા તેનામાં રસ લેવા લાગી. તેને માટે શારદાને લાગણી ઉત્પન્ન થઇ એ રીતે તે રણજીતને ભૂલવા લાગી. સમજી કે !—"

"હા—આગળ ચલાવ—"

"રમણિકને શારદા આપણે ત્યાંજ મળતી. હું તેઓને જાણી જોઇને એકાંત આપવા માટે કંઇ ને કંઈ બ્હાના કાઢી ખસી જતી અને રમણિક શારદાના સૌંદર્ય પર જોડેલા મીઠા મીઠા કાવ્યો તેને વાંચી સંભળાવતો. શારદા તે સાંભળી મલકાતી. પણ હજુ તેની પવિત્રતા ખંડિત થઈ નથી. તેને પોતાના સતીત્વનું ઘણુંજ અભિમાન છે અને રમણિકમાં તેને જીતવાની શકિત નથી. પણ જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ પ્રેમ વિનાનું જીવન તેને શુષ્ક જણાવા લાગ્યું. રમણિકનાં કાવ્યો વધારે વિલાસી બન્યાં. એક વાર તો તેણે કાવ્ય દ્વારા શારદાના પ્રેમની યાચના કરી. શારદાનું ભાવના ઘેલું હૃદય દ્રવી ગયું. તે રણજીતની મુર્તિને પુજી રહી હતી તેને બદલે હવે રમણિક તેના હૃદયનો માલીક થતો ગયો અને અંતે તે રમણિકને પોતાના પ્રેમનું દાન કરવા તૈયાર થઇ—"

"શારદાએ તને એ વાત કરી હતી?'

"તેણે મને એટલુંજ કહ્યું હતું કે તે રમણિકને ચાહે છે. મેં તેને વધુ સવાલ પુછ્યા નહિ. પણ રમણિક મુરખનો સરદાર છે. તેણે પ્રેમાંધ થઇને મને પોતાના વિજયની વાત કહી દીધી પણ બંને કઇ જગ્યાએ અને ક્યારે મળે છે તે રમણિકે મને કહ્યું નથી."

"ત્યારે તને એ વાત શી રીતે મળી?"

"મેં આપણા નોકર ભગલાને રમણિકના પાછળ જાસુસી કરવા રોક્યો હતો. થોડા દિવસ પહેલાં રમણિક પરેલમાં ચાસવાળા બીલ્ડીંગમાં ગયો હતો; પણ ત્યાં શારદા ગઈ નહોતી. શારદાએ તેને મળવાનું વચન આપી નિરાશ કર્યો હતો એ વાત મને રમણિકેજ કહી હતી. તે પછી

શારદાએ તેને બીજીવાર નિરાશ કર્યો અને તે એટલો બધો હતાશ અને દિલગીર થઇ ગયો કે તેની દયા ખાઇને શારદાએ તેને ત્રીજી વાર મળવાનું વચન આપ્યું. પાછળથી તેને પસ્તાવો થયો હશે. એટલે રમણિક ત્રીજી વાર પણ નિરાશ થયો. મને લાગે છે કે રણજીત અને રમણિકની વચ્ચે શારદાનું હૃદય ઝોલા ખાય છે અને તે કોઇ નિર્ણય પર આવી શક્તી નથી. અંતે આજે રાતે તેણે રમણીકને ફરીથી વચન આપ્યું છે અને મને લાગે છે કે તે કાલે રમણિકને મળવા જરૂર જશે."

"હવે તું શું કરવા માંગે છે?"

"રમણિક શારદાનું હૃદય સમજી શકતો નથી. તે હવસી છે, અને શારદા ભાવઘેલી છે, એટલે બન્નેના ગ્રહ મળવાના નથી, અને તેથી આવતી કાલે શારદા રમણિકને મળે, તો પણ તે આત્મ સમર્પણ કરવાની નથી. આહ! એ બલાના હૃદયમાં મારો વ્હાલો રણજીતજ રમી રહ્યો છે, અને રમણીક અને શારદાના પ્રેમની વચ્ચે રણજીતનું સ્મરણજ મહાન અંતરાય રૂપ છે—"

"વારૂ —"

"હું એમ માનું છું કે, લલિતકુમાર રણજીતનો મિત્ર હોવા છતાં તે મિત્રતાનો ભંગ કરીને શારદાના જાદુભર્યા પ્રેમને શરણે થશે; પણ જો તે પહેલાં શારદા રમણિકની માશૂક થઇ છે એવી તેને ખબર પડે, તો તે શારદા તરફ ઝાંખીને જોશે પણ નહિ, કેમકે પુરુષ પોતાની પ્રિયતમાની બેવફાઇ કદિ પણ માફ કરી શકતો નથી."

"ત્યારે તું શારદાના પતિને તેની પત્નીની બેવફાઇથી માહિતગાર કરવા માંગે છે?"

"હા. શારદાએ પોતેજ મને કહ્યું હતું કે, તેના ધણીને તેના ચારિત્ર્ય વિષે ક્યારનો શક ઉત્પન્ન થયો છે. અહિંથી આપણે ઘેર

જઈએ ત્યારે તું બનાવટી અક્ષરે સર લલિતકુમાર પર એક કાગળ લખી નાંખજે, અને તેમાં તેને ખબર આપજે કે શારદા તેના યારને આવતી કાલે પરેલમાં ઘાસવાળા બીલ્ડીંગમાં બપોરે એક વાગે મળવા જવાની છે. આ પત્ર મળતાંજ સર લલિતકુમાર અદેખાઈથી આંધળો બનીને શારદાની પાછળ પડશે, અને પછી શું થશે તે તું સમજી શકશે."

"હા. પણ એ કામ હીચકારૂં છે." કાલુભાએ કહ્યું.

"મારી યોજના દુષ્ટ હોય તેની મને પરવા નથી. ગમે તે રીતે હું મારી મહત્વાકાંક્ષા પાર પાડવા માગું છું. એ સ્ત્રી મારા માર્ગમાં કંટક રૂપ છે. તું મારા ભાઇ તરિકે મને મદદ કરવાને તૈયાર છે?"

"હા. પણ આ બહુ દુષ્ટ કૃત્ય છે,"

"છતાં તું એ કામ કરશે ખરોને?"

"હા. કાલે સવારના પહોરમાં સર લલીતકુમારને તેની પત્નીના ચારીત્ર્ય પર શંકા ઉત્પન્ન કરનારો કાગળ મળી જશે. પણ આ અવાજ શાનો?"

"જો, બહાર જઇને ખાત્રી કર–" રમણી બોલી. કાલુભા લગ્ન મંડપમાંથી બહાર નીકળી આમ તેમ જોઇ આવ્યો. પણ એટલી વારમાં રણજીત ત્યાંથી છુ થઈ ગયો હતો.

"કાંઇ નથી. ખાલી ભ્રમણા હતી–" કાલુભાએ રમણી પાસે જઇ કહ્યું. "જો બહેન! શારદા તારા કામ માટે તું જેટલી ધારે છે તેટલી ભયંકર નથી. રણજીત ચારીત્ર્યવાન પુરૂષ છે. મને એમ લાગે છે કે આજથી એ એક મહીના પર તે જે જુવાન છોકરીને લઇ આવ્યો છે અને જે કમળાની દેખરેખ નીચે છે તે વધારે ભયરૂપ છે. એ છોકરી ગરીબ અને નીરાધાર છે. પણ તે કોણ છે તેની કોઇને

ખબર નથી. એ છોકરીને કામાટીપુરામાંથી બચાવી લેવા માટે રણજીત મવાલી વેશે ગયો હતો. અને હવે તે એ બાળા પર જેવી મમતા બતાવે છે, તે જોતાં મને લાગે છે કે, એ દિશા આપણે માટે ભયની નિશાની છે. એ છોકરીને રણજીત પાસેથી દુર કરવાની અનિવાર્ય જરૂર છે. પણ તે બધા માણુસોની માનીતી છે એટલે ઘણીજ સંભાળથી કામ લેવું પડશે. હું પેલા મવાલી કામાટીની રખાત મ્હાલી ડોશીને મળી આવ્યો છું. એ ડોકરી આપણને મદદ કરવાને તૈયાર છે. આપણે કોઈ પણ રીતે સંડોવાઇએ નહિ એવી રીતે મ્હાલી ડોશી ગુલાબને ઉપાડી લાવશે. જો તે ખરેખર મજુર વર્ગની છોકરી હશે, તો આપણે તેને લાંચ આપીને સહેલાઇથી વશ કરી લઇશું; પણ તેમ નહિ બને તો પછી પડશે તેવા દેવાશે."

"જો આ બે કાંટાઓ દુર થાય, તો આપણી મહાન યોજના સફળ થશે. ખરૂં?"

"હા, પણ આપણે બહુ સાવધાની રાખવી પડશે."

"ભાઇ! જ્યારે શારદાની બદનામી જાહેર થાય, તેજ વખતે ગુલાબને ઉપાડી જવામાં તને ડહાપણ નથી જણાતું? શારદા વ્યભિચારી ઠરે અને ગુલાબનું હરણ થઇ જાય પછી તું રણજીત પાસે જઈ તેને દિલાસો આપજે કે જે છોકરીને મરી ગયલી ધારીને તે હંમેશાં ગમગીન રહે છે તે જીવે છે અને—"

"ચુપ રહે. આ બાજુ માણુસો આવતા લાગે છે. હું લલિતકુમારને કાગળ લખી નાખું છું. તું તારી મરજી પડે ત્યારે આવજે."

રણજીત આ બદમાસ ભાઇ બ્હેનની દુષ્ટ વાત સાંભળી સીધો લલિતકૂમારને બંગલે ગયો. લલિતકૂમાર સારે નસિબે ઘરમાં ન હતો. તે શારદાને મળ્યો, અને રમણી અને કાલુભાએ તેના સંસારની ધુળધાણી કરી નાંખવા માટે કેવું કાવત્રું રચ્યું છે તેની તેને ખબર આપી. શારદા ગભરાઇ ગઇ. રણજીતે તેને દિલાસો આપી કહ્યું: "તમે ગભરાઓ ના. હું તમારો વાંકો વાળ થવા દઇશ નહિ. કાલે બપોરે એક વાગે તમે જરૂર ધાસવાળા બીલ્ડીંગમાં જજો. હું તમને ત્યાં મળીશ. તમે જરા પણ ચિંતા કરશો નહિ. બદમાસોની બાજી હું ઉંધી વાળીશ."

શારદાએ રણજીત કહે તેમ વર્તવાનું વચન આપ્યું.

બીજે દીને બપોરે બાર સાડાબાર વાગે રણજીત સાધારણ કારિગરના વેષમાં ધાસવાળા બીલ્ડીંગમાં ગયો અને તરત જ ભૈયણને બોલાવીને તેના હાથમાં પાંચ રૂપીઆ મુકી બોલ્યો: "કોઇ સ્ત્રી હમણાં અહિં આવી હતી?"

"નહિજી."

તે ભૈયણ સાથે વાત કરતો હતો એવામાં શારદા આવી પહોંચી. રણજીત તેને ભૈયાની રૂમમાં બોલાવી બોલ્યો: "અહિં ભોંય તળીએ એક દુ:ખી ખ્રીસ્તી કુટુંબ રહે છે. એ બીચારાઓને રોટલાના વાખા છે. તમે તેઓને મદદ કરશો તો પરમાત્મા તમારૂં ભલું કરશે—"

આટલું કહી રણજીતે શારદાને થોડીક નોટો આપી અને શારદા ભૈયણની સાથે પેલા દુ:ખી કુટુંબને મળવા ગઇ. રણજીત ભૈયાની ખોલીમાં સંતાઇ રહ્યો.

તરતજ લલિતકુમાર ગુસ્સામાં ને ગુસ્સામાં ત્યાં આવ્યો પણ તેણે શું જોયું? તેની પત્ની શારદા કોઇ યારને મળવા આવી ન્હોતી;

પણ એક દુ:ખી કંગાળ કુટુંબને સહાય કરવા આવી હતી. લલિત-કુમારના આનંદનો પાર રહ્યો નહિ. તેની સઘળી શંકા ઉડી ગઇ. થોડી વારમાં તે શારદા સાથે બહાર આવ્યો ત્યારે બન્ને હસી હસીને વાત કરતા હતા, લલિતકુમાર શારદાના પરમાર્થની પ્રશંસા કરવા સાથે તેની નીંદા કરનારાઓને મણ મણની ગાળો દેતો હતો.

પતિપત્ની વિદાય થયા પછી રણજીત ત્રીજે માળે છુપાએલા રમણિકને મળવા ગયો અને તેણે તેને સજ્જડ ધમકાવ્યો. પોતાનું પાપ ખુલ્લું થઇ જવાથી રમણીક ગભરાઇ ગયો—તેણે રણજીતની માફી માગી અને શારદાને હવે પછી કદિ પણ નહિ મળવાના સોગન ખાઇ તે રણજીતની સાથેજ તે મકાનમાંથી બહાર નીકળ્યો.

આ સમયે બદમાસ મ્હાલી ડોશી શું કરતી હતી? કાલુભાની સૂચનાથી તેણે ગુલાબનું હરણ કરવાનું માથે લીધુ હતું અને આંધળા કમાટી તથા જાનમહમદને લઇને તે આ નીચ કૃત્ય કરવા ઉપડી ગઇ હતી.

પ્રકરણ ૧૭ મું.

ગુલાબનું હરણ.

સાંજે પાંચ વાગવાનો સમય હતો. રંગપુરમાં રણજીતના બંગલાની આસપાસ રમ્ય બગીચો હતો. રણજીતે કમળાને એ. બીલ્ડીંગનો વહીવટ સોંપ્યો હતો. બંગલાની બાજુમાં ખેતરો હતા. થોડે દૂર ગૌશાળા હતી. અને તેમાંથી નિર્મળ દૂધ ગામ લોકોને સસ્તે ભાવે પૂરું પાડવામાં આવતું હતું. રંગપુરના રાંક ખેડૂતોની દશાજ રણજીતે પલટાવી નાખી હતી. તેણે આ ગામના ખેડુતોને વગર વ્યાજે નાણાં ધીરીને ગામમાંથી પઠાણ અને મારવાડી સાહુકારોને ઉચાળા ભરાવ્યા હતા. ગરીબ ખેડુતો વગર વ્યાજે પૈસા મળવાથી પોતાની ખેતી સુધારવા માટે તનતોડ મહેનત કરતા હતા. કેટલાકોએ કૂવામાંથી પાણી કાઢવા પંપ વસાવ્યા હતા. કેટલાકો યાંત્રીક હળ વાપરતા થયા હતા અને બધાય ખેડુતો છેલ્લામાં છેલ્લી શોધના બી વાવીને સારામાં સારો પાક ઉગાડતા હતા. પાંચ વર્ષથી રણજીત તેઓનો દેવ થઇ પડયો હતો અને એક પણ ખેડુતે તેની રાતી પાઇ પણ ખોટી કરી ન્હોતી.

ગરીબો તરફ સહેજ મમતા બતાવવામાં આવે તો તેઓ ઓછા ઓછા થઇ જાય છે એ વાતનો રણજીતને સાક્ષાત્કાર થયો હતો. તે મહારાજા છે તેની કોઇને ખબર ન્હોતી. ખેડૂતોને તે દેવ હતો. ગરીબ કૃષિકારો કમળાને જગદંબા જેવી પુજતા હતા અને ગુલાબ તો અલ્પ સમયમાં તેઓની માનીતી દેવી બની ગઇ હતી. ગુલાબ રંગપુરમાં રહેવા આવી ત્યારથી સઘળા ખેડુતોને ત્યાં જતી-તેઓના બાળબચ્ચાંને મળતી-ગરીબ બાળકોને રમાડતી અને દુધ પાતી. ગામના પંચુઓ

અને બગીચામાંના પુષ્પો પણ ગુલાબ પર ફીદા હતા. ગુલાબની ડચકારી સાંભળતાંજ તેની આસપાસ ગાય બેંસોનું ટોળું ભેગું થઇ જતું. તે બગીચામાં ફરવા નીકળતી ત્યારે પક્ષીઓ તેની પાસે આવીને મધુર ગીતડાં ગાતાં. ગુલાબ, મોગરો, જાઇ, જુઇ, ચમેલી, ચંપો વિગેરે પુષ્પો ગુલાબના દર્શન થતાં પ્રફુલ્લ થઈ જતાં અને મધુર પરિમલથી પોતાની પ્રિય સખીને શાંતિ આપવાનો પ્રયાસ કરતાં.

સાંજે પાંચ વાગે ગુલાબને લઇ કમળા ફરવા નીકળી. ગુલાબની તબીઅત ઘણી સુધરી ગઇ હતી. કમળાની માતા જેવી શીતળ છાંયા નીચે તેના ફીકા ગાલ પર ગુલાબી રંગની છટા આવી હતી અને બાળા જાણે સાક્ષાત સ્વર્ગની પરીજ હોયની એવી લાગતી.

બગીચામાં તેને જોતાંજ મેના, પોપટ, બતક વિગેરે પક્ષીઓ ચીં ચીં કરતાં તેની પાસે દોડી આવ્યા. કમળા એક બાંક પર બેઠી, અને ગુલાબ બગીચામાં પક્ષીઓ સાથે આમથી તેમ દોડવા લાગી.

કમળા બાંક પર બેઠી હતી, એવામાં શાસ્ત્રીજી આવ્યા. આ વિદ્વાન બ્રાહ્મણ ગુલાબના ગુરૂ હતા અને ગુલાબે અલ્પ સમયમાં અજબ જેવી પ્રગતિ કરી હતી.

"એ છોકરી નથી; પણ દેવી છે." દુર રમતી ગુલાબને જોઇને શાસ્ત્રીએ કમળાને કહ્યું.

"હા. એ આવી ત્યારથી પુત્ર વિયોગનું મારૂં દુઃખ વિસારે પડયું છે. પણ શાસ્ત્રીજી! કહો ન કહો; પણ ગુલાબ કોઈ મર્મ વ્યથાથી પીડાય છે."

"હા. મને પણ એમજ લાગે છે. એની કાળી વ્હાલભરી આંખોમાં મને હમેશાં ગમગીની જણાય છે. તમારી પાસે એ પોતાના દીલનું દુ કહેતી નથી?

"નહિ. મેં એને એક બે વાર પુછી જોયું, પણ મને આવા દેવ ભવનમાં શું દુઃખ હોય? એમ કહીને તે હસી પડે છે, અને વધુ પુછવાની મારી છાતી ચાલતી નથી. ગુલાબને એના દુઃખનું સ્મરણ કરાવતાં મને દુઃખ થાય છે."

"રણજીતસિંહને એ પિતા તુલ્ય માને છે, એટલે કદાચ તેમને એ પોતાની મર્મ વ્યથા કહેશે.

"સંભવિત છે. અહિં એને લેશ માત્ર દુઃખ નથી. હું એને મારી સગી દીકરી જેવી રાખું છું. ગામના લોકો તો એના પરથી જાન ઓવારી નાંખે છે, છતાં મારી દીકરી ગમગીન કેમ રહેતી હશે તે મને સમજાતું નથી."

"કદાચ એને એનું ભૂતજીવન યાદ આવતું હશે." શાસ્ત્રીજી બોલ્યા.

થોડીવારમાં ગુલાબ ફરીને કમળા પાસે આવી, અને શાસ્ત્રીજીને પ્રણામ કરી બોલી: "ગુરૂજી! ચાલો, હું તમને ઘેર મુકી આવું."

"બહેન! આજે ઠંડી ઘણી પડે છે. તને શરદી લાગશે."

"નહિ. નહિ. મને કંઈ થવાનું નથી. રોજ તમને તમારે ઘેર મુકવા આવું છું ને?"

"ભલે ત્યારે!" શાસ્ત્રી હસ્યા.

"કોઇ નોકરને સાથે મોકલું?" કમળાએ પુછ્યું.

"શું જરૂર છે? હું કંઈ બીકણ બીકણ છું?" મધુર ઘંટડી જેવા અવાજે ગુલાબ બોલી.

"આપણા ગામમાં એક પણ મવાલી નથી. જા—"

ગુલાબ વૃદ્ધ શાસ્ત્રીનો હાથ પકડી, તેના ઘર તરફ જવા લાગી. કમળા અને ગુલાબનો બંગલો ગામથી થોડે દુર આવેલો હતો. વચમાં

એક નાની સરખી ટેકરી હતી, અને એ ટેકરી પાસેની સાંકડી ગટેર-માંથી ગામમાં જવાનું હતું. આ જગ્યાએ મ્હાલી ડોશી, જાન મહમદ અને કામાટી સાથે છૂપાયલી હતી. શાસ્ત્રી અને ગુલાબ ચાલ્યા ગયા પછી મ્હાલીએ કામાટીને કહ્યું: "પેલી છોકરી બામણની સાથે હમણાંજ ગઈ. એ પાછી આવે ત્યારે આપણે તેના પર તૂટી પડીશું, અને ગાડીમાં નાખી છુ થઈ જઈશું—"

"જો તે બુમ પાડશે તો કોઇપણ ખેડૂત દોડી આવશે હો!—"

"હા. અહીંથી થોડે દૂર ખેતરોમાં માણસો નજરે પડે છે." જાનમહમદ બોલ્યો.

"જો જાનમહમદ! એમ કર. તું અહિંથી થોડે દુર ઉભો રહે, અને એ છોકરી પાછી આવે, ત્યારે તારો ઘરડો બાપ ખાડામાં પડી ગયો છે એમ કહીને તેને અહીં બોલાવી લાવજે."

જાનમહમદ કામાટીની સુચના પ્રમાણે ગામના રસ્તા પર જઇ ઉભો. થોડીવારમાં ગુલાબ એક ભરવાડણ સાથે પાછી આવતી જણાઇ. ભરવાડણની સાથે એક મોટો શીકારી કુતરો હતો એટલે જાનમહમદ જલદી જલદી કામાટી અને મ્હાલી ડોશી જ્યાં છુપાયાં હતાં ત્યાં જઇ બોલ્યો: "એની સાથે કોઇ સ્ત્રી આવે છે."

"એનું નખ્ખોદ જાયરે!" મ્હાલી બબડી: "હું એક છોકરીને ગળચીમાંથી પકડીશ. પણ બીજીનું શું કરવું? કામાટી આંખે દેખતો નથી. અને જાનમહમદ નાનો છે."

"હું નાનો છું છતાં ભરવાડણને બાચકું ભરી પકડી પાડીશ. એટલામાં તું બીજી છોકરીને ઉપાડી જજે."

"પણ એ લોકો ચીસ પાડશે તો? ચીસાચીસ કરતી બૈરીઓને ઉપાડી જવાનું કામ સહેલું નથી."

"વળી એ લોકો સાથે મોટો કુતરો છે." જાનમહમદ બોલ્યો.

"કુતરાને તો હું એક લાઠીથી પુરો કરી નાખીશ." મ્હાલી બોલી.

આવી વાત થતી હતી એવામાં આ બદમાસો અહિં છૂપાય છે તેની વાસ આવવાથી ભરવાડણનો કુતરો જોરથી ભસવા લાગ્યો.

"લાવ, લાવ, જલદી છરી લાવ–" મ્હાલીએ કામાટીનો હાથ પકડી કહ્યું.

"નાહ. જવા દે એ લોકોને—"

"શું? મને છરી આપવાની ના પાડો છો?"

"હા. તારામાં જોર હોય તો લઇ લે—" કામાટી હઠીલો થયો. આટલીવારમાં ગુલાબ ભરવાડણની સાથે પચાસ સાઠ કદમ દુર ચાલી ગઇ અને બદમાસોની બાજી ઉંધી વળી.

"મુઆ! તારી મ્હોકાણને લીધે એ છટકી ગઇ ને આપણા એક હજાર રૂપીઆ ગયા. હું તને જોઇ લઇશ."

"નકામી ટકટક ન કર. હજાર ગયા તો કંઇ ફીકર નહિ. હું તને બે હજાર મેળવી આપીશ. જા, ગાડીવાળાને જઇને કહે કે આજે કંઇ થઇ શકે એમ નથી. તું પણ ચાલી જા."

"પછી તમે શું કરશો?"

"સાંભળ. એ છોકરી રોજ સાંજે શાસ્ત્રી સાથે તેને ઘેર જાય છે. આજે રસ્તામાં તેને અકસ્માતીક રીતેજ ભરવાડણ મળી ગઇ હતી કાલે એ એકલી હશે. માટે કાલે આટલી વખતે તું ગાડી લઇને આવજે."

"પણ તું ક્યાં મરવાનો છે?" મ્હાલી ખીજવાઇ.

"જાનમહમદ અને આ લોકોને બંગલે લઇ જશે. અમે ત્યાં કહીશું કે અમે બાપ દિકરા છીએ–મારી આંખો અકસ્માતથી ફુટી ગઇ છે–અમે બાજુના ગામમાં કોઇ સગાને ત્યાં જતા હતા, એવામાં રસ્તો ભુલી જવાથી તબેલામાં રાત ગાળવા આવ્યા છીએ." કામાટીએ કહ્યું.

કાણુી ડોશી આ યુક્તિ સાંભળી રાજી રાજી થઇ ગઇ, અને તે કામાટીની બુદ્ધિની તારીફ કરી ત્યાંથી વિદાય થઇ.

કુદરતની કેવી ગહનગતિ! કામાટી પોતાની પત્નીને ત્યાંજ જતો હતો! તેને સ્વપ્ને પણ ખ્યાલ ન્હોતો કે જે છોકરીને તે ઉપાડી જવા આવ્યો છે, તે તેની પોતાની વૈરી કમળાના આશ્રયમાંજ હશે!

રાતે નવ વાગે કમળાના ખેડૂતો ભોજન લેવા બેઠા હતા, એવામાં બહાર જોરથી કૂતરો ભસવા લાગ્યો. એક જણે તપાસ કરી, તો આંધળા કામાટી સાથે જાનમહમદ બહાર ઉભેલો હતો, અને તેઓ ભુલા પડેલા હોવાથી તબેલામાં રાતવાસો કરવા માંગતા હતા.

કમળા અને ગુલાબ બંગલામાં હતી, પણ ખેડૂતો પણ તેઓના સંસર્ગમાં દયાળુ થયા હતા. તેઓએ આંધળા કામાટી અને જાનમહમદને અંદર બોલાવી ખાવાનું આપ્યું. પણ આંધળો નિરાંતે ખાઇ શક્યો નહિ. ખેડૂતોનો કૂતરો જાણે તેને ઓળખી ગયો હોયની, તેમ ભસતો ભસતો તેના પર ધસી આવતો હતો. કામાટીના ગભરાટનો પાર રહ્યો નહિ: તે પગથી માથા સુધી ધ્રુજી ગયો. જાણે તેના કપડાં પર લોહીના ડાઘ હોવાથી કૂતરો તેના પર ધસી આવતો હશે એમ તેને લાગ્યું, પણ એક બળવાન ખેડૂતે કૂતરાને પકડી તેને સાંકળે બાંધ્યો, અને કામાટીએ થોડું ઘણું ખાઇ લીધું.

વાળુ લીધા પછી એક ખેડુત આંધળા સાથે વાતે વળગ્યો, કામાટીએ તેને કરૂણાજનક અવાજે કહ્યું કે અમને બાપદીકરાને પગપર કંઇ રોગ થયો છે તેથી અને કોઇ દવાખાનામાં જવા માગે છે.

"અફસોસ! તમે થોડા દહાડા પહેલાં આવ્યા હોત તો અમારા શેઠનો હબસી ડાક્ટર તમને તરત સાજા કરી દેત..."

હબસી ડાક્ટરનું નામ સાંભળતાં કામાટી કમ્પી ગયો હબસી

દેવીડેજ તેની બેઉ આંખો ફોડી નાંખી હતી તે યાદ આવતાં તેને ભયંશંકા ઉત્પન્ન થઇ.

"અમારા શેઠ ગુલાબ નામની એક બાળા અહિં લાવ્યા છે તે બંગલામાં કમળા બહેન સાથે રહે છે. ગુલાબ હમણાં દાક્તરની દવાથી તદન સારી થઇ ગઇ છે."

"તમારા શેઠ ક્યાં રહે છે?"

"મુંબઇમાં–વાલકેશ્વરપર—"

કામાટી પાછો થરથરી ગયો.

"તમારા શેઠ હમણાં અહિં છે?"

"નહિ. અહિં તો એકલાં કમળા બહેનજ છે."

હવે કામાટીને કશી શંકા રહી નહિ. કર્મ સંજોગે તે રણજીતને ત્યાંજ આવ્યો હતો એવી તેની ખાત્રી થઇ ગઇ. તેની બેચેનીનો પાર રહ્યો નહિ. ભોળો ખેડૂત તેને બીછાનું આપી સુવા ગયો એટલે કામાટીએ જાનમહમદને કહ્યું: "જાનમહમદ! અહિં રહેવામાં આપણી સલામતી નથી. હમણાંને હમણાં મન બાંધ કંઇ જગ્યાએ લઇ જા—"

"કસમ ખુદાના!" જાનમહમદ ગુસ્સે થયો: "હું થાકી ગયો છું: સવાર સુધી હું અહીંથી ઉઠવાનો નથી." કહી તે લુચ્ચા છોકરાએ લાંબી તાણી અને કામાટીને લાચારીથી ત્યાં પડી રહેવાની ફરજ પડી. કામાટીને જરા પણ ઉંઘ ન આવી. તોફાની જાનમહમદ તેને જાણી જોઇને લાત માર્યા કરતો હતો એટલે કામાટી જરા પણ ઉંઘી શક્યો નહિ. તેની આંખો સામે ગાઢ અંધકાર હતો: પણ એ અંધકારમાં પણ તેને તેના ભયંકર પાપોના પડછાયા દેખાવા લાગ્યા. મહા મુસીબતે તેણે રાત પસાર કરી અને ભળભાંખળું થતાં બોલતાની સાથે તે કાંઇને કહ્યા વિના જાનમહમદની સાથે બહાર ચાલ્યો ગયો.

સવાર થયું. આઠ વાગે ગુલાબ નાહી ધોઇને કમળા પાસે ગઇ ત્યારે કમળાએ તેને ચુમી લઈ પુછ્યું: "કેમ છે દીકરી?"

"આનંદ છે બા ..." ગુલાબ કમળાને મા ગણીને તેને બાના લાડકા નામથી બોલાવતી હતી.

"તને રાતે બરાબર ઉંઘ આવી હતી?"

"હા. મને રઘલો કહેતો હતો કે રાતે કોઇ ગરીબ આંધળો તેના દીકરા સાથે આવ્યો હતો. હું તેને મળવા જાઉં છું."

"એ લોકો તો ચાલ્યા ગયા બહેન!"

"કેમ આટલા જલદી ચાલ્યા ગયા? બીચારાઓ ખાઇને જાત તો કેવું સારૂં થાત!—

"ગુલાબ! તું મને કહેતી નથી, પણ તારી લાલ આંખો પરથી મને લાગે છે કે, તું રાતે બરાબર ઉંઘી નથી. તને શું થાય છે? દીકરી!—"

"બા! કોણ જાણે કેમ પણ મારા દિલની શાંતિ હરાઇ ગઇ છે." ગુલાબ દયામણે ચહેરે બોલી: "મને રાતે ભયાનક સ્વપ્ના આવે છે—તેમાં મને બચપણમાં માર મારનારી મ્હાલી ડોશી નજરે પડે છે, અને જાણે મારા પર કોઇ મોટી આફત આવવાની હોયની એમ લાગ્યા કરે છે—"

"ગાંડી રે ગાંડી! અહિં તને શાનો ડર છે? જો એવા વિચાર કરશે તો હું તને ઠપકો દઇશ હો!..."

"ફરીથી એવા વિચાર હું નહિ કરૂં બા!—"

કમળાએ તેને છાતી સરસી ચાંપી આશ્વાસન આપ્યું.

જોતજોતામાં દિવસ પસાર થઇ ગયો, અને સાંજે પાંચ વાગે ચાંદલીઆ નહિ આવવાથી ગુલાબ તેમને ઘેર જવા નીકળી. આજે પણ ત્રણે બદમાસો રસ્તામાં છુપાઇ રહ્યા [illegible] ગુલાબ ટેકરીથી થોડે દુર

જઇ પહોંચી, કે તરત લંગડો જાનમહમદ તેની પાસે ગયો અને દયામણો થઇ બોલ્યો: "બ્હેન! આ ગરીબને મદદ કરો—"

"તને શું જોઇએ છે ભાઇ? દયાળુ ગુલાબ ઉભી રહી બોલી.

"બ્હેન! મારી ઘરડી દાદીમા પત્થર સાથે અથડાવાથી ન્હેળ-ખાડામાં પડી ગઈ છે, તેને હું એકલો બહાર કાઢી શકતો નથી. તમે મને જરા મદદ કરશો?—"

"હા. ચાલ, તારી દાદી પાસે મને લઇ જા..."

"દાદીમા! ગભરાતી ના. આ બ્હેન આપણી મદદે આવે છે—" જાનમહમદે બદમાસોને ચેતાવવા માટે બૂમ પાડી.

ભોળી ગુલાબ કોઇ હતભાગી સ્ત્રીને મદદ કરવાના હેતુથી જાન-મહમદની સાથે ગઇ. રાણી ઉંધી પીઠ કરીને એક ખાડામાં બેઠી હતી. એટલે ગુલાબ તેનું મ્હોં જોઈ શકી નહિ. પણ ગુલાબ નજીક આવતાંજ મ્હાલી વકરાયલી વાઘણ પેઠે કુદી તેણે એક હાથે ગુલાબની ગળચી પકડી અને બીજો હાથ તેના મ્હોડા પર દાબી દીધો. બદમાસ જાન-મહમદે ગુલાબના પગ પકડયા. આ વખતે કામાટી પણ બીજા ખાડામાંથી બહાર આવ્યો અને તેણે ગુલાબનો નાજુક હાથ પોતાના રાઠોડી હાથે પકડી લીધો.

"લખમણ! આ તો મારી ગુલાબ!" મ્હાલી હવે ગુલાબને ઓળખીને બોલી: "એ રાંડ મારી દાસી થવાનેજ સરજાયલી છે. ચાલ, ઉંચકી લે એને ને નાખ ગાડીમાં—"

રાણી મ્હાલીને જોતાંજ ગરીબડી ગુલાબના હોંસકોસ ઉડી ગયા હતા અને તે ક્યારની બેભાન થઇ ગઈ હતી. કામાટીએ તેને ઉંચકી લીધી. જાનમહમદ દૂર ઉભેલી ગાડી પાસે બોલાવી લાવ્યો. ગુલાબને ગાડીમાં નાખ્યા પછી ત્રણે બદમાસો ગાડીમાં ચઢી બેઠા અને ગાડી પુર વેગે હાંકી મુકી.

પ્રકરણ ૧૮ મું.

શારદાની મનોવેદના.

ગુલાબને બદમાસો ઉપાડી ગયા, તેજ દિને રણજીતે શારદાને તેની મૂર્ખાઇના ભયંકર પરિણામમાંથી બચાવી લીધી હતી, અને શારદા રમણિકને મળીને પોતાના પતિની નજરે કલંકિત થતી બચી ગઇ હતી. લેડી શારદા જેવી સંસ્કારી અને સુશીલ રમણી આવેશને વશ થઇને ઘાસવાળા બીલ્ડીંગ જેવા મકાનમાં રમણિક જેવા ઉલ્લુને મળવા આવી, તે જોઇને રણજીતને જબરો આઘાત થયો હતો. આથી રમણિકને ઠપકો આપી હસમુખ અને દુઃખી જયોર્જના કુટુંબને મળવાનું કામ આવતી કાલ પર રાખી, તે સીધો પોતાને બંગલે ગયો, અને ત્યાં પોતાના વ્યગ્ર ચિત્તને શાંત કરવાનો પ્રયાસ કરવા લાગ્યો. સાંજે ચારેક વાગે એક વૃધ્ધ બાઇ તેના હાથમાં એક પરબીડીયું મૂકી જવાબ લીધા વીનાજ ચાલી ગઇ. રણજીત તેમાંનો પત્ર વાંચવા લાગ્યો:

"પરમ કૃપાળુ મહારાજા,

આપે આજે મને જીવતદાન દીધું છે. મારી જીંદગી કલંકિત થતી બચાવી, આપે મને જન્મોજન્મની ઋણી બનાવી છે તેથી આજે હું આપનો ઉપકાર માની લઉં છું. આવતી કાલે કદાચ શરમને લીધે મારી જીભ ઉપડશે નહિ. આજે સાંજે ૭ વાગે મારે ત્યાં પધારવાની આપ કૃપા કરશો, તો હું આપની વધુ ઋણી થઇશ. હું આપનીજ રાહ જોઉં છું.

લી. શારદા.

શારદાને સહાય કરવાથી રણજીતને આનંદ થયો હતો, છતાં એ પ્રસંગથી બન્ને વચ્ચે જે ગાઢ મૈત્રી ઉત્પન્ન થઇ હતી, તેથી રણજીત નારાજ થયો હતો. શારદાના ભાવભીના હૃદય અને તેની દૈવી સુંદરતાથી રણજીત આકર્ષાયો હતો, પણ તે પોતાના મિત્રનું ઘર ભાંગવા માંગતો ન્હોતો. આથી તે શારદાને જવલ્લેજ મળતો. શારદા તેને ચાહે છે એ બીના તેણે રમણી અને કાલુભાની વાતચીત પરથી જાણી લીધી હતી. એજ કારણુસર શારદા તેના પતિને ધિક્કારે છે, અને રણજીતે તેના પર લક્ષ નહિ આપવાથીજ તે રમણિકના પ્રેમની લવરી સાંભળવાને પ્રેરાઇ હતી. એ હકીકત પણ રણજીત જાણતો હતો. પ્રેમાળ સ્ત્રીઓ પોતાના હૃદયમાં એક પ્રિયતમ જડાઇ ગયા પછી બીજા કોઇની દરકાર કરતી નથી. આ નજરે વિચાર કરતાં શારદાનો ગુન્હો બેવડો હતો. તેના હૃદય સિંહાસન પર રણજીતની ભવ્ય મુર્તિ બેઠી હતી, છતાં રમણિકના ગમગીન ચહેરાથી પીગળીને તે તેને મળવા ગઇ હતી, અને આકસ્મિક સંજોગોથીજ તે ભ્રષ્ટ થતી બચી ગઈ હતી. રણજીતે શારદા પરનો પ્રેમ જીગરમાંથી ખંખેરી નાંખવાનો નિશ્ચય કર્યો હતો. રમણિક જેવાં નકામા માણસને પસંદ કરવા માટે શારદાને ઠપકો આપવાનો તેને વિચાર થયો હતો, પણ તે સાથેજ તેનું કાવ્યમય સ્વપ્નું ઉડી ગયું હતું. તે શારદાને પ્રેમ અને પવિત્રતાની દેવી માનતો હતો. એ માન્યતા મૃગજળ સમાન નીવડવાથી તેને અત્યંત શોક થતો હતો.

શારદા ધડકતી છાતીએ રણજીતની રાહ જોતી હતી. રણજીતનો વિચાર આવતાં શરમ અને મુંઝવણથી તેનું હૃદય ભરાઈ આવતું હતું. રમણિકને માટે હવે તેના જીગરમાં પ્રબળ ધિક્કાર શિવાય બીજી કોઈ પણ જાતની લાગણી ન્હોતી. આ ધિક્કાર ઉપજવાનું એક સબળ કારણ

હતું. સ્ત્રી પોતાના પ્રેમીને માટે પોતાની આબરૂ—પોતાની પ્રતિષ્ઠા જોખમમાં નાખવા તૈયાર થાય છેઃ પણ જો કોઇ પુરૂષ તેને અપમાનિત સ્થિતિમાં મૂકે, તો તે માટે તે કદિ માફી આપતી નથી. સદ્ભાગ્યે રણજીતની યુક્તિથી શારદાનું પોગળ ફુટયું ન્હોતું; છતાં કદાચ ભૈયાણના દીલમાં કંઇ શક ઉત્પન્ન થયો હશે, અને તેની નિંદાખોર જીભ અતિશયોક્તિભરી વાતો ફેલાવશે એમ શારદાને લાગ્યા વિના રહ્યું નહિ.

જેમ જેમ સમય નજીક આવતો ગયો, તેમ તેમ શારદાનો આવેશ વધવા લાગ્યો, પણ તેણે એક નિશ્ચય કરી નાખ્યો હતો. આજે તે રણજીત સમક્ષ પોતાનું હૃદય ખાલી કરવાને દૃઢપ્રતિજ્ઞ થઇ હતી. તે તેને એક ગંભીર—ગુપ્ત—ક્રૂર ભેદ કહી દેવા તૈયાર થઈ હતી. રણજીત સમક્ષ પોતાની છાતી ખુલ્લી કરવાથી રણજીતને તેને માટે માનની લાગણી પેદા થશે એવી તેને આશા હતી. ઉપકારવશ થયા પછી રણજીત પરનો તેનો પ્રેમ પાછો ઉછાળા મારવા લાગ્યો, અને તેના અંતરાત્માએ તેને ખાત્રી આપી, કે રણજીત તેને આકસ્મિક રીતે ઘાસવાળા બીલ્ડીંગમાં મળ્યો ન્હોતો પણ એ મિલનમાં વિધિનો કંઈ જૂદોજ હેતુ હતો. તે તેને ધિક્કારે છે એટલા માટે શારદાને મળતો નથી એવી માન્યતા શારદાના દીલમાંથી ઉડી ગઇ. રણજીત આત્મસંયમ કરવા માટે તેનાથી દૂર નાસતો હતો.

શારદા આ જાતના વિચાર પ્રવાહમાં તણાતી હતી, એવામાં નોકરે રણજીતસિંહના આગમનની ખબર આપી. શારદા તેને લેવા સામી ગઇ. શારદા રણજીતને આવકાર આપી દિવાનખાનામાં લઇ આવી, અને તેને એક સોફા પર બેસાડી પોતે તેનાથી થોડે દૂર બેઠી. શારદા રણજીત ભણી ભાવભીના—ઉપકારવશ—પ્રેમળ નજરે જોઇ રહી; પણ તેના

મોંમાંથી એક શબ્દ નીકળ્યો નહિ. રણજીત તેની મનોવ્યથા સમજી જઇ બોલ્યો:

"શ્રીમતી! તમે એક દુષ્ટ કાવત્રાંના ભોગ થઇ પડયાં હતાં. રમણીની નિંદાખોર જીભે તમારા શુદ્ધ ચારિત્ર્યને બટ્ટો લગાડયો હતો."

"ખરેખર? ત્યારે મને જે શંકા ગઈ છે તે ખોટી નથી. તમને એ બીનાની શી રીતે ખબર પડી?" શારદા અજબ થઇ બોલી. તે રમણીને પોતાની વિશ્વાસુ સખી માનતી હતી.

"ગઇ કાલે શાંતિલાલને ત્યાંની પાર્ટી વખતે હું બગીચામાં એક લતા મંડપની આડમાં બેઠો હતો ત્યારે બીજી બાજુએ રમણી અને કોકીલા પોતે એકલાં છે એમ સમજીને વાત કરતાં હતાં. તેઓની વાત પરથી તમને કલંકિત કરવા માટે થતા દુષ્ટ પ્રયાસની મને ખબર પડી. મેં તેજ વખતે તમને ચેતાવ્યાં અને આજે સારે નસીબે તમે તમારા પતિની નજરે કલંકિત થતાં બચી ગયાં—"

"રાજન્!" શારદા કંપિત સ્વરે બોલી: "તમારા પ્રત્યેની મારી કૃતજ્ઞતા સિદ્ધ કરવાનો એકજ રસ્તો છે અને તેથી આ જીંદગીમાં મેં જે એકરાર કોઇની પાસે કર્યો નથી તે તમારી સમક્ષ કરૂં છું. એ એકરારથી હું દોષમુકત થઇ જવાની નથી. પણ તમે મારી કરૂણ કથની જાણશો ત્યારે તમને મારી ચળીત વૃત્તિ ઓછી દોષિત જણાશે." શારદા જરા અટકી. તેણે કરૂણ નેત્રે રણજીત તરફ જોયું અને તે પાછી બોલવા લાગી: "મારા પિતાએ મારી મરજી વિરૂદ્ધ લલિતકુમાર સાથે મારાં લગ્ન કર્યાં હતા. લલિતકુમારના ચારિત્ર્ય અને પ્રેમાળ વર્તન માટે મને માન હતું; પણ અમે સ્ત્રીઓ જેને પ્રેમ કહીએ છીએ એવી લાગણી લલિત માટે મારા દીલમાં પ્રગટી ન્હોતી. મારા પિતાને

મારા પર કે મારી મા પર લાગણી ન્હોતી. મારા પિતાની ક્રૂરતાની વાત કરતાં મને શરમ આવે છે; પણ આજે હું મારી છાતી પરનો ભારી બોજો હલકો કરી નાખવાની પ્રતિજ્ઞા લઇ બેઠી છું. હું પંદર વરસની થઇ ત્યારે મારી મા ગંભીર માંદી પડી. આ સમયે મારા પિતાએ માયા નામની એક જુવાન વિધવાને રાંધવા રાખી. માયાનું મ્હો જોતાંજ મને તેના પર અભાવ આવ્યો અને પાછળથી મને થયલી પ્રેરણા સાચી નીવડી. માયા છટકેલી સ્ત્રી હતી. મારા પિતા પોતાની હવસી વાસના તૃપ્ત કરવા માટેજ તેને લાવ્યા હતા. મારી વ્હાલી માતા જ્યારે મૃત્યુના બિછાના પર છેલ્લા શ્વાસ લેતી પડી હતી ત્યારે મારા નાલાયક પિતા વિધવા માયાના ફંદામાં ફસ્યા હતા. થોડા દિવસમાંજ મારા પિતા તેના ગુલામ થઇ ગયા અને તે પછી માયાએ મારી માતાને પાર્વતીશંકર નામના વૈદની દવા અપાવવાની મારા બાપને ભલામણ કરી. એ કાળમુખા વૈદના થોડાંક પડીકાં લેતાંજ મારી માતાને વધારે દવાની જરૂર પડી નહિ અને તે ભયંકર સન્નિપાતમાં આ દુનિયાને પ્રણામ કરી મને નિરાધાર કરી ચાલી ગઈ. મારી માતાના મરણ પછી ચોથેજ મહિને મારા પિતાએ બદમાસ માયા સાથે પુનર્લગ્ન કર્યું અને હવે તે સાવકી માની સત્તાથી મને સતાવવા લાગી. મને ઘરમાંથી કાઢી મૂકવાને તેણે સોગન ખાધા હતા. તેની શીખવણીથીજ મારા પિતાએ મારી નામરજી હોવા છતાં લલિતકુમારને પરણવાની મને ફરજ પાડી...”

આટલી વાત કરતાં શારદાની આંખમાંથી આંસુ પડવા લાગ્યા. રણજીતનું હૃદય દ્રવી ગયું. શારદા તેને પ્રાણથી પ્યારી હતી. તેનું જીગર તેને માટે વલખાં મારતું હતું; પણ તે ધર્મ ભૂલવા માગતો ન્હોતો. મહા મહેનતે તેણે પોતાના હૃદય પર કાબુ મેળવ્યો. શારદાની

તેને દયા આવી. તેણે ધીમે સ્વરે બે ચાર શબ્દો કહી શારદાને દિલાસો દીધો. શારદાએ આંસુ લુંછી નાખ્યાં અને પોતાની આપવીતી આગળ ચલાવી:

"હું કેવા સંજોગોમાં પરણી હતી તે જાણ્યા પછી પતિ ઘેરે આવતાં મને કેવી લાગણી થઇ હશે તે તમે સમજી શકશો. હું પરણીને આ ભવ્ય મહેલમાં આવી. રાતે શયનગૃહમાં ગઇ—હું એકલી પડી. થોડીવારમાં લલિતકુમાર આવ્યા. તેમણે મને વ્હાલથી પટાવવા માંડી; છતાં મારાથી રડી પડાયું. હું મારી કાતિલ મનોયાતના ઓછી કરવા પહેલીજ રાતે મારા પતિને મળતાંની સાથે છૂટે મ્હોડે રોઇ. મારા પતિને વસ્લની રાતના લ્હાવા લેવા હતા. મારા રૂદનની પરવા કર્યા વિના તેમણે મારો હાથ જોરથી પકડયો—એવા જોરથી પકડયો કે મેં ભયભીત થઈ ચીસ પાડી. તેમના લોખંડી પંઝામાંથી છુટવાની મારી કોશેષ નિષ્ફળ ગઇ. હું તડફડવા લાગી. મેં તેમની રડતાં રડતાં દયા યાચી; પણ તેમણે મારૂં કંઇ સાંભળ્યું નહિ. તેમનું આખું શરીર હવસની આગથી ધીખી રહ્યું હતું. તેમની ફાટી આંખો મને બાળી નાખતી હતી. તેમના મ્હોમાં ફીણ ઉભરાઇ આવ્યું હતું; છતાં તેમણે મને જોરથી પકડી રાખી. મેં ફરીથી છૂટા થવાનો પ્રયાસ કર્યો—તેમના હાથ જરા ઢીલા થયા-તેમણે મને છોડી દીધી અને પછી હું બેભાન થઇ ગઇ. રાજન્! લગ્નની પહેલી રાત મેં આ રીતે ગાળી હતી. મારી સાવકી માએ મારા પર એ જાતનું રાક્ષસી વેર લીધું હતું—"

"હતભાગી સ્ત્રી!—" રણજીત બબડયો: "હું સમજી ગયો. લલિતકુમારને ફેફરાનો રોગ છે, એ ભયંકર રોગ છે."

"પણ મારૂં દુઃખ એટલેથીજ પુરૂં થતું નથી. એ ભયંકર રાત મને શ્રાપ રૂપ થઇ પડી છે. મારી નાદાન બાળકીને પણ તેના બાપનો રોગ વારસામાં મળ્યો છે."

"તમારી બાળકીને પણ ?—"

"તેનો શાકોકુચ ચહેરો—તેની નબળાઈ—ચાલુ બીમારી અને વારંવાર કફરાનો હુમલો! એ બધી મ્હોકાણ મારી વસ્લની રાતની છે. ડોકટરો કહે છે કે વારસામાં મળેલો રોગ અસાધ્ય છે."

શારદા હવે વધુ બોલી શકી નહિ. તે બેઉ હાથે મ્હો ઢાંકી રડવા લાગી. રણજીત પણ ગમગીન ચહેરે મૌન બેસી રહ્યો.

રણજીતે પોતાના મનમાં લલિતકુમારને દોષિત ગણ્યો, પણ તેણે શારદાની સામે તેના ભલા, ભોળા અને ઉદાર સ્વભાવની પ્રશંસા કરી. શારદાની કરૂણ કહાણી પરથી તેની ખાત્રી થઈ ગઇ, કે લલિતકુમારને શારદાના હૃદયમાં હવે કદિ પણ સ્થાન મળવાનું નથી. તે મનમાં વિચાર કરવા લાગ્યો: "ધર્મ કર્તવ્યને લીધે હું મારી પ્રેમ પાત્રીથી દુર નાસતો હતો. કદાચ એ મને ચાહતી હશે. શારદાનું જીગર ખાલી હોવાથી તે એક મુર્ખ માણસની દયા ખાઇ કલંકિત થતી બચી ગઇ છે. જો શારદાથી દૂર નાસવાને બદલે હું તેને વારંવાર મળ્યો હોત; તો એ રમણિક જેવા નાલાયક તરફ જરા પણ આકર્ષાત નહિ. હવે રમણિક શારદાની નિર્બળતા જાણી ગયો છે, એટલે સંભવ છે કે તે અવિચારીપણે શારદા વિષે કંઇ ગપગોળા ઉડાવશે. ગમે તેમ થાય પણ હવે શારદા લલિતને ચાહવાની નથી. એ ખુબસુરત, જુવાન અને પ્રેમાળ હોવાથી અનેક પ્રલોભનોમાં ફસી જવાનો સંભવ છે. બિચારા લલિતકુમારને આવી પત્ની મળવા છતાંય કંઇજ સુખ નથી. આહ! વિધિના વિધાન પણ કેવા ક્રૂર હોય છે?"

"શારદા! તમારી કહાણી સાંભળી મારા હૃદય પર આઘાત થયો છે, પણ તમે સમજુ છો. તમે જાણો છે કે દુનિયાના બધા માણસોને કંઇ ને કંઇ દુઃખ હોય છે. જગતમાં તમે એકલાંજ દુઃખી

નથી. જરા વિચાર કરો. દુનિયાની નજરે તમારા પતિ ઘણા સુખી દેખાતા હશે; કેમકે તે તમારા જેવી અપ્સરાના સ્વામી છે: પણ લલિતકુમારની સ્થિતિ દયા ખાવા જેવી નથી? તેણે તમને ઘણો અન્યાય કર્યો છે; પણ તેની તેને ભારી સજા થઇ છે. તે તમને ચાહે છે છતાં તે એ પણ જાણે છે કે તમે તેને પ્રચંડ તિરસ્કારથી ધિક્કારો છો. તમારી બીમાર બાળકીનો દેખાવ તમારા પતિને હમેશાં બાળી નાંખે છે. આટલુંજ પુરતું નથી. તમને બીજા સાથે હસતાં જોઇને તેનું હૃદય ખાખ થઈ જતું હશે—"

"'મહારાજા! તેમાં હું શું કરૂં? તમે કહેશો કે તેને બળવાનું કારણ ન આપો. ભલે, પણ મારૂં જીગર કોઇનું નહિ થાય, તેથી તે મારા પતિનું થઇ જવાનું હતું? તે જાણે છે કે મારા હૃદયમાં તેમને માટે સ્થાન થવું અશક્ય છે. અમારી પહેલી રાત પછી અમે જૂદાં રહીએ છીએ: પણ દુનિયાની નજરે અમે પતિપત્નીનો વહેવાર જાળવી રહ્યા છીએ. હું તેમને જાહેરમાં મારા પતિદેવ ગણી પુંજું છે, અને આ ભયંકર ભેદ તમારા શિવાય મેં કોઇને કહ્યો નથી."

"શારદા! તમે મારા પર અખંડ વિશ્વાસ મુકયો તે માટે હું તમારો આભાર માનું છું. તમે મારી ખરા દીલની સલાહ માગતા હો—"

"જોવો, હું તમારી સલાહ શીરસાવંદ્ય કરવા તૈયાર છું."

"તમારૂં હૃદય ખાલી હોવાથી તમે હમેશાં ગમગીન રહો છો. કર્મ સંજોગે તમારા નસિબમાં સંસાર સુખ લખ્યું નથી; તો તમારા ઉમદા હૃદયને બીજી દિશામાં શા માટે વાળતાં નથી?"

"હું શું કરૂં?"

"જો તમે પરમાર્થના કાર્યોમાં લીન થઇ જાઓ તો તમારો સઘળો શોક ભુલી જશો અને તમારૂં વદન હમેસાં હસતું રહેશે."

શારદા અજાયબીથી રણજીતને જોઇ રહી.

"હું અપાત્રે દાન કરવાની વિરુધ્ધ છું. આજકાલ ઘણા ખંસ શ્રીમંતો નાલાયક હરામખોરોને પોષે છે તે મને પસંદ નથી. પણ જો તમે મારી પેઠે છુપે વેષે હતભાગીઓ વચ્ચે જઇને તેઓને મદદ કરી સાચે રસ્તે ચઢાવશો તો તમને "રોમેન્ટીક" પ્રેમ કરતાં પણ વધારે હર્ષ થશે."

શારદા કંઈ બોલી નહિ.

"ધારો કે આપણે બે જણા સાથે મળીને માણસ જાતના ક્રુર અન્યાયના ભોગ થઈ પડેલા કંગાળોને સહાય કરવાનું કામ હાથ ધરીએ તો તમે મારાં સાથી થશો? આપણે છુપી રીતે મળીશું, છુપી રીતે પત્ર વહેવાર કરીશું, આપણાં બધાં કામો છુપાં રાખીશું અને એ બધાંય કામોની તમારા પતિને ખબર પણ પડવા દઈશું નહિ. ટુંકમાં પરમાર્થી કાવત્રામાં મારી સાથે જોડાવાને તમે તૈયાર છો?"

"ઘણીજ ખુશીથી–" શારદાના મોહક વદન પર સ્મિત ફરક્યું. રણજીતે તેના જીગરના પ્રવાહને બીજી દિશાએ વાળ્યો: "આ નવા જીવનની શરૂઆત તરિકે હું ફરીથી આજે સવારે જે દુઃખી કુટુંબને તમે મારી મારફતે મદદ આપી હતી, તેઓને મળવા જઇશ. એ બિચારાઓને ઉદાર મદદની જરૂર છે."

રણજીત શારદાના મનની બદલાયલી સ્થિતિ જોઈ રાજી થઇ બોલ્યો: "શારદા! જ્યોર્જના કુટુંબની હું સંભાળ લઇશ તમે ફરીથી ઘાસવાળા બીલ્ડીંગમાં પગ પણ નહિ મુકો એવું વચન આપો. તમારે કેવો પાર્ટ ભજવવાનો છે તે હું તમને કાલે જણાવીશ, અને તમારે કેવો વેષ ધારણ કરવો તે પણ કહીશ."

"વેષ પણ બદલવો પડશે? આહ! ત્યારે તો ઘણી મઝા પડશે. મારે કેવો વેષ ધારણ કરવો પડશે મહારાજા?—"

"તમને ગમે તેવો—"

પ્રકરણ ૧૯ મું.

ઝેળી મદદ.

ધાસવાળા બીલ્ડીંગમાં જ્યોર્જ મેરલ નામનો એક દુઃખી ખ્રીસ્તી પોતાના કુટુંબ સાથે રહેતો હતો. તે એક છાપખાનામાં નોકરી કરતો હતો અને રાત દિવસ તે છાપખાનાની ક્રૂર ઘંટીમાં પોતાની જાતને દળી નાખતો હતો છતાં ભાગ્યેજ તેને મહિને ચાળીસ પચાસ રૂપીઆ મળતા. ધાસવાળા બીલ્ડીંગમાં ભોંય તળીયે એક અંધારા ઓરડામાં તે રહેતો હતો. ઓરડામાં પાંચ બાળકો એક પથારીપર પોતાની માની સાથે ફાટેલા કંતાનપર પડયા હતા. એક બાજુ જ્યોર્જની અર્ધ દિવાની મા કંઇ બબડતી ફફડતી પડી હતી અને જ્યોર્જ છાપખાનામાં રાતપાળી કરીને હમણાંજ આવ્યો હતો. રાત દિવસના થાકથી ઘેર આવતાંની સાથે તે ચટાઇ પર પડયો અને તેની આંખો મળી ગઇ. તેની મોટી પુત્રી લુઇ તેઓની સાથે રહેતી ન્હોતી. પોતાના બાપાને મદદ કરવા માટે તે જેકીસન મારફતીઆ વકીલને ત્યાં ટાઈપીસ્ટની નોકરી કરતી હતી અને વકીલે મહેરબાની કરીને તેને પોતાની ચાલીમાં એક નાની ઓરડી આપી હતી.

જ્યોર્જનો ઓરડો કંગાળ ગરીબીની સાક્ષી પુરતો હતો. ત્યાં ફરનીચરનું નામનિશાન ન્હોતું. માતા અને પત્નીની ચાલુ માંદગીને લીધે તે દવાદારૂના પૈસા ભરતો ભરતો કરજદાર થઇ ગયો હતો અને તેની પુત્રી લુઇ પોતાનો આખો પગાર તેને આપી દેતી હતી છતાં આ હતભાગી કુટુંબને જંપવાની ઘડી આવતી ન્હોતી.

સહવાર થતાંજ બચ્ચાંઓએ કકારોળ કરવા માંડી. સૌથી નાનું

બાળક એક વર્ષનું હતી. બીજી બે છોકરીઓ ત્રણ અને પાંચ વર્ષની હતી. ચોથો છોકરો સાત વરસનો અને પાંચમો અગીઆર વરસનો હતો. સૌથી મોટી લુઈ સત્તર વર્ષની હતી. પણ હમણાં તે અત્રે હાજર ન્હોતી.

નાનું બાળક માને ધાવવાના ફાંફાં મારવા લાગ્યું; પણ એ હતભાગીનીના સ્તનમાં દુધ ન્હોતું. તે પાંડુરોગથી પીળી પડી ગઇ હતી. તેનું શરીર હાડપિંજર જેવું થઈ ગયું હતું. આંખો ઉંડી ઉતરી ગઇ હતી અને ગાલમાં ખાડા પડી ગયા હતા. એ બીચારીમાં ઉઠીને ઉભા થવાની તાકાત ન્હોતી; પણ બાળકો કંઈ સમજે છે? નાનાં નાનાં ભૂલકાંઓ તેને વળગીને ખાવાનું માગવા લાગ્યા. મેડેલીન જેમ તેમ જીવપર જોરાવરી કરીને ઉભી થઇ અને તેણે શીંકાપર સંતાડેલો પાંઉનો ટુકડો કાઢી તેના ચાર ટૂકડા કરી દરેક બાળકને વહેંચી આપ્યા. પણ આજ વખતે તેની દિવાની સાસુ ડાકણ જેવી ઉભી થઇ. તે બીચારીને કંઇ ભાન ન્હોતું. તેનું મગજ ખસી ગયું હતું. દિવાનાપણાના આવેશમાં તેણે એ બાળકના હાથમાંથી પાઉંનો ટુકડો ઝુંટવી લીધો. મેડેલીન તેને વારવા ગઇ પણ ભ્રમિત ડોશીએ તેને ધક્કો મારી જમીનદોસ્ત કરી. આ ધડાકાથી જ્યોર્જની નિંદ્રા ઉડી ગઈ. તે જાગીને બેઠો થયો અને પોતાના ભુખે મરતા બાળકોને જોઇને તેની આંખો નવધાર આંસુ સારવા લાગી. તેની પત્ની મેડેલીન જેમ તેમ કંતાનપર પડી છાતીફાટ રડતા નાના બચ્ચાને શાંત કરવા લાગી; પણ ભુખની કાતિલ વેદના કદિ શાંત થતી હશે?

જ્યોર્જ કપાળ કુટી ઉભો થયો અને દાતણપાણી કરી પાછો નોકરી પર જવા તૈયાર થયો. આ સમયે ત્યાં બે માણસો આવી

પહોંચ્યા. તેઓની સાથે લુચ્ચો જાનમહમદ હતો અને તે કંઈ તમાસો જોવાનો મળવાનો હોયની તેમ ખંધું હસતો હતો.

"ઓ બાપરે! કેવી ખરાબ વાસ મારે છે. નર્યો નર્કવાડો છે." આવનાર માણસ પોતાના સાથી તરફ જોઈ બોલ્યો. તે બેલીફ હતો.

"તમારે શું અહિં કસ્તુરીની સુગંધ જોઇતી હતી?" બેલીફની સાથેનો માણસ હસીને બોલ્યો: "કામ પતાવી નાખો એટલે રસ્તે પડીએ."

"તમને કોનું કામ છે?–" જ્યોર્જે તેઓની પાસે જઇ પુછ્યું.

"જ્યોર્જ મોરલ–" બેલીફે કહ્યું.

"હું જ્યોર્જ છું–"

"ખરેખર?" બેલીફે મશ્કરી કરી.

"હું કહું છું કે મારૂં નામ જયોર્જ મોરલ છે. તમારે શું કામ છે?"

"અમે સરકારી માણસો છીએ. તમરીથી વાત ન કરો. સમજ્યા?" બેલીફે સતા બતાવી.

"જ્યોર્જ! આપણું આવી બન્યું. લુઇના શેઠે વારંટ કઢાવ્યું હશે—" જયોર્જની બીમાર પત્ની મેડેલીને ચીસ પાડી કહ્યું.

"આ વારંટ જુઓ—" બેલીફ એક કાગળ કાઢી બોલ્યો: "જેકીસન મારફતીઆ વકીલના જ્યોર્જ મોરલ પાસે નીકળતાં ૧૩૦૦ રૂપીઆના થયલા હુકમનામાની રૂએ તેને કેદ કરવાનો હુકમ કરવામાં આવે છે."

"ત્યારે લુઇનું શું થયું? મારી લુઇ કયાં છે?" વોરંટના શબ્દો પર ધ્યાન આપ્યા વિના જયોર્જ બબડયો: "શું જેકીસન લુઇની નોકરી છોડી ગઈ છે? ઓ ગોડ! મારી લુઇનું શું થયું?"

"લુઈ કોણ છે?" બેલીફે પુછયું.

"તમે એના લવારા પર શા માટે ધ્યાન આપો છો? એને પકડીને બહાર ચાલો. હું અહિંની ઝેરી હવાથી મરી જાઉં છું." બેલીફના જોડીદાર બોલ્યો.

"જ્યોર્જ ! વ્હાલા ! મને છોડી ન જતા." મેડલીને ચીસ પાડીઃ "તમે સામા થાઓ—આ બદમાસોને મારી નાખો. તમે હીચકારા છો ? તમે અમને છોડી જશો?"

"બાઇ સાહેબ! તમે તમારાં ઘરનાં રાણી છો. ફાવે તેમ બોલો, પણ જો તમારો ધણી ગડબડ કરશે તો હું એનું માથું ભાંગી નાખીશ."

જ્યોર્જ પોતાની જુવાન પુત્રી લુઈના ખ્યાલમાં એટલો બધો મશગુલ થઇ ગયો હતો કે તેણે આ વાત સાંભળી નહિ. અચાનક તેના ચહેરાપર વિચિત્ર તેજ આવ્યું: "મને લાગે છે કે લુઇ વકીલના ઘરમાંથી નાસી ગઇ હશે. ચાલો, હું કેદમાં મરવાનેજ સરજાયો છું. પણ મારી સ્ત્રી-મારી મા—મારાં બાળકો? એ લોકોને કોણ ખવાડશે? અરે! પ્રભુ! શું ગરીબોને મહેનત કરીને જીવવાનો પણ હક્ક નથી? જડ કાયદો મને કેદમાં બેસાડશે તેથી વકીલના પૈસા મળી જવાના હતા? મને તો કેદખાનામાં પણ માગનારને પૈસે રોટલો મળશે; પણ મારાં બાળકો શું ખાશે?..."

"ચાલો ભાઇ! ભાષણ પછી આપજો." બેલીફ બોલ્યો.

"સાહેબ!—" માંદી મેડલીન કંતાનપર બેઠી થઇ બેલીફ તરફ બે હાથ જોડી બોલી: "હું હમણાં જે બોલી ગઈ તે માટે મને માફ કરો. અમારી કંગાળ સ્થિતિ જુઓ. ભાઇઓ! દયા કરો. મારા જ્યોર્જને છોડી દો. પરમાત્મા તમારૂં કલ્યાણ કરશે. જો તમે મારા ધણીને પકડી જશો તો મારાં બાળકોનું—મારી આ પાગલ સાસુનું શું થશે? અમ ગરીબપર રહેમ કરો—" કહી મેડલીન ઝારઝાર રડવા લાગી.

કાયદાના લાગણીહીન પ્રતિનિધીઓ પર આ કરૂણ વિનંતીની કંઇ અસર થઇ નહિ. એક જણે જ્યોર્જનો હાથ પકડયો. દિવાની ડોશી ગાળો દેવા લાગી—બાળકો ચિસાચીસ પાડી રડવા લાગ્યા. આ વખતે

એક છોકરી છાતીફાટ ચીસ પાડી રડતી રડતી બોલી: "મા! મા! આ જોને! બહેન ઠંડી પડી ગઇ છે. તે મને તાકાને જોઈ રહી છે પણ શ્વાસ લેતી નથી." એક નાની છોકરી મરણ પામી હતી. અને તેની બહેન આ બુમ પાડતી હતી. બાળકોની માતા મેડલીન છાતીફાટ રૂદન કરવા લાગી. આ કરૂણ પ્રસંગનું વર્ણન કરવાની અમારી લેખિનીમાં શકિત નથી. જ્યોર્જ મરેલી બાળકીની લાશ પાસે દોડી ગયો અને લાશને હાથમાં લઇ રડવા લાગ્યો. બેલીફો પર સહેજ અસર થઇ. પણ તેઓ કાયદાના ગુલામો હતા. તેઓએ જ્યોર્જને તાબડતોબ પોતાની સાથે આવવાનો હુકમ કર્યો. આ વખતે બહારથી એક જુવાન બાળા દોડતી દોડતી આવી અને બોલી: "બાપા! બાપા! તમે કયાં છો? પ્રભુનો આભાર! હું વખતસર આવી પહોંચી છું."

"શાંત થા દીકરી!—" આ વખતે બૈરાંણ આવી અને જ્યોર્જના કુટુંબની કારમી આફત જોઇ બોલી: "લુઇ! તું જરા પણ ગભરાતી ના. આ કાળમૂખા કુતરાઓ ગુપચુપ વિદાય થશે નહિ તો હું એઉના માથાં ભાગી નાખીશ."

લુઇનો અવાજ સાંભળી જ્યોર્જ બારણાં પાસે ગયો અને લુઇને છાતી સરસી ચાંપી બોલ્યો; "લુઇ! દીકરી! તું આવી? ઓ ખુદા! તું આટલી ફીકકી કેમ જણાય છે? તને શું છે?"

"કંઈ નથી." લુઇ મુઝાઇને બોલી: "હું દોડતી આવી તેથી હાંફી ગઈ છું. લો; સાહેબો! તમારા પૈસા લો—" કહી લુઇએ ગજવામાંથી નોટો કાઢી.

"લુઇ! આ પૈસા તું કયાંથી લાવી?" તેનો દુ:ખી પિતા બોલ્યો

"શાંત થાઓ. હું બધી વાત પછી કરીશ. મારી માને શાંત્વન આપો...

"સબુર કર—" બારણા પાસે ઊભો રહી જ્યોર્જ બોલ્યો: "પહેલાં મને કહે. તું આટલા બધા પૈસા કેવી રીતે અને ક્યાંથી લાવી..."

"૧૩૦૦ રૂપીઆ છે—" બેલીફ બોલ્યો:

"બાપાજી! આપણે ૧૩૦૦ રૂપીઆનાજ કરજદાર છીએને ?—" લુઇએ પુછ્યું.

"હા. બહેના—"

"બરાબર છે—" બેલીફ બોલ્યો: "પ્રોમીસરી નોટ ૧૩૦૦ રૂપીઆની છે તેની આ પહોંચ લો; પણ ખર્ચના ૨૫૦ રૂપીઆ હજી બાકી છે."

"ઓ ખુદા!" લુઇ બબડી: "હું ધારતી હતી કે તેરસોજ આપવાના છે. સાહેબ! હમણાં ૧૩૦૦ રૂપીઆ લઇ જાઓ. બાકીના પૈસા અમે પછી ભરી દઇશું."

"ભલે. તમે પૈસા લઇને જેલમાં આવજો એટલે અમે તમારા બાપને છોડી દઇશું—"

"ઓ બાપુ! તમારૂં શું થશે? હું તમને બચાવી લેવાની આશા રાખતી હતી—" લુઇની મનોહર આંખો આંસુ રેડવા લાગી.

"નહિ. નહિ. મારે માટે કંઇ આશાજ નથી. પ્રભુને ત્યાં ઇન્સાફ નથી." નિરાશ થઇ જ્યોર્જ ગુસ્સાથી બોલ્યો.

"પ્રભુને દોષ ન દો. પ્રભુ અદલ ઈનસાફી છે અને તે હમેશાં પ્રમાણિક માણસો પર રહેમ નજર રાખે છે. એક ભવ્ય અવાજ સંભળાયો અને બીજી પળે ત્યાં રણજીત આવી ઊભો રહ્યો. તે જ્યોર્જના ઘરની કરૂણ હાલત જોઈ ગંભીર થઇ ગયો. જ્યોર્જ અને લુઇ અવાક થઈ તેને જોઇ રહ્યા. રણજીત ગજવામાંથી નોટનું બંડલ કાઢી તે બેલીફને આપી બોલ્યો: "આ ૧૫૫૦ રૂપીઆ છે. આ છોકરીએ આપેલી નોટો પાછી આપી દો."

એલીફ છક થઇ ગયો. એક સાધારણ મજુર જેવા લાગતા માણસ પાસેથી દોઢ હજારની નોટ નીકળવાથી તેને શંકા ઉત્પન્ન થઇ. તે બધી નોટો ફેરવી ફેરવીને જોવા લાગ્યોઃ "આ નોટો ખરી છે? આ પૈસા તમારા છે? તમે આટલા બધા પસા ક્યાંથી લાવ્યા?–"

રણજીતનો મીજાજ આ અપમાન ભરી ભાષા સાંભળી ગરમ થયો.

"મેં તમને કહ્યુંને કે આ છોકરીના પૈસા પાછા આપી દો–" તે હુકમ કરતો હોય તેમ બોલ્યો.

"તમે કહ્યું એટલે શું? તમે કોણ છો? તમે મને ઓળખો છો?"

"કહું છું કે આ છોકરીના પૈસા પાછા આપી દે—" કહી રણજીતે એલીફની કાંડી એવા જોરથી પકડી કે તેણે ચીસ પાડીઃ "મને છોડી દો–મને છોડી દો—"

"ત્યારે લુઇના પૈસા પાછા આપી દે. તમારા હુકમનામાના પૈસા મેં ભરી દીધા છે માટે વધારે ગડબડ કર્યા વિના અહિંથી રસ્તો માપો."

"લે. આ તારા પૈસા—" કહી એલીફે લુઈ તરફ તેની નોટો ફેંકી દીધી.

"આ નોટો ઉંચકી લુઈના હાથમાં આપ. તમે સરકારની નોકરી કરો છો કે મશ્કરી?" રણજીતે ગર્જના કરી અને એલીફે તેના ભયથી નોટો જમીન પરથી ઉંચકી લુઇના હાથમાં મુકી.

"હવે રસ્તો માપો—" રણજીત પહોંચ લઈ બોલ્યો.

એલીફ વિદાય થયા પછી જ્યોર્જ રણજીત પાસે ગયો અને બે હાથ જોડી બોલ્યો. "સાહેબ! તમે અમને જીવતદાન દીધું છે. આ ગેબી મદદ માટે અમે કોના આભારી છીએ?—"

"પ્રભુના." રણજીત બોલ્યોઃ "હવે તમારી ખાત્રી થઇ હશે કે પ્રભુ અન્યાયી નથી."

પ્રકરણ ૨૦ મું.

લુઇ કેદમાં.

લૂસ પૈસા લઇને આવી, અને રણજીતે તેના પૈસા પાછા અપાવી જ્યોર્જને બેલીફના પંઝામાંથી છોડાવ્યો, ત્યારે હસમુખ પણ ત્યાં આવી પહોંચી હતી અને લુઇને તેના ભાઇના મરણની ખબર આપવા વિના તેને બીજા રૂમમાં લઈ ગઇ હતી. રણજીતની અણધારી દૈવી મદદથી જ્યોર્જ તેને સાક્ષાત પરમાત્માજ માની બેઠો હતો, અને તે લાગણી-ભરી ભાષામાં રણજીતનો આભાર માનતો હતો. રણજીત સાધારણ કારિગરના વેષમાં હતો; છતાં તે ભવ્ય લાગતો હતો, તેની ઉદારતાથી જ્યોર્જ એટલો બધો ઉપકારવશ થઇ ગયો હતો, કે ઘડીભર તે પોતાના બાળકનું મરણ પણ ભુલી ગયો. તે જાતજાતના તરંગ ન કરે, તે માટે રણજીતે તેને કહ્યું: "ગઇ કાલે એક સ્ત્રી તમને મળવા આવી હતી."

"હાઃ સાહેબ! તે દયાની દેવી હતી. અમારી કંગાળ હાલત જોઇ તેનું હૃદય દ્રવી ગયું હતું."

"મેં તમને તેનાજ પૈસાથી બેલીફના હાથમાંથી છોડાવ્યા છે."

"ઓહ! પ્રભુ એ બાઇનું કલ્યાણ કરો! સાહેબ! એ દેવીનું પુણ્યશાળી નામ?"

"લેડી શારદા!"

"હું રોજ પ્રભુ લેડી શારદાનું કલ્યાણ કરો, એવી પ્રાર્થના કરીશ."

"હવે શાંત થાઓ અને હિમ્મત રાખો. તમારૂં બાળક સ્વર્ગવાસી થયું છે. મુંઝાઓ ના. આ બીજા પચાસ રૂપીઆ લો, અને તમારા ધર્મ પ્રમાણે બાળકની અંતિમ વિધિ કરો—"

"પ્રભુ તમારૂં કલ્યાણ કરો...પણ મારી લુઇ ક્યાં ગઈ?" જ્યોર્જને પોતાની પુત્રી યાદ આવી. આ સમયે હસમુખ લુઇ સાથે ત્યાં પાછી આવી. હસમુખે લુઇને તેના નાના ભાઈના મરણની ખબર આપી હતી, એટલે લુઈ છાતી ફાટ રડતી હતી. ખોલીમાં જઈ તે બાળકની લાશ પર માથું મુકી રડવા લાગી. આ પળે બૈયણ હાંફતી હાંફતી ત્યાં દોડી આવી રણજીતને સંબોધી બોલી: "સાહેબ! સંતાઇ જાઓ—નાસી જાઓ—પોલીસ આવે છે."

આ નવી આફત શી છે તેની તપાસ કરવા રણજીત બહાર ગયો. બહાર પોલીસ ઈન્સ્પેકટર ચાર પાંચ સીપાઇઓ સાથે આવેલો અને તેની સાથે કેદીઓને લઇ જવાની ગાડી પણ હતી.

"અહિં જ્યોર્જ મોરસ રહે છે?" ઈન્સ્પેકટરે રણજીતને પુછ્યું.

"હા." રણજીતે જવાબ આપ્યો: "ઓફીસર! એ ગરીબ માણસ પર શી નવી આફત આવી છે તે હું જાણતો નથી. પણ એ બીચારો ઘણોજ દુ:ખી છે. હમણાંજ તેનું બાળક મરણ પામ્યું છે."

"અરે રામ!" ઈન્સ્પેકટર ગળગળો થયો.

"હમણાંજ જ્યોર્જને પકડવાને બેલીફો આવ્યા હતા. પણ તે મહેનતુ અને પ્રમાણીક કારીગર હોવાથી એક દયાળુ શ્રીમંત [illegible] તેને જેલમાં જતો બચાવ્યો છે. હવે તમે શા માટે આવ્યા છો. તે જણાવવાની મહેરબાની કરશો?"

"સાહેબ! હું દિલગીર છું કે આવા દુ:ખી કુટુંબને આવા સમાચાર દુ:ખી કરવાની ફરજ મારે માથે આવી છે. હું જ્યોર્જ મોરસની પુત્રી લુઇને પકડવા આવ્યો છું." ઇન્સ્પેકટરે કહ્યું.

રણજીત અજબ થયો.

"લુઇને પરહેજ કરવા! તેના પર શાનો આરોપ છે?"

"બાળહત્યાનો!"

"અફસોસ! આ આફતથી ગરીબ જ્યોર્જ મરી જશે."

"હું લાચાર છું સાહેબ! મારે મારી ફરજ બજાવવાની છે."

"પણ લુઇ પર ફક્ત આરોપજ મુકાયો છેને? તે ગુનેહગાર છે તેની કંઇ સાબીતી છે?"

"હું તમને વધારે કહી શકતો નથી. પોલીસને જેકીશન મારફતીઆ નામના માનવંત વકીલે આ ગુન્હાની ખબર આપી છે અને મારી પાસે લુઇને પકડવાનું વોરંટ છે."

"ઇન્સ્પેકટર! જેકીશન મારફતીઓ નીચમાં નીચ બદમાસ છે."

"બસ કરો સાહેબ! તમે એ ગૃહસ્થને ઓળખતા નથી. મી. જેકીશન મારફતીઆ સમાજમાં પ્રતિષ્ઠીત અને ચારિત્ર્યવાન ગૃહસ્થ ગણાય છે."

"હું ફરીથી કહું છું કે તે બદમાસ છે. લુઇએ એ બદમાસ વકીલની નીચ માગણી ઠોકરે મારવાથી તેણે પોતાના માગતા પૈસા માટે જ્યોર્જને કેદમાં મોકલવાની કોશીષ કરી હતી. જો આવા માણસના કહેવાથીજ લુઈ પર બાળહત્યાનો આરોપ મેલવામાં આવ્યો હોય તો તે માનવા જોગજ નથી."

"શું માનવું અને શું નહિ તે નક્કી કરવાનું કામ મારૂં નથી. એનો નિર્ણય અદાલત કરશે. મારી ફરજ લુઇ મોરલને પરહેજ કરવાની છે."

"તમારી વાત ખરી છે. પણ મોરલના ઘરમાં બાળકની લાશ પડી છે. તેની સ્ત્રી બીમાર છે અને મા દિવાની છે. મહેરબાની કરી મારી એક સુચના માનો. તમે બૈયાના રૂમમાં બેસો. ત્યાં લુઇને બોલાવો

જરૂર પડે તો જ્યોર્જને બોલાવજો; પણ લુઇની બીમાર માતાને આ વજ્રાઘાતમાંથી બચાવી લ્યો."

"મને તમારી સુચના સામે વાંધો નથી."

રણજીતે ઇન્સ્પેક્ટરને ભૈયાના રૂમમાં બેસાડયો અને ભૈયણ લુઈ તથા જ્યોર્જને બોલાવી લાવી."

"તમારૂં નામ લુઇ મોરલ છે?" ઇન્સ્પેક્ટરે લુઇને સંબોધી પુછ્યું.

"હા, સાહેબ!" લુઇ અજાયબી અને ભયની મિશ્રીત લાગણીથી બોલી.

"અને તમે એના પિતા જ્યોર્જ મોરલ છો?"

"હાજી."

"મી. મોરલ તમે આફતમાં છો તે હું જાણું છું અને તે માટે હું દીલગીર છું; પણ પ્રભુ પર વિશ્વાસ રાખજો. હું તમારી પુત્રી લુઇને પરહેજ કરવા આવ્યો છું."

"ઓ બાપરે! ત્યારે બધી ખબર પડી ગઇ? હવે મારૂં શું થશે?" પોતાના બાપને ગળે વળગીને લુઇ પોકેપોક રડવા લાગી.

"તું શું બોલે છે લુઇ? તું ગાંડી થઇ ગઇ છે? તને કોણ પકડી જશે? શા માટે પકડી જશે?"

"લુઇને પકડવાનું આ કાયદાસર વોરંટ છે."

"સાહેબ! કાયદો મારી લુઇને શા માટે પકડી જાય?" જ્યોર્જ બબડયો: "લુઇ મારી દીકરી છે. પોલીસ ફક્ત ગુનેહગારોનેજ પકડી જાય છે. .મારી દીકરીએ કંઇ ગુન્હો કર્યો નથી. તમે કોઇ બીજી લુઇને પકડવા આવ્યા હશો."

"નહિ ભાઇ! નહિ—" ઇન્સ્પેક્ટર દુ:ખી થઇ બોલ્યો: "લુઇ! તારા પિતાની રજા લઇ લે—"

"તમે મારી દીકરીને લઈ જશો? હું તમારો જાન લઇશ." જ્યોર્જ દીવાના જેવો પોલીસ અમલદાર પર ધસી જતો હતો તેને હાથ પકડી રણજીત બોલ્યો.

"શાંત થા. લુઇ થોડા સમયમાં પાછી આવશે. તેણે કંઇ ગૂન્હો કર્યો નથી—"

"ગૂન્હો?...હા–હા–પેલા પૈસા!–" નોરલીને લુઇ જે તેરસો રૂપીઆ લાવી હતી તે યાદ આવ્યા. "લુઇ એ પૈસા તું ક્યાંથી લાવી?–"

"મેં ચોરી કરી નથી." લુઇ બોલી.

"સાંભળો સાહેબ! મારી દીકરીએ ચોરી કરી નથી. તમે ગમે તેને પુછી જુઓ. મારી લુઇ કદી જુઠું બોલતી નથી."

"લુઇ પર ચોરીનો આરોપ નથી."

"ત્યારે શાનો છે?"

"બાળ હત્યાનો—"

"ઓ ખુદા! હું સમજ્યો...લુઈ તું..." જ્યોર્જ દિવાના જેવો થઇ ગયો.

"તમારી પુત્રી પર બાળ હત્યાનો આરોપ છે. પણ તેણે બાળકનું ખૂન કર્યું હતું એ બીના પુરવાર થઇ નથી."

"નહિ. નહિ. સાહેબ!–" લુઇ રડતી રડતી બોલી: "મેં બાળ હત્યા કરી નથી. હું પ્રભૂના કસમથી કહું છું કે મને મુએલું બાળક અવતર્યું હતું—"

"તને બાળક થયું? દુષ્ટ! કર્મચંડાળ!..." જ્યોર્જ લૂઇને મ્હોડે તેના પાપની વાત સાંભળતાંજ લાલ પીળો થઇ ગયો,

"પિતાજી! મને માફ કરો—"

"ઇન્સ્પેકટર! આ બલાને લઈ જાઓ–લઇ જાઓ–એ મારી દિકરી નથી."

રણજીતે જેમ તેમ જ્યોર્જને શાંત કર્યો. લૂઇએ તે પછી કરૂણ અવાજે કહ્યુંઃ "ઇન્સ્પેક્ટર સાહેબ! થોડી વિલંબ માટે મને ક્ષમા કરો. સાંભળો! પિતાજી! સાભળો. મારી કર્મકથા સાંભળી લ્યો. પણ મને વચન આપો કે આ વાત તમે કોઇને કહેશો નહિ. જો એ વાત મેં કોઇને કહી છે એવી જેકીશન વકીલને ખબર પડશે, તો મારૂંજ નહિ પણ તમારૂં પણ આવી બનશે. તમે એ બદમાસની દુષ્ટતા જાણતા નથી. આજ મકાનમાં રસિકલાલ રહેતા હતા, અને તે આપણને મદદ કરતા હતા તે તમે જાણો છો પિતાજી! રસિકલાલ જેકીશનને ત્યાંજ નોકરીએ હતા, પણ તેમણે એ બીના છુપી રાખવાની મને અરજ કરી હતી. હું જેકીશનને ત્યાં નોકરી રહી, ત્યારે તે મારા તરફ જોતો પણ ન્હોતો. મારે સખ્ત કામ કરવું પડતું હતું એ ખરી વાત છે, પણ જેકીશન મારા પર બદનજર કરશે એવો મને ખ્યાલ પણ આવ્યો ન્હોતો. અમારી દશા બહુ કંગાળ હતી. અમે એક ખોલીમાં ડઝન માણસો રહેતાં હતાં, તે જાણી જેકીશને પોતાને ઘેર પોતાની બ્હેનની સાથે રહેવાની મને સુચના કરી. હું તેને ત્યાં રહેવા લાગી તે પણ તમે જાણો છો. તે પછી મા માંદી પડી—તમે નોકરી પર જતા બંધ થયા. માંદગીમાં તમારે માથે અગીઆરસો રૂપીઆનું કરજ થઈ ગયું, અને માંગનારાઓ તગાદા કરવા લાગ્યા. મેં એ વાત જેકીશનની બ્હેન ચંપાને કહી, અને બીજે દિવસે જેકીશને ઓફીસમાં મને બોલાવીને કહ્યું કેઃ "તારા બાપને પૈસાની જરૂર છે, તો મારી પાસે શા માટે માંગતી નથી? સાંજે તારા બાપને બોલાવજે. હું તેને પૈસા આપીશ." હું તમને આ ખુશખબર આપવા આવી, અને તેજ દિને તમે પ્રોમીસરી નોટ લખી આપી જેકીશન પાસેથી ૧૩૦૦ રૂપીઆ લીધા હતા. તમે

જેકીશન પાસેથી રૂપીઆ લીધા પછી તેની મતી ફરી. પણ તેની દુષ્ટ મનોભાવના મારી સમજમાં ન આવી. તેની બ્હેન ચંપા પહેલાં બહુ સખ્ત રહેતી હતી, પણ હવે તે મારા પર મમતા બતાવવા લાગી. એક દિવસ રાતે દશેક વાગે હું ચંપા સાથે વાત કરતી હતી, એવામાં નોકર ચાહના બે પ્યાલા આપી ગયો. મેં ચાહ પીધી અને મારી આંખો ઘેરાવા લાગી. પિતાજી! તમે મારી વાત માનશો નહિ. મને જુઠી કહેશો, પણ હું મારા મરનાર ભાઈની લાશ પર હાથ મુકી કહું છું કે હું સત્ય કહું છું—"

"પછી?" રણજીતે પૃછ્યું.

"અફસોસ! સાહેબ! આઠ આઠ મહિનાથી એ ભયંકર રાતનો ભેદ ઉકેલવા હું મથી રહી છું. પણ મને કંઇ સુઝતું નથી."

"ઓ! પ્રભુ! મારે શું સાંભળવું પડશે?" જ્યોર્જ બબડ્યો.

"હું ચાહ પીધા પછી ભર ઉંઘમાં પડી ગઇ એટલુંજ મને યાદ છે. પિતાજી! મને માફ કરો. હું ભગવાન ઇસુના સોગનથી કહું છું કે મેં રાજીખુશીથી પાપ કર્યું નથી. હું ક્યાં સુધી ઉંઘી રહી તે જાણતી નથી. પણ હું જાગી ત્યારે મારા રૂમમાં હતી."

"નીચ બદમાસ જેકીશન!–" રણજીત દાંત કચકચાવી બોલ્યો: "જ્યોર્જ! તારી દીકરીને શું પાવામાં આવ્યું હતું તે તું સમજે છે ચાહમાં ભુઇને કેફી વસ્તુ પાઇને બેભાન કરવામાં આવી હતી અને તેની બેભાનીમાં બદમાસ ચંપા તેને છોડી ગયા પછી નીચ જેકીશને પોતાની રાક્ષસી વાસના તૃપ્ત કરી હતી..." તે થોડીવાર ચુપ રહ્યો. જેકીશન પર તેને એટલો બધો ધીક્કાર છુટ્યો કે જો તે બદમાસ વકીલ અહિં હાજર હોત તો રણજીત તેની ગળચી દબાવી તેને મારી

નાખત; થોડીવાર પછી તે બોલ્યો: "તારા પર ગુજરેલા આ સીતમની તેં તારા બાપ સમક્ષ ફરિયાદ કરી ન્હોતી?"

"નહિ. કેમકે હું દગાનો ભોગ થઇ છું એમ માનવાને બદલે મેં મારી રાજીખુશીથી પાપ કર્યું હતું એમ મારાં માતપિતા માની લેશે એવો મને ભય હતો. વળી અમે વકીલના ઉપકાર નીચે હતાં એટલે તેને છંછેડવાની મારી હિમ્મત ચાલી નહિ."

"આ દગા પછી જેકીશન તારી સાથે કેવી રીતે વર્ત્યો હતો?" રણજીતે પુછ્યું.

"અત્યંત ક્રૂરતાથી. લુઇએ જવાબ આપ્યો: "જ્યારે જ્યારે હું તેને એકાંતમાં મળતી ત્યારે મારી ગર્ભવતી હાલત પર દયા કરવાની તેને વિનવણી કરતી પણ તે પોતાના પાપનો ઇનકાર કરી મારા પર જાતજાતના આરોપ મુકતો. તેણે એકવાર મને કહ્યું કે હું કારકુનો સાથે બેશરમ છૂટછાટ લઉં છું. આવા સંજોગોમાં નીરાશ થઇને હું આપઘાત કરવાનો વિચાર કરતી હતી એવામાં પરમ દિને રાતે અચાનક મારા પેટમાં પીડા થવા લાગી અને રાતે બાર વાગે મેં મૃત બાળકને જન્મ આપ્યો. હું મહામુશીબતે મારા બાળકની લાશ બગીચામાં દાટી આવી. આજે સવારે હું જાગી ત્યારે રસિકલાલ અચાનક વકીલના ઘરમાં મને મળવા આવ્યો. તેણે મને ખબર આપી કે મારા પિતાને કરજ નાહ ભરવા માટે કેદ કરવામાં આવનાર છે. તેજ મને તેરસો રૂપીઆની નોટો આપી ગયો હતો અને હું અહિં દોડતી આવી પહોંચી. મારી ગેરહાજરી દરમીયાન જેકીશનના મકાનની આસપાસના બગીચામાંથી કોઇએ લાશ શોધી કાઢી હશે એટલે એ બદમાસેજ મને પકડવા માટે પોલીસને ખબર આપી હશે." લુઇએ વાત પુરી કરી પણ

એટલીવારમાં તો તેનો પિતા પાગલ થઈ ગયો અને તે ફાટી આંખે લુઇને જોઇ રહ્યો હતો. પોલીસ અમલદારની આંખમાં પણ જ્યોર્જની દશા જોઇ આંસુ આવ્યાં.

"ઓફીસર! લુઈના ગુન્હાની ખબર તમને કોણે આપી હતી?"

"જેકીશનની બહેન ચંપાએ આજે સવારે અમને ગુન્હાની ખબર આપી હતી અને હું તપાસ કરવા ગયો ત્યારે જેકીશન પોતાના ઘરમાં આવું પાપ થવા માટે લાલપીળો થઇ ગયો હતો."

"દંભી બદમાસ! હું એની પુરેપુરી ખબર લઇશ." રણજીત બોલ્યો: "લુઈ! દીકરી! હમણાં ઈન્સ્પેક્ટર સાથે જા. પણ તું જરા પણ ગભરાતી ના. હું તને બચાવીને તારા સીતમગરને સજા કરાવીશ ત્યારેજ જંપીશ."

"સાહેબ! મારાં હતભાગી માબાપની સંભાળ રાખજો અને આ તેરસો રૂપીઆ જેકીશનના ક્લાર્ક રસિકલાલને પાછા આપજો." રણજીતની આંખમાં આંસુ આવ્યાં. તેણે ૧૩૦૦ રૂપીઆની નોટો ખીસામાં નાંખી અને અનાયાસે રસિકલાલ ક્યાં છે તેની ખબર મળવાથી તેને સંતોષ થયો. પોલીસ અમલદાર લુઇને ગાડીમાં બેસાડી લઇ ગયો. રણજીતની વિનંતીથી હસમુખ જ્યોર્જના કુટુંબને બની શકતો દિલાસો આપવા લાગી. અને રણજીતે જ્યોર્જના મૃત બાળકની દફનક્રિયાની વ્યવસ્થા કરી.

પ્રકરણ ૨૧ મું.

જેકીશન મારફતીઆ.

જેકીશન મારફતીઆ મુંબઇનો એક નામચીન વકીલ હતો. તેણે સારી આબરૂ ઝમાવી હતી. ગીરગામ બેકરોડ પર તેનું પોતાનું મકાન હતું, જેમાં રહેવા માટે તેણે હતભાગી લૂઇને એક રૂમ આપ્યો હતો. એ મકાનમાં તે પોતાની વિધવા બહેન ચંપા સાથે રહેતો હતો. તેની પાસે લાખો રૂપીઆની મીલકત હતી, પણ તે પહેલા નંબરનો કંજુસ હતો. તે બહુ સાદાઇથી રહેતો હતો. કપાળ પર અઢી ઇંચિનું વૈષ્ણવીઆ ટીલું તાણ્યા વિના તે કદિ પણ બહાર નીકળતો નહિ. લોકોમાં તે પવિત્ર, આબરૂદાર અને પ્રમાણિક ગણાતો હતો. સત્યનિષ્ઠાથી અને ખંતથી તેણે લાખો રૂપિઆની દૌલત ભેગી કરી હતી એવી લોકવાયકા હતી, પણ તેના ભગતડા શરીરમાં છુપાયલું અંતર અતિશય પાપી અને નીચ હતું. તે અનેક ભોળા માણસોનો ટ્રસ્ટી હતો, અને ટ્રસ્ટની મીલકતો તેણે સફાઇથી પચાવી પાડી હતી. હમણાં તેનું વય પચાસેક વર્ષનું હતું, પણ સાદાઇથી રહેવાની ટેવને લીધે તેનો બાંધો ટકી રહ્યો હતો, અને તે ચાળીસેક વરસનો દેખાતો હતો. તેની ચુંચી આંખો તેની લુચ્ચાઇની ગવાહી પુરતી હતી, પણ તે હંમેશાં બ્લુ ચશ્મા પહેરી રાખતો, તેથી તેના બીહામણા ચહેરાની બદસુરતી જરા ઓછી થઇ હતી. અંતઃકરણ જેવી કોઈ વસ્તુને તે ઓળખતો ન્હોતો. અનેક પાપ અને પ્રપંચો કરવાથી તેનું અંતઃકરણ મરી ગયું હતું, અને કોઇ પણ નવો અસીલ મળતાં તેને કેવી રીતે પાયમાલ કરવો તેનીજ તેનું પાપી દીલ ઝંખના કરતું હતું.

તે હવસનો કીડો હતો. તેની પત્ની જુવાનીમાં ગુજરી ગયા પછી તેની નાતમાં કન્યાની અછત હોવાથી મોટી રકમ આપીને માંસની પુતળી ખરીદવામાં તેને લાભ જણાયો ન્હોતો. વિધુર અવસ્થામાં તેણે અનેક ભોળી બાળાઓને ફસાવી હતી અને વિશ્વાસુ રમણીઓના શિયળ ભ્રષ્ટ કરી તેઓને પીધેલી બીડીના ઠુંઠાની પેઠે ફેંકી દીધી હતી. લુઇ તેની ઓફીસમાં નોકરી રહેવા આવી ત્યારથીજ તેની જુવાની પર આ હવસી વકીલનો પાપી ડોળો પડયો હતો. લુઇના પિતાની કંગાળ હાલતની ખબર મળવાથી તેણે પરમાર્થી હોવાનો ડોળ કર્યો. જ્યોર્જને પૈસા ધીરવામાં તેણે પાકી ગણત્રી કરી હતી. જ્યોર્જ મહેનતુ અને પ્રમાણિક કારિગર હોવાથી તેના પૈસા જવાના નથી તે તે સારી પેઠે જાણતો હતો. પણ તેને પૈસા ધીરીને તે લુઇને ઉપકાર વશ કરવા માગતો હતો. તેણે જ્યોર્જને પૈસા ધીર્યા પછી લુઇને પોતાના મકાનમાં રહેવાની રૂમ આપી. લુઇ તેને દયાળુ ગૃહસ્થ માની બેઠી. પણ આ નરપિશાએ તેની કેવી હાલત કરી હતી તે વાંચકો જાણે છે.

જેકીસન મારફતીઆની ઓફીસ કોટમાં બેંકસ્ટ્રીટમાં આવેલી હતી. ઓફીસમાં પાંચ કારકુનો કામ કરતા હતા. દિવાલ પાસે કાયદાના ચોપડાઓ અને અસીલોના દસ્તાવેજોથી ભરેલા કબાટો પડયા હતા. બે ઓરડા કારકુનોના વપરાશમાં હતા. ત્રીજા રુમમાં જેકીસનની ચેમ્બર હતી.

સવારે અગીઆર વાગ્યા હતા. બધા કારકુનો આવી ગયા હતા. પણ હજુ જેકીસન આવેલો નહિ હોવાથી તેઓ માંહોમાંહે છુટથી વાત કરતા હતા.

"અલ્યા સાંભળ્યું કે? શેઠે રસિકલાલને પકડાવી દીધો—" એક કારકુન બોલ્યો.

"હા. પણ રસિકલાલ ચોરી કરે એમ હું માનતો નથી." બીજાએ જવાબ આપ્યો.

"મારો પણ એવોજ મત છે પણ એ બિચારા સામે પુરાવા મજબુત છે."

હકીકત એવી હતી કે જેકીસન મારફતીઆએ પોતાના કેશીઅર રસિકલાલને ૧૭૦૦ રૂપીઆ ઉચાપત કરવા માટે પોલીસને હવાલે કર્યો હતો. રસિકલાલે આ આરોપનો ગુસ્સાથી ઇનકાર કરી કહ્યું કે તેણે ૧૭૦૦ રૂપીઆ લીધા નથી. પણ ૧૩૦૦ રૂપીઆ લીધા છે અને એ રૂપીઆ ભરી દેવાને તે તૈયાર છે. વકીલ પોલિસ ખાતામાં સારી લાગવગ ધરાવતો હતો એટલે તેની વાત કોઇએ માની નહિ અને રસિકલાલને પોલીસે ગીરફતાર કર્યો.

કારકુનો આવી વાત કરતા હતા, એવામાં જેકીશન આવ્યો એટલે બધા ચૂપ થઇ કામે લાગી ગયા. જેકીશન ચેમ્બરમાં જઇ બેઠો. થોડી-વારમાં ત્યાં રમણી આવી, અને તેણે વકીલને મળવાની ઇચ્છા દર્શાવી. રમણીનું નામ લઇ કારકુન વકીલને ખબર આપવા ગયો.

જેકીશન રમણીને ઓળખતો ન્હોતો, પણ કોઇ નવી અસીલ જાળમાં ફસાવા આવી છે એમ સમજી તે મનમાં મલકાયો. તેણે આંખ પર ચશ્મા ચઢાવ્યા, ડગલાના બટન બરાબર બંધ કર્યાં, ટેબલ પર ટાઇપ કરેલા દસ્તાવેજો ખડકી દીધા, અને પછી રમણીને અંદર મોકલવાની તેણે આજ્ઞા કરી.

રમણી ચેમ્બરમાં ગઈ. વકીલ ઉભો થઇ હસ્યો. "આ ખુરસી પર બીરાજો." કહી તે રમણીના ચહેરા પર પોતાની ચુંચી આંખો સ્થિર કરી જોઇ રહ્યો. રમણી જમાનાની ખાધેલી હતી. તેનો ચહેરો ભાવહીન હતો. વકીલ તેના ચહેરા પરથી કંઇ સમજી શકયો નહિ. પણ

રમણીની ચંચળ આંખો પરથી તે કંઇક ગંભીર મુઝવણમાં હોય એમ તેને લાગ્યું.

"બોલો, બહેન! શો હુકમ છે?—"

"સાહેબ!-" રમણીએ વાત શરૂ કરી. "તમે અત્યંત વિશ્વાસપાત્ર અને ચારિત્ર્યશીલ વકીલ છો, એવી તમારી ખ્યાતિ સાંભળી હું તમને એક અરજ કરવા આવી છું. ધારો કે એક અત્યંત દુઃખી માતાને જીવતદાન આપવાની તમારામાં શક્તિ હોય, તો તમે ના પાડશો?-"

"મને વિગતવાર ખબર આપો તો હું જવાબ આપું-" લુચ્ચો વકીલ બોલ્યો.

"આશરે ચાદ વરસની વાત પર એક માણસ તમારી પાસે એક ત્રણ વરસની બાળકીને લઇ આવ્યો હતો, અને તેના માબાપ કોણ છે, તે તમને જણાવ્યા વિના તેણે એ બાળકીનું પોષણ કરવાનું માથે લેનારને પાંચ હજાર રૂપીઆ આપવાનું કબુલ કર્યું હતું-" રમણીએ કહ્યું: "તે પછી બે વરસ બાદ તે છોકરી મરણ પામી હતી."

"આપણે વધુ વાત કરીએ તે પહેલાં મને કહો કે તમને આ બાબત સાથે શો સંબંધ છે?—"

"તે નાદાન બાળકીની માતાની હું બહેન છું સાહેબ! મારી પાસે એ બાળકીની માતાના પત્રો, છોકરીના મરણની સર્ટીફીકેટ, છોકરીને પાળનાર સખસોના કાગળો અને તમે જે માણસને પાંચ હજાર રૂપીઆ આપ્યા હતા, તેના હાથ દસ્કતની પહોંચ છે."

"મને એ કાગળો જોવા દો."

વકીલે પોતાના બોલપર વિશ્વાસ ન રાખ્યો તેથી રમણી ગુસ્સે થઇ. પણ હમણાં તેનો દમામ ચાલે એમ ન્હોતું. તેણે બેગમાંથી કાગળો કાઢી વકીલને બતાવ્યા અને જેકીસન તે બારીકીથી તપાસવા લાગ્યો.

"બોલો, બહેન! હવે તમે શું ઇચ્છો છો? છોકરીના મરણનું સર્ટીફીકેટ બરાબર છે અને તેના મરણથી તેના નામપરના પાંચ હજાર રૂપીઆ મારા અસીલને મળ્યા છે. જે સખસ મને એ છોકરી સોંપવા આવ્યો હતો તેને મેં પહેલાથીજ કહ્યું હતું કે નિરાધાર છોકરાનું પાલન પોષણ કરનારને કોઇવાર આવા લાભ પણ થાય છે. પાંચ હજાર રૂપીઆનું વ્યાજ છોકરી જીવી ત્યાં સુધી મેં નિયમિત આપ્યું હતું–"

"હું કબુલ કરૂં છું કે તમે તદન પ્રમાણિકપણે વર્ત્યા છો. જે બાઇને એ છોકરીની સંભાળ સોંપવામાં આવી હતી તેણે પોતાની ફરજ ઉમદા રીતે બજાવી હતી–"

"મારો અસીલ કર્મ સંજોગે મારી દૂરની બહેન ચંપાને એ બાળકી સોંપી આવ્યો હતો અને ચંપાએ લીધેલી કાળજીની તમે કદર કરો છો તે જાણીને મને આનંદ થાય છે. ચંપા વિધવા થયા પછી મારી સાથે રહે છે–"

"હજુ ચંપાબહેન તમારી સાથેજ રહે છે?"

"હા."

"તો પ્રભુનો આભાર! સાહેબ! હું જે અરજ કરવાની છું તે તમને વિચિત્ર જણાશે, પણ તમારે એક દુઃખી માતાનો ખ્યાલ કરવાનો છે. મારી ભાણેજના મરણની ખબર મળ્યા પછી મારી હતભાગી બહેનના દુઃખનો પાર રહ્યો નથી, અને ચૌદ ચાદ વર્ષના વ્હાણા વાયા છતાં તે પોતાની પુત્રીના મરણનો શોક ભુલી શકતી નથી."

"અફસોસ! કુદરત આગળ કોઇનું ચલણ નથી."

"પણ આપણે કંઇ પણ કરવું જોઇએ."

"શું?"

"ધારો કે આપણે એ દુઃખી માતાને એમ કહીએ કે, "જે

છોકરીને તું મરેલી ધારે છે તે જીવતી છે. જે સ્ત્રીએ તેને ઉછેરી હતી તે તેની સાબીતી આપે છે."

"એવું જુઠાણું ચલાવવામાં સાર નથી. એ બિચારીના હૃદયમાં આશા ઉત્પન્ન થશે કે જે કદિ પાર પડવાની નથી."

"પણ તેની ખાત્રી કરી આપવામાં આવે કે છોકરી જીવતી છે તો?"

"તે કેમ બની શકે? કોઈ દૈવી ચમત્કારથી મરેલાને જીવતા કરવાનો કીમીઓ તમને કોઇ સાધુ સંતે આપ્યો હોય તો મને વાંધો નથી. કમનસિબે છોકરીના મરણનું સર્ટીફીકેટ તમારા હાથમાં છે."

"હા. પણ જો તમે મદદ કરો તો કોઇ થઇ શકે."

"તમારી ભેદી વાત મારાથી સમજાતી નથી."

"સાંભળો. જો મારી બહેનને તેની છોકરી મળી જાય તો તે મરણના મ્હોમાંથી બચી જશે એટલુંજ નહિ પણ મરનાર છોકરીના પિતા સાથે તેના લગ્ન થઇ જશે. મારી બહેનનો પ્રેમી પણ બાળકીના મરણ પામ્યા પછી કુંવારો રહ્યા છે. મારી ભાણેજ તદન નાની હતી ત્યારે તેના માબાપે તેને તજી દીધી હતી. અત્યારે તે જીવતી હોત તો સતર વર્ષની યુવાન બાળા થાત. આટલા બધા વરસોમાં થયલું પરિવર્તન તેના માબાપ ઓળખી શકવાના નથી. હવે ધારો કે આપણે કોઇ સત્તર વરસની નીરાધાર છોકરીને શોધી કાઢી મારી બહેન પાસે લઇ જઇએ અને તેને કહીએ કે જે છોકરીના મરણ માટે તું આંસુ સારી રહી છે તે આ રહી. અમુક કારણસર તે મરી ગઇ હતી એમ જાહેર કરવું પડયું હતું. હવે આ તારીજ છોકરી છે એમ એક આબરૂદાર વકીલ અને છોકરીને ઉછેરનાર બાઇ કસમથી કહે છે."

"બસ કરો બાઇ સાહેબ!—" સખત ચહેરો કરી વકીલ બરાડયો: "તમે જે પાપ કરાવવા માગો છો તે મારાથી થઈ શકશે નહિ. તમે

મરણના સર્ટીફીકિટને દાબી દઇ મરી ગયલી છોકરીને બદલે કોઈ બીજીને દફનાવી દેવા માગો છો તે ફોજદારી ગુન્હો છે. મારી જીંદગીમાં મેં કોઇ પાપી કામમાં હાથ નાખ્યો નથી અને હવે વળતા પાણીએ પાપ કરીને મારે ઇશ્વરના ગુનેહગાર થવું નથી."

"પણ સાહેબ! એમાં નુકશાન કોને થવાનું છે? આ યુક્તિથી બે જુવાન જીવ ભેગાં થશે-બન્ને કુંવારા છે. આ યુક્તિથી મારી બહેન મરતી બચી જશે, તે અને તેનો પ્રેમી સુખી થશે અને કોઈ નીરાધાર કન્યા શ્રીમંતની પુત્રી ગણાશે. આ કામમાં પાપ નથી પણ પુણ્ય છે."

"બસ કરો બહેન! બસ કરો. હું એવી વાતોથી પાપ કરવાને લલચાવાનો નથી.

"ત્યારે તમે ના પાડો છો?"

"હા."

"સંભાળજો."

"ધમકી ના આપો."

"હું ખાલી ધમકી આપતી નથી તેની પહેલી સાબીતી એ છે કે મને કોઇ બહેનજ નથી." રમણીની આંખો અજબ રીતે ચમકવા લાગી.

"ત્યારે?"

"હુંજ તે બાળકીની માતા છું."

"તમે?—"

"હા. હું! તમારા દીલમાં દયા પ્રગટાવવા માટે મેં તમને એક બનાવટી કહાણી કહી. પણ જ્યારે મને જણાયું કે, તમારામાં દયાનો છાંટો નથી, તો હવે મારી સાથે દુશ્મની કરો—"

"એક ગુન્હામાં ભાગીદાર થવાની ના પાડી, તેથી હું તમારો દુશ્મન થઇ ગયો? કેવી ધૃષ્ટતા!—"

"સાંભળો સાહેબ! તમે ભલે નામાંકિત અને પ્રમાણિક વકીલ ગણાતા હો, પણ દુનિયાના નામચીન નામાંકિતો પરદા પાછળ કેવાં કાળા કામો કરે છે તે હું સારી પેઠે જાણું છું—"

"તમે મારા પર આક્ષેપ મુકો છો?"

"મારો નિશ્ચય સાંભળી લો. હું માનું છું કે મારી બાળકી મરણ પામી છે. પણ મને તેની પરવા નથી." રમણી દૃઢતાથી બોલી. "હું મક્કમતાથી જાહેર કરવા માંગુ છું કે મારી દીકરી જીવતી છે. તમે બહુ આબરૂદાર છો. પણ તે પ્રમાણે તમને પાયમાલ થયલા જોવાને આતૂર માણસો પણ ઘણા હશે. હું કહીશ કે મારી દીકરી જીવતી છે. દુનિયા હંમેશાં માતાના દુઃખમાં ભાગ લે છે, એટલે મારી વાત માન-નારા પણ ઘણા મળી રહેશે."

"તમારી યુક્તિ મુર્ખાઇભરી અને દૂષ્ટ છે. તમારી દીકરી મરી ગઇ છે એમ જાહેર કરવાથી મને કંઇ લાભ નથી."

"ખરી વાત. તમારો હેતુ શો હતો તે નક્કી કરવું મૂસ્કેલ થઇ પડશે, પણ દુનિયામાં ભલભલા વકીલો પડ્યા છે. છોકરી મરી જાય તો તેના નામપરની રકમ તમારા ફૂળ સાથે તમે વહેંચી લઇ શકો એટલા માટે તમે......"

વકીલ ધ્રૂજ્યો.

"જો મારી એવી દયાનત હોત, તો હું છોકરીનું ખુન કરત અને કોઇનો પત્તો લાગવા દેત નહિ."

"તમે તેમ નહિ કર્યું હોય તેની કંઇ ખાત્રી છે? હજૂ પણ વિચાર

કરો. હું કાલે જવાબ લેવા આવીશ. તમે જો મારી સુચના મંજૂર કરશો તો ઠીક છે, નહિ તો પરિણામ બહુ માઠું આવશે.

જેકીશન મનમાં ગભરાઇ ગયો હતો, છતાં તેણે બહારથી શાંતિ જાળવી રાખી: "હું તમને કાલે જવાબ આપીશ. પણ તમે પોતેજ આ ખ્યાલ છોડી દો તેમાં સાર છે."

"તમે વિચાર કરી જોજો. હું કાલે આવીશ." કહી રમણી ઠસ્સાથી વકીલની ઓફીસ છોડી ગઇ."

જેકીશન હવે ગભરાયો. તેને ઓફીસના કામમાં રસ પડયો નહિ. રમણી તેને ડરાવી ગઇ હતી અને તેને ડરવાનું કંઇ ભેદી કારણ હતું. તેનું ચીત વ્યગ્ર થઇ ગયું અને તે બપોરે બે વાગે ઘેર ગયો.

ઘરમાં પગ મુકતાંજ ચંપા તેની પાસે દોડી આવી અને બોલી: "ભાઇ! મોટી આફત આવી—"

"શું છે?" જેકીશન વધુ વ્યગ્ર થઇ બોલ્યો.

"પેલી છોકરીને ચૌદ વરસ પહેલાં આપણે જીવતી રાખી ન હોત તો સારૂં થાત! ગોકળ જે બાઇને સોંપી આવ્યો હતો તે કાણી ડોશી આજે મારી પાસે આવી હતી. તેણે મને કહ્યું કે મેંજ એ છોકરીને તજી દીધી હતી. એ વાતની તેને શી રીતે ખબર પડી હશે. ગોકળ વીસાપુરની જેલમાં છે. એ વાત હું જાણતીજ નથી એમ કહી મેં તેને હાંકી કાઢી પણ મ્હાલી કહે છે કે તે છોકરી જીવે છે અને તે ક્યાં છે તે પણ તે જાણે છે."

"આફત આવે છે ત્યારે વાજતી ગાજતી આવે છે." જેકીશન બબડયો.

"ભાઇ! હવે મ્હાલીને શું જવાબ આપવું?"

"તે ગરીબડી લાગે છે?"

"નહિ. મેં તેને દશ હજાર રૂપીઆ આપવા માંડયા તે તેણે ફેંકી દીધા.

"તે જાણે છે કે હાલમાં પેલી છોકરી ક્યાં છે?"

"હા."

"આહ!..." જેકીશન મનમાં બબડયો: "એ છોકરી રમણી જેવી શ્રીમંત સ્ત્રીની છે અને હમણાંજ તે મરી ગઇ નથી એમ જાહેર કરવાની મેં ના પાડી! તેની છોકરી જીવે છે તો હવે હું તેને રમણીને સોંપી દઇશ. પણ પેલા ખોટા સર્ટીફીકેટનું શું? જો તે વિષે તપાસ થશે તો મારૂં પોગળ ફૂટી જશે." આવા વિચાર કરી જેકીશને ચંપાને પુછયું.

"મ્હાલી પાછી ક્યારે આવવાની છે?

"કાલે—"

"આજે રાતે પાર્વતીશંકરને અહીં બોલાવી મંગાવ—"

× × × ×

એજ દિને સાંજે રણજીતે બહાદુરસિંહને હૂકમ કર્યો: "સાસીલી ચાર દિવસમાં મુંબઇ આવવી જોઇએ."

"રાજન! એ બલાનું અહીં શું કામ છે?" બહાદુર ચકિત થયો.

"એ સવાલ એક મહિના પછી જેકીશન મારફતીઆને પુછજો." રણજીત હસીને બોલ્યો.

પ્રકરણ ૨૨ મું.

નનામો પત્ર.

કાણી ડોશી અને લક્ષ્મણ કામાટી નિર્દોષ ગુલાબનું હરણ કરી ગયા તેજ દિને રાતે નવ વાગે એક ઘોડેસ્વાર કમળા પાસે આવ્યો, અને તેણે તેને ખબર આપી કે "રણજીતભાઇ ગુલાબને લઈ ગયા છે માટે તેની ફીકર કરશો નહિ. હાલમાં રણજીતભાઇને પુષ્કળ કામ હોવાથી તે કોઇ જગ્યાએ સ્થિર રહેતા નથી માટે તેમને ખાસ કામ વીના પત્ર લખશો નહિ."

આ સંદેશો લાવનાર કાસદ રમણીનો ભાડુતી માણસ હતો, અને કમળા ગુલાબની તપાસ ન કરે, તે માટે તેણે આ સંદેશો કમળા પર મોકલ્યો હતો. રણજીત જાતે રંગપુરમાં જઇને કમળાને મળે, ત્યાંસુધી ગુલાબ વિષે કશી તપાસ થવાની નથી એવી રમણીએ ગણત્રી કરી હતી. તે દરમ્યાન તે વકીલ જેકીશનદાસને મળીને એક ભયંકર યોજના અમલમાં મેલવા માંગતી હતી કે જે વાંચનાર જાણે છે. રમણીની પ્રપંચ જાળ આટલેથી પુરી થતી ન્હોતી. હવે તેને શારદા કંટક જેવી ખુંચતી હતી. જો રણજીતે શારદાને બચાવી લીધી ન હોત, તો તે અત્યાર આગમજ તેના પતિની નજરે કલંકિત ઠરીને રમણીના માર્ગ-માંથી દૂર થઇ ગઇ હોત. જે દીને ઘાસવાળા બીલ્ડીંગમાં શારદા ગઇ હતી, તેને બીજે દિને રમણીનો ભાઇ કાલુભા ત્યાં ગયો હતો, અને બૈયણને લાંચ આપીને તેણે આગલે દીને જે બન્યું હતું તે જાણી લીધું હતું. શારદા ત્યાં રમણિકને મળવા ગઈ હતી એ વાત સાબીત કરવા માટે રમણી પાસે કોઈ પુરાવો ન્હોતો, એટલે તેણે સર લલિત:

કુમારના હૃદયમાં શંકાનું ઝેર રેડવા અને શારદા અને રણજીતનો સંબંધ તોડી નાંખવા માટે સર લલિતકુમાર પર નીચેનો નનામો પત્ર લખ્યો:

સર લલિતકુમાર,

તમને અત્યંત શરમભરી રીતે છેતરવામાં આવ્યા છે. બે ત્રણ દિવસ પર તમે ઘાસવાળા બીલ્ડીંગમાં તમારી પત્ની શારદાની હીલચાલ જોવા ગયા, ત્યારે તેણે સમય વર્તીને તમને એમ સમજાવ્યું હતું કે, તે ત્યાં એક દુઃખી કુટુંબને મદદ કરવા ગઈ હતી. આ તો તમને છેતરવાનું બ્હાનું હતું. ખરી વાત એ છે કે, લેડી શારદા પોતાના યાર ઇંદ્રાવતીના મહારાજા રણજીતસિંહને મળવા ગઈ હતી. રણજીતસિંહે સાધારણ કારિગરના વેષમાં પરેલમાં ઘાસવાળા બીલ્ડીંગમાં એક રૂમ ભાડે રાખ્યો છે. તમે જાતે જઇને એ વિષે તપાસ કરશો તો આ વાતની સાબીતી મળશે. જો તમે કંઈ તપાસ નહિ કરો, તો તમે મીઠા વિનાના છો એમ હું માની લઇશ. લી૦

તમારો શુભેચ્છક.

રમણી વકીલ જેક્સનને મળવા ગઇ હતી તેજ દિને આ પત્ર ટપાલમાં નાખવામાં આવ્યો હતો.

સાંજે લલિત મેન્શનમાં લલિતકુમાર અને શારદા વાત કરતા બેઠા હતા એવામાં નોકરે આવીને ખબર આપી: "બાઇ સાહેબ! મહારાજા રણજીતસિંહ આપને મળવા પધાર્યા છે."

શારદા "હું એમને મળું કે નહિ મળું?" એવો પ્રશ્ન પુછતી હોયની તેમ પોતાના પતિ તરફ જોઈ રહી.

"મહારાજાને અહિં મોકલો." લલિતે હજુરીઆને હુકમ કર્યો બે ત્રણ પળમાં રણજીત ત્યાં આવ્યો અને શારદાના પરમાર્થી કૃત્યોની પ્રશંસા કરી લલિતકુમાર સાથે હસ્તધુનન કરી એક સોફાપર બેઠો. ત્રણે

જણુ વિધવિધ વિષયોની વાત કરતા હતા. એવામાં નોકર પાછો આવ્યો અને તેણે લલિતકુમારના હાથમાં એક પત્ર મુકયો. આ પેલો ભયંકર નનામો પત્ર હતો કે જેમાં રણુજીત શારદાનો પ્રેમી છે એવો આક્ષેપ મુકવામાં આવ્યો હતો. આ પત્ર વાંચતાં લલિતને કંઇનું કંઈ થઇ ગયું. પણુ તેણે બ્હારથી શાંત હોવાનો ડોળ કર્યો. તેના હૃદયપર ઘા થયો હતો—દુ:ખના આવેશથી તેનું શરીર જરા ધ્રુજતું હતું. પણુ તે પર કોઇની નજર ગઇ નહિ.

"મને માફ કરજો મહારાજા!" તે બોલ્યો: "આ પત્ર તાકીદનો છે એટલે હું તેનો જવાબ લખવા જાઉં છું."

"તમે પાછા આવશોને?" રણુજીતે પુછ્યું.

"નહિજી. હું નથી ધારતો કે મને વખત મળે–" કહી રણુજીતને નમન કરી લલિત ત્યાંથી ચાલ્યો ગયો.

લલિતકુમાર ગયા પછી રણુજીત અને શારદા વાતે વળગ્યા. પ્રથમ રણુજીતે લલિતના ફેફસાના રોગની વાત કાઢી બન્ને પતિપત્ની માટે દિલસોજી દર્શાવી–શારદાએ મહારાજાની લાગણી માટે ઉપકાર માની લલિતકુમારનું દુ:ખ ઓછું કરવા માટે બનતો પ્રયત્ન કરવાનું વચન આપ્યું. રણુજીતે જ્યોર્જ કુટુંબની કરૂણુ સ્થિતિની થોડીક વિગત આપી–હસમુખની વાત કરી અને શારદા હસમુખને કંઇ સીવણુ કામ આપવા તૈયાર થઈ. વાતમાં ને વાતમાં રણુજીતે પોતાની મૃત પુત્રી વિષે ઇસારો કરી કહ્યું: 'હું મારી બાળકીના મરણુનો આઘાત ભૂલી શકતો નથી."

શારદા અજબ થઇ.

"મહારાજા! મને માફ કરજો. પણુ હું જાણું છું ત્યાં સુધી તમારી પત્નીને કંઇ સંતાન ન્હોતું–"

"નહિ. પણ જે બાળકીની હું વાત કરું છું તે એક નીચ અને સ્વાર્થી સ્રીપરના મારા પ્રેમનું પરીણામ હતી. એ સ્વાર્થી સ્રી હમણાં તમારી અને મારી કટ્ટી દુશ્મન છે."

"અજબ જેવી વાત છે." શારદા બોલી. આ પળે અચાનક ત્યાં લલિતકુમાર આવી પહોંચ્યો. તેની આંખોમાં આંસુ હતાં—તેનો ચહેરો ફીક્કો પડી ગયો હતો અને તે કોઇ વિચિત્ર આવેશથી ધ્રુજતો હતો. જેમ તેમ શાંત થઇ રણજીતના હાથમાં રમણીનો નનામો પત્ર મૂકી તે બોલ્યો:

"મહારાજા! હમણાં મને જે દુષ્ટ પત્ર મળ્યો હતો તે આ રહ્યો. તમે વાંચીને તરત ફાડી નાંખો—"

"આહ! કેવી નીચતા?" રણજીત તે પત્ર વાંચી ગુસ્સાથી બોલ્યો.

"મહારાજા! આ પત્ર કરતાં પણ મારું પોતાનું વર્તન વધારે દુષ્ટ છે." લાલતકુમાર આંસુ લૂછતો બોલ્યો.

"એટલે?"

"મહારાજા! તમારી નજર સામે થોડીવાર પહેલાં આ હીચકારો નનામો પત્ર મને મળ્યો, ત્યારે તે હિમ્મતથી તમને બતાવવાને બદલે મેં તે છુપાવી રાખ્યો. મારા જીગરમાં ક્રોધ, ઇર્ષ્યા અને નિરાશાની આગ સળગતી હતી, ત્યારે મેં શાંત રહેવાનો ડોળ કર્યો. તે પછી મેં શું કર્યું તે તમે જાણો છો? મને કહેતાં શરમ ઉપજે છે કે, હું તમારા પર—મારી પત્નીપર વહેમાયો હતો, તેથી હું બારણાં બંધ કરી તમારી બન્નેની વાત સાંભળવા લાગ્યો. તમે બન્ને નિર્દોષ છો. તમે ઘાસવાળા બીલ્ડીંગમાં શા માટે જાઓ છો, તે તમારી વાતચીત પરથી જાણ્યું છે. મહારાજા! શારદા મારી શંકા માટે મને માફ કરો..."

"તમને માફ કરવા જેવું છેજ શું?—" રણજીત લલિતના બેઉ હાથ વ્હાલથી પકડી તેને ખુરશી પર બેસાડી બોલ્યો: "આ દુષ્ટ પત્ર

પરથી તમને વ્હેમ ગયો હોય તે સ્વાભાવિક છે, પણ હવે તમે બધું જાણો છો."

"શારદા! તું મને માફ કરશે?

"પ્રાણેશ! એવું ન બોલો. હું તમારી દાસી છું. ગઇ ગૂજરી ભૂલી જાઓ..."

"મારા વ્હાલા દોસ્ત!" મહારાજા બોલ્યા: "આપણા દૂશ્મનોના ગ્રહ સારા નથી. આ નનામા પત્રને પ્રતાપે આપણી વચ્ચેના શંકાના વાદળો નષ્ટ થયાં છે. મારા મિત્રોના સંસારની ધુળધાણી કરનારાઓને હું વખત આવ્યે યોગ્ય સજા કરીશ. શારદા! હવે તમારા પરમાર્થી કામથી લલિતકુમારને અજ્ઞાન રાખવાની જરુર નથી. તમે બંને ગરીબોને મદદ કરી તેઓના આશિષ મેળવશો, તો તમારાં બધાં દુ:ખો ભુલી જશો. આ નનામો પત્ર મારી પાસે રહેવા દો. એ ક્યાંથી આવ્યા છે તે હું જાણું છું. હવે બદમાસોના પોગળ વધુવાર છૂપાં રહેવાનાં નથી."

રણજીત હવે વિદાય થવા તૈયાર થયો. લલિત તેને મોટરમાં બેસાડી આવ્યો અને પછી શારદાને મળ્યા વિના પોતાના રૂમમાં જઇ વિચાર કરવા લાગ્યો. તેના જીગરમાં જાત જાતના વિચારોનું પુર આવ્યું હતું. શારદા નિર્દોષ હતી તે વિષે તેને કશો શક રહ્યો ન્હોતો. પણ તે સાથેજ તે જાણતો હતો કે શારદાના દીલમાં તેને માટે પ્રેમ ઉત્પન્ન થવાનો નથી. શારદા તેના તરફ માન અને દયાની લાગણી બતાવતી હતી. લલિતનો ફેફરનો રોગ અસાધ્ય હતો. આવા રોગી સાથે એક આશાભરી યુવતીને જીવન સુધી બાંધી રાખવામાં તેને પાપ જણાયું. શારદાની પવિત્રતા અખંડ હતી તે જાણીને તેને થોડીવારપર આનંદ થયો હતો. હવે એજ આશા યુવતી તેને પરણીને કંગાળ મનોયાતના સહન કરે છે એવા વિચારથી તેને દિલગીરી ઉપજી. ગમગીન વિચારો માણસને પાગલ બનાવી દે છે. લલિતકુમાર લક્ષાધિપતિ હતો-પૈસાથી

ખરીદી શકાય તે બધાય વૈભવો તે ભોગવતો હતો; પણ માનવ જીવનના અમૃત સમાન પ્રેમથી તે વંચિત હતો.

"આ ભયંકર લગ્ન બંધન મારા મરણથીજ તૂટી શકશે." તેણે વિચાર કર્યો અને પછી તે કોઇ ભયંકર નિશ્ચય પર આવ્યો.

બીજે દિને છાપામાં નીચેની બીના પ્રગટ થઈઃ–

ગઈ કાલે સર લલિતકુમાર બેરોનેટના લલિત મેન્શનમાં એક ઘણોજ કરૂણાજનક બનાવ બનવા પામ્યો હતો તેની નોંધ લેતાં અમને ખેદ થાય છે. સર લલિતકુમારે ગઈ રાતે કેટલાક મિત્રોને જ્યાફત આપી હતી. જ્યાફત પુરી થયા પછી તેઓ પોતાના મિત્રોને પોતાની પાસેના પ્રાચીન અને અર્વાચીન હથીઆરો બતાવતા હતા એવામાં તેમણે એક નાનકડી રિવોલ્વરની નળી પોતાના મ્હોમાં નાખી અને તે ખાલી છે એમ માનીને ઘોડો દાબ્યો એટલે તરતજ તેમની ખોપરી ફાટી ગઇ અને તેમની લાશ જમીનપર તુટી પડી. તેમના મિત્રોમાં અત્યંત ગભરાટ વ્યાપી ગયો. પણ એકવાર પ્રાણ પંખેરૂં ઉડી ગયા પછી માણસનું શું ચાલી શકે: સર લલતિકુમાર ભર જુવાન વયમાં આ અણધાર્યા અકસ્માતના ભોગ થઇ યુવાન લેડી શારદાને તથા બીજા અસંખ્ય મિત્રોને વિલાપ કરતા છોડી ગયા છે. પ્રભૂ તેમના આત્માને શાંતિ આપો.

વર્તમાન પત્રના રિપોર્ટથી તથા પોલિસની તપાસથી લોકોએ એમજ માન્યું કે, લલિતકુમાર અકસ્માતથી મરણ પામ્યો છે. શારદાને પણ એમજ લાગ્યું. કેમકે લલિતકુમારે જાણી જોઇને શારદાને લગ્નના બંધનમાંથી મુક્ત કરવા માટે પોતાના પ્રાણનો ભોગ આપ્યો હતો, તે વાત તેના શિવાય બીજું કોઇ જાણતું ન્હોતું.

પ્રકરણ ૨૩ મું.

હતભાગી ગુલાબ.

મુંબઇમાં ઉમરખાડી પર આવેલા કેદખાનામાં કાયદાનો ભંગ કરનારી વેશ્યાઓ તથા ચોરીના ગુન્હા માટે સજા પામેલી વેશ્યાઓને એક વોર્ડમાં રાખવામાં આવતી હતી. આ હતભાગી સ્ત્રીઓને શહેરની કેટલીક પરમાર્થી સ્ત્રીઓ મળવા જતી હતી અને જો કોઇ ગુનેહગાર સ્ત્રી પોતાના ગુન્હા માટે ખરો પસ્તાવો કરી આબરૂદાર અને પ્રમાણિક જીવન ગાળવાને તૈયાર થાય તો આ પરગજુ સ્ત્રીઓ સત્તાવાળાઓને અરજ કરી આવી હતભાગીઓની સજા માફ કરાવતી અને તેઓને પ્રમાણિક પણે નવી જીંદગી શરૂ કરવામાં મદદ કરતી હતી.

પોતાના પતિના કરૂણ મૃત્યુ પછી એક મહિના બાદ લેડી શારદા હતભાગિનીઓને સહાય કરીને પોતાની ગમગીની ભુલવાના ઇરાદાથી આ કેદખાનાની મુલાકાતે ગઇ હતી. કેદખાનામાંની ગુનેહગાર સ્ત્રીઓપર એક આધેડ વયની અંગ્રેજ સ્ત્રી–મિસીસ જેન્કીન્સ દેખરેખ રાખતી હતી. મિસીસ જેન્કીન્સ માનવ હૃદય ઓળખવામાં પ્રવીણ હતી અને જે ગુનેહગાર સ્ત્રીમાં સ્ત્રીત્વ અને ચારિત્ર્યનો એક પણ છાંટો બાકી રહેલો જણાય તો તે તેને સુધારવા માટે આભઅવનિ એક કરી નાખતી હતી. તે જાણતી હતી કે સ્ત્રી અથવા પુરૂષ જન્મથીજ ગુનેહગાર નથી હોતા. કર્મના સંજોગો–સમાજના અન્યાયો–આસમાની સુલતાની વિગેરે અનેક કારણોસર માણુસ હતાશ થઇને છેવટે ગુનેહગાર થાય છે તે મિસીસ જેન્કીન્સ સારી પેઠે સમજતી હતી. જે પરગજુ સ્ત્રીઓ ગુનેહગાર બાઇઓને મદદ કરવા માગતી હોય તેઓ પ્રથમ મિસીસ જેન્કીન્સનીજ

સલાહ લેતી અને આ ભલી અંગ્રેજ બાઇ સૌથી લાયક સ્ત્રીને જ ઠેકાણે પાડવાની સલાહ આપતી. શારદા પ્રથમ મિસીસ જેન્કીન્સનેજ મળી અને હાલમાં કેદખાનામાં કોઇ સ્ત્રી મદદને પાત્ર હોય તો તે જાણવાની જીજ્ઞાસા બતાવી.

"લેડી શારદા! તમે અહીંને વખતેજ પધાર્યા છો. હાલમાં એક સતર વર્ષની બાળા અહિં આવી છે. મારી ખાત્રી છે કે તે સંજોગોની ભોગ થઇ પડી હશે; કારણ કે તેનું નિર્દોષ વદન જોતાં તે જાણી જોઇને પાપ કરે એમ હું માનતી નથી." મિસીસ જેન્કીન્સે શારદાને કહ્યું.

"એ છોકરીને કયા ગુન્હા માટે સજા થઇ છે?"

"ચોપાટી પર ફરીને રાહદારીઓને વેશ્યાવૃતિ માટે લલચાવવા માટે તેને બે મહિનાની કેદની સજા થઇ છે. તમે જાણો છો કે રાતે અથવા દિવસે જાહેર રસ્તાપર આંખના ચાળાથી અથવા બીજી કોઇ પણ રીતે પુરૂષોને લલચાવનારી વેશ્યાને કાયદો સજા કરે છે. આ છોકરી ચોપાટી પર રખડતી હતી તેથી પોલિસે તેને પરહેજ કરી હતી."

"તે સુધરે એવી લાગે છે?"

"મેં એવો નિર્દોષ ચહેરો કદી જોયો નથી. લેડી સુપ્રીન્ટેડંટ તરીકે મેં ઘણી હતભાગી વેશ્યાઓ જોઇ છે, પણ આ છોકરી વેશ્યા કેમ થઈ હશે તેજ હું સમજી શકતી નથી. તે અહિં આવી, ત્યારે સાદી ગામડીઅણ સ્ત્રી જેવા પોષાકમાં હતી."

"તે કોઇ ગામડાની રહીશ છે?"

"નહિ લેડી સાહેબા! પોલીસ ઇન્સ્પેકટરોએ તેને ઓળખી કાઢી છે. તે ત્રણ ચાર મહિના પર કામાટીપુરાની તેરમી ગલીમાં કોઇ ભયંકર ઘરમાં હતી, પણ ત્યાંથી તે નાસી ગઇ હતી."

"તે ગામડામાં મહેનત મજુરી કરવા ગઇ હશે."

"મને પણ એમ લાગે છે. એ છોકરીને જોતાંજ મને તેની દયા આવી. મેં તેના ભુતકાળ વિષે પુછપરછ કરી હતી."

"તેણે શો જવાબ આપ્યો?"

"તે મારા તરફ નિરાશ અને આભારભરી નજરે જોઇ રહી, અને બોલી: "હું તમારી ભલી લાગણી માટે આભાર માનું છું, પણ હું મારા ભુતકાળની વાત કરી શકતી નથી. મારી ભુલ થઇ અને પોલીસે મને પકડી, એમાં પોલિસનો દોષ નથી." મેં તેને વિશેષ પૃછપરછ કરી કે, "તું શહેર છોડી ક્યાં ગઇ હતી? જો કોઇ ગામમાં તું પ્રમાણિક મજુરી કરવા ગઇ હોય, તો તે પુરવાર કર. હું પોલીસ કમીશ્નરને કહી તને કેદખાનામાંથી છોડાવીશ, અને તને ઠેકાણે પાડવાનો પ્રયત્ન કરીશ." મારી આવી વાત સાંભળી ગુલાબ રડી પડીને બોલી: "મહેરબાની કરી મને કંઇ ન પુછો. હું તમને કંઇ કહી શકતી નથી." આ પરથી મેં તેને પુછ્યું કે, કેદમાંથી છૂટ્યા પછી તું પાછી ભયંકર વેશ્યાગૃહમાં જવા માંગે છે? આ સવાલના જવાબમાં તેણે મક્કમતાથી ના પાડી. મેં પુછ્યું કે ત્યારે તું ક્યાં જશે? તેણે જવાબ આપ્યો કે પ્રભુ લઇ જાય ત્યાં..."

"એ છોકરી વિચિત્ર જણાય છે." શારદા બોલી.

"હા. પણ તે નમ્ર અને સંસ્કારી છે. તેનો ચહેરો એટલો ભવ્ય છે કે કોઇ સામાન્ય વેશ્યા હોય એમ કોઈ માને નહિ."

"એ શીવાય બીજી કોઇ સ્ત્રી દયાને પાત્ર છે?"

"હા. આજેજ સવારે એક છોકરી આવી છે. તેને બાળહત્યા માટે સજા થઇ છે. તેની કરૂણ કથા સાંભળી મારી છાતી ફાટી ગઇ છે. એ બીચારી પકડાવાથી તેનો બાપ દિવાનો થઇ ગયો છે અને

પરેલમાં ઘાસવાળા બીલ્ડીંગમાં એ છોકરીના ભાઇ બહેન અને મા કંગાળ દશામાં સડે છે."

"ઘાસવાળા બીલ્ડીંગમાં ? એ છોકરીનું નામ શું છે?"- શારદાએ જરા ચમકીને પુછયું.

"લુઇ મોરલ—"

"એ ગરીબ કુટુંબને મદદ કરવાની મને ભલામણ થઇ હતી; પણ એ બીચારાની હાલત આવી ભયંકર થઇ હશે એવો મને ખ્યાલ પણ નહોતો. શું લુઇએ બાળહત્યા કરી હતી?"

"તે કસમ પર કહે છે કે તે નિર્દોષ છે. તેને મુએલું બાળક આવ્યું હતું. મને એ બાળાનો એકરાર સાચો લાગે છે. લેડી શારદા! તમે લુઇના કંગાળ કુટુંબની વાત સાંભળી છે એટલે જો તમે લુઇને મળશો તો એ બીચારીને દિલાસો મળશે."

"હું ગુલાબ અને લુઇ બન્નેને મળવા માગું છું. ગુલાબને છોડાવવા મારે શું કરવું?"

"તમે પોલીસ કમીશનરને ભલામણ કરશો તો તે ગુલાબને છોડી દેશે. પણ તે કામાટીપુરામાંથી એ ત્રણ મહિના કયાં ગઇ હતી તે કહેવાની હઠીલાઇથી ના પાડે છે તે પરથી મને લાગે છે કે તેને કોઇ ભલા માણસને ત્યાં આશ્રય મળ્યો હશે અને રખેને પોતાના આશ્રયદાતાને તે વેશ્યાવાડામાં રહી હતી એ બીનાની ખબર પડી જાય એવા તે મૌન રહી હશે. ભયથી ગઇ રાતે તે ઉંઘી ગઇ હતી ત્યારે હું તેને જોવા ગઇ હતી. ઉંઘમાં પણ જાણે તે પ્રાર્થના કરતી હોય તેવી રીતે તેણે હાથ જોડેલા હતા. તેનો ચહેરો શાંત અને નિર્દોષ હતો. એ સમયે તેણે ઉંઘમાં કોઈ પુરૂષનું નામ દીધું હતું—"

"કોનું?—"

"રણજીતભાઇ નામના કોઇ ગૃહસ્થનું તે નામ દેતી હતી..."

"રણજીતનું?" શારદા મહારાજાનો ખ્યાલ આવવાથી અજબ થઇ બોલી. પણ રણજીતસિંહને આ હતભાગી સાથે કંઇ સંબંધ હોય તે સંભવિત નથી એમ ધારી તે બોલી: "મિસીસ જેન્કીન્સ! મારા એક સગાનું નામ રણજીત છે. પણ તેને ગુલાબ સાથે સંબંધ હોય તે શકય નથી. હું ગુલાબને મળવા માગું છું."

"તમે અહિંજ બેસી રહો. હું ગુલાબ અને લુઇ બંનેને અહિં બોલાવું છું." કહી મીસીસ જેન્કીન્સ કેદીઓની કોટડીઓ તરફ ગઇ.

ગુલાબને રતન નામની એક માછણ સાથે એક કોટડીમાં રાખવામાં આવી હતી. રતન જાતની માછણ હતી અને તેનો સ્વભાવ અત્યંત ઝનુની હતો. પણ ગુલાબના સહવાસમાં આવતાંજ તેનામાં અજબ પરિવર્તન થઈ ગયું. કેદખાનાની ઇન્સ્પેકટ્રેસ પણ તે જોઈ અજબ થઈ ગઇ. રતન ગુલાબ આવ્યા પછી તદ્દન શાંત થઇ. તે ગુલાબને સગીબ્હેનની પેઠે ચાહવા લાગી. આ રતન ભીખા નામના એક જુવાન માછીને ચાહતી હતી, અને તેને માટે પ્રાણ પાથરવા તૈયાર હતી. રતનના આશકની વાત હવે પછી આવશે. અત્યારે એટલુંજ કહેવું પુરતું છે કે, ગુલાબ અને રતન સગી બહેનો પેઠે એક કોટડીમાં રહેતી હતી, અને મીસીસ જેન્કીન્સ તેઓની કોટડીમાં ગઇ, ત્યારે બન્ને કંઇ ખાનગી વાતચીતમાં રોકાયલી હતી.

મિસીસ જેન્કીન્સ ગુલાબને લઈ લેડી શારદા પાસે આવી, અને બોલી: "ગુલાબ! તારા સદ્‌વર્તનની મેં લેડી શારદાને વાત કરી છે, અને લેડી સાહેબા તને કેદમાંથી છોડાવવા માંગે છે."

"તમારો બન્નેનો હું અંતઃકરણપુર્વક આભાર માનું છું."

નીચી નજર રાખી ગુલાબ બોલી, અને તે શારદા સાથે વિના સંકોચે વાત કરે એવા ઇરાદાથી મિસીસ જેન્કીન્સ ત્યાંથી ચાલી ગઈ.

"બ્હેન!" ગુલાબના માથા પર લાગણીથી હાથ ફેરવતી શારદા બોલી: "તારા સદ્‌વર્તન માટે મીસીસ જેન્કીન્સે મને ખાસ ભલામણ કરી છે, પણ તે ફરિયાદ કરે છે કે તું તેની સાથે જીગર ખોલીને વાત કરતી નથી."

ગુલાબ જવાબ આપ્યા વિના શારદા તરફ કરૂણ નજરે જોઇ રહી.

"બહેન! તું પહેલાં કામાટીપુરામાં હતી. ત્યાંથી તું ક્યાં ગઇ હતી તે કહેતી નથી તે પરથી જણાય છે કે તું કંઇ છુપાવે છે—"

"લેડી સાહેબા!—"

"ગુલાબ! હું તારી ખાનગી વાત બલાત્કારે જાણુવા માગતી નથી. તને અયોગ્ય સવાલ પુછવાનો મને હક્ક નથી. જો હું તને છોડી દેવાની પોલીસ કમીશનરને અરજ કરીશ તો મારી ખાત્રી છે કે તને છોડી દેવામાં આવશે. પણ હું તેમ કરૂં તે પહેલાં તને એટલુંજ પુછવા માગું છું કે અહિંથી છુટયા પછી તું ક્યાં જશે? ભવિષ્ય માટે તેં શો વિચાર રાખ્યો છે? મારી ખાત્રી છે કે તું પાછી કામાટીપુરામાં જવા માગતી નથી. બહેન! મારાપર વિશ્વાસ રાખ. હું તને આબરૂ દરકારથી ગુજરાન કરવાના સાધન પુરાં પાડીશ."

શારદાની લાગણી ભરી વાતની ગુલાબ પર એટલી બધી અસર થઇ કે તેનાં મનોહર નેત્રોમાંથી દડ દડ આંસું વહેવા લાગ્યાં. શારદાએ તેની છાતીનો ભાર હલકો થશે એમ ધારી તેને થોડી વાર રડવા દીધી.

"લેડી સાહેબ!–" ગુલાબ થોડીવાર પછી બોલી: "તમે આ હતભાગીની પ્રત્યે જે મમતા દર્શાવો છો તે પરથી મને મારૂં મૌન તોડવાની ફરજ પડે છે. મેં મૌન રહેવાના સોગન ખાધા હતા."

"સોગન ખાધા હતા?"

"હા. મને અહીં કેવી રીતે લાવવામાં આવી હતી તે કોઇને નહિ કહેવા માટે મને કસમ આપવામાં આવ્યા હતા, પણ તમારે મારા કરમની કહાણી સાંભળવી હોય તો મને એક વચન આપો."

"કેવું વચન?"

"મારી વાત ગુપ્ત રાખવાનું." ગુલાબ બોલી: "મારા આશ્રય-દાતાઓ મારી ગેરહાજરીથી ભારી ચિંતામાં પડયા હશે. જો તમે મારી વાત ખાનગી રાખવાનું વચન આપો, તો મારા સોગન તોડવા વિના હું તેઓની ચિંતા દુર કરવા માગું છું."

"બહેન! હું તને વચન આપું છું. તું રજા આપશે તેટલીજ વાત હું બીજાને કહીશ."

"તમારો આભાર! લેડી શારદા! તમારાં જેવાં પરમાર્થી સન્નારી પાસે જો હું ખરી વાત નહિ કરૂં તો કૃતઘ્ન ગણાઇશ."

"ગુલાબ! તારી વાત પરથી મારી ખાત્રી થાય છે કે તું કોઇ કુલીન અને સંસ્કારી કન્યા છે. તારા જેવી સંસ્કારી બાળા—"

"આટલી પતિત કેમ થઇ હશે એમજ તમે પુછવા માગો છોને?"

"હા—"

"તમે મારા માતુશ્રી સમાન છો. લેડી શારદા! હું ગમે તે હાલતમાં અહીં આવી હોઉં, પણ હું કસમ ખાઇને કહું છું કે હું પવિત્ર છું. તમારી પેઠેજ એક પરમાર્થી ગૃહસ્થે બે ત્રણ માહના પર મારી દયા ખાઇ મને આશ્રય આપ્યો હતો—"

"તારા આશ્રયદાતા કોણ છે?"

"તે હું જાણતી નથી!"

"તું જાણતી નથી?"

"નહિ. હું ફક્ત તેમની ભલાઇજ જાણું છું. પ્રભુએજ તેમને મારી પાસે મોકલ્યા હતા."

"તું તેને ક્યાં મળી હતી?"

"એક રાતે કામાટીપુરામાં એક મવાલી મને મારવા તૈયાર થયો હતો, ત્યારે મારા આશ્રયદાતાએ હિમ્મતથી મારો બચાવ કર્યો હતો."

"તે કોઇ સામાન્ય સ્થિતિનો માણસ છે?"

"પહેલાં હું એમ ધારતી હતી કે તે ચિતારો છે, પણ પાછળથી તેઓ મને એક ગામમાં લઇ ગયા, ત્યાં બધા માણસો તેમને જે રીતે માન આપતા હતા તે પરથી તે કોઇ મોટા માણસ હોય એમ લાગે છે."

"તેનું નામ?"

"રણજીત!"

"તે શ્રીમંત છે?"

"હું તે જાણતી નથી. રંગપુરમાં બધા તેમને રણજીતભાઇને નામેજ બોલાવતા હતા."

શારદાના હૃદયમાં અકથ્ય ભાવના તોફાન મચાવવા લાગી. કારણ કે રણજીતસિંહ છૂપા વેષે ગરિબોને સહાય કરતા હતા તે તે જાણતી હતી.

"તેં રંગપુર શા માટે છોડયું?"

"લેડી શારદા! મેં રાજી ખુશીથી મારા આશ્રયદાતાનું ઘર છોડયું નથી."

"ત્યારે તને બળાત્કારે ઉપાડી જવામાં આવી હતી?"

"એક દિવસ હું શાસ્ત્રીજીને ત્યાં જતી હતી, ત્યારે મને બચપણમાં ઉછેરનાર એક જુલ્મી બાઇએ પોતાના સાથીની મદદથી મને પકડી, અને તેઓ મને ગાડીમાં નાંખી લઇ ગયા હતા."

"શા માટે?"

"તે હું જાણુતી નથી. મારૂં હરણુ કરનારા બદમાસો કોઈ શ્રીમંત માણુસના હુકમથી કામ કરતા હતા એમ હું ધારૂં છું. મને ગાડીમાં નાંખી, કે તરત મ્હાલી ડોશીએ કોઇ રસાયણુથી મારો ચ્હેરો બેડોળ કરવાની કોશીષ કરી હતી, પણુ તેના સાથી લક્ષ્મણુ કામાટીએ એવો જુલ્મ થવા દીધો ન્હોતો. ગાડી એક એકાંત જગ્યાએ ગઇ. ત્યાં એક પુરુષ ઉભેલો હતો તેણે મ્હાલીને પુછ્યું: "કેમ! પેલી પકડાઇ કે?" મ્હાલીએ જવાબ આપ્યો કે, "હા. જુઓ આ રહી. જો કોનું કાસળ કાઢી નાંખવું હોય, તો હું એને રસ્તા પર નાંખી ગાડી હાંકી મુકું. એ મરી જશે તો અકસ્માતથી ગાડી નીચે કચડાઇને મરી ગયલી મનાશે–"

"ઓ પ્રભુ! કેવો જુલ્મ?" શારદા કંપી.

"લેડી સાહેબા! મ્હાલી ડોશી ગમે તેવા અત્યાચાર કરતાં ડરે એવી નથી. સારે નશિબે પેલા ગૃહસ્થે કહ્યું કે તે મારો જાન લેવા ચાહતો નથી, પણુ બેએક મહિના મને કોઇ છૂપી જગ્યાએ પૂરી રાખવા માંગે છે. આ પરથી મ્હાલીએ ગોલપીઠા પર મહમદ પહેલવાનના ઘરમાં મને પૂરી રાખવાની સૂચના કરી, અને તે પેલા માણુસે મંજુર રાખી. તે પછી તેણે મને સંબોધીને કહ્યું કે બે મહિના પછી મને છોડી દેવામાં આવશે, અને મને છોડી દેતી વખતે ઉદાર બક્ષીસ આપવામાં આવશે. તે માણુસ મ્હાલીને થોડા પૈસા આપી ચાલ્યો ગયો, અને ગાડી આગળ ચાલી. રસ્તામાં લક્ષ્મણુ કામાટીએ મને મહમદ પહેલવાનને ત્યાં મુકી આવવાની ના પાડી. તેણે કહ્યું કે મહમદને ત્યાં જાતજાતના મવાલીઓ આવે છે, તેઓ મારા શિયળ પર તરાપ મારશે. મ્હાલીને મારી દયા આવી નહિ. તે તો મારા પર ગમે તેવા રાક્ષસી સીતમ ગૂજારવાને તૈયાર હતી, પણુ કામાટી હઠીલો થયો. તેણે મારો હાથ પકડી ગમે તે ભોગે મારૂં રક્ષણુ કરવાના સોગન ખાધા,

એટલે મ્હાલી ડોશી નિરાશ થઇ બોલી: "જો એને મહમદને ત્યાં નહિ રાખશું, તો બે મહિના એને શી રીતે સંતાડી રાખીશું!" કામાટીએ તરતજ જવાબ આપ્યો, કે મારે મુંબઇમાં ચોપાટી પર જઇને રખડતી વેશ્યાનો પાર્ટ ભજવવો. આથી પોલીસ મને પકડી જશે, અને મને બે મહિનાની કેદની સજા થશે.

"પણ ગુલાબ પોલીસને બધી વાત કહી દેશે, અથવા પોતાના આશ્રયદાતાને ખબર આપશે તો આપણા બાર વાગી જશે." મ્હાલી ડોશીની આ વાત સાંભળી કામાટી હરયો. તેણે મને કહ્યું કે, "કાં તો મહમદ પહેલવાનને ત્યાં જઇ મવાલીઓના જુલમ ખમવા તૈયાર થા અથવા હું કહું તેમ કરવાના કસમ ખા. અમે તને રંગપુરમાંથી ઉપાડી લાવ્યા હતા એ વાતની જો કોઇને પણ ખબર પડશે, તો અમે તારા આશ્રયદાતાના ઘરને આગ લગાડી બધા માણસોની કતલ કરી નાંખીશું."

"તેં કામાટીના કહેવા મુજબ સોગન ખાધા હતા?"

"હા. મારૂં ગમે તે થાય; પણ મારા આશ્રયદાતાને કંઈ પણ થાય તે મારાથી સહન થાય તેમ ન્હોતું."

"પોલીસે તને પકડી ત્યારે તેં બદમાસોને શા માટે ઉઘાડા ન પાડયા?"

"લક્ષ્મણ કામાટીએ મારૂં હરણ કરવામાં ભાગ લીધો હતો. પણ તેણે મને મ્હાલી ડોશીના કરપીણ જુલ્મમાંથી બચાવી લીધી હતી એટલે હું તેને સજા કરવવા માગતી ન્હોતી."

"પણ રંગપુરમાં તારા શુભેચ્છકો ફીકર કરતા હશે."

"અફસોસ! ભયને લીધે મને એવો વિચાર આવ્યો ન્હોતો કે મેં લીધેલા કસમને લીધે હું તેઓને ખબર આપી શકીશ નહિ. મને એ કારણસર બહુ દુ:ખ થય છે. તમે કમળા બ્હેનને હું ક્યાં છું

તે જણાવ્યા વિના પત્ર લખજે કે મારી ફીકર કરવાની જરૂર નથી."

"બહેન! એમ કરવાની કંઇ જરૂર નથી. કાલે હું તને અહિંથી છોડાવી દઇશ એટલે તું જાતેજ જઇને તારે જે કહેવું હોય તે કહેજે."

"તમારો આભાર દેવી! તમે એમ ધારો છો કે પોલીસ મને છોડી દેશે?"

"હા. હું તને કાલેજ તારી સજા માફ કરાવીશ."

ગુણાએ શારદાનો અંતઃકરણ પુર્વક આભાર માન્યો અને શારદા તેને દિલાસો આપી વિદાય થઇ.



પ્રકરણ ૨૪ મું.

પ્રપંચ જાળ.

બીજે દિને રણજીત પરેલમાં ઘાસવાળા બિલ્ડીંગમાં ગયો, ત્યાં તેને બૈયાની બૈરીએ ખબર આપી કે જેકીશન મારફતીઆને ત્યાંથી ચંપા નામની સ્ત્રી પાર્વતિશંકર વૈદને હમણાંજ મળવા આવી હતી, પણ વૈદરાજ ઘરમાં નહિ હોવાથી નિરાશ થઇને પાછી ગઇ હતી. તેણે બૈયણને વધુ ખબર આપી હતી કે ગરિબ લુઇની જગ્યાએ કોઇ બીજી હુશિયાર છોકરીને નોકરીએ રાખવાને જેકીશન ઘણોજ આતુર છે. આ વાત સાંભળી રણજીતને તે બદમાસ વકીલને સજા કરવાની યુક્તિ સુઝી. બૈયણ તેની સાથે વાત કરતી હતી, તેજ વખતે જેકીશનને તેના પાપની સજા કરવામાં સીસીલીનો કેવો ઉપયોગ કરવો, તે વિષે રણજીત વિચાર કરવા લાગ્યો.

"તું મારા પર એક મહેરબાની કરશે?" રણજીતે બૈયણને પુછ્યું.

"બોલો, શેઠ બોલો! તમે આ મકાનમાં રહેવા આવ્યા, ત્યારથી અમારા નસિબ પરનું પાંદડું ખુલી ગયું છે. તમારે માટે હું પ્રાણ પાથરવાને તૈયાર છું." રણજીતની ઉદારતાથી તેના પરથી વારી જતી બૈયણ હસીને બોલી. રણજીત સહેજ હસ્યો.

"જો! વાત એમ છે કે ચંપા ફરી આવે, તો ગમે તે રીતે તેને સીસીલી નામની છોકરીને લુઇની જગ્યાએ નોકરી પર રાખવાને સમજાવજે. જો સીસીલીને જેકીશન નોકરી પર રાખશે, તો હું તને ના રૂપીયા ઇનામ આપીશ." રણજીતે કહ્યું.

"તમે જરા પણ ફીકર ન કરો. હું ગમે તે રીતે તમારી સીસીલીને જેકીશનને ત્યાં ગોઠવી આપીશ. આહ! આ ગાડી વળી

કોની આવી ?—" બૈયણુ મકાન તરફ આવતી ગાડી જોઇને બબડી: "હા–હા–એ તો એજ ! ગઇ કાલે એ અહિં આવી હતી, પણ હું તેનો ચહેરો જોઈ શકી ન્હોતી. આજે તો એ બાઇ સાહેબનોં ચહેરો પણ હું જોવા માગું છું ને નામ પણ જાણુવા માગું છું. તમે જો જો તો ખરા ! હું પણ ઘણી ચાલાક છું હો. તમે અહિં બેસીને તમાસો જોયા કરો."

"પણ મને એ બાઇના નામ સાથે કંમ નથી." રણજીત બોલ્યો. પણ તેની વધુ વાત સાંભળ્યા વિના બૈયણુ મુખ્ય દરવાજા પાસે દોડી ગઇ અને ગાડીમાંથી ઉતરનારી બાઇને મુખ્ય દરવાજા પાસે રોકીને બોલી: "તમે ક્યાં જાઓ છો બાઇ ?"

"પાર્વતીશંકર વૈદને ત્યાં." રસ્તામાં રોકાવું પડવાથી જરા ગુસ્સે થઇને પેલી સ્ત્રીએ જવાબ આપ્યો.

"તે બહાર ગયા છે."

"અસંભવિત ! વૈદરાજે મને આ વખતે બોલાવી હતી."

"પણ તે ઘરમાં નથી." બૈયણુ મક્કમતાથી બોલી.

"તારી ભુલ થતી હશે."

"જરા પણ નહિ—" બૈયણુ પેલી સ્ત્રીએ મ્હોપર પાતળો બુરખો નાખ્યો હતો તેમાંથી તેનો ચહેરો જોવા માટે ડોળા ખેંચતી બોલી: "મને પાર્વતીશંકર વૈદે સખત હુકમ કર્યો છે કે કોઇ પણ તેને મળવા આવે તો તે ઘરમાં નથી એમ કહેવું. શીવાય કે એક સ્ત્રી—"

"તે હુંજ છું. બાજુ હઠ. મને જવા દે."

"તમારૂં નામ કહો બાઈ! વૈદરાજે મને જે નામ કહ્યું છે તે તમારૂં નામ હશે તોજ હું તમને ઉપર જવા દઇશ; નહિ તો તમને બળાત્કારે અટકાવવા પડશે."

પેલી સ્ત્રીએ આમતેમ જોયું અને કોઇ ન સાંભળે તેમ તેણે ધીમા સ્વરે ભૈયણને કહ્યું: "મારૂં નામ માયા!—"

ચાલીમાં દાખલ થવાના મુખ્ય દરવાજાની પાસેજ ભૈયાની ખોલી હતી અને તેમાં રણજીત છુપાયલો હતો. માયાનું નામ સાંભળતાં તેના શરીરને કંપ થયો. માયા શારદાની સાવકી મા હતી અને એ બલાએ શારદા પર અનેક જાતના સીતમોનો વરસાદ વરસાવ્યો હતો તે રણજીત જાણતો હતો.

ભૈયણે માયાનું નામ સાંભળ્યું એટલે તે દરવાજામાંથી દુર ખસી જઈ બોલી: "હવે પધારો. મને વૈદરાજે એજ નામ કહ્યું હતું." માયા સીધી દાદર ચઢી ગઇ અને ભૈયણ હસતી હસતી રણજીત પાસે ગઇ.

"હવે ચંપાબાઇના બાર વાગી જવાના." ભૈયણે રણજીત પાસે જઇ કહ્યું.

"કેમ?"

"મને એ મુઓ ઉંટવૈદ કહેતો હતો કે હમણાં માળ પર ગઇ તે સ્ત્રી જો તેને મળવા આવશે તો વૈદને તત્કાળ ધાટકુપર જવું પડશે. ચંપાને વૈદનું અગત્યનું કામ છે એટલે જો પાર્વતીશંકર ધાટકોપર જશે તો ચંપા રખડીજ જશેને?"

રણજીત ભૈયણનો વધુ લવારો સાંભળવાને આતુર ન્હોતો એટલે તેણે સીસીલીને જેકીસનની નોકરીમાં રખાવવાની તેને ફરીથી ભલામણ કરી અને પોતે ત્યાંથી બહાર નીકળ્યો. અચાનક તેને સ્મરણ થયું કે લેડી શારદાનો પિતા હાલમાં ધાટકુપરમાં રહે છે. માયા બદમાસ બલા છે તે તે સારી પેઠે જાણતો હતો. આ બલા પાર્વતીશંકર જેવા નીચ ઉંટ વૈદને મળવા ગઇ તે પરથી તેને શંકા આવી કે કોઇ ભયંકર

પ્રપંચ જાળ ગુંથાઈ રહી છે. આ સંબંધી ગંભીર વિચાર કરતો તે થોડે દૂર ગયો કે તેને તેનો વફાદાર મિત્ર બહાદુરસિંહ મળ્યો.

"કેમ બહાદુર? કંઈ નવા જુની?"

"પેલી ઘાસવાળા બીલ્ડીંગમાં કોણ ગઈ તે જાણો છો?

"હા. શારદાની સાવકી મા માયા પાર્વતીશંકરને મળવા ગઈ છે તેની મને હમણાંજ જાણ થઈ."

"કંઈ ભયંકર બાજી ખેલાય છે, નામદાર!"

બન્ને જણા ઘાસવાળા બીલ્ડીંગ પર નજર રાખી શકાય એવી રીતે ઉભા રહ્યા. થોડીવારમાં માયા પાર્વતીશંકર સાથે રસ્તાપર આવી અને બન્ને ભાડાની ટેક્ષીમાં બેસી વિદાય થઈ ગયા. રણજીતે હવે વિલંબ કરવામાં સાર જોયો નહિ. તેણે શારદા પર એક ચીઠ્ઠી લખી તેને માયા અને પાર્વતીશંકર કંઈ કાવત્રું કરી રહ્યા છે તેની ખબર આપી અને શારદાના પિતાના રક્ષણ માટે શારદાને તત્કાળ ઘાટકુપર જઈને બદમાસોની બાજી ઉંધી વાળવાની સલાહ આપી.

બહાદુરસિંહ જાતે આ ચીઠ્ઠી શારદાને પહોંચાડી આવ્યો. શારદાએ ટુંકમાં તેનો જવાબ વાળતાં રણજીતની તેના પ્રત્યેની લાગણી માટે આભાર માન્યો અને તે હમણાંજ તેના પિતાને ત્યાં ઘાટકુપર જાય છે એવી ખબર આપી. પોતાના પિતા પર કંઈ આફત ઝઝુમી રહી છે એવી ખબર મળવાથી શારદા ઘણી ગમગીન થઈ ગઈ હતી અને તેથી ગુલાબ વેશ્યાઓના કેદખાનામાં પડી છે તેની રણજીતને ખબર આપવાનું તે ભૂલી ગઈ.

વાંચનારને યાદ હશે કે આગલે દિને ચંપા સમક્ષ જો અમુક પૈસા નહિ મળે તો ગુલાબ જીવતી હોવાની વાત જાહેર કરવાની મ્હાલી ડોશીએ ધમકી આપી હતી. ગુલાબ ક્યાં છે તેની પોતાને ખબર છે અને જરૂર પડશે તો તે ગુલાબને હાજર કરશે એમ મ્હાલી ડોશી ચંપા સમક્ષ બબડી ગઈ હતી. આ વાત સાંભળી જેકીશન મારફતીઓ

ગભરાયો. જો ગુલાબ જીવતી હોવાની સાબીતી મળશે તો તેના બધાં કાળા કર્મો જાહેર થઇ જશે એવો તેને ભય લાગ્યો અને પાર્વતીશંકર વૈદને મળીને ગુલાબનું કાટલું કાઢી નાખવા માટે તેણે વૈદને બોલાવી લાવવા માટે ચંપાને ઘાસવાળા બિલ્ડીંગમાં મોકલી હતી. પાર્વતીશંકર માયાને મદદ કરવાથી તડાકો પડશે એમ જાણતો હતો. જેકીશન મારફતીઓ કંજુસ હોવાથી આ લુચ્ચા વૈદે માયાની સાથે ઘાટકુપર જવાનો નિશ્ચય કર્યો હતો.

જેકીશન મારફતીઆને માથે આફતના વાદળાં ઘેરાવા લાગ્યાં. એક બાજુથી રમણી ગુલાબ જીવતી છે એમ જાહેર કરવાને તેને ધમકી આપી ગઇ હતી—હવે ગુલાબ ખરેખર જીવતી હોવાની ખબર પડી, અને મ્હાલી ડોશી જેવી બદમાસ સ્ત્રી તેની પાસેથી પૈસા ઓકાવવા તૈયાર થઇ. આગલે દિને ધમકી આપવા મુજબ ડોશી વકીલ પાસે પાછી આવી અને તેણે વકીલને કહ્યું, કે જો ત્રણ દિવસમાં તેને દશ હજાર રૂપિઆ નહિ મળશે, તો તે ગુલાબ સંબંધી વકીલની બધી દગાબાજી જાહેર કરી દેશે. જેકીશને તેને જુઠ્ઠી કહીને હાંકી કાઢી, પણ પોતાના મનમાં તેને પુષ્કળ ગભરાટ છૂટ્યો. ખૂબ તપાસ કરતાં તેની ખાત્રી થઇ, કે ઉમરખાડીના કેદખાનામાં ગુલાબ નામની જુવાન બાળા કેદની સજા ભોગવે છે, અને તેની વર્તણુંક સારી હોવાથી તે એક બે દિવસમાં છૂટી જવાનો સંભવ છે. કોઇપણ ભોગે ગુલાબને પોતાના માર્ગમાંથી દૂર કરવાનો વકીલે નિશ્ચય કર્યો હતો, એટલે તેણે ચંપાને ત્રણ ચાર વાર પાર્વતીશંકરને ઘેર મોકલી. અંતે પાર્વતીશંકર ઘાટકુપર જવાની ખબર મળવાથી તે નિરાશ થયો, પણ તેનો નિશ્ચય કારમો હતો. તેની પોતાની સલામતિ ભયમાં હતી, એટલે તેણે ગુલાબનું કાશળ કાઢવા માટે બીજો વિચાર કર્યો, અને કોઇ મવાલી પાસે ગુલાબનું ખૂન કરાવવાનો તે તાગડો રચવા લાગ્યો.

પ્રકરણ ૨૫ મું.

ખુની કુટુંબ.

હવે વાંચનારનો અમે એક ખુની-લોહીતરસ્યા કુટુંબ સાથે પરિચય કરાવવા માગીએ છીએ. આ કુટુંબનો વડો હમણાંજ તેના બાપની પેઠે ખુનના ગુન્હા માટે ફાંસીના લાકડાપર લટકીને જમદુતોને હવાલે થયો હતો. આ ખુની કુટુંબ માહિમમાં એક એકાંત ઘરમાં રહેતું હતું. આ ઘરની આસપાસના ઝુંપડાંઓ અને નાના નાના ઘરોમાં ખીસા કાતરૂઓ, ચોરો, જુગારીઓ અને એવાજ બીજા બદમાસો રહેતા હતા. પાસે થોડાક માછીઓ વસતા હતા. જેકીસન મારફતીઆએ ગુણીયલ ગુલાબનું કાટલું કાઢવા માટે આ ખુની કુટુંબને મળવાને ચંપાને મોકલી હતી.

જેકીસને નાથુ માછી સાથે એવો પ્રપંચ રચ્યો હતો કે ચંપા જે છોકરીને સાથે લઇ આવે તેનું એકદમ ખૂન કરવું. સાથે સાથે પોતાના સઘળાં પાપોની માહિતગાર ચંપાને પણ યમશરણ કરવાની જેકીશને નાથુને સુચના કરી હતી; પણ આ ભયંકર કાવત્રાંની ચંપાને ખબર ન્હોતી. પાંચ હજાર રૂપીઆની લાલચે નાથુએ બે ખૂન કરવાનું કબુલ કર્યું હતું. નાથુ ઘરમાં બેસીને તેની ખુની મા-મંછા પાસે આ રોકડીયા ધંધાની વાત કરતો હતો એવામાં મંછાનો મોટો દીકરો ભીખો ત્યાં આવી પહોંચ્યો. ભીખો અથંગ ખીસા કાતરૂ હતો. પણ તેણે કદિ કોઇનું લોહી રેડયું ન્હોતું. નાથુ અને ભીખા વચ્ચે ખૂન કરવા સંબંધી ગંભીર મતભેદ પડયો. પણ નાથુને તેની મા મંછાનો ટેકો હોવાથી ભીખો ઘણો ગુસ્સે થઇ ગયો અને તેણે ક્રોધના આવેશમાં નાથુને ત્રણ ચાર

તમાચા ચોઢી કાઢયા. નાથુ સ્તબ્ધ થઇ ગયો. ભીખો તરતજ પોતાના ઓરડામાં જઇ ભરાયો અને અંદરથી સાંકળ દઇ બેઠો નાથુ મોટાભાઇના તમાચાની લાહ્ય ઓછી થયા પછી તેના પર વેર લેવા તત્પર થયો અને માછલા કાપવાની છુરી લઇ તે ભીખાની ઓરડી પાસે ગયો. બારણું બંધ જોતાં તેને એક દુષ્ટ વિચાર આવ્યો. તેણે ભીખાને તે નાની સરખી ખોલીમાં જીવતો મારી નાખવાનો વિચાર કર્યો અને બારણું કદિ ન ઉઘડે તે માટે બહારથી બારણું પર લાકડાના પાટીયાં જડી લીધાં. નાથુના દુષ્ટ કાર્યથી તેની મા રાજી થઇ એટલુંજ નહિ પણ તેની જુવાન બહેન ગંગા પણ આનંદ પામી. આ આખા કુટુંબમાં એકલા ભીખામાંજ મનુષ્યત્વ અને દયાના સંસ્કાર ટકી રહ્યા હતા એટલે તે પોતાની મા અને ભાઇ બહેનની આંખની કણી જેવો થઇ પડયો હતો.

જેકીશન મારફતીઆને મ્હાલી ડોશી મારફતે ખબર પડી હતી કે ગુલાબ ઉમરખાડીના કેદખાનામાં છે. લેડી શારદા ગુલાબને કેદમાંથી મુક્ત કરાવવાની હતી; પણ તે પોતાના પિતાને પોતાની સાવકી માની ભયંકર જાળમાંથી બચાવવા જવાની ઉતાવળમાં ગુલાબને ભુલી ગઇ. જેકીશનને આથી સોનેરી તક મળી ગઈ. તેણે પોલીસ અને જેલના અધીકારીઓ સમક્ષ પોતાની લાગવગનો ઉપયોગ કરી ગુલાબને છોડી દેવાનો હુકમ મંજુર કરાવ્યો. જેલના દરવાજા પર ચંપા બોળી ગુલાબને લેવા ગઇ.

“ચાલ દીકરી! હું તને રંગપુર લઇ જવા આવી છું.” લુચ્ચી ચંપાએ નિર્દોષ ગુલાબને ભમાવી. ગુલાબને કંઇ શંકા ન આવી. તે તેની સાથે ગઇ. થોડે દુર જતાં ગુલાબે હસમુખને જોઇ. બંને

સખીઓએ એકબીજાને તરત ઓળખી અને તેઓ એકબીજાને ભેટી પડી.

"ગુલાબ! તું કેટલે દહાડે પાછી મળી?" હસમુખે તેને આલિંગન દઇ પુછ્યું.

"ઘણે દહાડે." ગુલાબ બબડી. બન્ને સખીઓ દુઃખ સુખની વાતો કરવા લાગી. એવામાં ચંપાએ તેઓની વાત આગળ વધતી અટકાવવા કહ્યું: "બહેન! હવે ચાલો. આપણે ટ્રેન ચુકી જઇશું." આ પરથી બન્ને સખીઓ છૂટી પડી. પણ તે પહેલાં હસમુખે ગુલાબને પોતાનું ઠેકાણું આપ્યું, અને કોઇવાર મળવા આવવાનું વ્હાલભર્યું આમંત્રણ કર્યું.

× × × ×

માહીમના સ્ટેશનથી થોડે દૂર એક ઝાડીમાં ખૂની નથુ પોતાની બહેન ગંગા સાથે છૂપાઇને ઉભો હતો.

'સામે જો નાથુ! પેલી બાઇ સાથે આવે છે તેજ છોકરીને!—"

"હા, તું સાવધ રહેજે."

"જો, પેલી બાઇ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ રૂમાલ વડે ઈસારો કરે છે."

થોડીવારમાં ગુલાબ અને ચંપા ઝુડી પાસે આવી પહોંચી. ખૂની વાઘણની પેઠે ગંગા ગુલાબ પર તૂટી પડી, અને એક કાતિલ છુરી ગુલાબના પેટમાં ભોંકી દઇ ત્યાંથી જીવ લઇને નાસી ગઇ. જાણે બદમાસોએ અચાનક હલ્લો કર્યો હોયની તેમ ચંપા નાસી જતી હતી, પણ તેનો કાળ નજીક આવી રહ્યો હતો. નાથુએ તેને થોડે દુર પકડી—ઝાડીમાં ઘસડી, અને તેના ગળામાં એવા જોરથી છરો માર્યો કે ચંપાનું માથું ધડથી જુદું થઇ ગયું. આમ બે ખૂન કરીને બદમાસ ભાઇ બહેન છુ થઇ ગયા.

આ કરૂણ બનાવ બન્યા પછી બરતન માહીમના સ્ટેશન પર ઉતરી. તે સીધી ભીખાને ત્યાં જતી હતી. પણ સ્ટેશન પાસે તેને એક વૃદ્ધ માછીએ અટકાવી; "કોણ રતન?"

"હા. કાકા! શી ખબર છે?"

"તું ભીખાને મળી છે?"

"નહિ. હું હમણાંજ જેલમાંથી છુટી તેને મળવા જાઉં છું."

"તો જલદી જા."

"કેમ? મારો મરદ માંદો છે?"

"તને ખબર નથી?"

"શું ભીખો માંદો છે?"

"હા."

"કેટલા દિવસથી?"

"બે ત્રણ દિવસથી."

"નહિ. નહિ. એમ હોત તો તે મને ખબર આપત."

"પણ તે લખી શકે એમ નથી."

"તે ઘેરજ છે ને?"

"હા. મને તારી સાસુ ગમતી નથી. આજે સવારેજ તે મને મળી હતી અને તેણે—"

"મારા મરદની વાત કરી હતી." રતન અધીરી થઇ.

"ધીરજ ધર. મેં ત્રણ દિવસથી ભીખાને જોયો ન્હોતો એટલે મેં તેની ખબર પુછી. મારો સવાલ સાંભળતાંજ મંછા વકરાયલી વાઘણ જેવી મારા તરફ જોઇ રહી."

"જલદી કહોને—"

"શાંત થા. તારો મરદ ખુની કામો કરવા માગતો નથી અને તારા સાસુ, નણુંદ ને દિયર બધા ખુન પર જીવનારા છે. આથી મને લાગે છે કે તેઓ ભીખાનો કાંટો દુર કરવા માગે છે."

"મારી સાસુએ તમને શું કહ્યું હતું ?"

"એટલુંજ કે ભીખાને તાવ આવે છે તેથી તે ઘરમાંથી બહાર નીકળતો નથી."

રતન વધુ સાંભળવા ઉભી રહી નહિ. તે હાંફતી હાંફતી પોતાના વ્હાલા પ્રિયતમના દર્શન કરવાને માર્ગ કાપવા લાગી. એવામાં તેના પગને ઠોકર વાગી. તેણે જોયું તો કોઈ સ્ત્રી બેભાન પડી હતી. રતન વાંકી વળી. બેભાન સ્ત્રીનો ચહેરો જોતાંજ તેનાથી ચીસ પડાઈ ગઈ: "આ તો ગુલાબ! ગરિબ બિચારી! એજ દેવીએ મને સારી શીખામણ આપી હતી. ભલા ભગવાન! તું પણ કેવો છે? આ બિચારીને કોણે મારી નાખી હશે? ધર્મીને ઘેર ધાડ અને કસાઇને ત્યાં કુશળ તે આનું નામ!–" આવા વિચાર કરતી રતન ગુલાબને તપાસવા લાગી. ગુલાબના પેટમાંથી લોહી વહી જતું હતું. જખમ ઘણો મોટો હતો. પણ ગુલાબ મરણ પામી ન્હોતી. તેની છાતી પર હાથ મુકતાં ધીમા ધબકારા થતા સંભળાયા. રતનને આશા આવી. તેણે પોતાનું લુગડું ચીરી નાખી પોતાની અક્કલ પ્રમાણે ગુલાબના પેટમાંના જખમમાં કપડાનો ડુચો માર્યો–અને પછી ઉપરથી પાટો બાંધી લીધો. આટલું કરી તેણે ગુલાબને ફુલની પેઠે ઉંચકી લીધી અને થોડીવારમાં તે ભીખાના ઘર પાસે જઇ પહોંચી.

બેભાન ગુલાબને ઓટલા પર સુવાડી તેણે ભીખાને બુમ પાડવા માંડી. ઘર ઢંકાડું હતું. મંછા. ગંગા અને નાથુ પોતાના-સેતાની કામનો

બચ્ચો લેવા માટે મુંબઇ ગયા હતા. રતને ભીખાને પાંચ દશ બુમો પાડી, પણ કંઇ જવાબ ન મળ્યો. અંતે તે ઘરમાં દાખલ થઇ. એક ખોલીના બારણાં પાટીયાથી જડી લીધેલા જોઇને તે અજબ થઇ. તેણે ફરીથી બુમ પાડી:

"ભીખા! ભીખા!—"

"હં..." અંદરથી ધીમો અવાજ આવ્યો.

"આહ! બદમાસો મારા વ્હાલાને અહીં કેદ કરી ગયા છે." રતન બબડી. તરતજ તેણે હાથમાં કુહાડો લીધો, અને પાંચ મીનીટમાં તેણે બારણાને જડેલા પાટીયા ચીરી નાખ્યા. તે પછી ભીખાએ જેમ તેમ અંદરની સાંકળ ખોલી, અને બન્ને પ્રેમીઓ પ્રબળ પ્રેમના આવેશથી એક બીજાને ભેટી પડ્યાં. રતનના પ્રેમનો જુસ્સો અસાધારણ હતો. તે બે ત્રણ મહિને પોતાના માનીતાને મળી હતી. ભીખો ત્રણ દિવસના અપવાસથી નબળો પડી ગયો હતો. બન્નેને ખુબ વાતો કરવાની હતી, પણ હવે રતન અગાઉના જેવી પોતાના સ્વાર્થી આનંદની ભુખી રહી ન્હોતી. કેદખાનામાં ગુલાબના સહવાસમાં આવ્યા પછી તેનો અવતારજ ફેરવાઇ ગયો હતો. તેનામાં નાજુક સ્ત્રી જાતિના સંસ્કાર—દયા, મમતા, પ્રેમ, પરમાર્થ વિગેરેનો સંચાર થયો હતો; એટલે ભીખાને હાથનો ટેકો આપીને તે ઘરમાંથી બહાર નીકળી. ગુલાબની થોડીક વાતથી તેણે ભીખાને પરિચિત કર્યો, અને બન્ને બેભાન ગુલાબને ડા. ભરૂચાને ત્યાં લઇ ગયા. રતનની વાત સાંભળી ડોકટરે ગુલાબની સારવાર કરવા માંડી. રતન નીપુણ નર્સની પેઠે ગુલાબની સારવારમાં ખડી રહી. ડોકટરની ખંતીલી સારવારથી ત્રણ કલાક બાદ ગુલાબ શુધ્ધિમાં આવી.

પ્રકરણ ૨૬ મું.

મ્હાલી ડોશી અને રમણી.

સાંજે ત્રણ વાગવા આવ્યા હતા. ચોપાટી પર માણસોની અવર જવર બહુ ઓછી હતી. કેટલાક આળસુ મવાલીઓ કિનારા પરની બેંચ પર ઘોરતા પડયા હતા. આ સમયે હેંગીંગ ગાર્ડન પર ચઢવાની ટેકરી પર એક ઝાડી નીચે રમણીનો ભાઇ કાલુભા અશાંત ચહેરે કોઇની રાહ જોતો હતો. આમ તેમ બે ચાર આંટા માર્યા પછી તેણે પોતાના ડા । હ થની કાંડી પર બાંધેલા ઘડીઆળ પર નજર કરી. ઘડીયાળમાં ત્રણ વાગ્યા હતા. બે ત્રણ મીનીટ તે બેચેનીથી સામે જોઇ રહ્યો એવામાં તેને મ્હાલી ડોશી આવતી નજરે પડી. થોડીજ વરમાં મ્હાલી ડોશી તેની પાસે આવી પહોંચી અને ખંધુ હસીને પોતાનું બોખું મ્હોં બતાવતી તે બોલી: 'હું વખતસર આવી છું ને સાહેબ?—"

"હા." કાલુભા વિશેષ કંઇ બોલ્યો નહિ. હાથના ઇસારાથી તેણે મ્હાલીને પોતાની સાથે આવવા કહ્યું અને તે એક બંગલામાં મ્હાલીને પાછલે દરવાજેથી લઇ ગયો. બંગલાના પાછલા ભાગના એક ઓરડામાં જઇને તે બોલ્યો: "તું અહિં થોભ." આટલું કહી કાલુભા વિદાય થઇ ગયો.

'જો અહિં મને વધુ વાર નહિ લાગે તો હું બીખા માછીને મહમ્મદ પહેલવાનને ત્યાં પંચ વાગે મળી શકીશ અને ત્યાં બીખા સાથે મળીને બદમાસ વકીલને ઠેકાણે લાવવાની પેરવી કરીશ—" મ્હાલી ડોશી એકલી પડવાથી વિચાર કરવા લાગી. તે જીવતી જાગતી શયતાનની બચ્ચી હતી: "એ મુઆ બદમાસ વકીલે મારૂં અપમાન

કર્યું—મને જુઠી બદમાસ ડોકરી કહીને હાંકી કાઢી પણ એ મુઆને હું ધુળ ચાટતો કરીશ તોજ મારૂં નામ મ્હાલી ડોશી! લક્ષ્મણ કામાટી જેવા મવાલીની હું માશુક! એ આંધળાને આજે હું પાણી પાઉં છું તો જેકીશન કોણ મુઓ? એવા સફેદ બગલાઓને ઠેકાણે લાવવા માટે તો આજ ઉપાય છે—" ડોશીનો હાથ સફાઇથી ચોળીમાં છુપાવેલી કટાર પર ગયો. એ કાતિલ કટાર તેણે લક્ષ્મણ કામાટી પાસેથી મેળવી હતી અને હંમેશાં તે પોતાની પાસે રાખતી હતી. હાથમાં કટાર લઇ તે હસી. તેનો ચહેરો વિકરાળ બની ગયો. તેના ચહેરા પર ખૂની ભાવના તરવરી રહી. તેણે ફરીથી કટાર છૂપાવી દીધી અને પાછી વિચાર કરવા લાગી.

"આ કટાર મારા એકવારના માનીતા આશક લક્ષ્મણની છે. હવે એ મુઓ આંધળો થઇને મહમદ પહેલવાનના ભોંયરામાં પડયો છે. ભોંયરામાંના ઉંદરોને મારવા લક્ષ્મણે આ કટાર માંગી હતી. પણ બીચારા ઉંદરોએ મારો કયો બાપ માર્યો છે? એ ઉંદરડા આંધળાની સાથે રમત કરે—તેને જરા કરડે તેમાં મારા બાપનું શું જાય? નિર્દોષ ઉંદરોની કતલ કરીને આંધળો કામાટી વધુ પાપ કરે તે માટે મેં તેની કટાર છીનવી લીધી છે. આ કટાર તો મારી પાસેજ શોભે! કોઇપણ ચમરબંધીએ જરા ત્રણ પાંચ કરી કે ખેલ ખલાસ? હા હાહા હા—" શયતાનની બચ્ચી એકલી એકલી હસી: "આ કટાર તો જેકીશનનું ખૂન પીશે. હા હા હા! મુઆએ મને લુચ્ચી ડોકરી કહી? પણ હવે યાદ રાખજે બચ્ચાજી! બીખા માછી સાથે મળીને તારૂં કરવું તો કઢાવું તો કઢવું; પણ સાથે તારી બધી દોલત પણ લુંટી લઉં! લોકો કહે છે કે એ મુઆ કાળમુખા વકીલ પાસે બહુ પૈસા છે. સારી વાત

છે. મારેજ માટે એ કંજુસે ચરુ ભરી રાખ્યા હશે. જોઉં તો ખરી એ મુઓ શું ચાલ રમે છે? મેં એને ધમકી આપી કે ગોકળ મને ગુલાબની સોંપણુ કરી ગયો હતો અને ગોકળને એ નાની છોકરી જેકીશનની બહેન ગણાતી બગ્ગા ચંપાએ આપી હતી. મેં આ વાત કરી તો એ મુઓ કહે કે હું લુચ્ચી છું—જુઠી છું. ઠીક છે. હવેજ રંગ જામશે. હું રંગપુરના ફાર્મની બાઇ પર એક કાગળ લખીને તેને ખબર આપીશ કે જેકીશન મારફતીઆએ ગુલાબને બચપણમાં તજી દીધી હતી. કદાચ ગુલાબના માબાપને એ બાઇ ઓળખતી હશે. જ્યારે ગુલાબ જેલમાંથી છૂટશે ત્યારે જેકીશનના બાર વાગી જશે..." ડોશી આવા વિચાર કરતી હતી એવામાં સામેનું બારણું ઉઘડવાનો અવાજ સંભળાયો અને તે શાંત થઇને બેસી રહી. સામેથી રમણી આવતી હતી. ડોશી તેને તરત ઓળખી ગઇ અને મનમાં બબડી: "આ તો પેલી રાતે મરદના વેષમાં ગંગા ડોશીને ત્યાં આવી હતી તે! કદાચ ગુલાબ સંબંધીજ એને મારૂં કંઇ કામ પડયું હશે. જે હશે તે! જ્યાં સુધી પૈસા મળતા હોય ત્યાં સુધી હું ગમે તે કરવાને તૈયાર છું."

રમણી મ્હાલી ડોશી પાસે આવી. ગંગા ડોશીને ત્યાં તેણે તેને પહેલવહેલી જોઇ હતી, તે પછી રમણીએ બીજીવાર તેને આજેજ જોઇ. લક્ષ્મણ કામાટી સાથે મ્હાલી ડોશી તેને અને કાલુભાને લુંટી ગઇ હતી એ બનાવ યાદ આવતાં રમણીને મ્હાલી પ્રત્યે ધિક્કાર છુટ્યો. સારા ખાનદાનના માણસને પોતાના સ્વાર્થ માટે હલકટ મવાલીઓના સમાગમમાં આવતાં જેવી લાગણી થાય છે તેવી લાગણી રમણીને થઇ; પણ તે તેણે બહાર દેખાવા દીધી નહિ. રમણીની સાથે તેનો ભાઇ કાલુભા પણ હતો. કાલુભા રમણીના પ્રપંચોથી કંટાળી ગયો હતો.

અને મ્હાલી ડોશી સાથે રમણીને ઉછીત્વાર મેળવી આપ્યા પછી તે રમણીના કોઇ પણ પ્રપંચમાં ભાગ લેવાનો નથી, એવી તેણે પોતાની બહેનને ચેતવણી આપી દીધી હતી. તે રમણીની સાથે આવ્યો, અને તેને મ્હાલી ડોશી પાસે મુકી ગુપચુપ ચાલ્યો ગયો.

રણજીતને તેની એકની એક પુત્રી અતિ વ્હાલી હતી. એ પુત્રી સાથેનો તેનો સંબંધ તોડી નાંખીને રમણીએ તેને નમાવવાનો વિચાર કર્યો હતો, પણ તેમાં તે નિષ્ફળ ગઇ હતી. હવે એ બલા રણજીતને મેળવવા માટે બીજી યુક્તિ ખેલી રહી હતી. જે કન્યાને રણજીત મરી ગયલી માને છે તે જીવતી છે એમ સિદ્ધ કરવા માટે રણજીતની પુત્રી તરિકે કોઇ નિરાધાર બાળાને ઠેસવી દઇને રમણી રણજીતનો પ્રેમ મેળવવા માંગતી હતી. આજ કારણસર તે જેકીશન મારફતીઆને મળવા ગઇ હતી, અને તેણે અનેક ધમકી આપવા છતાં જેકીશનને સોંપાયલી કન્યા જીવતી છે એમ કહેવાની તે લુચ્ચા વકીલે ન પડવાથી રમણીએ બીજી યુક્તિ શોધી કાઢી હતી. રમણી જેકીશનને મળી ગયા પછી મ્હાલી ડોશીએ વકીલને ધમકાવવા માંડયો, એટલે રમણીના ડરથી નહિ, પણ મ્હાલી ડોશીના ભયથી જેકીશને ગુપ્ત કટકું કઢાવવાનું કાવત્રું કર્યું હતું. રમણીને આ વાતની ખબર ન્હોતી. રણજીતની પુત્રી તરિકે ચાલી શકે એવી કોઇ નિરાધાર બાળા મળતાં કોઈ પણ રીતે જેકીશનને સમજાવી લેવાના રમણીને આશા હતી.

રમણી મ્હાલીને જોતી એક પળ ચુપ રહી. તે પછી તેણે પુછ્યું: "તું વિશ્વાસુ અને મક્કમ છે?"

"માઇ સાહેબ!" મ્હાલી હસીને બોલી: "હું કુત્તા જેવી વફાદાર અને સિંહણ જેવી મક્કમ છું. પેલી છોકરીનું રંગપુરમાંથી હરણ

કરવાનું કામ અમે કેવી સીફતથી કરી બતાવ્યું તે તમે જાણો છો ને? હાલમાં એ છોકરી ઉમ્મરખાડીની જેલની હવા ખાય છે."

"હવે મારે એ છોકરીનું નહિ, પણ બીજાનું કામ છે."

"જે હોય તે બાઇ સાહેબ! મને પૈસા મળે તો હું જીવતી દોજખમાં જવાને તૈયાર છું."

રમણી ધ્રુજી. પણ તરતજ તે સ્વસ્થ થઇ ગઇ.

"તું ગરીબ, નિરાધર લોકોને ઓળખતી હશે."

"જોઇએ તેટલાને બાઇ સાહેબ! મુંબઇમાં નિરધારોનો દુકાળ નથી."

"જો! મારે એક જુવાન, મળતાવડી, મીઠા સ્વભાવની, સત્તર વર્ષની નિરાધાર છોકરી જોઇએ છે." રમણીએ કહ્યું.

મ્હાલી તેના તરફ અજાયબીથી જોઇ રહી.

"એવી છોકરી શોધતાં તને મુશ્કેલી પડશે નહિ. ઘણી નિરાધર છોકરીઓ રખડતી હશે." રમણી બોલી.

"પણ બાઇ સાહેબ! હું એમ કહું કે તમે ગુલાબને ભુલી ગયા છો?"

"કઇ ગુલાબ?"

"અમે રંગપુરથી જેને ઉપાડી લાવ્યા તે–"

"મેં તને કહ્યુંને કે તેની સાથે મારે કામ નથી."

"મારી વાત તો સાંભળી લો. પછી તમારૂં ધાર્યું કરજો. તમને એક નીરાધાર, સત્તર વર્ષની, ગરીબગાય જેવી ખુબસુરત કન્યા જોઇએ છે–"

"હા."

"તો ગુલાબનેજ જેલમાંથી લઈ આવો! આબાદ તમે માગો તેવી છોકરી છે. જ્યારે તે ૭ વર્ષની હતી ત્યારે બદમાસ જેકીશને

મારફતીઆએ મને તેની સોંપણુ કરી હતી. ગોકળ નામનો એક મવાલી જે હાલમાં વીસાપુરની જેલમાં છે તે ગુલાબને મારી પાસે લાવ્યો હતો..."

"જેકીશન મારફતીઆ ?—" રમણી આ નામ એવી રીતે બોલી કે મ્હાલી ડોશી ગભરાઇ ગઇ; "શું ગુલાબને જેકીશન મારફતીઆએ તને સોંપી હતી ?" રમણીનો આવેશ એટલો બધો વધી ગયો કે તે થરથર ધ્રુજવા લાગી.

"તમે આમ બુમાબુમ ન કરો બાઇ સાહેબ !..." મ્હાલી બોલી: "હકીકત એવી છે કે આજથી દશ વર્ષ પહેલાં ગોકળ નામનો મારો એક ઓળખીતો મારી પાસે આવ્યો અને મને કહ્યું કે "તું એક છ વર્ષનીનાની છોકરીને રાખશે ? છોકરી મરી જાય કે જીવતી રહે તેની પરવા નથી. જો તું છોકરીને રાખવાનું કબુલ કરશે તો તને હજાર રૂપીઆ મળશે."

"દશ વર્ષ પહેલાં ?"

"હા."

"એક નાની છ વર્ષની કાળી આંખો અને નરમ રેશમ જેવા કાળા વાળવાળી છોકરી ?"

"હા. હા. એજ છોકરીને અમે રંગપુરથી–"

"ઓ પ્રભુ ! તારી ગતી ન્યારી છે—" બે હાથથી મ્હો ઢાંકી રમણી બબડી: "હું તારી શક્તિને નમું છું. ઓહ ! જો એ વાત ખરી હોય તો...પણ નહિ. નહિ. એમ નહિ હોય—" તે થોડીવાર વિચારમાં પડી. પછી અચાનક ઉભી થઇ અને મ્હાલીનો હાથ પકડી બોલી: "મારી સાથે ચાલ."

પ્રકરણ ૨૭ મું.

ખંજરનો ભોગ.

રમણી ઉતાવળી ઉતાવળી આગળ ચાલી અને મ્હાલી ડોશી તેની પાછળ ગઇ. રમણી શું કરવા માગે છે તેની મ્હાલી કલ્પના કરી શકી નહિ. પણ આ શ્રીમંત સ્ત્રીને પંઝામાં સપડાવવાથી તેને છક્કાં પડશે તે વિષે તેને કશી શંકા ન્હોતી. રમણી અત્યંત આવેશમાં હતી. તેની છાતી ધમણની પેઠે ઉંચી નીચી થતી હતી. તેના મગજમાં સેંકડો તરંગો તોફાન મચાવતા હતા. તે થોડે દુર જઇ દાદર પર ચઢી ગઇ અને પહેલા માળ પરના પોતાના ભવ્ય શયનગૃહમાં દાખલ થઇ. મ્હાલી ડોશી તરતજ ત્યાં આવી પહોંચી અને શયનગૃહમાંનો વભવ જોઇને તેના મ્હોંમાં પાણી છુટ્યાં–તેની સાપ જેવી આંખો ચમકવા લાગી. પણ રમણીનું ધ્યાન તેના પર ન્હોતું. શયનગૃહમાં જઇ તેણે ઘંટી વગાડી. તરત દાસી હાજર થઇ. તેને રમણીએ દૃઢ સ્વરે હુકમ કર્યો: "સાંભળ અત્યારે મને કોઇ પણ મળવા આવે તો કહી દેજે કે હું બહાર ગઈ છું. સમજી! કોઇને પણ અહિં આવવા ન દેતી." દાસી આ આજ્ઞા સાંભળી નમન કરી ચાલી ગઇ. રમણીએ શયનગૃહના બારણાં પોતાને હાથે બંધ કર્યાં અને પછી તે મ્હાલી ડોશી તરફ ફરી. ડોશી કંઇ પણ બોલ્યા ચાલ્યા વિના સ્તબ્ધ ઉભી હતી. રમણીએ તેના તરફ ફરી કહ્યું: "અહિં બેસ."

તાબેદાર ગુલામની પેઠે ડોશી એક મુલાયમ સોફા પર બેસી ગઇ. તે કંઇ ન બોલી. પણ તેની તિક્ષ્ણ નજર રમણી પરજ હતી. ડોશી બેઠા પછી રમણીએ પાસેનું કબાટ ખોલ્યું અને તેમાંની ચીજો

એક પછી એક બહાર કાઢી ટેબલ પર ફેંકવા માંડી. હજાર દોઢ દોઢ હજાર રૂપીઆની કિમતી જરી ભરેલી સાડીઓ અને પોલકાંઓ તેણે ટેબલ પર કે પલંગ પર ગમે તેમ ફેંકવા માંડયા. જાણે તેના દીલમાં ભુત ભરાયું હોયની તેમ તે વર્તતી હતી. કપડાં બહાર કાઢયા પછી તેણે એક સુંદર મખમલની પેટી બહાર કાઢી અને તે નાજુક ચાવીથી ખોલી તેમાંના અલંકારો પણ તેણે બહાર ટેબલ પર મૂકવા માંડયા. મોતીના નેકલેસો, બંગડીઓ, હીરાજડિત વીંટીઓ અને ઇયરીંગ્સ વિગેરે જોઇને મ્હાલી ડોશીને તો કંઇનું કંઇ થઇ ગયું. આ દિવાની સ્ત્રી શું કરી રહી છે તે તે જાણતી ન્હોતી પણ તેના કિમતી અલંકારો જોઇને મ્હાલીના દીલ પર સેતાન સવાર થયો. તેણે ચાલાકીથી પોતાના વસ્ત્રમાં હાથ નાખ્યો. કાતિલ ખંજર તેની પાસે હતું. બારણાં બંધ હતા. રમણીના હુકમને લીધે કોઇપણ માણસ આવી પહોંચવાનો ભય ન્હોતો. ખંજરનો એક કાતિલ ઘા અને બસ ખલાસ! રમણી એક પણ ચીસ પાડયા વિના અચેત થઇ જમીન પર પડશે અને લાખો રૂપીઆના અલંકારની પોતે માલીક થઇ જશે. એ ભયંકર વિચારો ડોશીના મગજમાં ઘોળાઇ રહ્યા હતા એટલામાં રમણીએ પેટીના તળીયામાંના એક નાના ખાનામાંથી એક નાનકડી છબી બહાર ખેંચી કાઢી અને ધ્રુજતા હાથે તે મ્હાલી ડોશીની સામે ધરી બોલી: "તું આને ઓળખે છે?"

"આ તો ગુલાબ!—" છબીમાંનો ચહેરો ગુલાબના ચહેરા સાથે આબાદ મળતો જોઇને ડોશી અજબ થઇ બોલી: "ગોકળ આજ છોકરીને વેચી ગયો હતો. હા. હા. એજ! એ મારી પાસે આવી ત્યારે તેના વાળ આવાજ ગુચ્છાદાર હતા અને મેં તે કાપી નાખીને એક નાટકવાળાને વીગ બનાવવા માટે વીશ રૂપીએ વેચ્યા હતા."

રમણી આભી થઈ ગઇ. તેની આંખો ફાટતી જણાઈઃ "તું ખરેખર આ છોકરીને ઓળખે છે? પ્રભુને ખાતર મને છેતરતી ના."

"બાઇ સાહેબ! હું મારી જુવાનીના સોગન ખાઇને કહું છું કે આજ છોકરીને પાળી પોષીને મેં મોટી કરી હતી. હજુ પણ ગુલાબ આ છબીમાં છે તેવીજ દેખાય છે. તમે તેને જોશો તો તમે જાતેજ કબુલ કરશો કે આ છબીમાંની છોકરી ગુલાબજ છે."

આ સાંભળી રમણી ભયભીત થઈ નહિ—તેને શોક થયો નહિ. પોતાની દીકરી દશ દશ વર્ષ સુધી કંગાળ ગરીબીમાં ઉછરી હતી તે માટે તેને પસ્તાવો થયો નહિ. જેનું માતૃ વાત્સલ્ય કયારનું મરી ગયું હતું. રણજીતે નાની ગુલાબને સલામત સ્થાને રાખી હતી ત્યાંથી રમણીજ તેને ઉપાડી ગઇ હતી અને તેણેજ જેકીરતન મારફતીઆની મારફતે પોતાની પુત્રીને પારકાને સોંપી દીધી હતી. ગ્હાલી ડેશીએ પોતાની પુત્રીને કેવી રીતે રાખી હતી તે વિષે રમણીએ તેને એક પણ પ્રશ્ન પુછયો નહિ. આ નારી સ્વરૂપા નાગણની મહત્વાકાંક્ષાએ તેના માતૃ વાત્સલ્યનું કયારનું ખુન કરી મૂકયું હતું. પોતાની તજી દીધેલી પુત્રી પાછી મળવાથી તેને આનંદ થયો નહિ. પણ એ બાલિકાને લીધે તેના જીવનનું સ્વપ્નું ફલિત થશે એવી તેના દીલમાં આશા ઉત્પન્ન થઈ. રણજીત ગુલાબના જીવનમાં રસ લેતો હતો. ગુલાબ તેની પોતાની દીકરી છે તે જાણ્યા શીવાય તેણે તેનું રક્ષણ કર્યું હતું. રણજીત પાછો પરણ્યો ન્હોતો—રમણી વિધવા હતી. રણજીત ગુલાબને ખાતર તેની સાથે પુનર્લગ્ન કરશે એવી આશા રમણીના દીલમાં જન્મી. તેની નજર સામે ઈંદ્રાવતીનો રાજમુગટ ઝળકવા લાગ્યો. તે ગુલાબની છબી હાથમાં રાખી એક મોટી આરામખુરશી

પર પડી હતી. મ્હાલી ડોશી આરામખુરશીની પાછળ આવી ઉભી. ડોશીની દયાનત રમણીના હીરા મોતીના અલંકારો પર બગડી હતી અને તેનું ખુન કરી અલંકારો લઇને નાશી જવા માંગતી હતી. રમણીને ખંજર ભોંકી દેવાની ડોશી તક શોધી રહી હતી એવામાં રમણીએ તેના તરફ માથું ફેરવી પુછયું: "તને લખતાં વાંચતા આવડે છે?" કહી રમણીએ છબી બાજુમાં મૂકી દીધી અને બાજુના ટેબલ પરથી નોટપેપર હાથમાં લીધું.

"નહિ બાઇ સાહેબ! હું તો કાળા અક્ષરને કૂટી મારનારી છું."

"તો તું બોલ અને હું લખી લઉં. ગુલાબને કેવા સંજોગોમાં તજી દેવામાં આવી હતી તેની બધી વિગતો મને જોઇએ છે." કહી તેણે ફાઉન્ટ પેન હાથમાં લીધી. ડોશી આરામખુરશીની પાછળ ઉભી હતી. રમણીની તેના તરફ પીઠ હતી. તેથી તે ડોશીના હાથની હીલચાલ જોઇ શકે એમ ન્હોતું. બદમાસ મ્હાલીએ ધીમે રહી ખંજર બહાર કાઢયું અને તે રમણીને ઘા કરવા તૈયાર થઇ ઉભી.

"જો, હું તું કહેશે તે લખતી જઇશ. મારી ભૂલ થાય તો તું સુધારજે."

"વારૂ બાઇ સાહેબ!..."

"તારૂં નામ શું?"

"મ્હાલી ડોશી!...."

'હં!-સાંભળ-હું નીચે સહી કરનાર મ્હાલી ડોશી પ્રતિજ્ઞા પુર્વક જાહેર કરૂં છું કે—" રમણી ડોશીનો એકરાર લખવા લાગી: "તને કયા સાલમાં એ છોકરીની સોંપણુ થઇ હતી?—"

"૧૯૦૧માં—"

"કોણ સોંપી ગયું હતું ?"

"ગોકળ નામનો મવાલી જે હાલમાં વીસાપુરની જેલમાં છે–"

રમણી લખવા લાગી.

"હું નીચે સહી કરનાર મ્હાલી ડોશી પ્રતિજ્ઞાપુર્વક જાહેર કરૂં છું કે ૧૯૦૧ના સાલમાં ગોકળ નામનો સખસ કે જે હાલમાં વીસાપુરની જેલમાં સજા ભોગવે છે તે મને એક બાળકી સોંપી ગયો હતો કે જે બાળકીને જેકીશન મારફતીઆની બેન ચંપએ—"

રમણી વાક્ય પુરૂં કરી શકી નહિ. કાળી નાગણ જેવા જુસ્સાથી મ્હાલી ડોશીએ રમણીના ખભા પર ગરદન પાસે ખંજર ભોંકી દીધું અને તે પછી ઉતાવળી ઉતાવળી તે બધા અલંકારો ભેગા કરી શયન-ગૃહમાંથી બહાર નીકળી ગઇ. રમણીએ કોઇને અંદર આવવા નહિ દેવાની આજ્ઞા કરી હતી. મ્હાલી ડોશી સાથે રમણી ખાનગી વાત કરવામાં રોકાયલી છે તે દાસી જાણતી હતી એટલે મ્હાલી ડોશી તે મકાનમાંથી બહાર નીકળી ત્યારે તેના પર કોઇને કશીપણ શંકા આવી નહિ. રમણીના ઘરમાંથી બહાર નીકળી મ્હાલી ડોશી ભાડાની ગાડીમાં બેસી સીધી મહમદ પહેલવાનને ત્યાં જઇ પહોંચી.

પ્રકરણ ૨૮ મું.

ભોંયરામાં કરૂણ નાટક.

રમણીને ખંજર ભોંકી, તેના કિમતી અલંકારોની ચોરી કરી મ્હાલી ડોશી મહમદ પહેલવાનના અડ્ડામાં આવી કે તરત નનો જાનમહમદ કૂદતો કુદતો તેની પાસે દોડી ગયો અને તેણે પોતાનો બૂટવાળો પગ એવા જોરથી ડોશીના પગ પર મૂક્યો કે મ્હાલી ડોશીથી ચીસ પડાઇ ગઇ. પગ દબાવાથી થયલી વેદનાને લીધે તેના હાથમાંથી રૂમાલનું પોટલું પડી ગયું અને તેમાંથી એક મોતીનો હાર બહાર નીકળી પડયો. ડોશીએ પોતાના પગની વેદનાની પરવા કર્યા વિના જમીન પરથી હાર ઉંચકી લઇ પોટલીમાં મૂકી દીધો પણ તે જાનમહમદની નજર ચુકાવી શકી નહિ.

"યા ખુદા. તારા પગને વાગ્યું ?" જાનમહમદ ડાહ્યો થવા લાગ્યો. ડોશીએ કંઇ જવાબ આપ્યા વિના તેના માથના વાળ પકડયા અને વાંકા વળીને તેણે જાનમહમદનો ગાલ એટલા જોરથી કરડયો કે તે બિચારાના ગાલપરથી લોહી નીકળવા લાગ્યું. વાંચનાર જાણીને અજબ થશે કે એ નાદાન મવાલીનો ગાલ લોહીલુહાણ થવા છતાં તેને એક ચીસ પણ ન પાડી. તેણે પોતાના ખમીસથી લોહી લુછી નાખ્યું અને પછી તે હસીને મ્હાલી ડોશી તરફ જોઇ બોલ્યો, "જો ડોશી ! તારે મને બોસો દેવો હોય તો દેજે: નહિ તો કંઇ નહિ, પણ ફરીથી મને આવી રીતે ચુમી ના લેતી."

"ફાટી મુઆ ! તેં મારો પગ શા માટે કચરી નાખ્યો ?"

"ખુબસુરતી ! તું એમ સમજે છે કે મેં જાણી જોઇને તારા પગ

પર પગ મુકયો હતો ? તું જાણે છે કે હું તારો વફાદાર નોકર છું."
જાનમહમદ ડોશીને પટાવવા લાગ્યો.

"વારૂ, હવે એ વાત ભૂલી જા." જાનમહમદના દંભથી ડોશી છેતરાઇ ગઇ: "તારો બાપ કયાં છે?"

"ઘરમાંજ હશે. હું તેને બોલાવી લાવું?"

"નહિ. હમણાં નહિ. મારે પહેલા આંધળાને મળવું છે."

"શું તું જાતે કામટીના ભોંયરામાં જશે?"

'કેમ? તેથી શું થઇ ગયું?"

"તું કામાટી માટે પાનાની નવી જોડ લાવી છે? એ બીચારો હમેશાં ઉંદરડા સાથે રમીને કંટાળી ગયો છે. જો તું એને માટે રમવાના પાના લાવી હોય તો સરૂં."

"બદમાસ છોકરા! જા–જલ્દી ફાનસ લઇ આવ. ભોંયરા પરનો પત્થર હું એકલી ઉપાડી શકીશ નહિ."

"ભોંયરામાં ખૂબ અંધારૂં છે, ડોશી!—"

"તને બીક લાગે છે? બીચકારો! જા, ઉતાવળ કર, ફાનસ લઇ આવ. તારા બાપને કહેજે કે હું કામટી પાસે છું. થોડીવાર, પછી હું તારા બાપને મળીશ. જા–જલ્દી ફાનસ લઇ આવ! જો તું મારૂં કહ્યું માનશે તો હું તને ચાર આના બક્ષીસ આપીશ."

જાનમહમદ ફાનસ લેવા ગયો, અને ડોશી રૂમાલમાં બાંધેલા હીરા મોતીના દાગીના જોઇ મલકાવા લાગી. આ કિંમતી માલ સંતાડવા માટે તે હમણાં ને હમણાં કામાટીના ભોંયરામાં જવા માંગતી હતી. વાંચનારને અત્રે જણાવવાની જરૂર છે કે, બદમાસોએ જે ભોંયરામાં એકવાર રણજીતને કેદ કર્યો હતો, તેજ ભોંયરામાં મહમદ પહેલવાનની

સંમનિથી મ્હાલી ડોશીએ અંધ લક્ષ્મણુ કામાટીને પુર્યો હતો. આંધળો કામાટી હવે લાચાર થયો હતો. ભોંયરામાં અસંખ્ય ઉંદરો હતા, અને તેઓ કામાટીને હેરાન કરતા હતા. આ ઉંદરોને મારવા માટે ડોશીએ તેને ખંજર આપ્યું હતું તે પણુ હવે તેણે છીનવી લીધું હતું. કામાટી ભોંયરામાં લાચાર નિરાધાર હાલતમાં સડતો હતો. એકવાર જે મવાલીના નામથી પોલીસ પણુ થથરી જતી હતી, તે ઉંદરો આગળ લાચાર થઇ ગયો હતો.

થોડીવારમાં જાનમહમદ ફાનસ લઇ આવ્યો. અને ડોશી તેની સાથે ભોંયરા પાસે ગઇ. બંનેએ જોર કરીને ભોંયરા પરનો પત્થર ઉંચક્યો, અને પછી ડોશી પગથીયા ઉતરવા લાગી. જાનમહમદ ભોંયરાને મથાળે ફાનસ લઈ ઉભો રહ્યો.

"હાહાહા! આ રહ્યો કામાટી! બેઠો બેઠો એની માને યાદ કરે છે." નિર્દય ડોશી બેચાર પગથીયાં ઉતરી બોલી.

"મને ભૂખ લાગી છે." ડોશીનો અવાજ ઓળખી કામાટી ગુસ્સાથી બરાડ્યો: 'તું મને અહીં હડખાયા કુતરાની પેઠે મારી નાંખવા માંગે છે?"

"તું ભૂખ્યો થયો છે! મ્હાલી ડોશી હસી: "તો મૂઆ! તારો અંગૂઠો શા માટે ચૂસતો નથી!"

કામાટીના પગને સાંકળ બાંધેલી હતી તેનો અવાજ સંભળાયો, અને પછી મહા મહેનતે ગુસ્સો દાબતો હોય તેમ કામાટીએ નિસાસો નાખ્યો.

"સંભાળજો બુઢ્ઢાજી! ઝાઝી ગડબડ કરશો તો એ સાંકળથી તમારા પગનેજ ઇજા થશે." જાનમહમદે ઉપર ઉભા ઉભા આંધળાની મશ્કરી કરી.

"આ છોકરો સાચું કહે છે. શાંત થા લક્ષ્મણ!" બુઢ્ઢી મ્હાલી બોલી. "આ સાંકળ તારાથી તુટવાની નથી. તું સાંકળથી જકડાયો તેમાં તારોજ વાંક છે. તું ઉંઘમાં ઘોરતો હતો ત્યારે તેં શા માટે તારા શરીરને દોરડાથી બાંધવા દીધું? એક વાર તું દોરડે બંધાયો પછી અમે તને સાંકળે બાંધ્યો અને હવે આ ઠંડી અંધારી કોટડીમાં મઝા કર—"

ફરીથી ભોંયરામાં સાંકળ ખખડવાનો અવાજ સંભળાયો.

"આંધળો ચિત્તાની પેઠે કુદકા મારે છે. ડોશી કામાટીની લાચારી પર હસવા લાગી.

"મ્હાલી! એને ઘેર લઇ જા. એ તારો ધણી છેને?"

"દોસ્તો! ધણી કેવો?" ડોશી ખડખડ હસી. લક્ષ્મણ! આમ જો!

"કામાટી આંખે દેખતો નથી." જાનમહમદ બોલ્યો.

"ખરી વાત! કામાટી! તું સાંભળે છે કે? સાંભળ. આપણે ગુલાબને પકડી લાવ્યા અને હું તેનું મ્હો બેડોળ કરી નાખતી હતી તે વખતે તેં મને શા માટે અટકાવી હતી? શા માટે તું મારી ઇચ્છાની વિરૂદ્ધ ગયો હતો? આખી જીંદગી પાપમાં પુરી કર્યાં પછી તને દયા ક્યાંથી આવી? લક્ષ્મણ! તું કોણ! આઝાદનો આઝાદ મવાલી! પણ હવે તારી બદમાસી પુરી થઇ ગઇ છે અને તું પણ જાસુસ થવા લાગ્યો છે. તે દિવસે તેં ગુલાબને બચાવી લીધી અને સંભવ છે કે ભવિષ્યમાં તું મારૂં ભોપાળું ફોડી દઇ મને પણ પોલિસને હવાલે કરી દે."

"સાવધાન! ઝાઝી ગડબડ કરશે તો ભુખ્યો કામાટી તનેજ કરડી ખાશે." એમ કહી જાનમહમદે મ્હાલી ડોશીને પાછળથી ધક્કો માર્યો અને ડોશી ગબડીને ભોંયરાને તળીયે જઇ પડી.

"કામાટી! હવે તારી વારી. પકડ—પકડી લે એ બુઢ્ઢીને!—"

જાનમહમદ આટલું બોલ્યો અને ડોશીએ પગથીયા પર મુકેલું દાગીનાનું પોટલું ઉચકી તે ઉપર ચાલ્યો ગયો. "વ્હાલી ડોશી! હવેજ તને મઝા પડશે. મેં તારો પગ કચડયો ત્યારે તું મને કરડી ગઇ હતી. પણ હવે જોજે! હવે ખરી રંગત આવશે. બુઢ્ઢા લખમણ કાકા! કાકીને જરા રમાડો તો ખરા!—"

"અરે! કોઈ દોડો!..." ડોશીએ બૂમ પાડવા માંડી કેમકે કામાટીએ તેને લોખંડી હાથે ગળચીમાંથી પકડી હતી અને ડોશી તેના પંઝામાંથી છુટવાને તડફડીયા મારતી હતી "અરે! મને મારી નાખી! જાનમહમદ! તારા બાપને બોલાવ. પગથીઆ પરના મારા પોટલામાં દાગીના છે તે તું લઈ લે, પણ તારા બાપને બોલાવ..."

"ભાઇ સાહેબ! તમારા દાગીના તો કયારના મારા હાથમાં પડ્યા છે. કામાટી! હવે નાટક શરૂ કર. હું અહીં ઓરચેસ્ટ્રામાં બેસી તમારૂં નાટક જોવા માગું છું—"

"બદમાસ બઢા!—" કામાટી દાંત કચકચાવી બોલ્યો: "તેં મારા પર એવો સીતમ ગુજાર્યો છે? મેં સારા વખતમાં તને જે જે મોજ મજાહ કરાવી હતી તે બધી તું ભૂલી ગઈ, પણ કંઇ પરવા નહિ. આજે તું મારા હાથમાં સપડાઇ છે. હું તને તત્કાળ મારી નાંખવા માગતો નથી. તેં મને ધીમે ધીમે રીબાવી રીબાવીને મારી નાંખવા માટે જે દુષ્ટ સેતાનીયત વાપરી હતી, તેવીજ રીતે હું તારૂં કાટલું કાઢી નાખવા માગું છું—" કહી કામાટીએ ડોશીનું ગળું એક હાથે પકડી રાખી, બીજે હાથે તેના ગાલ પર એવી સડાકડ લપાટ લગાવી, કે તેના અવાજથી બદમાસ જાનમહમદ પણ ધ્રુજી ગયો.

"કામાટી ! છેક છેલ્લે પાટલે ના બેસ. હું મારી ડોશીને મારી નાંખવા માંગતો નથી. તું એને જરા પાઠ શીખવ—જો મારી નાંખવાની વાત કરશે, તો હું મારા બાપને બોલાવી લાવીશ." જાનમહમદ ઉપરથી બોલ્યો.

"જાનમહમદ ! ફીકર ના કર. હું તારી કાકીને મારી નાંખવાનો નથી." રખેને જાનમહમદ મહમદ પહેલવાનને બોલાવી લાવે એવા ભયથી કામાટીએ જાનમહમદને ઠંડો પાડયો.

"મ્હાલી !–" કામાટી બોલવા લાગ્યો: "મારી વાત સાંભળી લે. રંગપુરના ખેતરમાં મને એકવાર ભયંકર સ્વપ્નું આવ્યું હતું, અને સ્વપ્નામાં મારા બધાં પાપી કૃત્યો મારી નજર સામે ખડાં થયા હતાં. આ સ્વપ્નાએ મને પાગલ કરી મૂક્યો, અને જ્યારથી હું આ ભયંકર એકાંત સ્થળમાં રહેવા લાગ્યો, ત્યારથી મને એ સ્વપ્નાનાજ વિચાર આવવા લાગ્યા. એ સ્વપ્નાથી મારા મનમાં અજબ પરિવર્તન થયું હતું. મને મારા ભૂતકાળના પાપ આવતાં કમકમા થવા લાગ્યા. પહેલાં મેં તને ગુલાબને બેડોળ બનાવતી અટકાવી, પણ તે પછી તેં મારા પગે સાંકળ બાંધી મને આ ભોંયરામાં ભૂખે ને તરસે રીબાવવા માંડયો. મ્હાલી : એકાંત કેવી ભયંકર ચીજ છે તેનું તને ભાન નથી. મને સજા કરનાર માણસે મને કહ્યું હતું, તેમ મારી નજર સામે હંમેશાં કાળો પરદો રહે છે અને હું અહીં એકલો સજા કરું છું. આહ ! આ દશા ભયંકર છે. આજ ભોંયરામાં મેં તેનું ખૂન કરવાનો ઇરાદો રાખ્યો હતો, અને આજે આજ ભોંયરામાં હું રીબાઇ રહ્યો છું. સંભવ છે કે આજ ભોંયરામાં મારી કબર થશે. એ ચિત્ર બહુ ભયંકર છે. એ માણસે જે જે આગાહી કરી હતી તે સાચી પડી ... તેણે

કહ્યું હતું કે, "તેં તારી શક્તિનો દુરૂપયોગ કર્યો છે. હવેથી નબળામાં નબળાઓ પણ તને હેરાન કરશે." આજે નાનકડા ઉંદરો મને હેરાન કરે છે અને હું લાચારીથી બેસી રહું છું. તેણે મને કહ્યું હતું કે "હવે પછી દુનિયાથી અલગ થતાં અંધકારમાં તને તારા કાળાં કામો જણાશે અને કોઇ વાર તે માટે તને પસ્તાવો થશે." એ પસ્તાવાનો દિવસ આવ્યો છે. એકાંતવાસમાં એ દિવસ જલદી આવ્યો છે. તને જોરથી પકડીને હૂં તારા પર વેર લેવા માંગતો નથી, પણ મેં જેઓના બળીદાન લીધાં છે તેઓનું વેર લેવા માગું છું. હું મારે હાથેજ મારી મદદગારને સજા કરવાની ફરજ બજાવવા માંગુ છું, મને ગેબી અવાજ સંભળાય છે કે જો તું મારા સમાગમમાં આવી ન હોત તો ઘણા માણસોના મેં ખુન કર્યા ન હોત. તેં તારા લોભને ખાતર પાછળ કોઇ જાતનો પુરાવો ન રહે તે માટે મને ખુન કરવા ઉશ્કેર્યો હતો અને આજે મારી આ હાલત થઇ છે..."

"શાબાશ! શાબાશ! કામાટી! તું બાલીવાળાનો ત્રેજકનો ચીફ એકટર થવાને લાયક છે." જાનમહમદ ઉપરથી તાળી પાડી બોલ્યો.

પ્રકરણ ૨૯ મું.

પાપનો પશ્ચાતાપ.

"જાનમહમદ! દીકરા! હું મશ્કરીજ કરૂં છું હો!..." આંધળો કામાટી મ્હાલી ડોશીની ગળચી જોરથી પકડી રાખી બોલ્યો. જાનમહમદ તેના બાપને બોલાવી લાવે તો ડોશીપર વેર લેવાની તેની ઇચ્છા ધુળમાં મળી જશે એવી કામાટીને બીક હતી તે ડોશી સાથે મશ્કરી કરી રહ્યો છે એમ જાનમહમદને સમજાવવા માગતો હતો: "હં: હવે મ્હાલી! તું શાંતિથી મારી વાત સાંભળી લે." કામાટી પાછો પોતાની માશુકને સંબોધી બોલવા લાગ્યો: "તારા જુલ્મના જે જે ભોગ થયા છે તેનું વેર લેવા માટે મારે તારી સાથે કેટલા દયાહીન થવું જોઇએ તે હું તને કહેવા માગું છું. તને આવી સ્થિતિમાં ચીસ પાડતી સાંભળીને મને હિંસક આનંદ થાય છે—મારા પેલા ભયંકર સ્વપ્નાનો વિચાર આવતાં મારૂં લોહી ઉકળી આવે છે. મારૂં મગજ ભમે છે. કદાચ મારૂં મોત નજીક આવ્યું હશે તેથી મને સન્નેપાત ઉપડયો હશે; પણ તને મારી વાત પુરેપુરી સંભળાવ્યા વિના હું મરવાનો નથી."

"ડોશી!" જાનમહમદે ઉપરથી બુમ પાડી: "તું કેમ બોલતી નથી? આશક માશુક અથવા રાજારાણીએ સામસામી વાત કરવી જોઇએને?"

"મ્હાલી! તારે જોઇએ તેટલાં વલખાં માર." કામાટી થોડીવાર પછી બોલવા લાગ્યો: "તારે જોઇએ તેટલાં બચકાં ભર. તેં મને કરડીને મારા હાથમાંથી લોહી કાઢયું છે: પણ જો તું મારા હાથમાંથી છટકી

જવાની કોશીષ કરશે તો હું તારી જીભ ખેંચી કાઢીશ. સાંભળ! હું આંધળો થયો અને તેં મને આ ભયંકર એકાંતમાં નાંખ્યો ત્યારથી મને વારે વારે સન્નેપાત થઇ આવે છે: મારી જીંદગીમાં હું પહેલીવાર લાચાર-નિરાધાર થયો તેથી મારૂં ભાન જતું રહ્યું છે-મારૂં મગજ ભમી ગયું છે-હું પાગલ થઇ ગયો છું. હું જાગું છું પણ એ જાગૃત અવસ્થામાં પણ મને ભયંકર સ્વપ્ના આવે છે! આહ! મેં કોના કોનાં ખુન કર્યાં? એક બસો રૂપીઆના હાર માટે પેલી જુવાન દરજણને મેં કાપી નાંખી હતી-સાતસો રૂપરડી માટે મારવાડીના પેટમાં છરો ભોંકયો હતો-અને બદમાસ બલા! તને હાથે બાંધવાના સોનાના ઘડીયાળનો શોખ થઇ આવ્યો ત્યારે કામાટીપુરામાં રંગ રમવા આવેલા પેલા આશા ભર્યા મુસલમાન જુવાનને મેં ગળચી દાબીને અંધારી ગલીમાં મારી નાખી તેની લાશ ગટરમાં ફેંકી દીધી હતી! આહ! એ બધાના પાપનો બોજો તારે માથે છે. તુંજ ડાકણ મને પાપ કરવા-ખુન કરવા ઉશ્કેરતી હતી. તારા લોભનો પાર ન્હોતો. પણ આજે હું તને કહું છું કે એ બધા પાપો મારા જીગરને કુંપી ખાય છે-મારે રૂંવે રૂંવે વીંછી કરડતો હોય તેવી વેદના થય છે. આહ! મારી મનોદશા ભયંકર છે-મારી મનોયાતના અસહ્ય છે. હું આંધળો છું, મારી સામે ગાઢ અંધકાર છવાયો છે; પણ મારા વિચારોમાંથી આકૃતિ થાય છે-મારી અંધ આંખોની સામે મારી કાતિલ છુરીના ભોગ થયલા નિર્દોષ સ્ત્રી પુરૂષો ખડા થઇ જાય છે. જયારે માણસ આંધળો થાય છે-આંખોનું નુર ગુમાવે છે ત્યારે હમેશાં-ચોવીસે ચોવીસ કલાક તેને તેના ભુતકાળનું સ્મરણ થયા કરે છે. કેટલીકવાર મારા જુલમના ભોગ થનારા પણ મારા પર દયા લાવે છે-તેઓની આકૃતિ ધીમે ધીમે

ઝાંખી થઇ અંધારામાં વિલીન થઇ જાય છે. પછી અચાનક હું સ્વપ્નામાંથી જાગી જાઉં છું. પણ મને મારી અશક્તિ અને લાચારીનું ભાન થવાથી હું એકલો ડુંસકે ડુંસકે રડું છું. તું આ વાત સાંભળી હસશે—હસને? શા માટે હસતી નથી? આ કામાટી—જુલમગાર કામાટી—મુંબઇના મવાલીઓનો સરદાર કામાટી આ અંધ દશામાં પોતાના પાપનો વિચાર કરી રડે છે. સમજે છે, મ્હાલી?—" કામાટીએ પુછ્યું. ડોશી કંઇ બોલી શકી નહિ. તેની ગળચી જોરથી દબાવાથી તે વેદનાથી ગ્રસ્ત થઇ કાંપતી હતી.

"મોટેથી બોલો—મને સંભળાતું નથી." જાનમહમદ બોલ્યો.

"હા." કામાટીએ શરૂ કર્યું: "મને વેદના થાય છે તેથી હું રડું છું. મારા ગુસ્સાનો હવે કંઇ અર્થ નથી. હું મારી જાતને કહું છું કે કાલે—પરમ દિને—હવે પછી રોજ—આ જીવનના અંત સુધી મને આવો ને આવોજ સન્નેપાત થયા કરશે. આ તે કંઇ જીંદગી છે? આ ભયંકર ભોંયરામાં જીવતા છતાં મુએલા જેવી જીંદગી ગાળવા કરતાં મોત શું ખોટું? આ ભોંયરામાં હું એકલો કેદી હાલતમાં પડયો છું. મારા ભયંકર વિચારોમાં પલટો થાય એવું મારી પાસે શું છે? કંઇજ નહિ. મારી સામે પડયો છે આ અનંત અંધકાર અને મારા પાપોનું ભયંકર સ્મરણ! મને કેટલીકવાર એવા પણ વિચાર આવે છે કે ખુન, ચોરી ને લુંટનો ધંધો કરીને પારકાનો માલ પચાવી જવાને બદલે જો મેં પ્રમાણીકપણે મહેનત મજુરી કરીને પેટ ભર્યું હોત તો દુનિયામાં હું આબરૂદાર માણસ ગણાત, મારે આંધળા થવું પડત નહિ અને મારા નિર્દય સાથીઓની દયા પર અંધારા ભોંયરામાં જીવવું પડત નહિ. ભુતકાળના પાપો માટે શોક થાય તે પશ્ચાતાપનું

પહેલું પગથીયું છે. અને મને જો સાચો પસ્તાવો થશે તો એ પશ્ચતાપની પવિત્ર ગંગામાં મારા બધાં પાપ ધોવાઇ જશે અને પ્રભુ મને માફ કરશે—"

"એ આંધળા! છેક ધરમ રાજાનો દીકરો ના થઇ જા!–" જાનમહમદ બોલ્યો. પણ આ ટીકા કામાટીએ સાંભળી નહિ.

"મ્હાલી!–" લક્ષ્મણ કામાટી બોલવા લાગ્યો: "તને મારી વાત સાંભળી આશ્ચર્ય ઉપજે છે? જો હું પહેલાના જેવોજ ખૂની અને લોહી તરસ્યો રહ્યો હોત, તો તેં મારી આ દશા કરી ન હોત. પણ આ અંધ અને એકાંત દશામાં હું મારા ભૂતકાળના ગુન્હા વિષે શો વિચાર કરૂં? આ ભોંયરામાંથી મારો છુટકારો થાય તો પણ હવે મારે માટે સ્વતંત્રતાની શી કિંમ્મત રહી છે? મારા કાળાં કામોના પશ્ચાતાપથી મારી વાસના બદલાઇ ગઇ છે, અને મારો ગુસ્સો શમી ગયો છે. હું તારા પર વેર વાળવા માટે તારૂં ખૂન કરવા માંગતો નથી. નહિ. નહિ. તને મારી નાંખવાની મારી જરા પણ ઇચ્છા નથી."

"શાબાશ! બુઢ્ઢા! શાબાશ! ઇન્સાફ તો બાદશાહ જહાંગીર જેવો છે હો!–" જાનમહમદ હસ્યો.

"હું જો તારૂં ખૂન કરી નાખું તો તે ક્ષમ્ય ગણાશે; પણ મારા ખૂનના ભોગ થયલા ઘણા માણસો મારી દયા ખાઇ રહ્યા છે. કદાચ તને પણ પસ્તાવાની ઘડી આવશે." આ શબ્દો બોલતી વખતે કામાટીનો હાથ જરા ઢીલો થયો. મ્હાલી ડોશીએ તરતજ તેનો લાભ લીધો. તેણે પોતાની પાસે છૂપાવેલી કટાર હાથમાં લીધી, અને કામાટીને ભોંકી દેવાનો પ્રયાસ કર્યો પણ કામાટી તરત ચેતી ગયો. તેણે ડોશીનો હાથ જોરથી પકડી, બીજા હાથે તેની ગરદન એવા ઝનુનથી દબાવી, કે ડોશી લાચાર થઇ ગઇ અને તેના હાથમાંની કટાર પડી ગઈ.

"ઝેરી નાગણુ!–" કામાટી વકરાયલો વાઘ થઇ બોલ્યો. તેનો ખૂની સ્વભાવ ઉકળી આવ્યો. "મને તારો ડંખ લાગ્યો છે. તું મને મારા ખૂની સ્વભાવનો સન્નેપાત ઉભરી આવે તે જોવા માંગતી હતી? હાહાહા! મારૂં લોહી ઉકળે છે–મારા મગજ પર અંગારા બળે છે. ઉભી રહે! શાંત ઉભી રહે. હું તને મારી નાખવાનો નથી. હું તને મારા જેવી આંધળી બનાવવા માગું છું." આ શબ્દો તે એવા ઝનુનથી બોલ્યો કે ડોશીએ મહા મૂશીબતે કારમી ચીસ પાડી. જાનમહમદ ચમકયો. ડોશીની ચીસની હવે કામાટીએ પરવા કરી નહિ.

"ગા!– તારા મોતનું ગાન ગાઇ લે–" કામાટી બોલ્યોઃ "તું સુખી છે. તને મારી પેઠે આપણી છરીના ભોગ થયલાના ભૂત દેખાતા નથી. પેલો મારવાડી–પેલી જુવાન સ્ત્રી–પેલો આશાભર્યો જુવાન છોકરો–પેલી......" કામાટી દિવાનો થઇ ગયો હતો. તેની સ્થિતિ ગાંડા હાથી જેવી હતી. તેનો ખૂની સ્વભાવ પુર બહારમાં ખીલી નીકળ્યો હતો. તેણે ડોશીની ગળચી એવા જોરથી દાબી, કે બદમાસ મ્હાલીનો પ્રાણ ઉડી ગયો અને તે મુરદું થઇ ભોંયરામાં પડી.

અચાનક આ વખતે ઉપર સીપાઇઓના હુકમો સંભળાવા લાગ્યા. જાનમહમદ તો આભોજ બની ગયો.

"ફ્રાનસ લઇ ભોંયરામાં ઉતર." એક અમલદારે હુકમ કર્યો. જાનમહમદ ભોંયરામાં ઉતર્યો. તેની પાછળ પોલીસ અમલદારો આવ્યા. ભોંયરામાં ડોશીનું શબ પડયું હતું અને દિવાનો કામાટી અંધારામાં આમ તેમ હાથ પછાડતો હતો. બદમાસ ડોશીએ કામાટીના પગમાં લોખંડની સાંકળ નાખી તેને એક મોટા પત્થર સાથે બાંધ્યો હતો.

પોલીસ અમલદારોએ કામાટીને બહાર કાઢયો, પણ તે તદ્દન પાગલ થઇ ગયો હતો.

મહમદ પહેલવાનના અડ્ડાનું આજે આવી બન્યું હતું. મુંબઇની પોલીસે અચાનક હલ્લો કરીને આ બદમાસોના અડ્ડામાં આજે અનેક ખૂનીઓ અને લુંટારાઓને પકડયા હતા. જેકીશનની દુરની બહેન ચંપાનું ખુન કરનાર તથા નિર્દોષ ગુલાબ પર ખૂની હલ્લો કરનાર બદમાસ માછી, તેની મા અને તેની બહેન પણ પકડાયાં હતા. મહમદ પહેલવાનને લુંટારાઓનો અડ્ડો રાખવા માટે પકડવામાં આવ્યો હતો, અને તેની સાથે નાનો જાનમહમદ પણ પકડાયો હતો. પોલીસ આ બદમાસોને જેલમાં લઇ ગઈ, અને હતભાગી કામાટીને દિવાનાશાળામાં મોકલવામાં આવ્યો.

પ્રકરણ ૩૦ મું.

ભેદી બનાવો.

આગલા પ્રકરણમાં વર્ણવેલા ભયંકર બનાવો બન્યા પછી રણજીત પરેલમાં ઘાસવાળા બીલ્ડીંગમાં ગયો. વાંચનાર જાણે છે કે રણજીતે બદમાસ વકીલ જેકીશનના કાળાં કામો ખુલ્લાં પાડી તેને ઠેકાણે લાવવાનો નિશ્ચય કર્યો હતો. આ માટે તેણે પેલા હબસી ડાકટર દેવીડની એવડા પણ ખુબસુરત સ્ત્રી સીસીલીને ઈંદ્રાવતીથી મુંબઇ બોલાવી હતી. સીસીલી પ્રબળ ઇચ્છાશક્તિવાળી સ્ત્રી હતી. તે સાથેજ તેની સુંદરતા જાદુભરી હતી. તે રણજીતના હુકમ અનુસાર ગઇ કાલે મુંબઈમાં આવી પહોંચી હતી અને તેને શું કામ કરવાનું છે તે વિષે ગુલાબરાયજીએ તેને ઘટતી સુચનાઓ આપી દીધી હતી. સીસીલીને જેકીશનને ત્યાં નોકરીએ રખાવવાનું કામ રણજીતે પેલી ભૈયણને સોંપ્યું હતું અને ભૈયણે તે વિષે શું કર્યું તે જાણવા માટે રણજીત હમણાં ઘાસવાળા બીલ્ડીંગમાં આવ્યો હતો. મકાનમાં દાખલ થતાંજ તેને ભૈયણ મળી અને તેણે પોતાના ભૈયાને થયેલા સંધીવાની રામકહાણી કહેવા માંડી. રણજીતે ભૈયાની દવા કરવા માટે તેને દશ રૂપીઆ આપી દિલાસો દીધો અને તે વિષેની પરપુછ કરવા માંડી.

"મારે શું સાહેબ મેરા સાહેબ! મારે તમને એટલી બધી ખબર આપવાની છે કે પહેલી વાત કઇ કરવી તેની મને સમજ પડતી નથી. ભડભડીયા સ્વભાવની ભૈયણ બોલી. રણજીત સમજી ગયો કે અરધો પોણો કલાક સુધી ભૈયણની વાતનો અંત આવવાનો નથી એટલે તે ભૈયાના રૂમના બારણાં પાસે પડેલા સ્ટુલ પર બેઠો.

"તમે જાણો છો? સાહેબ! આ ઘરના ભાડાનો કંટ્રાકટર મહમદ પહેલવાન અને તેનો લુચ્ચો અને લંગડો દીકરો જાનમહમદ હમણાં વગર ભાડાની કોટડીમાં ચાંચડ મારે છે?"

"શું મહમદ પહેલવાનને પોલીસે પકડયો છે?"

"હા—ગઇ કાલે મહમદના ગોળ પીઠાપરના અડ્ડામાં મોટો ધરતી કંપ થયો હતો. મ્હાલી ડોશીનું ખુન થયું હતું. વળી માટુંગામાં જેકીસનની બહેન ચંપાને કોઇએ જમપુરીમાં મોકલાવી દીધી છે અને પોલીસે મહમ્મદ પહેલવાનના જુગારખાનામાંથી બે માણસ અને એક બાઈને પકડયાં છે..."

"પણ જેકીસન વકીલનું શું થયું?"

"તમે ધીરજ તો ધરો. આટલી બધી ઉતાવળ કેમ કરો છો? ચંપા બે ત્રણ દિવસ પર પાર્વતીશંકર વૈદ્યની તપાસ કરવા આવી હતી ત્યારેજ મેં તેની આગળ સીસીલીની વાત કરી હતી. પણ તે પછી ચંપાબાઈનું ખુન થયું; પણ તેથી હું ગાંજી જાઉં ખરી? હું જાતે સીસીલીને લઇને જેકીશન વકીલને ત્યાં પહોંચી ગઇ. એ મુઓ વકીલ જબરો ધુતારો લાગે છે. સીસીલીની ખુબસુરતી જોઇને પહેલાં તો તે એવો ઢોંગ કરવા લાગ્યો કે જુવાન અને સુંદર સ્ત્રીને નોકરીએ રાખવામાં સલામતી નથી; પણ સીસીલીની સુંદરતા જોઇને એ બદમાસ ચળી ગયો હતો તે હું સમજી ગઇ. સીસીલીએ પણ સતી સીતાના જેવો વેષ ભજવી વકીલને પાણી પાણી કરી નાંખ્યો અને હમણાં વકીલના ઘરની કારભારણ તરિકે સીસીલી ગોઠવાઇ ગઇ છે. સમજ્યા! બોલો, મેં તમારા હુકમનું બરાબર પાલન કર્યું છેને?"

"શાબાશ! તેં જે કામ કર્યું છે તેનું આ ઇનામ!..." કહી રણજીતે સો રૂપીઆની નોટ લૈયણને આપી અને લૈયણ રણજીતના

ઓવારણાં લઈ તેનું દીર્ઘાયુષ્ય ઇચ્છવા લાગી. બંનેની વાત પુરી થવા આવી હતી. આ સમયે ત્યાં હસમુખ આવી પહોંચી. તેનો ચહેરો ફીક્કો પડી ગયો હતો. તેના હસમુખા વદન પર શોકની કાલિમા છવાઇ હતી. તે જોતાં રણજીતને આઘાત થયો.

"રણજીત ભાઇ! તમે મને મળી ગયા તે સારૂં થયું. હું તમને ઘણી વાત કહેવા માંગું છું."

"શું છે? હસમુખ? તું દિલગીર કેમ દેખાય છે?" રણજીતે પ્રેમાળ અને લાગણી ભર્યા સ્વરે પુછ્યું.

"રણજીતભાઇ! તમે મારી ફીકર ન કરો. મને રસિક માટે બહુ લાગી આવે છે. હું જ્યારે જ્યારે તેને કાચી જેલમાં મળવા જાઉં છું, ત્યારે મારી છાતી ફાટી જાય છે."

"શું રસિક હિમ્મત હારી ગયો છે?"

"હા. મને એમ લાગે છે. હું તેને જેમ જેમ દિલાસો આપું છું, તેમ તેમ તે વધુ ગમગીન બને છે...પણ હું મારાજ સ્વાર્થની વાત કર્યા કરૂં છું. મારે તમને ખબર આપવાની છે કે હું ગુલાબને મળી હતી"

"ગુલાબને મળી હતી? ક્યાં?" રણજીત અજબ થયો. તે તો એમજ જાણતો હતો, કે રંગપુરમાં કમળાની શીતળ છાંયા નીચે ગુલાબ આનંદ કરતી હશે.

"હું ઉમરખાડીની જેલમાં લુઇને મળવા ગઇ હતી, ત્યારે મને ગુલાબ મળી હતી."

"ગુલાબ તને ઉમરખાડીની જેલમાં મળી હતી?"

"તે જેલમાંથી બહાર જતી હતી."

"તારી કંઇ ભુલ તો નથી થઇ?"

"નહિ. નહિ. અમે બન્નેએ વાત શુદ્ધાં કરી હતી. તેનો ચ્હેરો ઉતરી ગયલો હતો. તેની સાથે એક આધેડ ઉમ્મરની બાઇ હતી, તે અમને વાતચીતમાં પડેલી જોઇને ઉતાવળ કરવા લાગી. એટલે ગુલાબ ચાલી ગઇ. તમે ગુલાબને તો ઓળખો છો ને?"

"જરૂર."

"ત્યારે હવે મારી ખાત્રી થાય છે કે, તેણે તમારે વિષેજ ઇસારો કર્યો હતો."

"શાનો?"

"મેં ગુલાબ સમક્ષ લુઇ અને રસિકની કરૂણ કહાણી કહી—જેફીશન વકીલની બદમાસીના બંને ભોગ થઇ પડયા છે તેની વિગત કહી સંભળાવી, ત્યારે ગુલાબે મને કહ્યું હતું કે જો રણજીતભાઇને એ વાતની ખબર પડશે, તો તે બંનેનું રક્ષણ કરશે."

"ત્યારે તો તે ગુલાબજ હોવી જોઇએ." રણજીત મનમાં બબડયો.

"મેં તેને કહ્યું કે મારા મિત્રનું નામ પણ રણજીત છે. આ એક સરખા નામથી અમને બેઉને અજાયબી ઉપજી હતી, અને અમારો રણજીત એકજ છે કે જુદો જુદો તેની તપાસ કરીને અમે બન્નેએ એક બીજા પર પત્ર લખવાનું નક્કી કર્યું હતું.

"મેં ગુલાબને એકવાર થોડીક સહાય કરી હતી. પણ તે ઉમરખાડીની જેલમાં કેવી રીતે ગઇ હશે તેની મને સમજ પડતી નથી. હશે, જે હશે તે માલમ પડી જશે. રસિક અને લુઇને તું હિમ્મત આપજે, પણ તેઓને કોણ મદદ કરે છે તે કહેવાની જરૂર નથી. પેલા ગરીબડા મોરલ કુટુંબની હાલત કેવી છે?"

"ઠીક છે. મી. મોરલ કોઇ કોઇવાર શુધ્ધમાં આવે છે અને તે સારો થશે એમ જણાય છે. આખું કુટુંબ તમને દેવ જેવા માને છે."

"ચાલો, હવે સાહેબજી !

રણજીત ત્યાંથી વિદાય થયો, અને રસ્તે જતાં ગુલાબનો વિચાર કરવા લાગ્યો. કમળાએ તેની રજા વિના ગુલાબને રંગપુર કેમ છોડવા દીધું હશે તે તે સમજી શકયો નહિ. સીધો ઘેર ગયો અને ગુલાબ વિષે તપાસ કરવા માટે એક માણસને રંગપુર મોકલવાનો તે વિચાર કરતો હતો, એવામાં બહાદુરસિંહ ત્યાં આવી પહોંચ્યો. લેડી શારદાના પિતાનું રક્ષણ કરવામાં શારદાને સહાય કરવા માટે રણજીતસિંહે બહાદુરસિંહને ઘાટકુપર મોકલ્યો હતો. બહાદુરના ચહેરા પર આનંદના ચિન્હો હતા, તે જોઇને રણજીત સમજી ગયો કે તે કંઇ ખુશખબર લાવ્યો છે.

"કેમ બહાદુર ! શા સમાચાર છે "

"સૌ રૂડાં વાનાં છે રાજન્ ! બદમાસોની બાજી ઉંધી વળી છે—લેડી શારદાના પિતાશ્રી બચી ગયા છે. જો અમે એક કલાક મોડા ગયા હોત, તો બદમાસ માયા પોતાના પિતાનુ ખુન કરી નાંખત."

"લેડી શારદા આનંદમાં છે ?"

"તેમના પિતા યમના પંઝામાંથી બચી જવાથી શારદાબ્હેનના આનંદનો પાર રહ્યો નથી. પણ રાજન્ ! માયા જેવી બદમાસ બલા મેં હજુ સુધી જોઇ નથી. તે પોતાના સૌભાગ્યમણીને ઝેર દેવાનો પ્રપંચ કરતી હતી, છતાં શાંત અને સાવધ હતી, અને બદમાસ પાર્વતીશંકર ! તમે એ વાતજ ન પૂછો."

"કેમ ?"

"આપની સેવા કરવા માટે મેં કોલસાવાળા અને ગાડીવાળાના વેષ લીધા છે પણ ઘાટકુપરથી અહિં સુધી પાર્વતીશંકર સાથે આવતાં મને કંઇનું કંઇ થઇ ગયું."

"શું તું પાર્વતીશંકરને તારી સાથે લાવ્યો છે?"

"હા. રાજન!"

"તે ક્યાં છે?"

"બાજુના ઓરડામાં મેં તેને કેદ કર્યો છે."

"તે સામો ન્હોતો થયો?"

"જરા પણ નહિ. મેં તેને બે રસ્તા બતાવ્યા. એક ગુપચુપ મારી સાથે આપને શરણે આવવાનો અને બીજો બ્રીટીશ કાયદા પ્રમાણે નુખુનં કાવત્રું કરવા માટે જેલમાં જવાનો. તેણે મારી સાથે આવવાનું પસંદ કર્યું."

"માયા અને પાર્વતીશંકરની બદમાસી કેવી રીતે ખુલ્લી પડી?"

"બહુ સહેલાઇથી. મેં તમારી સુચના અનુસાર કામ લીધું—બદમાસો ગભરાઇ ગયાં. રાજન! આ સમયે તમે નિર્દોષનું રક્ષણ કરી ગુનેહગારોને સજા કરી છે. લેડી શારદાએ તમારો અંતઃકરણપૂર્વક આભાર માની આ પત્ર આપ્યો છે." કહી બહાદુરે શારદાનો પત્ર રણજીતના હાથમાં મુક્યો. રણજીતે તે વાંચ્યો. શારદાએ તેમાં રણજીતનો દિલોજાન આભાર માની છેવટે ગુલાબની હકીકત લખી હતી. ઉમરખાડી જેલમાં શારદા ગુલાબને મળી હતી. ગુલાબ પર તેને દયા આવવાથી શારદાએ તેને છોડવવાનું વચન આપ્યું હતું અને કેદખાનામાંથી બહાર જતાં પોતાના પિતાના ખૂનનું કાવત્રું થાય છે એવી ખબર મળવાથી શારદા ઉતાવળી ઉતાવળી ચાલી ગઇ હતી અને તેજ કારણસર રણજીત ગુલાબના કારાગ્રહવાસ વિષે અજાણ રહ્યો હતો એ બીના વાંચનાર જાણે છે. આ પત્રથી રણજીતની ખાત્રી થઇ કે કોઇ બેદી કારણસર ગુલાબ ઉમરખાડીની જેલમાં ગઇ હતી તે નિર્વિવાદ છે. શારદાએ ગુલાબને છોડાવવાની તેને અરજ કરી હતી.

"રાજન! શું ગુલાબ રંગપુર છોડી ગઇ છે?

"હસમુખ અને શારદાની વાત પરથી એમ લાગે છે. પણ એ કમનસિબ બાળા પણ વળી પાછી કેવી જાળમાં ફસાઈ ગઇ છે તેની મને સમજ પડતી નથી. જાઓ, હમણાં ને હમણાં એક માણસને તપાસ કરવા રંગપુર મોકલો અને ગુલબરાયજીને કહો કે મારે માટે ઉમરખાડી જેલમાં જવાની એક પાસ મેળવો. પણ સબુર! ગુલાબ હજુ સુધી ઉમરખાડીની જેલમાં હોય તે સંભવિત નથી. હસમુખે જાતે તેને કોઇ આધેડ સ્ત્રીની સાથે જેલમાંથી બહાર જતી જોઇ હતી. શું તે કમળાબહેન સાથે જેલમાં ગઇ હશે?"

"શાંત થાઓ રાજન્! આપણે પાર્વતીશંકરને પુછી જોઇએ કેમકે તે કહે છે કે તે તમારી પાસે અનેક ભેદ ખોલવા માગે છે."

"નહિ. નહિ. પેલા ભયંકર દિવસના બનાવ પછી એ માણસની હું મુલાકાત લેવા માગતો નથી." રણજીત ગમગીન થઇ બોલ્યો.

"રાજન્! જો તમે પાર્વતીશંકરને એમ કહેશો કે જો સાચેસાચી હકીકત નહિ કહેશે તો તેને બ્રીટીશ કાયદા મુજબ સજા થશે તો તે બધી વાત ખુલ્લી કરી દેશે."

"બરાબર છે. પાર્વતીશંકરને જોવાથી મારા જુના જખમો તાજા થશે. પણ તેની કંઇ ફીકર નહિ. હું જેમ જેમ વૃધ્ધ થતો જાઉં છું તેમ તેમ મારી પુત્રીની ખોટ મને વધારે સાલે છે. ગુલાબને મેં મારી દીકરી જેવી ગણી હતી. પણ તે પણ મારા હાથમાંથી ચાલી ગઇ! અફસોસ!"

"નામદાર! આવો મિથ્યા શોક ન કરો."

"બહાદુર! તમે મારા હૃદયની વ્યથાની ખબર નથી. હું એક પવિત્ર પ્રેમદાના પ્રેમમાં પડયો છું. તેના પ્રેમથી મારી મનોયાતના

ઓછી થશે એવી મને આશા હતી. પણ નહિ. મારા હૃદયમાં ફરીથી પ્રેમની ટશરો ફુટતાં મને મારી ગુમ થયલી પુત્રી વધારે ને વધારે યાદ આવે છે. પેલી બદમાસ રમણી માટેનો મારો તિરસ્કાર વધી ગયો છે. એ બલાએ જાણી જોઇને મારી પુત્રીને તજી દીધી હતી. ઈંદ્રાવતીની મહારાણી થવાની તેની સઘળી આશા ધુળમાં મળવાથી એ હૃદયહીન સ્ત્રીએ મારી બાળકીને કોઇ ભાડુતી માણસોને સોંપી દીધી હતી અને એ બિચારી ભાડુતીઓના ત્રાસથી મરણ પામી હતી. રમણી કેવી નીચ છે તેની ખબર પડયા પછી મારે મારી બાળકી મારા કબજામાં લેવી જોઇતી હતી. પણ મેં તેમ ન કર્યું. બહાદુરસિંહ! મારી પુત્રીના કમનસીબ અંજામ માટે હું જ દોષપાત્ર છું."

"રાજન્! હૃદયની વેદનાને લીધે તમારી ન્યાયશકિત અવળો નિર્ણય બાંધે છે. તમે જે કારણસર રાજધાની છોડી અત્રે આવી વસ્યા છો–"

"તે સિધ્ધ કર્યા વિના હું ઈંદ્રાવતીમાં પગ મુકવાનો નથી."

"તમને રમણી તરફની કંઇ ખબર મળી છે?" બહાદૂરે પુછ્યું.

"શારદાને બદનામ કરવા માટે તેણે જે નીચ જાળ બીછાવી હતી તે પછી મને કંઇ ખબર પડી નથી. બહાદૂર! રમણી આ શહેરમાં વસે છે તેથી મને દુઃખ થાય છે. મને લાગે છે કે નવી નવી આફતો ડોળા ઘૂરકાવી રહી છે."

"રાજન્! રમણીને માટે ઈંદ્રાવતીના દરવાજા બંધ છે–આપણે માટે નહિ."

"હા. આપણે થોડા સમયમાં સ્વદેશમાં જઇશું. કમળાબહેનને ગુમ થયલો પુત્ર પાછો મળે, બદમાસ જેકીશનને તેના પાપની પુરી સજા થાય, રંગપુરમાં મારા આશ્રય નીચે વસતા પ્રમાણિક ખેડુતો અને મજુરો સુખી થાય કે તરત આપણે ઈંદ્રાવતી જઇશું."

"બદમાસ જેકીશનનાં મળાં કમોની તેને સજા થશે તો તમે મહદ્ પુણ્ય કરેલું લેખાશે."

"બહાદુરસિંહ! મારો હેતુ શુધ્ધ છે: છતાં મારી મદદમાં લેતાં મને દુઃખ થાય છે."

"સીસીથી ક્યારે આવશે?"

"તે ગઇ કાલે અહિં આવી ગઇ છે અને ગુલાબરાયજીએ તેને ઘટતી સુચના આપી દીધી છે."

"સીસીથી જેવી કામણગારી ડાકણને ભાગ્યેજ કોઇએ સારા કામ માટે રોકી હશે. પણ રાજન! એ બલા વફાદારીથી પોતાનું પાત્ર ભજવશે?"

"ગુલાબરાયજીના જાસુસો તેના પર દેખરેખ રાખશે અને જો તે સહેજ પણ બદમાસી કરતી જણાશે તો તેને એકદમ કેદ કરી ઇંદ્રાવતી રવાના કરવામાં આવશે."

આ વખતે રંગપુરથી એક માણસ એક પત્ર લઇ આવ્યો. તેમા કમળાએ જણાવ્યું હતું કે, જે સાંજે ગુલાબ ગૂમ થઇ ગઇ તેજ સાંજે એક માણસ કમળા પાસે આવ્યો હતો, અને રણજીતસિંહજી ગુલાબને લઇ ગયા છે એમ કહીને ગુલાબ વિષે ચિંતા કરવાની ના પાડી હતી.

"આનો અર્થ શો? ગુલાબનું હરણ કરનારા બદમાસો કોણ હશે?"

"મને આ બધા કારસ્તાનના મુળમાં રમણીનો હાથ જણાય છે."

"તમે એમ શાથી ધારો છો?"

"ગુલાબનું હરણ અને શારદાને તમારી નજરે ભ્રષ્ટ ગણાવવાની કોશેષ એ બે બનાવોને સાથે મેળવશો તો રમણીનો નીચ હેતુ સમજાઇ જશે."

"હા. મને પણ હવે એમ લાગે છે."

"હમણાં ગુલાબ ક્યાં છે?" બહાદુરે પુછ્યું.

"હસમુખે તેને ઉમરખાડી જેલમાંથી વિદાય થતી જોઇ હતી. તે પછી તે કયાં ગઇ તેની કોઇને ખબર નથી."

"ગુલાબરાયજીને પુછી જુઓ."

તરતજ રાયજીને બોલાવવામાં આવ્યા. રાયજીએ આવતાંવાર સ્નાનના સમાચાર સંભળાવ્યા કે, કોઈ અજાણી સ્ત્રી રમણીના ગળામાં ખંજર ભોંકી તેનું ઝવેરાત ચોરી નાસી ગઇ છે, અને રમણી મરણ પથારી-પર પડી છે. ગુલાબ વિષે તેને કંઇ ખબર ન્હોતી. બહાદુરસિંહ સીધો ઉમરખાડીની જેલમાં ગયો, અને લેડી સુપ્રીન્ટેન્ડંટને મળતાં તેને ખબર મળી કે, એક આબરૂદાર દેખાવની આધેડ સ્ત્રી ગુલાબને લઇ ગઇ હતી. આ સ્ત્રી કોણ હતી તેની ખબર રમણી પાસેથી મળે એમ હતું, પણ તે તો મરણને કાંઠે પડેલી હતી. તેના ભાઇ કાલુભા પાસેથી ગુલાબ વિષે કંઇ ખબર મળશે એમ ધારી બહાદુર તેને મળ્યો, પણ તેણે કંઇ પણ કહેવાની ના પાડી; એટલે રણજીતે કોઇપણ ભોગે ગુલાબનો પત્તો મેળવવાની રાયજી અને બહાદુરસિંહને વિનંતી કરી.

પ્રકરણ ૩૧ મું.

માયાની પુતળી

રાતનો સમય હતો. સીસીલીને જેકીશન મારફતીઆને ત્યાં નોકરી રહ્યાને કેટલાક દિવસ થઇ ગયા હતા. વકીલના મકાનમાં ત્રીજા માળ પર એક નાના પણ સુંદર શયનગૃહમાં દિવાલ પર ટાંગેલા વિશાળ આયનાની સામે ઉભી તે મદમસ્ત સીસીલી પોતાનું રૂપ જોઈ મલકાતી હતી. શયનગૃહમાં સુંદર નવો પલંગ શોભી રહ્યો હતો. પલંગ પર સુંવાળી મંશરૂની તળાઇ હતી, અને તે પર શ્વેત ચંદની જેવી ચાદર બીછાવી દીધી હતી. ઉશીકા અને ગાલમશુરીઆ પલંગની શોભામાં ઔર વૃદ્ધિ કરતા હતા. જમીન પર સુંદર ગાલીચો બીછાવ્યો હતો અને તે પર એક આરામ ખુરશી, તેની પાસે નાનું ગોળ આરસપહાણનું ટેબલ અને સામે ડ્રેસીંગ ટેબલ હતું. તે પર સુગંધીદાર તેલ, અત્તર, વાળ હોળવાની કાંસકી, પોમેટમ, ક્રીમ વિગેરે પડેલા હતા. રૂમમાં વીજળીની બત્તી બળતી હતી, પણ તેનો પ્રકાશ આંખને આંજી ન નાંખે તે માટે તે પર બ્લુ ગ્લોબ લગાવ્યો હતો. આખું શયનગૃહ ઝાંખા બ્લુ રંગથી રમણીય લાગતું હતું. શયનગૃહના બારણાંને સીસીલીએ અંદરથી સાંકળ દીધી હતી. બારી ખુલ્લી હતી પણ તે પર મજબુત લોખંડના સળીયા હતા. આ બારીમાંથી મંદ મંદ પવનની લહરી આવતી હતી. આ શયનગૃહ જોતાંજ કંજુસ જેકીશનનો સ્વભાવ અચાનક બદલાઇ ગયો છે એવો ભાસ થતો હતો. તેણે પોતાની પોતાની દાસીને કોઇ ભેદી કારણસર રાજવંશી વૈભવમાં રાખવા માંડી હતી, અને સીસીલીએ જે જે વસ્તુ માંગી તે તેણે હાજર કરી હતી.

આયનામાં પોતાનું મોહક મુખ જોઇ સીસીલી ઈઝીચેર પર પડી અને એક સીગરેટ સળગાવી ધુમાડો કાઢવા લાગી હતી. સીસીલી રણજીતના હબસી ડોક્ટર ડેવીડની ઔરસ પત્ની હતી. તેણે કરેલા વ્યભિચાર માટે તેને ઈંદ્રાવતીના કારાગ્રહમાં પુરવામાં આવી હતી અને ત્યાંથી આ બદમાસ વકીલને સજા કરવા માટે રણજીતે સીસીલીને મુંબઇ બોલાવી હતી. વર્ષોના સહવાસથી સીસીલી ગુજરાતી ભાષા શીખી ગઇ હતી. તે હિંદી ભાષા પણ જાણતી હતી. ઘાસવાળા બીલ્ડીંગની ભૈયણે તેને પોતાની નિરાધાર ભત્રીજી કહીને જેકીશનને ત્યાં નોકરી રખાવી હતી અને જેકીશનની કામી આંખમાં સીસીલીનું જોબન ખુંચી જવાથી તેણે તેની નાતજાત પુછ્યા વિના પોતાને ઘેર નોકરી રાખી લીધી હતી. જેકીસનને ત્યાં સીસીલીએ મેનકા નામ ધારણ કર્યું હતું અને આપણે પણ હવે તેને મેનકાને નામેજ ઓળખીશું. મેનકા લાંબી અને દસ્સદાર હતી. તેની કાળી કાળી આંખોમાં અજબ મોહિનિ ભરી હતી. તેના ગાલ ભરાઉ અને ગુલાબની પાંખડી જેવા મુલાયમ હતા. વક્ષસ્થલ ભલભલા બ્રહ્મચારીને સંસારી થવાને લલચાવે એવું હતું. તેની વય પચીસથી વધારે હતી. પણ તેનું જોબન ઉતરી ગયું ન્હોતું. તેનું પ્રૌઢ જોબન ઉલટું વધારે ભયાનક બન્યું હતું. તેના ચહેરા પર એક જાતની માદક ખુમારી હતી. તેનો સ્વભાવ અત્યંત આવેશ ભર્યો અને હવસી હતો. વિધાતાએ તેને દૈવી રૂપ બક્ષીસમાં આપ્યું હતું પણ આ બલા નીતિમાર્ગ પરથી ગબડી પડી કયરની ભ્રષ્ટ થઇ ચુકી હતી.

ભૈયણ તેને લઇને જેકીશન પાસે આવી ત્યારે તેણે સ્પષ્ટ કહી દીધું હતું કે મેનકાના માબાપ નથી—તેની પાસે કાણી કોડી નથી—તેની

સંભાળ રાખનાર કોઇ નથી અને મેનાકને પણ કોઇની પરવા નથી. આવી ખુબસુરત પુતળી નીરાધાર દશામાં પોતાની દાસી તરીકે રહેવા આવી છે એ ખ્યાલથીજ જેકીશનની બુદ્ધિ બહેર મારી ગઇ હતી.

ચંપાનું ખુન કરાવીને તેણે એક ભયંકર સાથીને પોતાના માર્ગમાંથી દૂર કરી હતી. ગુલાબને પણ તે મરી ગયલીજ ધારતો હતો એટલે તેના પાપની એ જીવંત સાબીતી પણ દુર થઇ છે એવી તેની માન્યતા હતી. મ્હાલી ડોશી પણ દોજખમાં પહોંચી ગઇ હતી અને રમણી મરણને કિનારે હતી. આ બે સ્ત્રીઓજ તેના ભુતકાળના પાપ ખુલ્લાં કરે એવો ભય હતો. પણ હવે બેઉ તરફથી કોઇ રીતે ડરવાની જરૂર રહી ન્હોતી. લુઇને તેણે બાળહત્યા માટે કારાગ્રહમાં મોકલી દીધી હતી. તેનો કેશીઅર રસીકલાલ પણ કેદમાં સડતો હતો. તે હવે ઘરમાં એકલોજ રહ્યો હતો. આવા સંજોગોમાં મેનકા જેવી માયાવતીને જોતાંજ તે ચળી ગયો. મેનકાની મારકણી આંખોમાંથી ઝરતી વાસનાની આગથી તેની બધી અક્કલ બળી ગઇ હતી. તેણે મેનકાના આગલા પાછલા ઇતિહાસ વિષે લેશ માત્ર પરપુછ કરી નહિ. જેકીશનની દંભી બદમાસીથી વાંચનાર માહિતગાર છે. આવા માણસો પોતાની પ્રજવલિત કામજ્વાળા સંતોષવા માટે ઘણીવાર ભયંકર ભુલ કરે છે એટલે જેકીશને સીસીલીને તરતજ આશ્રય આપ્યો તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી.

મેનકા જેકીસનની આશા કદિ પણ તૃપ્ત કરવાની ન્હોતીઃ છતાં એ બદમાસ વકીલ તદ્દન નિરાશ થઇને તેનો ખ્યાલજ છોડી દે એવી સ્થિતિ લાવવાની મેનકાની ઇચ્છા ન્હોતી. તે રણજીતની યોજનાનો ચાલાકીથી અમલ કરતી હતી. જ્યારે જ્યારે જેકીસન તેને મળતો

ત્યારે તે એવા ચેનચાળા કરતી કે જેકીસનના દીલમાં કંઈનું કંઇ થઇ જતું—તે મેનકાને બાથમાં લેવા માટે આતુર થઇ જતો: પણ વકીલ સહેજ પણ અણઘટતી છુટ લેશે એમ તેને લાગતું કે તરત તે છણકો કરીને અદ્રશ્ય થઇ જતી. જેકીસન આને સ્ત્રી ચરિત્ર ગણતો. કોઇ દિવસ પણ મેનકા તેની થયા વિના રહેવાની નથી એવી તેને આશા હતી. પણ આ આશામાને આશામાં તે સુકાવા લાગ્યો. તેની ઉંઘ ઉડી ગઇ. જાગૃત અવસ્થામાં તેને મેનકાના જોબન અને રૂપના વિચાર આવવા લાગ્યા—નિંદ્રામાં તેને મેનકાના સ્વપ્ના આવવા લાગ્યા. ઘણીવાર તેને બળાત્કાર કરવાના વિચાર આવતા પણ મેનકા લુઇ જેવી ન્હોતી. જેકીશનનો બાંધો મજબુત હતો, પણ મેનકા કંઇ કમી ન્હોતી. જો બળજબરીનોજ સવાલ આવે, તો વકીલને ભોંય પર પછાડવાની તેનામાં તાકાત હતી. તેનું નિરોગી અને સુદ્રઢ શરીર જોઇનેજ જેકીશનની ખાત્રી થઈ ગઈ હતી, કે આ પક્ષી પર બળાત્કારની માત્રા ચાલવાની નથી. પહેલીજ રાતે રખેને તેને રાતના ડર લાગે એમ કહીને મેનકાને બીજા માળ પર પોતાના રૂમની પાડોશના રૂમમાં સુવાની જેકીશને વિનંતી કરી હતી, પણ મેનકાએ તેના જવાબમાં જણાવ્યું હતું કે "હું ચોર લુંટારાથી ડરતી નથી. વખત આવ્યે મારું રક્ષણ કરવા માટે આ કટારી તૈયાર છે." આટલું કહી મેનકાએ પોતાના વિશાળ અંબોડામાંથી એક કાતિલ કટાર ખેંચી કાઢી, જેકીશનને બતાવી હતી અને તે જોઇને જેકીશનના હાંજા ગગડી ગયા હતા. મેનકાને કંઈ કેફી પીણું પાઇને ભ્રષ્ટ કરી શકાય એમ ન્હોતું, કેમકે રાયજીએ તેને અગાઉથી ચેતવણી આપેલી હોવાથી તે પોતાને હાથે નળ પરથી પાણી લાવીને પીતી હતી.

એક બે દિવસ તો જેકીશન અતડોજ રહ્યો. તે મેનકાના દીલમાં પોતાને માટે વિશ્વાસ ઉત્પન્ન કરવા માગતો હતો. પણ મેનકા તેની દૃષ્ટી પરથીજ સમજી ગઇ હતી કે તેના જાદુની અસર વકીલ સાહેબ પર થઇ ચુકી છે. રાતે વાળુ કર્યા પછી તે તરતજ શયનગૃહમાં ચાલી જતી અને પછી બારણું બંધ કરીનેજ બેસતી. દિવસે તેને રાજી કરવા માટે જેકીશન તેને કઇ કઇ ચીજો ગમે છે તો પુછી જોતો. મેનકા જરા પણ શરમાયા વિના મોંઘી મોંઘી ચીજોની ટીપ કરાવતી અને જેકીશન કંજુસનો કાકો હોવા છતાં તે મેનકા જે માગતી તે તરત ખરીદી લાવતો. આમ સાત આઠ દિવસ ચાલ્યું. મેનકા તેની સાથે હસતી–બોલતી–જેકીશન સામાન્ય મશ્કરી કરે તો તે સહી લેતી. પણ તેને પાસે આવવા દેતી નહિ. હવે જેકીશનની ધીરજનો અંત આવવા લાગ્યો. મેનકા જેવી રૂપસુંદરી તેની પાસે ને પાસે રહે અને તેને એક ચુંબન કે આલિંગન પણ ન મળે એ ખ્યાલ તેને અસહ્ય લાગ્યો. આજે મેનકાને જીતવાનો વિચાર કરી રાતે દશ વાગ્યાને શુમારે તે ત્રીજા માળ પર ગયો. મેનકા આરામથી ઇઝીચેર પડી પડી સીગરેટ ફુંકતી હતી. શયનગૃહની બારી ખુલ્લી હતી. બારણાં બંધ હતાં.

"મેનકા! મને ઉંઘ આવતી નથી. બારણા ઉઘાડ. આપણે થોડીવાર વાત કરીએ." જેકીસને બારી પાસે ઉભા રહી કહ્યું.

"તમે અહિંથીજ વાત કરો. હું સાંભળું છું." મેનકા ખુરશી પરથી ઉભી થઇ બારી પાસે જઇ વકીલ તરફ તીરછી નજર ફેંકી બોલી.

"મેનકા! તું સમજતી નથી?"

"શું?"

"લુચ્ચી મને શા માટે ટવળાવે છે? તું સમજે છે કે હું તને ચાહું છું–હું તારા પર દિવાનો થયો છું."

મેનકા હસી. એ હાસ્યમાં અજબ ખૂમારી હતી. એ હાસ્યમાં સલ્તનતને તારાજ કરવાની શક્તિ હતી. તે હવસી આંખોએ જેકીસન તરફ જોઇ રહી. થોડીવાર પછી તે બોલી: "તમે મારા પર મોહી પડયાં છોને? અચ્છા! લ્યો—મને જોઇ લ્યો—ટીકી ટીકીને જુઓ! હું તમારે ત્યાં દાસીની નોકરી કરૂં છું, પણ હું દાસી જેવી લાગું છું?" કહી મેનકા ઠસ્સાથી જેકીશન તરફ સ્થિર નજર રાખી બારીની પાસે ઉભી રહી.

"મારા આ હાથ જુઓ! મહેનત મજુરી કરવાને આ હાથો ટેવાયલા છે?' કહી તેણે બારીના સળીયામાંથી બે મુલાયમ હાથો બહાર કાઢયા. જેકીશન તેના પર પોતાનો હાથ ફેરવવા લાગ્યો, પણ મેનકાએ હાથ ખેંચી લઇ પગ ઉંચો કર્યો. "તમારો પગ જુઓ! સામાન્ય મજૂરણના પગ આવા હોય છે?" પગ ઉંચો કરતાં જાંગ સુધીનું વસ્ત્ર શરી પડ્યું હતું. જેકીશનને રૂંવે રૂંવે કામ વ્યાપી ગયો. તે જંગલી વાઘ જેવો થઇ ગયો.

"મેનકા! મેનકા! તું શું કહેવા માગે છે? તું કોણ છે? મને શા માટે ટવળાવે છે?"

"મારા વ્હાલા શેઠ સાહેબ!" મેનકા વ્હાલા શબ્દ એવી છટાથી બોલી કે જેકીશનને કંઇનું કંઇ થઇ ગયું. "મે મને ઠીક લાગી તેવી મારા ભૂતજીવનની વાતો મારી કાકીને કહી હતી—મે કહ્યું કે મારા માબાપ મરી જવાથી હું નિરાધાર થઇ ગઇ છું—મારી પાસે કાણી કોડી નથી તેથી કોઇને ત્યાં ઘર કામ કરવાને રાજી છું. પણ તમે તો બુદ્ધિવાન વકીલ છો. તમને દુનિયાનો જાતજાતનો અનુભવ છે. તમને એમ લાગે છે કે હું દાસી છું? અથવા દાસી થવા સરજાઇ છું?"

"ત્યારે તું છે કોણ?"

"તે મારો ભેદ છે. અમુક કારણસર હું મારા વતનમાંથી નાસી આવી છું અને કેટલોક સમય મુંબઇમાં છુપી રહેવા માગું છું, એજ કારણસર હું તમારે ત્યાં રહી છું કેમકે અહીં મને કોણ શોધી કાઢવાનું હતું?—"

"તું છુપાઇ રહેવા માગે છે? શા માટે? એવું તે શું કર્યું છે?"

"આહ! વાત બહુ નજીવી છે. સ્ત્રીઓ સામાન્ય રીતે કરે છે એવા નજીવા ગુન્હા મે કર્યા છે. પણ કાયદો તેને ગંભીર લેખે છે. હું એ બીના હાલમાં જાહેર કરવા માગતી નથી." મેનકાએ નયન નચાવી જવાબ આપ્યો અને વકીલ "કાયદો" ભુલી ગયો.

"તારો હેતુ શો છે? મેનકા!..." વકીલે ધ્રુજતા અવાજથી કહ્યું. પુષ્પધન્વાના બાણથી તે ક્યારનો ઘાયલ થઇ ગયો હતો.

"જો તમે મારા પર ખાસ ધ્યાન આપ્યું ન હોત તો કદિ પણ હું તમારી પાસે આ એકરાર કરત નાહ." માયાવી મેનકા હસીને બોલવા લાગી: "સંજોગોવશાત મારે તમારી દાસીનું પદ સ્વીકારવું પડયું છે અને મારામાં છેવટ સુધી મારી નોકરી બજાવવાની હિમ્મત છે. મારી નોકરી સાચવવા માટે હું માન અને ઉત્સાહ સાથે તમારા હુકમો બજાવીશ. પણ જો તમે મારા જોબન પર ત્રાપ મારવાની લેશ માત્ર કોશીષ કરશો તો પરિણામની દરકાર કર્યા વિના હું અહિંથી ચાલી જઇશ. હું સતી સાધ્વી નથી. સતી હોવાનો હું દાવો કરતી નથી. મેં પ્રેમની મસ્તી ચાખી છે અને અનુકુળ પ્રસંગે મોહબતની મીઠાશની લહેજત લેવાને હજુ પણ હું આતુર છું. જો તમે મારી સાથે ગેરવર્તન ચલાવશો તો મારા સતીત્વના રક્ષણ માટે હું ચાલી જવાની નથી. પણ..." આટલું કહી મેનકાએ વકીલની સામે એવી તીરછી નજર ફેંકી કે જોસેફનું જીગર છીન્નભીન્ન થઇ ગયું.

"નહિ. હું સતી નથી. જ્યારે મને કામદેવના બાણુ વાગે છે ત્યારે હું પ્રેમ પીપાસા તૃપ્ત કરવા માટે અંધારી રાતે મારા પ્રિયતમને મળાવા જતાં ડરૂં એવી નથી. હાલમાં હું તમારી દાસી છું. તમે લાયક શેઠ થજો અને હું તમને ખાત્રી આપું છું કે હું પ્રમાણિકપણે વફાદારીથી તમારી સેવા બજાવીશ હવે તમે મારા હૃદયનો ભેદ જાણી લીધો છે. બોલો, તમે મારી સાથે એક ગ્રહસ્થ તરિકે વર્તશો? મારી ખુબસુરતી તમારા મગજને ચકરાવી નાખે છે એમ તમને લાગે છે? જો એમ હોય તો તમે મારા શેઠને બદલે મારા ગુલામ થવાનું પસંદ કરશો?—"

"હા–" વકીલે આતુરતાથી જવાબ આપ્યો. તે શું બોલે છે તેનું તેને ભાન રહ્યું નહોતું. મેનકાએ તેને રૂંવે રૂંવે કામની આગ લગાડી હતી.

"ભલે! હું ખૂલ્લા દીલથી કબુલ કરૂં છું કે મને તમારો જવાબ પસંદ પડી ગયો છું. હું તમને મારા ગુલામ તરિકે સ્વીકારૂં છું. પણ તે એક સરતે!—"

"વળી બીજી શી સરત છે?"

"એ કે હું કદિ પણ આ ઘરમાંથી બહાર પગ મેલીશ નહિ. અને મારી સાથે તમે એક પિતા કરતાં વધારે છુટ લઇ શકશો નહિ. તમે મારી જાદુભરી સુંદરતાની પ્રશંસા કરો તે સામે મને વાંધો નથી–"

"એટલુંજ?..." વકીલ જરા નિરાશ થયો.

"હા. એટલુંજ. પણ એકાંતવાસમાં કામદેવને પ્રતાપે જો હું પાગલ થઇ જાઉં તો જુદી વાત છે. પણ હાલમાં તે સંભવિત નથી. તમે મારા મિત્ર થશો અને તમે તો પવિત્ર માણસ છો એટલે તમે વાસનાને બાળી નાંખશો. બોલો, એક નિર્ણયપર આવો. મારે દહીંદુધીઆ સ્થિતિ

જોઇતી નથી. કાં તો તમે મારા ગુલામ થાઓ અથવા હું તમારી દાસી રહું. જો તમે કંઇ નિર્ણય પર આવશો નહિ તો હું તમારી નોકરી છોડી દઇશ અને મારી કાકીને મારે માટે બીજી નોકરી શોધવાની અરજ કરીશ. તમને મારી વાતો વિચિત્ર લાગતી હશે. તમે મને કોઇ સોનેરી ટોળીની ઉઠાવગીર સ્ત્રી સમજો છો. તમે એમ માનતા હશો કે મારી પાસે ખાવાની ખાખ નથી પણ તમારી માન્યતા ભુલભરી છે. મારી કાકીને ગમે તેમ સમજાવીને મારી યુકિત સફળ કરવા માટે મેં તેની પાસે એવી વાત કરી હતી કે મારી પાસે કાણી કોડી નથી. પણ જુઓ, મારી પાસે જોઇએ તેટલા પૈસા છે..." આટલું કહી મેનકા પલંગ પાસે ગઇ અને ઉશીકા નીચેથી એક પાકીટ લઇ આવી. આ પાકીટ ખોલી તેણે બહાર બારીના સળીયા પાસે ઉભેલા હવસી વકીલને હજાર હજારની દશબાર નોટ બતાવી. વકીલ તે જોઇ આભો બની ગયો.

"હવે તમારી ખાત્રી થઇ હશે કે ગુજરાનને માટે મેં તમારી નોકરી સ્વીકારી નથી." મેનકા વકીલ તરફ જોઇ જાદુભર્યું હાસ્ય કરી બોલવા લાગી: "મારે થોડો સમય અજ્ઞાતવાસ કરવો છે અને મને સંતાઇ રહેવા માટે તમારા ઘર જેવું ઘર મળવાનું નથી. જો તમે મારી બેમાંની એક શરત કબુલ કરશો તો હું તમારી આભારી થઇશ. પોલીસ મારી શોધમાં છે. પણ તમે મને દગો દેશો નહિ એવી મારી ખાત્રી છે."

મેનકાએ જેકીશન પર વિશ્વાસ મુકીને તેને પોતાના ગુનેહગાર જીવનની કથા કહી તેના ઘરમાં આશ્રય મેળવવાની માગણી કરી તેથી વકીલનું માથું ફરવા લાગ્યું. મેનકાની હિમ્મત, તેની મારકણી આંખોમાં સળગતો આવેશનો આતશ, તેનો સ્વતંત્ર મીજાજ અને તેના સ્વચ્છંદ

હાવભાવ જોઇને વકીલની ખાત્રી થઇ ગઇ હતી કે તે સામાન્ય સ્ત્રી નથી. તેને સતીત્વની કિમ્મત નથી તે તો મેનકાએ જાતેજ કબુલ કર્યું હતું. રૂપગર્વિતા સ્ત્રીની પેઠે તે પોતાની અહંતા તૃપ્ત કરવા માટેજ તેની સાથે શરતો કરવા માગે છે એમ જેકીશનને લાગ્યું. લુચ્ચા વકીલે એવી ગણત્રી કરી કે આવી આઝાદ સ્ત્રીને પંઝામાં ફસાવતા વાર લાગવાની નથી.

હવે જેકીશનમાં ભયંકર પરિવર્તન થઇ ગયું. તે દિન પર દિન સુકાવા લાગ્યો. તેની ભુખ તરસ ઉડી ગઇ. તેના ઘરમાં એક માયાવી સ્ત્રી હતી-તે તેના શીવાય બીજા કોઇપણ પુરૂષને મળતી ન્હોતી. આ જુવાન સ્ત્રી પર તે મોહી પડયો હતો. પણ મેનકા તેને મચક આપતી ન્હોતી. મેનકાને જીતવા માટે તે તેનો ગુલામ થઇ ગયો. મેનકા જે માગે તે ગુલામની પેઠે હાજર કરવા લાગ્યો. તે નેશનલ લોજમાંથી તૈયાર ભોજન મંગાવતો અને મેનકાની થાળી પણ તે જાતેજ પીરસી આપતો. એક બેવાર મેનકાએ તેની પાસે પોતાના ઘાઘરા પણ ધોવડાવ્યા. સ્ત્રીઓ ઘણી તરંગી હોય છે એમ માનીને મેનકાને રાજી કરવા માટે જેકીશને હલકામાં હલકી જાતની ગુલામગીરી કરવા માંડી. તે હવસના આવેશમાં દિવાનો થઇને તેના પર અચાનક હલ્લો ન કરે તે માટે મેનકા ખુબ સાવધ રહેતી. તે વકીલને સાવ નિરાશ કરતી નહિ. જ્યારે જ્યારે બંને સાથે મળતાં ત્યારે મેનકા અંગમરોડ અને નયન કટાક્ષથી જેકીશનના દીલમાં આશા ઉત્પન્ન કરતી. તે વકીલને સ્પષ્ટ રીતે કહેતી કે જો તે વફાદાર કુતરાની પેઠે તેની ગુલામી કરશે તો કોઇવાર તેનું હૃદય પીગળી જશે-તે જેકીશનની વૃધ્ધાવસ્થા ભૂલી જશે અને તેને પોતાનો પ્રેમ અર્પણ કરશે. આવી વાત કરી તે

પીંગળા અને અશ્વપાળના વ્યભિચારી કીસ્સાઓનું રસીલું બ્યાન કરતી અને એક સ્ત્રીને મ્હોડે આવી વાત સાંભળીને જેકીશન પાણી પાણી થઇ જતો. દિન પ્રતિદિન મેનકાનો સુક્ષ્મ જુલમ વધતો ગયો. વકીલના અંગેઅંગમાં કામની જ્વાળા ભડકી રહી હતી—તેના દીલમાં પુરેપુરી આશા જન્મી હતી; પણ આટલી આશા જન્માવ્યા પછી મેનકા તેને એક પણ ચુંબનનું દાન કરતી નહિ તેથી જેકીશન બળવા લાગ્યો. ચોવીસે કલાક તેના માથા પર અંગારાની સગડી મુકી હોય એવી તેને વેદના થવા લાગી. એક રાતે મેનાએ ચોળી કાઢી નાંખી—તેના મોહક અવયવો સ્પષ્ટ દેખાય એવું પાતળું ગવન પહેર્યું—અને માથું ખુલ્લું રાખી તે પોતાના શયનગૃહમાંથી બારી પાસે ઉભેલા જેકીશનને લયલા મજનુનો કીસ્સો સંભળાવતી હતી. જેકીશન પાગલ બન્યો—તેણે પોતાના મન પરનો સઘળો કાબુ ગુમાવી દીધો, અને તેણે વકરાયલા વાઘ પેઠે બુમ પાડી.

"મેનકા ! બારણાં ઉઘાડ."

મેનકા ધિક્કારથી ખડખડ હસી. વકીલ એટલો બધો પાગલ થઇ ગયો હતો કે તેણે બારણાં તોડી નાખવા માટે બારણાં પર લાત મારવા માંડી.

"સાંભળો મારા વ્હાલા શેઠ!..." મેનકા મીઠા મધ જેવા અવાજે બોલી અને વાઘ બકરા જેવો થઇ બારી પાસે આવ્યો:

"લયલા મજનુના પ્રેમનો કિસ્સો યાદ કરીને હું પોતે પણ પ્રેમ જ્વાલાથી સળગી રહી છું. હવેથી હું કદિ પણ તમારી પાસે એવી વાત નહિ કરૂં પણ તમે મને વારંવાર કહો છો કે મારે માટે તમે ગમે તેનું ખુન કરવાને તૈયાર છો એ ખરી વાત છે? શું તમે મને ખુબ ચાહો છો?..."

"આહ! મેનકા! હું મારો પ્રેમ શી રીતે સિધ્ધ કરૂં! તને પૈસા જોઇએ છે? મારી બધી દોલત લઇ લે..." વકીલ આવેશથી ધ્રુજતો બોલ્યો.

"નહિ. મારી પાસે જોઇએ તેટલા પૈસા છે."

"તારા કોઇ દુશ્મનો હોય તો હું તેઓના ખુન કરીશ."

"મારો કોઇ દુશ્મન નથી."

"તું કબુલ કરતી હોય તો હું તને પરણવાને તૈયાર છું."

"હું અત્યાર આગમજ પરણેલી છું. અને મારો ધણી જીવતો છે."

"ત્યારે હું શું કરૂં?"

"તમે મારે માટે ગમે તેવા બળિદાન આપવાને તૈયાર છો એમ સાબીત કરો."

"હું તૈયાર છું. પણ હું તે શી રીતે સાબીત કરૂં?"

"તે હું જાણુતી નથી. તમારી નજરે મારા પર ભુરકી નાખી છે. આજ પળે જો તમે તમારા પ્રબળ પ્રેમની ખાત્રી આપશો તો હું તમારે માટે ગમે તે કરવાને તૈયાર થઇશ. પણ જો આ તક ચુકયા તો રામ રામ! મારા તરંગી મનનો કંઇ નિયમ નથી."

"તું મને ઘાતકી રીતે સતાવે છે. બોલ તને કઇ જાતની ખાત્રી જોઇએ છે?"

"તમે મુરખના સરદાર છો. જે માણસ પોતાની દીલારામની ઇચ્છા સમજી શકતો નથી તે પ્રેમનો ભોકતા થવાને લાયક નથી. ચાલો. સાહેબજી! મને તમારી દયા આવે છે..." આટલું કહી મેનકાએ પલંગ તરફ બે ડગલાં ભર્યાં.

"ઓહ! મેનકા! પ્રભુને ખાતર મને ન ટટળાવ. મારી નજર સામેથી દુર ન થઇ જા. પાછી આવ, તારી ભભકભરી સુંદરતાએ મને

અક્રમ બનાવ્યો છે. મારી બુદ્ધિ ચરવા ગઇ છે. હું શું કરૂં ? તારા પરના મારા પ્રેમની શી સાબીતી આપું ?..."

"શોધી કાઢો." મેનકા મંદ મંદ ડગલાં ભરતી બારી પાસે પાછી આવી બોલી.

"આહ! હવે મારા પર જુલમ ન કર."

"મુરખા! તમારી આવેશ ભરી પ્રેમ વાણી સાંભળીને હું તમારે શરણે આવવાની અણી પર છું. પણ યાદ રાખજો! આ અવસર ચુકયા તો ફરીથી આવી ઘડી આવવાની નથી."

"પણ તારી શી ઇચ્છા છે તે તો બોલ...."

"કલ્પનાથી સમજી જાઓ."

"તું મને આજ્ઞા કર—"

"તમે કહો છો તેમ તમે મને પ્રબળ પ્રેમથી ચાહતા હો તો તેની સાબીતી આપવાનો કંઇ રસ્તો તમારેજ શોધી કાઢવો જોઇએ. ચાલો, સાહેબજી—"

"મેનકા!—"

"હવે તમે જાઓ, નહિ તો બારણાં ઉઘાડવાને બદલે આ બારી હું બંધ કરી દઇશ."

"મહેરબાની કરી મારી વાત સાંભળ."

"એક પળ પહેલાં તમારી વાસનાના જુસ્સાથી મારે રૂંવે રૂંવે જ્વાલા સળગી હતી. હવે એ આગ બુઝાઇ ગઇ છે. તમારામાં એ અગ્નિ પ્રદીપ્ત કરવાની શકિત નથી. સાહેબજી!"

"સાંભળ! સાંભળ! મેનકા!—" દિવાનાની પેઠે આંખો ફાડી વકીલ બોલ્યો: "મને રસ્તો સુઝી ગયો છે."

"તમે તમારા પ્રેમની સાબીતી આપવા માંગો છો?"

"હા. હું મારી લાજ શરમ, આબરૂ, અરે! મારી આખી જીંદગી તારા હાથમાં મુકું તો તને સંતોષ થશે?"

"હું તમારો ભાવાર્થ સમજતી નથી."

'ધાર કે મારા એવા ગુન્હા હું તારી સમક્ષ જાહેર કરૂં કે જે પ્રગટ થવાથી મારે ફાંસીને લાકડે લટકવું પડે તો તું મારી થશે?"

મેનકા હસી. જેકીસન આતુરતાથી જવાબની રાહ જોઇ રહ્યો.

"તમે મારી મશ્કરી કરો છો. તમે સદ્દગુણી અને પવિત્ર માણુસ છો—"

"એ બધું જુઠ્ઠું છે."

"તમારી પ્રમાણિકતા, ઉદારતા, પરમાર્થ વૃત્તિ?"

"એ બધા દુનિયાને દેખાડવાના ઢોંગ છે."

"ત્યારે શું તમે બદમાસ, દંભી અને પાપી માણુસ છો?—"

'હા. હું સાત પાણીએ ધોયલો ગુનેહગાર છું. મારા જેવા કાળા કામો સેતાને પણ નહિ કર્યા હોય—"

"જેકીશનદાસ! એમ ન બોલો. તમે મારી છાતી વીંધી નાંખો છો." વકીલના અકરારથી પોતે આવેશમાં આવી હોય એવો દેખાવ કરી મેનકા બોલી.

"હું તને જીતવા માટે મારા પ્રાણનું બલિદાન આપવા તૈયાર છું."

"હવે તમે મને તમારા પ્રેમની સાબીતી આપી છે. લો, આ મારી કટાર તમે રાખો. તમે મને હરાવી—" કહી મેનકાએ પોતાના વિશાળ અંબોડામાં ખોસેલી કાતિલ કટાર સગીયામાંથી હાથ લંબાવી વકીલને સોંપી. મેનકાના નાજુક હાથનો સ્પર્શ થતાં વકીલને કંઇનું કંઇ થઇ ગયું. તેણે કાતિલ કટાર હાથમાં લઇ મેનકાના હાથ પર ચુંબન કર્યું. મેનકાને લાગ્યું કે જેકીશન પગથી માથ સુધી આવેશના ભયંકર અગ્નિથી સીઝી રહ્યો છે!

"હવે તને મારા પ્રેમની ખાત્રી થાય છે?–" વકીલ આનંદઘેલો થઈ બોલ્યો.

"તમારા પ્રેમની ખાત્રી?—" મેનકા જેકીસનનો હાથ દાબીને બોલી: "હા. હવે તમારા પ્રેમની મને ખાત્રી થઇ છે કેમકે તમારી આંખમાં સળગતી આગથી હું મુગ્ધ થઇ છું. મને એ આવેશભરી આંખો ગમે છે."

"મેનકા!—"

"તમે મને બધી વાત વિગતવાર કહો."

"હું બધું કહીશ. પણ પ્રથમ તું બગ્ણાં ઉધાડ."

"વળી પાછા વીફર્યા કે?—" મેનકાએ એવું હાસ્ય કર્યું કે વકીલ પાણી પાણી થઇ ગયો. "તમે ગભરાયલા જણાઓ છો. શાંત થાઓ અને તમારે જે એકરાર કરવો હોય તે કરીને મને તમારી બનાવો."

"મેનકા! મેં ઘણા ખરાબ ગુન્હા કર્યા છે."

"તેનો મારી પાસે એકરાર કરીને તમે તમારા પ્રબળ પ્રેમની અજોડ સાબીતી આપી શકશો."

"હું બધો એકરાર કરૂં તો—"

"તો હું તમને મારા પ્રેમી તરીકે સ્વીકારીશ–તમારી વૃદ્ધાવસ્થા ભુલી જઇશ અને મારા બાહુપાશમાં જકડીને તમને એવા પ્રેમની લહજત ચખાડીશ કે જે પ્રેમ આગળ દૂનીયાની સલ્તનતો તુચ્છ તરણા જેવી છે." કહી મેનકાએ સળીયામાંથી હાથ લંબાવી જેકીસનના ગાલ પર ધીમેથી તમાચો માર્યો.

"સાંભળ. દશ વર્ષની વાત પર મને એક નાદાન છોકરી સોંપવામાં આવી હતી. તેના પાલન પોષણ માટે મને દશ હજાર રૂપીઆ આપવામાં આવ્યા હતા. મેં છોકરીના મરણની ખોટી સર્ટીફીકેટ બનાવી–છોકરીને વૃછ દીધી અને પૈસા મારી પાસે રાખ્યા—"

"શાબાશ! તમારા જેવા પ્રમાણિક વકીલ આવું કરતા હશે એમ કોણ કહી શકશે?—"

"સાંભળ, એક દિવસ મારા કેશીયરે મારી તીજોરીમાંથી હજાર દોઢ હજારની રકમ લીધી, અને બીજે દિને તે પાછી મુકી દીધી. પણ મેં તેના પર મોટી રકમ ચોરવાનો આરોપ મુક્યો, અને તેને લીધે એ બદમાસ હાલમાં જેલમાં સડે છે—"

"શાબાશ! તમે તમારા પરાક્રમોની વાત મને કહો છો, એટલે તમારા પ્રેમ વિષે મને લેશમાત્ર શંકા રહેતી નથી. સળીયા પાસે આવો! જે મગજમાં આવી આવી યોજનાઓ તમે સંતાડી છે, તેને હું ચુમી લેવા ચાહું છું—" પાગલની પેઠે વકીલ પાસે આવ્યો અને મેનકાએ તેના કપાળ પર ચુંબન કર્યું.

"આહ! હવે બીજી પળે મારે ફાંસીએ લટકવું પડે તો તેની મને પરવા નથી. મેનકા! તારા પ્રેમ માટે હું મોતમાં મઝા માણવા તૈયાર છું. સાંભળ, જે બાળાને મેં તજી દીધી હતી તે મોટી થયા પછી મારા માર્ગમાં નડવા લાગી અને રખેને મારૂં પાપ પ્રકાશમાં આવશે એવા ભયથી મેં તેનું કાટલું કાઢી નાખ્યું..."

"કેવી રીતે?..."

"માહીમમાં એક માછી પાસે મેં તેનું ખુન કરાવ્યું હતું."

"વાહ! તમે જબરા ઉસ્તાદ છો."

"બીજું સાંભળ. એક ભલા માણસે મારે ત્યાં વીસ હજાર રૂપીઆ વ્યાજે મુક્યા હતા. મેં તેને એક જંગલમાં શિકારે જવાને લલચાવ્યો અને ત્યાં તેને ગોળીથી ઠાર કર્યો. પોલીસની તપાસમાં એમ પુરવાર થયું કે તેણે જીંદગીથી કંટાળીને આપઘાત કર્યો હતો. તેની બહેન મારી પાસે પૈસા માગવા આવી ત્યારે મેં સાફ કહી દીધું કે તે

એક પાઇ પણ મારે ત્યાં મુકી ગયો નથી. હવે, મારી જીંદગી તારા હાથમાં છે. હવે બારણું નહિ ઉઘાડે?..."

"વ્હાલા! હું તમને ચાહું છું. તમે મને વશ કરી છે." મેનકા મીઠા મધ જેવા સ્વરે બોલી.

"તો બારણાં ઉઘાડ-વ્હાલી? મને તારા પ્રેમ પિયુષનું પાન કરવા દે."

મેનકા બારણાં તરફ ગઇ. તેણે બારણું ઉઘાડવાનો ડોળ કર્યો. પણ અચાનક તે બારી પાસે આવી બોલી: "વ્હાલા! તમે મને છેતરતા નથીને? મને જીતી લેવા માટે તમે બનાવટી વાતો નથી કરીને?"

જેકીશન એક પળ સ્તબ્ધ ઉભો રહ્યો. તેનું મગજ ચકરાઇ ગયું હતું. તેની વિવેકબુદ્ધિ ભ્રષ્ટ થઇ હતી. તે મેનકાને બાથમાં લેવા માટે આતુર થઇ રહ્યો હતો. આ સમયે તે સઘળું ભાન ભૂલી ગયો. ખમીશની નીચે પહેરેલી બંડીના ખીસામાંથી એક ડાયરી બહાર કાઢી તે બોલ્યો: "આ નાની ચોપડીમાં એવા પુરાવા છે, કે જે પ્રગટ થશે તો મારે ફાંસીને માચડે ચઢવું પડશે. હવે, બારણાં ઉઘાડ—"

"આ ડાયરી મને જોવા દો વ્હાલા!" મેનકા બોલી. હવસી વકીલે મેનકાને ડાયરી સોંપી દીધી.

"હવે મારા રંગભૂવનમાં પધારો." કહી મેનકા બારણાં ખોલવા ગઇ. વકીલ દ્વાર ખુલવાની રાહ જોતો બારણા પાસે ઉભો રહ્યો.

જેકીશનના કાળાં કામોની સાબીતીવાળી ડાયરી લઇ બારણાં ઉઘાડવાને બદલે મેનકાએ બીજુંજ કામ કર્યું. તેના રૂમના પાછલા ભાગમાં એક બારી હતી. એ બારી રસ્તા પર પડતી હતી. બારીના સળીયા પર મેનકાએ અગાઉથીજ રેશમનો દાદર બાંધી રાખ્યો હતો. મેનકા વકિલને ત્યાં રહેવા આવી ત્યારથી રોજ રાતના દશ વાગ્યા પછી રણજીતસિંહના હુકમથી રસ્તા પર એક મોટર ઉભી રહેતી હતી. મેનકાની હિમ્મતનો પાર ન્હોતો. ડાયરી લઇ તે રેશમના દાદર પરથી

સપાટાબંધ નીચે ઉતરી ગઇ, અને તેની રાહ જોતી મોટરમાં પસાર થઇ ગઇ.

પાંચ મીનીટમાં આ બની ગયું. વકીલ બારણાં પાસેજ ઉભો હતો. પાંચ મીનીટ પછી તેની ધીરજનો અંત આવ્યો. તેણે મેનકાને બારણાં ખોલવા માટે પાગલની પેઠે બુમો પાડવા માંડી અને પછી બારણાં પર લાત મારવા માંડી. પાગલપણાના જુસ્સાથી—અંધ હવસના આવેશથી તેણે એવા જોરથી બારણા પર લાતો મારી, કે બારણાં હચમચી ગયા. તેના મગજમાં હવે ભયંકર શંકા ઉત્પન્ન થઇ. તે પાસેના ઓરડામાં ગયો. આ ઓરડામાંથી મેનકાના ઓરડામાં જવાનું બારણું હતું તે ખુલ્લુંજ હતું. લાત મારતાંજ તે ઉઘડી ગયું, અને વકીલે શું જોયું ? મેનકા છુ થઈ ગઇ હતી. બારીના સળીયા સાથે બાંધેલી રેશમની સીડી જોતાં તેને કોઇ જાતની શંકા રહી નહિ. મેનકા નાસી ગઇ હતી, અને સાથે તેના મોતનો પયગામ લઇ ગઇ હતી. એકદમ તે ઘરમાંથી બહાર નીકળ્યો. રસ્તા પર આવ્યો, પણ ત્યાં મેનકાનું નામ નિશાન ન્હોતું. ફરીથી તે પોતાના ઘરના કમ્પાઉંડમાં દાખલ થયો. તેના મ્હોંમાંથી ફીણ નીકળતું હતું. તે પોતાના તિક્ષણ નખો છાતીમાં ભોંકીને લોહી કાઢતો હતો. તેનું મગજ ફરી ગયું હતું. લથડીયા ખાતો તે કમ્પાઉંડમાં આમથી તેમ ફરવા લાગ્યો એવામાં એક પત્થર સાથે અથડાઇને તે જમીન પર તુટી પડયો. પાગલની પેઠે તે જમીન પર હાથ ફેરવવા લાગ્યો. તેના હાથમાં એક કટકો આવ્યો. તે પર લોહીના ડાઘ હતા. પાપીને તરત સ્મરણ થયું કે આજ જગ્યાએ લુઇ મોરલે પોતાના બાળકની લાશ દાટી હતી. એ બાળક જેકીશનનું હતું. તે રાક્ષસ જેવો હતો, છતાં આ બનાવ યાદ આવતાં તે ભયથી ધ્રુજી ગયો અને તેજ જગ્યાએ બેભાન હાલતમાં પડી રહ્યા.

પ્રકરણ ૩૧ મું.

અંત.

મેનકા અથવા સીસીલીના પ્રેમમાં પાગલ થઈને જેકીશન માર-ફતીઆએ પોતાના સઘળાં કાળાં કર્મોના લેખીત પુરાવા એ માયાવિની હાથમાં મુકયા, ત્યારથીજ તેના મોતનો ઘંટ વાગી ચૂક્યો હતો. સીસીલીએ જેકીશનની ડાયરી ગુલાબરાયને આપી, અને ગુલાબરાયે તે મહારાજાને પહોંચાડી. એ ડાયરી વાંચતાંજ રણજીતને અનેક ભેદોનો પત્તો મળી ગયો. જેકીશન અને પાર્વતીશંકર ગાઢ મિત્રો હતા. પાર્વતી-શંકરને બહાદુરસિંહ પોતાની સાથે કેદ કરી લાવ્યો હતો. હવે જેકીશન રણજીતના હાથમાં સપડાયો. જેકીશનની ડાયરી લઇ તે જાતે પોલીસ કમીશ્નરને મળ્યો, અને વકીલના સઘળાં કાળા કર્મોની ખબર પડતાં કમીશ્નરે હસમુખના પ્રેમી રસિકને છોડી દીધો. લુઇ મોરલ પણ બાળ-હત્યાના ગોઝારા આરોપમાંથી મૂક્ત થઇ. રસિક બહાર આવતાં તેને હસમુખ મળી, અને આ બે પ્રેમીઓ મહારાજા રણજીતસિંહની આજ્ઞાથી [illegible] ગયા.

રણજીતસિંહે કમળાના ગુમ થયેલા પુત્રની ભાળ કાઢી આપવાનું માથે લીધું હતું. લક્ષ્મચંદ કામાટી દિવાનો થઇ મેડ હાઉસમાં પડયો હતો, [illegible] મ્હાલી ઉર્ફે પેન્ટર ચોકીમાં હતી. રણજીત મ્હાલીને મળ્યો, અને મ્હાલીએ તેને કામાટીના પુત્ર રસિકના ગળામાં જે હનુમાન છાપનું માંદળીયું હતું તે સોંપી દઇ તેની દયાની માંગણી કરી. રસિક જ્યારે નાનો હતો ત્યારે તેના ગળામાં હનુમાન છાપનું માંદળીયું હતું એવું તેને સ્મરણ હતું. તેણે એ વાત રણજીતને પણ કહી હતી.

વળી કમળાએ રણજીતને નિશાની આપી હતી કે, તેના પુત્રના ગળામાં તેણે હનુમાનજીનું માંદળીયું નાખ્યું હતું. આ બધા પુરાવા પરથી રણજીતે કલ્પના કરી કે રસિકજ કમળાનો પુત્ર હોવો જોઇએ. તે મ્હાલી ડોશી પાસેનું માંદળીયું લઇને રસિક પાસે ગયો. રસિકે તે તરત ઓળખ્યું. રણજીત રસિક અને હસમુખને કમળા પાસે લઇ ગયો. કમળા હર્ષઘેલી થઇ ગઇ. વર્ષોના ગાળા પછી તેને તેનો ગુમ થયલો પુત્ર મળવાથી તેના આનંદનો પાર રહ્યો નહિ. રણજીતની પ્રતિજ્ઞા પુરી થઇ, તે રંગપુરમાં કમળાને રસિક અને હસમુખની જુગલ જોડી સાથે રહેવા દઇ પાછો મુંબઇ આવ્યો.

રમણી મ્હાલી ડોશીની કાતિલ કટારનો ભોગ થઇ પડી હતી, પણ તે મરણ પામી ન્હોતી. તેની હાલત ઘણી ગંભીર હતી. ડાક્ટરોએ તે બે ત્રણ દિવસની પરોણી છે એવો અભિપ્રાય આપી દીધો હતો. રમણીને જખમની પારાવાર વેદના થતી હતી, અને તે સાથે તાવમાં સન્નિપાત થવાથી તે ગમે તેમ બકતી હતી.

"ઓ પ્રભૂ! મને માફ કર–મેં કેવાં કેવા કાળા કામો કર્યાં! રાજરાણી થવાની મહત્વાકાંક્ષા પુરી કરવા માટે મેં દેવ જેવા રણજીતને છેતર્યા–મારી ગભરૂ બાળીકાનો ત્યાગ કર્યો–ઓ રામ! હું કયે ભવે છુટીશ?–" આવો લવારો કરતી વખતે રમણીને તીવ્ર મનોયાતના થતી હતી. ડોકટરોના સતત પ્રયાસથી તે શુદ્ધીમાં આવી, અને તેણે મરવા પહેલાં રણજીતને મળવાની ઇચ્છા દર્શાવી.

રમણીનો ભાઇ કાલુભા રણજીતને બોલાવવા ગયો. પ્રથમ તો રણજીતે રમણીનું મ્હો જોવાની સાફ ના પાડી. પણ રમણી મોતને કિનારે છે અને તેની છેલ્લી ઇચ્છા મહારાજને મળવાની છે એવી

કાલુભાએ વિનવણી કરવાથી રણજીત રમણીને મળવા ગયો. રમણી હાડપિંજર જેવી થઇ ગઇ હતી. રણજીતને તેની દયા આવી. રમણીએ બે હાથ જોડી તેની માફી માગી અને પછી અતિ ક્ષીણ સ્વરે કહ્યું. "મહારાજા! ગુલાબ આપની પુત્રી છે..."

"હેં ?..." રણજીત ચમકયો.

"હા—આ જુઓ..." કહી રમણીએ મ્હાલી ડોશીના કહેવાથી જે કાગળ લખ્યો હતો અને જે લખતી વખતે મ્હાલી તેને જખમી કરીને નાસી ગઇ હતી તે કાગળ બતાવ્યો. રણજીતે ધ્રુજતે હાથે તે પત્ર હાથમાં લઇ વાંચ્યો. "આ પત્ર પર કોઇની સહી નથી."

"સહી ભલે નથી. પણ એ વાત સાચી છે. તમે મ્હાલી ડોશીને પુછીને ખાત્રી કરી લેજો. મહારાજ! મેં આપને બહુ દુઃખ દીધું છે, પણ આપ ઉદાર છો. મને માફ કરજો..." રમણીએ હાથ જોડયા—એક આંચકી ખાધી અને બીજી પળે તેનો આત્મા ઉડી ગયો. રણજીતની આંખોમાંથી સ્વાભાવિક રીતેજ આંસુ વહેવા લાગ્યાં.

રમણી રણજીત પર મરતી વખતે વજ્રઘાત કરતી ગઇ. રણજીતે ગુલાબને આશ્રય આપ્યો ત્યારે તે તેનીજ પુત્રી હશે એવો તેને સ્વપ્ને પણ ખ્યાલ ન્હોતો. દયાભાવથી પ્રેરાઇને કામાટીપુરાના ભયંકર વાતાવરણમાં પડેલી ગુલાબનું તેણે રક્ષણ કર્યું હતું. પણ અફસોસ! હવે ગુલાબ તેની પોતાની પુત્રી છે એવી ખબર પડી ત્યારે ગુલાબનો પત્તો ન્હોતો. ગુલાબને છરી ભોંકીને ગેલી મણિ નાસી ગઇ હતી ત્યારે રતન તેને માહીમના ભરૂચા ડાકટરને ત્યાં લઇ ગઇ હતી અને ગુલાબની સ્થિતિ ડો. ભરૂચાની કાળજીભરી સારવારથી દિન પર દિન સુધરતી જતી હતી પણ આ વાતની રણજીતને ખબર ન્હોતી. રણજીત ફરીથી

મ્હાલી ડોશીને મળ્યો. મ્હાલીએ નાની ગુલાબની તેને કેવી રીતે સોંપણી કરવામાં આવી હતી અને જેકીસન વકીલે તેમાં કેવો ભાગ ભજવ્યો હતો તેની વિગતો આપી. જેકીશનને ગીરફતાર કરીને પોલિસે કબજે લીધો હતો. તેણે પણ મ્હાલીની વાતને ટેકો આપ્યો. ગુલાબ પોતાનીજ પુત્રી છે તે વિષે મહારાજાને હવે કશી શંકા રહી નહિ. તેમણે ગુલાબની શોધ માટે અનેક માણસો રોકી દીધા. એજ અરસામાં લેડી શારદા એકવાર માહિમની ઇસ્પીતાલમાં જઇ ચડી. તેણે ત્યાં ગુલાબને જોઇ અને રણજીતને ખૂશ વધાઇ આપી. મહારાજા તરત ગુલાબ પાસે દોડી આવ્યા. ગુલાબ આનંદ પામી. થોડા દિવસ પછી ગુલાબ તદન સારી થઇ ગઇ, એટલે મહારાજાએ જાહેર રીતે તેને ઇંદ્રાવતીની રાજકુંવરી જાહેર કરી, અને આ ગટરનું ગુલાબ રાજભવનમાં જઇ પહોંચ્યું.

મહારાજા રણજીતસિંહે તે પછી લેડી શારદા સાથે લગ્ન કર્યાં, અને ગુલાબ પોતાના દેવી માતાપિતાની શિતળ છાંયામાં સ્વર્ગસુખ અનુભવવા લાગી.

સમાપ્ત